સમણસુતં

સમગ્ર જૈન-સમાજ-સંમત એવા ' સમણસુત્તં ' નામના ગ્રંથની નિષ્પત્તિ થઈ. ભગવાન મહાવીરના ૨૫૦૦ મા વર્ષના અવસરે એ એક મોટી ઉપલબ્ધિ થઈ એમ સૌએ સ્વીકાર્યું.

મુનિશ્રી વિદ્યાનંદજી, મુનિશ્રી સુશીલકુમારજી
મુનિશ્રી જનક વિજયજી, મુનિશ્રી નથમલજી
જિનેન્દ્ર વર્ણીજી

*

જૈનધર્મીઓની છેલ્લાં બે હજાર વરસોમાં નહોતી થઈ તેવી સંગીતિ ભગવાન મહાવીરની ૨૫૦૦મી જયંતીના વર્ષમાં થઈ અને તેમાં જૈનધર્મના તમામ સંપ્રદાયોના મુનિઓ અને અગ્રગણ્ય શ્રાવકોએ હાજર રહી અમૃત-કુંભ સમો સર્વસંમત સારરૂપ ગ્રંથ આપ્યો તે આ " સમણસુત્તં " છે.

સમણસુત્તં

(જૈનધર્મસાર)



सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः।

યજ્ઞ પ્રકાશન સમિતિ

ભૂમિપુત્ર, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧

પ્રકાશક : ચુનીભાઈ વૈદ્ય
યજ્ઞ પ્રકાશન સમિતિ
હુજરાતપાગા, વડોદરા. ૩૯૦ ૦૦૧

પ્રથમ આવૃત્તિ ૫૦૦૦
જાન્યુઆરી ૧૯૭૬

કીમત રૂા. ૧૨-૦૦

સંસ્કૃત-છાયા-પરિશોધન :
પંડિત ભેચરદાસ દોશી

ગુજરાતી અનુવાદ :
અમૃતલાલ સવચંદ ગોપાણી

મુદ્રક : કાંતિભાઈ હિં. શાહ
યજ્ઞ મુદ્રિકા, હુજરાત પાગા, વડોદરા-૧

પ્રકાશકીય

ગુજરાતીમાં 'સમણસુત્ત'નું પ્રકાશન ભગવાન મહાવીરની ૨૫૦૦મી જયંતીના ગાળામાં કરવા ધાર્યું હતું. પરંતુ અનેક મુશ્કેલીઓ આડે આવી. પણ એ બધી અહીં ગણાવવી નથી.

તીવ્ર આકાંક્ષા અને પ્રબળ પુરુષાર્થના સંયોગમાંથી જ મોટાં કામ સધાતાં હોય છે. સમણસુત્ત ગ્રંથના સર્જન પાછળ આવો જ એક ઇતિહાસ પડેલો છે, એ બધો ઇતિહાસ વિગતે તો અહીં આપી શકાય તેમ નથી, છતાં સંક્ષેપમાં એની રજૂઆત ન કરીએ તો મહત્ત્વનાં તથ્યો ગુજરાતી વાચકો સમક્ષ આવ્યા વગર જ રહી જાય એમ બને.

વિનોબાજી ગાંધીજી તરફ આકર્ષાયા તેની પાછળ બાપુમાં જે તત્ત્વ રહ્યાં હશે તે હશે જ, પરંતુ વિનોબામાં પોતામાં પણ એક સમન્વય-દૃષ્ટિ, રચનાત્મક વૃત્તિ, સત્ય-શોધક અને જેને ભગવાન મહાવીરે સત્યગ્રાહીતા કહી છે તેવી મનોવૃત્તિ પડેલી હતી, અને તે જ એમને એ ક્ષેત્રમાં ખેંચાઈ જવામાં મહદ્ અંશે કારણભૂત હતી. આ વૃત્તિના સહજ પરિણામ સ્વરૂપ વિશ્વના તમામ મહાન ધર્મોના અધ્યયન તરફ એ વળ્યા. તત્ત્વતઃ વિશ્વના સર્વ ધર્મ સમાન છે એવી એમની સમજમાંથી આપણને કુરાનસાર, ખ્રિસ્તધર્મસાર, ગીતા પ્રવચનો, જપુજી, ધમ્મપદ, ભાગવતધર્મસાર, તાઓ ઉપનિષદ્ વગેરે અનેક ગ્રંથો મળ્યા. આ ધર્મ–સાર–માળામાં એક મહત્ત્વનો મણકો ખૂટતો હતો. જૈન ધર્મીઓના બધા જ પંથોને માન્ય એવો જૈન ધર્મનો કોઈ એક ગ્રંથ નહોતો. આને કારણે સૌને સ્વીકાર્ય એવો જૈન–ધર્મ–સાર આપવો અઘરો હતો. આ આવશ્યકતા એ બધા પંથોના ધર્મગુરુઓને સમજાય અને વળી એવી કોઈ વિદ્વદ્ વિભૂતિ આગળ આવી એ કામ માથે લે તે જરૂરી હતું. વિનોબાજીની આવી સદ્-વાસના ફળે એમાં કાળ-પુરુષને પણ રસ હશે.

ભગવાન મહાવીરની ૨૫૦૦મી જન્મ-જયંતીનું આગમન, વિકસિત સમાજ-ચેતના, અને વાદ-વિવાદ તથા ધર્મ, નીતિ, પંથ આદિના ભેદોથી પર પ્રતિષ્ઠિત થયેલા વિનોબાજીની દીર્ઘકાલીન આકાંક્ષા–આ ત્રણના યોગે આ ગ્રંથના અવતરણ માટેની ભૂમિકા રચી આપી. બ્રહ્મચારી વર્ણીજી જેવા તપસ્વી વિદ્વાનના મનમાં વિનોબાની વાત

વસી. વર્ણીજીની અખૂટ ધીરજ અને પરાકાષ્ટાના પરિશ્રમે આ ગ્રંથને સંભવિતતાની ક્ષિતિજમાં આણી દીધો.

પ્રારંભિક સંકલન વર્ણીજીએ કર્યું તે "જૈન ધર્મ સાર" ના નામે પ્રકાશિત કરવામાં આવ્યું. એની હજારેક નકલો જૈનધર્મી તેમ જ જૈનેતર સાધુઓ તથા વિદ્વાનોને મોકલવામાં આવી. જે બધા સુધારા અને સૂચનો આવ્યાં તેનો આધાર લઈને બીજું સંકલન શ્રી દલસુખભાઈ માલવણિયાએ કર્યું. સંત કાનજી સ્વામીની પ્રેરણાથી ડૉ. હુકુમીચંદ મારિલ્લે ઘણી ગાથાઓ સૂચવી. ઉદયપુરવાળા ડૉ. કમલચંદજી સોગાણીએ પણ અનેક સૂચનો કર્યાં. આ તમામનું અધ્યયન કરીને વર્ણીજીએ ત્રીજું સકંલન કર્યું તે "જિણ ધમ્મ" ના નામે છપાયું. જૈનધર્મીઓની છેલ્લાં બે હજાર વરસોમાં થઈ નહોતી તેવી સંગીતિનું આવાહન કરવામાં આવ્યું. એમાં જૈનધર્મના તમામ સંપ્રદાયોના મુનિઓ અને અગ્રગણ્ય શ્રાવકોની હાજરી હતી. એ સંગીતિ સમક્ષ "જિણ ધમ્મ" સંકલન રજૂ થયું.

દિલ્હીમાં મળેલી એ સંગીતિનું અધિવેશન બે દિવસ સુધી ચાલ્યું. કુલ ચાર બેઠકો થઈ. ચાર બેઠકોમાં આમ્નાયોના મુનિઓ અધ્યક્ષપદે વારાફરતી બેઠા—મુનિશ્રી સુશીલ કુમારજી, મુનિશ્રી નથમલજી, મુનિશ્રી જનક વિજયજી, તથા ઉપાધ્યાય મુનિશ્રી વિદ્યાનંદજી. ચારે બેઠકોને આચાર્ય શ્રી તુલસીજી, આચાર્યશ્રી ધર્મસાગરજી, આચાર્યશ્રી વિજય સમુદ્રસુરિજી તથા આચાર્યશ્રી દેશભુષણજીના આશીર્વાદ પ્રાપ્ત થયા. ગ્રંથનું અંતિમ પ્રારૂપ ચારે અધ્યક્ષોની સહાયતાથી શ્રી જિનેન્દ્ર વર્ણીજીએ તૈયાર કર્યું. આમ જે સંકલન તૈયાર થયું તે અંતિમ અને સર્વમાન્ય છે. આને શુદ્ધ અને પરિપૂર્ણ બનાવવામાં મુનિશ્રી નથમલજી તથા શ્રી દલસુખભાઈ માલવણિયાજીનો હાથ વિશેષરૂપે છે. ડૉ. એ. એન. ઉપાધ્યે, ડૉ. દરબારીલાલજી કોઠિયા વગેરે વિદ્વાનોએ પણ ઘણી મદદ કરી છે. ગાથાઓની શુદ્ધિમાં પંડિત કૈલાશચંદ્રજી શાસ્ત્રી, પંડિત બેચરદાસજી દોશી અને મુનિશ્રી નથમલજીએ ભારે પરિશ્રમ કર્યો છે. પંડિત બેચરદાસજીએ એક એક શબ્દને ચકાસીને સંસ્કૃત છાયાનું સંશોધન અને પરિમાર્જન કર્યું છે. આ બધા વિદ્વાનોના પુરુષાર્થોને પ્રેરવામાં અને પછી એમને પ્રોઈને એક સંપૂર્ણ માળા રચવામાં સૂત્રરૂપે પૂ૦ વિનોબાજીનું પ્રત્યક્ષ તથા પરોક્ષ માર્ગદર્શન આરંભથી અંત સુધી રહ્યું છે એ વાતનો ઉલ્લેખ કરતાં પણ સંકોચ થાય છે, છતાં અનિવાર્ય કર્તવ્યરૂપે અહીં કરીએ છીએ.

હિંદી અનુવાદ પં. કૈલાશચન્દ્રજીએ તથા મુનીશ્રી નથમલજીએ કર્યો છે અને એના પરથી ગુજરાતી અનુવાદ શ્રી અમૃતલાલ ગોપાણીએ કર્યો છે. અનુવાદ ગુજરાતી વાચકો સામે છે. કચાંક કચાંક વિષય સાથેનો અનુબંધ જાળવી રાખવા માટે કૌંસમાં કે બહાર પણ શબ્દો જોડવા પડયા છે. વાચકો એ બધું જોઈ શકશે.

અણુવ્રત આંદોલનના પ્રવર્તક શ્રી તુલસીજી અને ઉપાધ્યાય શ્રી વિદ્યાનંદજીએ સૌને ઉત્સાહિત કરી કામને આગળ વધારવામાં મદદ કરી છે. સાહુ શાંતિપ્રસાદ જૈન, એમનાં પત્ની શ્રીમતી રમારાણી જૈન તથા શ્રી પ્રભુદયાલ ડાભડીવાળા વગેરેએ પણ સંગીતિને સફળ બનાવવામાં કીમતી સહકાર આપ્યો છે.

ઉપાધ્યાય કવિરત્ન અમર મુનિજી, મુનીશ્રી સંતબાલજી, કાનજી સ્વામી, આચાર્ય આનંદ ઋષિજી, મુનીશ્રી યશોવિજયજી વગેરેએ પણ આ પ્રયાસોનું સમર્થન કર્યું અને અનેક સૂચનો આપી મદદ કરી. સર્વ સેવા સંઘના શ્રી રાધાકૃષ્ણ બજાજ, કૃષ્ણદાસ મહેતા અને જમનાલાલ જૈન તથા માનવ મુનીજી વગેરેએ પોતપોતાની રીતે ઘણી મદદ કરી છે. વારાણસીના પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન તથા સ્યાદવાદ જૈન મહાવિદ્યાલયમાંથી સેંકડો ગ્રંથોની મદદ લેવાઈ છે.

આ બધાની પાછળ રહેલ ક્ષીણુકાય પરંતુ આત્મ-પ્રકાશી બ્ર૦ જિનેન્દ્ર વર્ણીજીની અદ્‌ભુત મહેનતનો ઉલ્લેખ ફરી કર્યા વગર આ પૂરું ન કરાય. પૂ. વિનોબાજીની પ્રેરણા એમના દિલને અડી ગઈ અને એમણે કામ માથે લીધું. એમનો આભાર ફરી ફરીને માનવાનું મન થાય છે.

ગુજરાતીનો આ અનુવાદ ઘણો મોડો પડયો. જૈન પારિભાષિક શબ્દોથી ભરેલા આ ગ્રંથને છાપવો આટલો અઘરો નીવડશે એમ લાગ્યું નહોતું. વળી ગુજરાતી સિવાયનો બાકીનો હિસ્સો વારાણસીથી છાપીને મંગાવવામાં સરળતા થશે એમ જે ધારેલું તે પણ અવળું પડયું. એને કારણે સમય, શક્તિ અને પૈસો ત્રણેય વાનાં વધારે લાગ્યાં. આમ છતાં આમાં અમારી અકુશળતા-અણઆવડતનો હિસ્સો પણ ખાસો છે. આ બધા માટે અમે જિજ્ઞાસુ વાચકોના ક્ષમા-પ્રાર્થી છીએ. અનેક જૈન-જૈનેતર વિદ્વાનોનો જેના સર્જનમાં હાથ છે અને જે માનવમાત્રને ઉપકારક નીવડે તેમ છે એવો આ ગ્રંથ કેવળ જૈન-ધર્મીઓનો જ ન રહી સમગ્ર માનવજાતનો ગ્રંથ બન્યો છે; સૌ એને એ રીતે આવકારશે એવી આકાંક્ષા સાથે.

—પ્રકાશક

વિનોબાજી જોગ મુનિઓનો પત્ર

અણુવ્રત વિહાર
વીર-નિર્વાણ તિથિ ૨૪-૧-૨૫૦૧.

૨૧૭, દીનદયાલ ઉપાધ્યાય માર્ગ,
નવી દિલ્હી, દિનાંક ૭-૧૨-'૭૪

ભદ્ર પરિણામી, ધર્માનુરાગી શ્રી આચાર્ય વિનોબાજી,

આપના સમભાવપૂર્ણ ચિંતન અને સામયિક સૂચનને ધ્યાનમાં લઈ 'જૈન ધર્મ સાર' અને પછી એનું નવું સ્વરૂપ 'જિણધમ્મ' નું સંકલન કરવામાં આવ્યું. એમાં જિનેન્દ્રકુમાર વર્ણીજી તથા અનેક વિદ્વાનોનો યોગ રહ્યો. સર્વ સેવા સંઘ તથા શ્રી રાધાકૃષ્ણ બજાજના અથક પરિશ્રમ અને પ્રયત્નના ફળ સ્વરૂપ સમાયોજના થઈ. સંગીતિમાં ભાગ લેનાર તમામ મુનિઓ અને વિદ્વાનોએ ચિંતનનું અનુમોદન કર્યું અને સમગ્ર જૈન-સમાજ-સંમત એવા 'સમણસુત્ત' નામના ગ્રંથની નિષ્પત્તિ થઈ. ભગવાન મહાવીરના ૨૫૦૦ મા નિર્વાણ-વર્ષના અવસરે એ એક મોટી ઉપલબ્ધિ થઈ એમ સૌએ સ્વીકાર્યું. તા. ૨૯-૩૦ નવેમ્બર ૧૯૭૪ ના રોજ સંગીતિ થઈ તેમાં એ ગ્રંથનું પારાયણ કરવામાં આવ્યું. એમાં આચાર્યો, મુનિઓ અને વિદ્વાનોની સલાહ, સમીક્ષા અને સમાલોચનાત્મક દૃષ્ટિકોણ જાણવા મળ્યા. છેવટે ગ્રંથના પરિશોધનનો ભાર મુનિઓ પર છોડવામાં આવ્યો અને સાથે વર્ણીજીની મદદ પણ આપવામાં આવી.

મુનિઓ એક અઠવાડિયાના ગાળામાં કેટલીયે વાર ભેગા મળ્યા અને ચિંતનપૂર્વક ગ્રંથનું પરિશોધન કર્યું. આનાથી અમને પૂરો સંતોષ થયો છે. હવે અમે ઇચ્છીએ છીએ કે આ ગ્રંથનું આપ ઊંડાણપૂર્વક નિરીક્ષણ કરો અને 'ધમ્મપદ'નો ક્રમ ગોઠવ્યો છે તે પ્રમાણે આની પણ યોજના કરો. એ ઉપરાંત કોઈ સૂચન હોય તો તે પણ કરશો. અમને સૌને તેથી મોટી પ્રસન્નતા થશે.

संगीति की विभिन्न बैठकों के अध्यक्षगण

विद्यानन्दमुनि

-मुनिश्री विद्यानन्दजी-

मुनि जनक विजय

- मुनिश्री जनकविजयजी-

मुनि सुशील कुमार

- मुनिश्री सुशीलकुमारजी

मुनि नथमल

- मुनिश्री नथमलजी -

जिनेन्द्र वर्णी

जिनेन्द्रवर्णीजी, -

ग्रन्थ संकलनकर्ता

સમાધાન

મારા જીવનમાં મને અનેક સમાધાન પ્રાપ્ત થયાં છે. એ બધાંમાં સૌથી છેવટનું, જે કદાચ સર્વોત્તમ સમાધાન છે, તે આ વર્ષે પ્રાપ્ત થયું. મેં જૈનોને કેટલીયે વાર વિનંતિ કરી હતી કે જેમ વૈદિક ધર્મનો સાર ગીતાના સાતસો શ્લોકોમાં મળે છે, બૌદ્ધોનો 'ધમ્મપદ'માં મળે છે તેવી જ રીતે જૈન ધર્મનો પણ પ્રાપ્ત થવો જોઈએ. પણ જૈનો માટે આ અઘરું હતું. કારણ કે એમના અનેક પંથ અને અનેક ગ્રંથ છે. બાઇબિલ લો કે કુરાન લો, ગમે તેટલો મોટો ગ્રંથ હોય, પણ એક જ છે. પણ જૈનોમાં શ્વેતાંબર અને દિગમ્બર એમ બે ઉપરાંત તેરાપંથી, સ્થાનકવાસી એમ ચાર મુખ્ય પંથ અને બીજા પણ પંથો છે. અને ગ્રંથો તો વીસ-પચીસ જેટલા છે. મેં એમને વારંવાર કહ્યું કે તમે લોકો, મુનિઓ ભેગા બેસી ચર્ચા કરો અને જૈનોનો એક ઉત્તમ સર્વમાન્ય ધર્મસાર રજૂ કરો. છેવટે વર્ણીજી નામના "પાગલ"ના મનમાં એ વાત વસી ગઈ. એ અધ્યયનશીલ છે અને ખૂબ મહેનત કરીને જૈન પરિભાષાનો એક કોશ પણ એમણે તૈયાર કર્યો છે. એમણે જૈન ધર્મ સાર નામનું એક પુસ્તક તૈયાર કર્યું. એની એક હજાર નકલ છાપીને જૈન સમાજના વિદ્વાનોને પણ મોકલી. એ બધા વિદ્વાનોએ જે સૂચનો કર્યાં તેના પરથી એ ગ્રંથમાં કેટલીક ગાથાઓ જોડી અને કેટલીક કાઢી નાખી. આમ 'જિણધમ્મ' પુસ્તકનું પ્રકાશન થયું. વળી પાછા મારા આગ્રહથી એ ગ્રંથ પર ચર્ચા કરવા માટે એક સંગીતિ મળી. એમાં મુનિઓ, આચાર્યો, વિદ્વાનો અને શ્રાવકો મળી લગભગ ત્રણસો જેટલા લોકો ભેગા મળ્યા. અનેક વાર ચર્ચાને અંતે એનું નામ અને એનું રૂપ પણ બદલ્યાં. છેવટે સૌની સંમતિ સાથે 'શ્રમણ સુકતમ્' જેને અર્ધમાગધીમાં 'સમણસુત્તં' કહે છે તે તૈયાર થયું. એમાં કુલ ૭૫૬ ગાથા છે. જૈનોને ૭ નો આંકડો પ્રિય છે. ૭ને ૧૦૮ વડે ગુણીએ તો ૭૫૬ થાય છે. સર્વ સંમતિથી એટલી ગાથા લેવામાં આવી છે. ઠરાવવામાં આવ્યું કે આ વર્ષ ચૈત્ર સુદ તેરસ ને વર્ધમાન જયંતીને દિવસે— ૨૪મી એપ્રિલે આ ગ્રંથ અત્યંત શુદ્ધ રીતે છાપીને પ્રકાશિત કરવો. જયંતીને દિવસે જૈન ધર્મ—સાર

જેનું નામ "સમણસુત્તં" રાખવામાં આવ્યું છે તે આખાય ભારતને પ્રાપ્ત થશે. હવે આગળ ઉપર જ્યાં સુધી જૈન ધર્મ ટકશે અને બીજા વૈદિક તથા બૌદ્ધ વગેરે ધર્મો પણ હશે ત્યાં સુધી "જૈન-ધર્મ-સાર" નું અધ્યયન થતું રહેશે. છેલ્લાં હજાર દોઢ હજાર વર્ષમાં નહોતું થઈ શક્યું તેવું એક બહુ મોટું કાર્ય સંપન્ન થયું. એમાં બાબા નિમિત્ત માત્ર બન્યા, પણ મને પાકી ખાતરી છે કે એ ભગવાન મહાવીરની કૃપા છે.

હું એ કબૂલ કરું છું કે ગીતાની મારા ઉપર ઊંડી અસર છે. ગીતા પછીથી મહાવીર ભગવાનથી વધુ બીજી કોઈ પણ વાતની અસર મારા ચિત્ત પર નથી. એનું કારણ એ છે કે મહાવીર ભગવાને જે આજ્ઞા આપી છે તે બાબાને પૂરેપૂરી કબૂલ છે. એ આજ્ઞા છે– "સત્યગ્રાહી" બનો. આજે તો જે આવ્યો એ "સત્યાગ્રહી" બની નીકળે છે. બાપુએ બાબાને પણ સત્યાગ્રહી તરીકે આગળ કર્યો હતો, પણ બાબા જાણતો હતો કે એ સત્યાગ્રહી નથી, "સત્યગ્રાહી" છે. દરેક માનવ પાસે એનું સત્ય હોય છે અને તેથી માનવ-જન્મ સાર્થક થતો હોય છે, આમ તમામ ધર્મોમાં, તમામ પંથોમાં અને તમામ માનવોમાં જે સત્યનો અંશ છે તેને ગ્રહણ કરવો જોઈએ. ભગવાન મહાવીરનો આ ઉપદેશ છે. ગીતા પછીથી બાબા પર એની જ અસર છે. "ગીતા પછીથી" એમ કહું છું ખરો, પણ જોઉં છું તો મને એ બન્નેમાં કશોય ફરક દેખાતો નથી.

બ્રહ્મવિદ્યામંદિર,
પવનાર, વર્ધા, ૨૫-૧૨-'૭૪

{ રામ હરિ
રામ હરિ
રામ હરિ

હસ્તાક્ષર શ્રી વિનોબાજી

ભૂમિકા

આ ગ્રંથ– 'સમણસુત્તં'ની સંકલના પૂજ્ય વિનોબાજીની પ્રેરણાથી થઈ છે. એ જ પ્રેરણા અનુસાર સંગીતિનું આયોજન થયું અને એમાં આના પ્રારૂપને સ્વીકૃતિ મળી. આ એક વિશિષ્ટ ઐતિ-હાસિક ઘટના છે.

વિશ્વના તમામ ધર્મોનું મૂળ છે— આત્મા અને પરમાત્મા. તત્ત્વરૂપ આ બે સ્તંભો પર ધર્મનાં ભવ્ય ભવન ઉભારવામાં આવ્યાં છે. વિશ્વના કેટલાય ધર્મો આત્મવાદી છે અને સાથે ઈશ્વરવાદી પણ છે, તો વળી કેટલાક નિરીશ્વરવાદી છે. ઈશ્વરવાદી પરંપરા તેને કહેવાય જેમાં સૃષ્ટિનો કર્તા ધર્તા અને નિયામક એક સર્વશક્તિમાન ઈશ્વર અથવા પરમાત્માને માનવામાં આવે છે. સૃષ્ટિનો તમામ આધાર એના પર જ છે. એને જ બ્રહ્મા, વિધાતા, પરમપિતા વગેરે નામોથી ઓળખે છે. આ પરંપરાની માન્યતા છે કે પૃથ્વી પર જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ત્યારે ભગવાન અવતાર લે છે; દુષ્ટોનો નાશ કરે છે, સૃષ્ટિનું સંરક્ષણ કરે છે અને એમાં સદાચારનાં બીજ વાવે છે.

નિરીશ્વરવાદી પરંપરા

બીજી પરંપરા છે તે આત્મવાદી છે પણ સાથે સાથે નિરીશ્વર-વાદી છે. એ પરંપરા વ્યક્તિના સ્વતંત્ર વિકાસમાં માને છે. પ્રત્યેક વ્યક્તિ અથવા જીવ પોતાનો સંપૂર્ણ વિકાસ સાધી શકે છે, પોતાનામાં રાગ-દ્વેષ-વિહીનતા અથવા વીતરાગતાનો સર્વોચ્ચ વિકાસ સાધી એ પરમપદને પામી શકે છે. એ પોતે જ પોતાનો નિયામક અને સંચાલક છે. પોતે જ પોતાનો મિત્ર અને પોતે જ પોતાનો શત્રુ છે. જૈન ધર્મ આ જ પરંપરામાંનો સ્વતંત્ર વૈજ્ઞાનિક ધર્મ છે. આ જૈન પરંપરા ટૂંકામાં "શ્રમણ સંસ્કૃતિ'ને નામે ઓળખાય છે. આ આધ્યાત્મિક પરંપરામાં બૌદ્ધ વગેરે ધર્મો પણ આવે છે. જ્યારે ઈશ્વરવાદી ભારતીય પરંપરા 'બ્રાહ્મણ સંસ્કૃતિ'ને નામે ઓળખાય છે.

પ્રાચીનતા

કોઈ પણ ધર્મ પ્રાચીન કે અર્વાચીન હોવા માત્રથી એ શ્રેષ્ઠ છે એમ સાબિત નથી થતું. પણ જો કોઈ ધાર્મિક-પરંપરા પુરાણી હોય, અને દીર્ઘ કાળ સુધી એ સજીવ, સક્રિય અને પ્રગતિશીલ રહી હોય તથા લોકોન્નતિમાં, નૈતિક વિકાસ અને સાંસ્કૃતિક સમૃદ્ધિમાં પ્રબળ પ્રેરક તેમ જ સહાયક નીવડી હોય તો એનો અર્થ એમ કરી શકાય કે એ ધર્મમાં ટકાઉ, સાર્વકાલિક અને સાર્વભૌમિક તત્ત્વો રહેલાં છે. જૈન ધર્મ આચાર અને વિચાર બન્ને દૃષ્ટિએ બહુ પુરાણો ધર્મ છે. ઇતિહાસકારોએ હવે એ વાત માની લીધી છે કે તીર્થંકર મહાવીર જૈન ધર્મના મૂળ સંસ્થાપક નહોતા. એમના પહેલાં બીજા પણ તીર્થંકરો થઈ ગયા હતા, એમણે જૈન ધર્મની પુનર્સ્થાપના કરી હતી, અને એની પ્રાણધારાને આગળ વધારી હતી. એ ખરું કે જૈનધર્મના મૂળ ઉગમ સુધી હજુ ઇતિહાસ પહોંચ્યો નથી. આમ છતાં જે પુરાતાત્ત્વિક અને સાહિત્યિક તથ્યો પ્રાપ્ત છે તેના નિષ્પક્ષ વિશ્લેષણથી નિર્વિવાદ રીતે સિદ્ધ થયું છે કે જૈનધર્મ એક અતિ પ્રાચીન ધર્મ છે. વાતરશના મુનિઓ, કેશિઓ તથા વ્રાત્ય-ક્ષત્રિયો વિષે ઋગ્વેદ, શ્રીમદ્ ભાગવત આદિ મહત્ત્વપૂર્ણ ગ્રંથોમાં સંખ્યાબંધ ઉલ્લેખો મળી આવે છે.

જૈન-ઇતિહાસમાં ત્રેસઠ 'શલાકા-પુરુષો'નું વર્ણન આવે છે. અવસર્પિણી અને ઉત્સર્પિણી નામના પ્રત્યેક સુદીર્ઘ કાલખંડમાં આ શલાકા પુરુષો જન્મે છે અને માનવ-સંસ્કૃતિના વિકાસમાં તથા ધર્મ-નીતિ આગળ વધારવામાં પ્રેરણા આપે છે. આ શલાકા-પુરુષોમાં ૨૪ તીર્થંકરોનું સ્થાન સર્વોપરિ છે. વર્તમાન અવસર્પિણી કલ્પમાં એના ચતુર્થ કાલખંડમાં જે ૨૪ તીર્થંકર થઈ ગયા તેમાં સૌથી પહેલા ઋષભદેવ હતા. એ રાજા નાભિ તથા માતા મરુદેવીના પુત્ર હતા. એમને આદિનાથ, આદિબ્રહ્મા, આદીશ્વર વગેરે નામથી ઓળખવામાં આવે છે. સૌથી છેલ્લા તીર્થંકર મહાવીર ભગવાન અઢી હજાર વર્ષ પર થઈ ગયા. તથાગત બુદ્ધ ભગવાન તથા મહાવીર સમકાલીન હતા. ભગવાન મહાવીરના ૨૫૦ વર્ષ પૂર્વે ૨૩ મા તીર્થંકર પાર્શ્વનાથ થઈ ગયા. એ વારાણસીના રાજા અશ્વસેનના કુંવર હતા. બૌદ્ધ આગમોમાં મહાવીરનો ઉલ્લેખ નિગંઠનાતપુત્તના નામે મળે છે, જ્યારે પાર્શ્વ પરંપરાનો ઉલ્લેખ ચાતુર્યામ ધર્મ તરીકે મળે છે. મહાવીર ભગવાન પણ પાર્શ્વ પરંપરાના પ્રતિનિધિ હતા. આમ જોવા જઈએ તો કાળના અનંત અતૂટ પ્રવાહમાં ન તો ઋષભદેવ પ્રથમ હતા કે

ન મહાવીર છેલ્લા હતા. આ તો અનાદિ અનંત પરંપરા છે. કોણ જાણે કેટલીયે ચોવીસીઓ આગળ ઉપર થઈ ગઈ અને હવે ભવિષ્યમાં થશે !

સાંસ્કૃતિક વિકાસની દૃષ્ટિએ જોતાં દેખાઈ આવે છે કે પારમાર્થિક અને આધ્યાત્મિક ભૂમિકામાં વૈદિક અને શ્રમણ સંસ્કૃતિમાં ઝાઝો ભેદ નથી. આમ છતાં વહેવારના ક્ષેત્રમાં તથા બન્નેના તત્ત્વજ્ઞાનમાં-આચારમાં અને દર્શનમાં ચોખ્ખો ભેદ છે. બન્ને સંસ્કૃતિઓ એકબીજાથી ખાસી પ્રભાવિત થઈ છે, બન્નેમાં આદાન-પ્રદાન પણ ખાસું થયું છે, અને સામાજિક પરિસ્થિતિ તો બન્નેની લગભગ એક સરખી જ રહી છે. જે ભેદ દેખાય છે તે પણ સમજમાં ઊતરે નહીં એવો નથી. ઊલટું માનવ સંસ્કૃતિના વિકાસના સ્તરો સમજવામાં એ બહુ સહાયક થાય છે. ભારતના સમૃદ્ધ પ્રાચીન સાહિત્યમાં આ બન્ને સંસ્કૃતિના પરસ્પર ઉપરના પ્રભાવ અને આદાન-પ્રદાનનાં અનેક દૃશ્યો જોવા મળે છે. એક જ કુટુંબમાં જુદા જુદા વિચારવાળા લોકો પોત-પોતાની રીતે ધર્મ સાધના કરતા હતા.

આજે જે જૈન ધર્મને નામે ઓળખાય છે એનું પ્રાચીન કાળમાં કોઈ વિશેષ નામ નહીં હોય. એ ખરું કે જૈન શબ્દ 'જિન' પરથી બન્યો છે, આમ છતાં જૈન શબ્દ પ્રમાણમાં અર્વાચીન છે. ભગવાન મહાવીરના સમયમાં એને માટે 'નિર્ગ્રન્થ' અથવા 'નિર્ગ્રન્થ પ્રવચન' શબ્દ ચાલતો. એને કયાંક કયાંક આર્યધર્મ પણ કહ્યો છે. પાર્શ્વનાથના સમયમાં એને 'શ્રમણધર્મ' પણ કહેતા. પાર્શ્વનાથ પહેલાં જે બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમી થઈ ગયા તેના સમયમાં આને "અર્હત ધર્મ" કહેતા હતા. અરિષ્ટનેમી એ શલાકા-પુરુષ શ્રી કૃષ્ણના કાકાના દીકરા હતા. શ્રીકૃષ્ણે ગાયની સેવા અને ગોરસ-(દૂધ આદિ)નો જે પ્રચાર કર્યો તે ખરી રીતે જોઈએ તો અહિંસક સમાજ–રચના માટે થયેલો એક મંગળ પ્રયાસ હતો. બિહારમાં જૈન ધર્મ 'આર્હત ધર્મ'ના નામે પ્રચલિત હતો. રાજર્ષિ નમિ મિથિલાના હતા અને રાજા જનકના વંશજ હતા. એમની આધ્યાત્મિક વૃત્તિનું જૈન આગમમાં સુંદર ચિત્રણ આવે છે. ઇતિહાસમાં વખતોવખત નામો બદલાતાં રહ્યાં હશે, પણ આ ધર્મ-પરંપરા અને સંસ્કૃતિનું મૂળ, સિદ્ધાંત બીજ તો આજે છે તેનું તે જ હતું—આત્મવાદ અને અનેકાન્તવાદ. આ જ આત્મવાદની ભૂમિ પર જૈન ધર્મ-પરંપરાનું કલ્પવૃક્ષ વધતું ગયું છે. જૈનધર્મી સાધુ આજે પણ શ્રમણ કહેવાય છે. શ્રમણ શબ્દ શ્રમ, સમતા અને વિકાર-શમનનો સૂચક છે. એમાં પ્રભૂત અર્થ સમાયેલો છે.

જૈનધર્મનો અર્થ છે જિને ઉપદેશેલો અથવા જિને પ્રસારેલો કલ્યાણ માર્ગ. "જિન" એને કહે છે જેમણે પોતાના દેહગત તથા આત્મગત એટલે અંદર-બહારના વિકારો પર વિજય પ્રાપ્ત કરી લીધો હોય. આત્માના સૌથી પ્રબળ શત્રુ છે રાગ-દ્વેષ મોહાદિ વિકારો. એટલે 'જિન' શબ્દનો એક વિશેષ અર્થ છે; એ કોઈ અમુક જાતિનું નામ નથી. આત્મોપલબ્ધિ—આત્માની પ્રાપ્તિ માટે જે "જિન"ના માર્ગે ચાલે છે તે જૈન છે.

વીતરાગ-વિજ્ઞાનતા

જૈન ધર્મનું પૂર્ણ લક્ષ્ય છે વીતરાગ—વિજ્ઞાનતાની પ્રાપ્તિ. આ જે વીતરાગ-વિજ્ઞાન છે તે મંગળમય છે, મંગળ કરનારું છે અને એના જ પ્રકાશમાં ચાલી માણસ 'અરહન્ત' પદને પામે છે. આ વીતરાગતા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી રત્નત્રયની સમન્વિત સાધનામાંથી પ્રાપ્ત થાય છે. શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણનો સમન્વિત પંથ જ માણસને મુક્તિ અથવા સિદ્ધિ સુધી પહોંચાડે છે. દર્શન, જ્ઞાન અને ચારિત્રથી જ મનુષ્ય પૂર્ણતાને પ્રાપ્ત કરે છે. જૈન-ધર્મનો સૌ પહેલો અને મૂળભૂત ઉપદેશ એ છે કે શ્રદ્ધાપૂર્વક વિવેકની આંખો વડે સંસારને જોઈને એનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરો અને એને જીવનમાં ઉતારો. પરંતુ સંપૂર્ણ આચાર-વિચારનું કેન્દ્રબિંદુ વીતરાગતાની પ્રાપ્તિ છે. વીતરાગતાની સામે મોટામાં મોટું ઐશ્વર્ય પણ વ્યર્થ છે. પ્રવૃત્તિ હો યા નિવૃત્તિ, ગાર્હસ્થ્ય હો યા શ્રામણ્ય, બંને સ્થિતિમાં અંતરમાં વીતરાગતા વધતી જાય એને જ શ્રેયસ્કર ગણ્યું છે. પરંતુ અનેકાન્ત દૃષ્ટિ મળ્યા વગર વીતરાગતાની પ્રાપ્તિનો રસ્તો હાથ નથી લાગતો. આ અનેકાન્ત દૃષ્ટિ જ પ્રવૃત્તિમાં નિવૃત્તિ અને નિવૃત્તિમાં પ્રવૃત્તિનું દર્શન કરાવી યથાર્થ અને નિવૃત્તિનું માર્ગદર્શન કરી શકે છે.

અહિંસા

જૈન આચારનું મૂળ અહિંસા છે. આ અહિંસાનું પાલન અનેકાન્ત દૃષ્ટિ વગર સંભવ નથી. કારણ, જૈન દૃષ્ટિએ માણસ હિંસા ન કરતો હોય છતાં હિંસક હોઈ શકે છે, અને હિંસા કરતો હોય છતાં હિંસક ન પણ હોઈ શકે. આમ જૈનધર્મમાં હિંસા-અહિંસા કર્તાના ભાવ ઉપર આધાર રાખે છે, ક્રિયા ઉપર નહીં. બહારથી થનારી હિંસાને જ જો હિંસા ગણી લઈએ તો કોઈ અહિંસક હોઈ જ ન શકે. કારણ કે જગતમાં સર્વત્ર જીવ વ્યાપી રહેલા છે અને નિરંતર એમનો ઘાત

થઈ રહ્યો છે. માટે જે સાવધાન રહીને પ્રવૃત્તિ કરે છે એના ભાવોમાં અહિંસા છે અને જે વ્યક્તિ પોતાની પ્રવૃત્તિમાં સાવધાન નથી હોતી તેના ભાવમાં હિંસા છે, આમ એ હિંસા ન કરતી હોય તો પણ હિંસક છે. આ બધું પૃથક્કરણ અનેકાન્ત દૃષ્ટિ વગર સંભવ નથી. તેથી જેને અનેકાન્ત દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે તે જ મનુષ્ય સમ્યગ્દૃષ્ટિવાળો મનાયો છે. અને સમ્યગ્દૃષ્ટિવાળો જ સમ્યગ્જ્ઞાની તથા સમ્યક્ ચારિત્રશીલ હોઈ શકે. જેની દૃષ્ટિ સમ્યક્ નથી એનું જ્ઞાન પણ સાચું નથી અને આચાર પણ યથાર્થ નથી. આને જ લીધે જૈનમાર્ગમાં સમ્યક્ત્વ અથવા સમ્યગ્દર્શનનું મહત્ત્વ વિશેષ માન્યું છે. મોક્ષમાર્ગનો પણ એ જ પાયો છે.

સંસાર એક બંધન છે. જીવ અનાદિકાળથી એમાં પડ્યો છે. એ પોતાના યથાર્થ સ્વરૂપને ભૂલીને આ બંધનને જ પોતાનું સ્વરૂપ સમજી એમાં રમમાણ રહે છે. આ જે ભ્રમ છે તે જ એના બંધનનું કારણ છે. આ ભૂલ જ્યારે એની નજરે ચડે છે ત્યારે જ એની દૃષ્ટિ પોતાના સ્વરૂપ ભણી જાય છે. ત્યારે એને સમજાય છે કે હું તો ચૈતન્ય શક્તિ-સંપન્ન છું; ભૌતિક શક્તિથી પણ વિશિષ્ટ શક્તિ એ મારું ચૈતન્ય છે. એ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત શક્તિનો ભંડાર છે. એનામાં આ શ્રદ્ધા જાગતાંની સાથે જ એને સમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત થાય છે અને એ સમ્યક્ આચાર દ્વારા પોતાના યથાર્થ સ્વરૂપમાં સ્થિર થવાનો પ્રયત્ન કરે છે. આમ જૈન ધર્મનો આચારમાર્ગ સમ્યગ્જ્ઞાન-પૂર્વક વીતરાગતા સુધી પહોંચવાનો રાજમાર્ગ છે.

અનેકાન્ત

આ વિશાળ લોકમાં દેહધારી વ્યક્તિનું વધુમાં વધુ જ્ઞાન પણ સીમિત, અપૂર્ણ અને એકાંગી હોય છે. વસ્તુના અનન્ત ગુણોનો સમગ્ર અનુભવ વ્યક્તિ એક સાથે કરી શકતી નથી, એને વ્યક્ત કરવાની વાત તો આઘી જ રહી. ભાષાની અશક્તિ અને શબ્દોના અર્થની મર્યાદા જ્યાં ત્યાં ઝઘડા અને વિવાદ ઊભા કરે છે. માણસનો અહમ્ એમાં ઉમેરો કરે છે; જ્યારે અનેકાન્ત સમન્વયનો અને વિરોધ-પરિહારનો માર્ગ દેખાડે છે. સૌની વાતમાં સત્યનો અંશ હોય છે, અને એ સત્યનો અંશ સમજીએ તો વિવાદ સહેલાઈથી ટળી શકે છે. જેને પોતાની વાતની હઠ અથવા પોતાના જ સાચાપણાનો આગ્રહ નથી હોતો એવી જ વ્યક્તિ અનેકાન્ત મારફતે ગાંઠોને સારી રીતે ઉકેલી શકે છે. આમ તો દરેક મનુષ્ય અનેકાન્તમાં જીવે છે; પણ એને

ખબર નથી કે એ જ્યોતિ ત્યાં છે, અને એનાથી જ એ પ્રકાશિત છે. આંખો પર આગ્રહનો પાટો બાંધેલો હોય ત્યાં સુધી વસ્તુ-સ્વરૂપનું સાચું દર્શન થઈ શકતું નથી. અનેકાન્ત વસ્તુ અથવા પદાર્થથી સ્વતંત્ર સત્તાનો ઉદ્‌ઘોષ કરે છે. વિચાર-જગતમાં અહિંસાનું મૂર્તરૂપ અનેકાન્ત છે. જે અહિંસક હશે એ અનેકાન્તી હશે અને જે અનેકાન્તી હશે તે અહિંસક હશે.

આજે જૈન ધર્મનું જે સ્વરૂપ આપણી સામે છે તે મહાવીર ભગવાનની દેશનાથી અનુપ્રાણિત થયેલું છે. આજે એમનું ધર્મ-શાસન પ્રવર્તી રહ્યું છે. મહાવીર ધર્મ અને દર્શનના સમન્વયકાર હતા. જ્ઞાન, દર્શન અને આચરણનો સમન્વય જ મનુષ્યને દુઃખ-મુક્તિ ભણી લઈ જાય છે. જ્ઞાનહીન કર્મ અને કર્મહીન જ્ઞાન બન્ને વ્યર્થ છે. જ્ઞાત સત્યનું આચરણ અને આચરિત સત્યનું જ્ઞાન બન્ને ભેગાં મળીને જ સાર્થક થઈ શકે છે.

વસ્તુ સ્વભાવ ધર્મ

'વત્થુ સહાવો ધમ્મો' વસ્તુનો સ્વભાવ જ ધર્મ છે– આ વાત જૈન દર્શનની સૌથી મહત્ત્વપૂર્ણ દેણ છે. સૃષ્ટિનો પ્રત્યેક પદાર્થ પોતાના સ્વભાવ પ્રમાણે વરતી રહ્યો છે. એનું અસ્તિત્વ, ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશથી યુકત છે. પદાર્થ જડ હો યા ચેતન, પોતાના સ્વભાવમાંથી હટતો નથી. સત્તાના રૂપમાં એ સદૈવ સ્થિત હોય છે. પર્યાય કરતાં એ નિરંતર પરિવર્તનશીલ છે. આ જ ત્રિપદી પર સંપૂર્ણ જૈન-દર્શન ઊભું છે. અને આ જ ત્રિપદીના આધાર પર સંપૂર્ણ લોક-વ્યવસ્થાનું પ્રતિપાદન એ જૈન-દર્શનની વિશેષતા છે. ષડ્‌દ્રવ્યોની સ્થિતિથી સાફ થઈ જાય છે કે આ લોક અનાદિ અનન્ત છે, એનો કર્તા ધર્તા કે નિર્માતા કોઈ વ્યક્તિ-વિશેષ અથવા શક્તિ-વિશેષ નથી. દેશ-કાળથી પર, વસ્તુ-સ્વભાવના આધાર પર આત્માની સત્તા સ્વીકારવામાં આવે તો સમાજમાં વિષમતા, વર્ગભેદ, વર્ણભેદ વગેરેનું સ્થાન રહેતું નથી. આવી હાલતમાં વ્યવહાર-જગતમાં મહાવીર જેવા વીતરાગ તત્ત્વદર્શી એમ જ કહે કે સમભાવ એ જ અહિંસા છે અને મનમાં મમત્વ ન હોવું એ જ અપરિગ્રહ છે; સત્ય શાસ્ત્રમાં નથી વસતું, એ તો અનુભવમાં વસે છે; બ્રહ્મની ચર્યા એ જ બ્રહ્મચર્ય; કર્મથી માણસ બ્રાહ્મણ બને છે અને કર્મથી જ ક્ષત્રિય, કર્મથી જ વૈશ્ય અને કર્મથી જ શૂદ્ર. ચારિત્ર્યહીન વ્યક્તિને સંપ્રદાય, વેશ, ધન, બળ, સત્તા અને ઐશ્વર્ય, જ્ઞાન અને પોથી બચાવી શકતાં

નથી. દેવી દેવતાઓ કે પ્રકૃતિની વિભિન્ન શક્તિઓને રીઝવવા માટે કરાતાં જાતજાતનાં કર્મકાંડ યા અનુષ્ઠાનો પણ બચાવી શકતાં નથી. આત્મ-પ્રતીતિ, આત્મ-જ્ઞાન અને આત્મલીનતા—નિજાનન્દ રસલીનતા જ મનુષ્યને મુક્તિ અપાવી શકે. આ જ સાચું સમ્યક્‌ત્વ છે. મહાવીર સાચા અર્થમાં નિર્ગ્રન્થ હતા, ગ્રન્થ અને ગ્રન્થિયો છેદીને એ દેહમાં પણ વિદેહ હતા. એમની જ નિરક્ષરી, સર્વબોધગમ્ય, અમૃત વરસાવનારી વાણીનું ગૂંજન વાતાવરણમાં છે.

શ્રાવકાચાર

સાધના સૌ સૌની શક્તિ અનુસાર જ થઈ શકે. આને કારણે જૈન-આચાર માર્ગના શ્રાવકાચાર અને શ્રમણાચાર એમ બે ભાગ પાડવામાં આવ્યા છે. શ્રમણોના આચાર કરતાં શ્રાવકોનો આચાર સહેલો હોય છે. આનું કારણ એ છે કે એ લોકો ગૃહ-ત્યાગી નથી હોતા અને સંસારમાં રત રહે છે. આમ છતાં શ્રાવક પોતાના આચાર પરત્વે બરાબર સાવધાન રહે છે. એનું લક્ષ્ય શ્રમણાચારની દિશામાં આગળ વધવાનું હોય છે. શ્રાવકની આત્મ-શક્તિ વધે, રાગ-દ્વેષાદિ વિકારો અને ક્રોધાદિ કષાયો પર કાબૂ આવવા લાગે ત્યારે એ એક પછી એક શ્રેણી વધતો વધતો શ્રમણ-પથ પર ડગ દેવા માંડે છે. બાર વ્રતોનું બરાબર પાલન કરતાં કરતાં ૧૧ શ્રેણીઓ પાર કરીને શ્રાવક શ્રમણની શ્રેણીમાં પહોંચી જાય છે. આમ જોવા જઈએ તો શ્રાવક-ધર્મ એ શ્રમણ ધર્મનો આધાર અથવા પૂરક ધર્મ છે. જૈન ધર્મનો તમામ આચાર આત્મલક્ષી છે. એમાં શ્રાવક તથા શ્રમણ માટે વ્યવસ્થિત, એક પછી એક એમ આગળ ને આગળ વિકાસનાં પગથિયાં ઉપર લઈ જતી સંહિતા પ્રાપ્ત છે. જૈન ધર્મમાં કેવળ નીતિ-ઉપદેશની દૃષ્ટિએ અથવા વહેવારની દૃષ્ટિએ આચાર-નિયમો ઘડવામાં આવ્યા નથી. શક્તિ સાપેક્ષતા અને વિકાસની પ્રક્રિયામાં બાહ્ય ક્રિયાકાંડ અથવા રૂઢિગત લોકમૂઢતા, દેવમૂઢતા અથવા ગુરુમૂઢતાને એમાં જરા જેટલું પણ સ્થાન નથી. અણુવ્રતાદિનું પાલન શ્રાવકને સાધક બનવાની પ્રેરણા આપે છે તો બીજી બાજુ સમાજના સુસંચાલનમાં પણ અપૂર્વ ભૂમિકા અદા કરે છે.

ગ્રન્થ પરિચય

સમણસુત્તં ગ્રંથમાં જૈન-ધર્મ-દર્શનની સારભૂત વાતોનું સંક્ષેપમાં ક્રમપૂર્વક સંકલન કર્યું છે. ગ્રંથમાં ચાર ખંડ અને ૪૪ પ્રકરણો છે. ગાથાઓ કુલ્લે ૭૫૬ છે.

ગ્રંથની સંકલના પ્રાકૃત ગાથાઓમાં કરી છે. આ ગાથાઓ ગેય છે અને પારાયણ કરવા યોગ્ય છે. જૈનાચાર્યોએ પ્રાકૃત ગાથાઓને સૂત્ર કહ્યાં છે. પ્રાકૃત 'સુત્ત' શબ્દનો અર્થ સૂત્ર, સુકૃત તથા શ્રુત પણ થાય છે. જૈન પરંપરામાં સૂત્ર શબ્દ રૂઢ છે. તેથી ગ્રંથનું નામ સમણસુત્તં (श्रमण सूत्रम्) રાખ્યું છે. ગાથાઓની પસંદગી પ્રાચીન મૂળ ગ્રંથોમાંથી કરી છે. આમ આ સમણસુત્તં આગમના જેવું સ્વતઃ પ્રમાણ છે.

પહેલો ખંડ જ્યોતિર્મુખ છે. એમાં વ્યક્તિ "ખાઓ પીઓ ને મોજ માણો" ની નિમ્ન ભૌતિક ભૂમિકા અથવા બાહ્ય જીવનથી ઉપર ઊઠીને આભ્યન્તર જીવનનું દર્શન કરે છે. એ વિષયભોગોને અસાર, દુઃખમય તથા જન્મ-જરા-મરણ રૂપ સંસારનાં કારણ સમજી એનાથી વિરક્ત થાય છે. રાગદ્વેષને જ પોતાના સૌથી મોટા શત્રુ સમજી બધી રીતે એના પરિહારનો ઉપાય કરે છે. ક્રોધ, માન, માયા અને લોભને ઠેકાણે એ ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ વગેરે ગુણોનો આશ્રય લે છે. કષાયોનો નિગ્રહ કરીને વિષયમાં ફસાયેલી ઇંદ્રિયોને સંયમિત કરે છે. બધાં પ્રાણીઓને આત્મવત્ દેખે છે અને એમનાં સુખ દુઃખને પોતાનાં જ હોય તેમ અનુભવ કરે છે. બીજાઓની જરૂરિયાતને સમજી, એની કદરને બૂજી પરિગ્રહનો યથાશક્તિ ત્યાગ કરે છે. પોતાની તથા બીજાની તરફ સદા જાગૃત રહે છે. અને યતનાચાર-પૂર્વક મોક્ષમાર્ગમાં નિર્ભયતાથી વિચરણ કરે છે.

બીજો ખંડ મોક્ષમાર્ગ છે. આમાં ડગ દેનાર વ્યક્તિની તમામ શંકાઓ, ભયવાળી સંવેદનાઓ, આકાંક્ષાઓ અને મૂઢતાઓ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની અથવા જ્ઞાન-કર્મ-ભક્તિની ત્રિવેણીમાં ધોવાઈ જાય છે. ઇષ્ટ-અનિષ્ટના તમામ દ્વન્દ્વો સમાપ્ત થઈ જાય છે અને સમતા તથા વાત્સલ્યનું ઝરણ ફૂટી નીકળે છે. એનું ચિત્ત સંસારના ભોગો તરફથી વિરત થઈ પ્રશાંત બને છે. ઘરમાં રહેતા હોય, તો પણ જળમાં કમળની જેમ રહે છે. વેપાર, ધંધો બધું જ કરતા હોવા છતાં એ કશું જ કરતો નથી. શ્રાવક શ્રમણ ધર્મનો ક્રમશઃ આધાર લઈ ને એનું ચિત્ત સહજ રીતે જ્ઞાન-વૈરાગ્ય અને ધ્યાનની વિવિધ શ્રેણીઓને પાર કરીને ધીરે ધીરે ઉપર તરફ ગતિ કરવા માંડે છે. અંતે એની તમામ વાસનાઓ નિર્મૂળ થઈ જાય છે, જ્ઞાન-સૂર્ય પૂરી પ્રખરતાથી પ્રકાશવા માંડે છે અને આનંદ-સાગર ઊછળવા માંડે છે. દેહ છે ત્યાં સુધી એ અર્હન્ત અથવા જીવન્મુક્ત દશામાં દિવ્ય ઉપદેશ મારફતે જગતમાં

કલ્યાણમાર્ગનો પ્રચાર કરતો વિચરણ કરે છે. અને છેવટે દેહ-સ્થિતિ અથવા આયુષ્ય પૂરું થાય છે ત્યારે સિદ્ધ અથવા વિદેહ દશા પામીને સદાને માટે આનંદ-સાગરમાં લીન લઈ જાય છે.

ત્રીજો ખંડ 'તત્ત્વ-દર્શન'નો છે. એમાં જીવ-અજીવ વગેરે સાત તત્ત્વોનું તથા પાપ-પુણ્ય વગેરે નવ પદાર્થોનું વિવેચન છે. ઉપરાંત જીવાત્માક પુદ્‌ગલ-પરમાણુ વગેરે છ દ્રવ્યોનો પરિચય આપીને એના સંયોગ તથા વિભાગ દ્વારા વિશ્વ સૃષ્ટિની અકૃત્રિમતા અને અનાદિ-અનન્તતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે,

ચોથો ખંડ 'સ્યાદ્વાદ' નો છે. ઉપર અનેકાન્તનો સંક્ષિપ્ત પરિચય અપાયો છે. જૈન દર્શનનો પ્રધાન ન્યાય આ જ છે. આ ખંડમાં પ્રમાણ, નય, નિક્ષેપ, અને સપ્તભંગી જેવા ગૂઢ અને ગંભીર વિષયોનો હૃદયગ્રાહી સરળ સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. છેલ્લે વીરસ્તવનથી ગ્રંથ સમાપ્ત થાય છે.

આ ચાર ખંડોમાં ૭૫૬ ગાથાઓમાં થઈને જૈનધર્મ, તત્ત્વ દર્શન તથા આચાર માર્ગનો સર્વાંગીણ સંક્ષિપ્ત પરિચય આવી જાય છે એમ કહી શકાય. આમ તો જૈન-સાહિત્ય વિપુલ છે અને એની એક એક શાખા પર અનેક ગ્રંથ પ્રાપ્ત છે. સૂક્ષ્મ રીતે અધ્યયન કરવું હોય તો એ બધા ગ્રંથોનો આધાર લેવો જરૂરી છે. પરંતુ સાંપ્રદાયિક આગ્રહોથી પર મૂળરૂપમાં જૈનધર્મ સિદ્ધાંતનો, આચાર-પ્રણાલીનો અને જીવનના ક્રમિક-વિકાસની પ્રક્રિયાનો સામાન્ય માણસને પરિચય કરાવવા માટે આ એક સર્વસંમત પ્રાતિનિધિક ગ્રંથ છે. જૈનં જયતિ શાસનમ્.

અનુક્રમ

પ્રથમ ખંડ : જ્યોતિર્મુખ

	ગાથા		ગાથા
૧. મંગલસૂત્ર	૧–૧૬	૯. ધર્મસૂત્ર	૮૨–૧૨૧
૨. જિનશાસનસૂત્ર	૧૭–૨૪	૧૦. સંયમસૂત્ર	૧૨૨–૧૩૯
૩. સંઘસૂત્ર	૨૫–૩૧	૧૧. અપરિગ્રહસૂત્ર	૧૪૦–૧૪૬
૪. નિરૂપણસૂત્ર	૩૨–૪૪	૧૨. અહિંસાસૂત્ર	૧૪૭–૧૫૯
૫. સંસારચક્રસૂત્ર	૪૫–૫૫	૧૩. અપ્રમાદસૂત્ર	૧૬૦–૧૬૯
૬. કર્મસૂત્ર	૫૬–૬૬	૧૪. શિક્ષાસૂત્ર	૧૭૦–૧૭૬
૭. મિથ્યાત્વસૂત્ર	૬૭–૭૦	૧૫. આત્મસૂત્ર	૧૭૭–૧૯૧
૮. રાગ-પરિહારસૂત્ર	૭૧–૮૧		

દ્વિતીય ખંડ : મોક્ષમાર્ગ

૧૬. મોક્ષમાર્ગસૂત્ર	૧૯૨–૨૦૭	૨૬. સમિતિ-ગુપ્તિસૂત્ર	૩૮૪–૪૧૬
૧૭. રત્નત્રયસૂત્ર	૨૦૮–૨૧૮	૨૭. આવશ્યકસૂત્ર	૪૧૭–૪૩૮
૧૮. સમ્યગ્દર્શનસૂત્ર	૨૧૯–૨૪૪	૨૮. તપસૂત્ર	૪૩૯–૪૮૩
૧૯. સમ્યગ્જ્ઞાનસૂત્ર	૨૪૫–૨૬૧	૨૯. ધ્યાનસૂત્ર	૪૮૪–૫૦૪
૨૦. સમ્યક્ચારિત્રસૂત્ર	૨૬૨–૨૮૭	૩૦. અનુપ્રેક્ષાસૂત્ર	૫૦૫–૫૩૦
૨૧. સાધનાસૂત્ર	૨૮૮–૨૯૫	૩૧. લેશ્યાસૂત્ર	૫૩૧–૫૪૫
૨૨. દ્વિવિધધર્મસૂત્ર	૨૯૬–૩૦૦	૩૨. આત્મવિકાસસૂત્ર (ગુણસ્થાન)	૫૪૬–૫૬૬
૨૩. શ્રાવકધર્મસૂત્ર	૩૦૧–૩૩૫	૩૩. સંલેખનાસૂત્ર	૫૬૭–૫૮૭
૨૪. શ્રમણધર્મસૂત્ર	૩૩૬–૩૬૩		
૨૫. વ્રતસૂત્ર	૩૬૪–૩૮૩		

તૃતીય ખંડ : તત્ત્વ-દર્શન

	ગાથા		ગાથા
૩૪. તત્ત્વસૂત્ર	૫૮૮–૬૨૩	૩૬. સૃષ્ટિસૂત્ર	૬૫૧–૬૫૯
૩૫. દ્રવ્યસૂત્ર	૬૨૪–૬૫૦		

ચતુર્થ ખંડ : સ્યાદ્વાદ

૩૭. અનેકાન્તસૂત્ર	૬૬૦–૬૭૩	૪૧. સમન્વયસૂત્ર	૭૨૨–૭૩૬
૩૮. પ્રમાણસૂત્ર	૬૭૪–૬૮૯	૪૨. નિક્ષેપસૂત્ર	૭૩૭–૭૪૪
૩૯. નયસૂત્ર	૬૯૦–૭૧૩	૪૩. સમાપન	૭૪૫–૭૪૯
૪૦. સ્યાદ્વાદ તથા સપ્તભંગીસૂત્ર	૭૧૪–૭૨૧	૪૪. વીર-સ્તવન	૭૫૦–૭૫૬

પરિશિષ્ટ : ૧. ગાથાનુક્રમણિકા · પૃષ્ઠ ૨૪૪–૨૫૬
૨. પારિભાષિક શબ્દકોશ ,, ૨૫૭–૨૭૪

*

સમણસુત્તં

(જૈનધર્મસાર)

પ્રથમ ખંડ

જ્યોતિર્મુખ

१. मङ्गलसूत्र

१. **णमो अरहंताणं । णमो सिद्धाणं । णमो आयरियाणं ।**
णमो उवज्झायाणं । णमो लोए सव्वसाहूणं ॥१॥
नमः अर्हद्भ्यः । नमः सिद्धेभ्यः । नमः आचार्येभ्यः ।
नमः उपाध्यायेभ्यः । नमो लोके सर्वसाधुभ्यः ॥१॥

२. **एसो पंचणमोक्कारो, सव्वपावप्पणासणो ।**
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥२॥
एष पंचनमस्कारः, सर्वपापप्रणाशनः ।
मङ्गलेषु च सर्वेषु, प्रथमं भवति मङ्गलम् ॥२॥

३–५. **अरहंता मंगलं । सिद्धा मंगलं । साहू मंगलं ।**
केवलिपण्णत्तो धम्मो मंगलं ॥३॥
अरहंता लोगुत्तमा । सिद्धा लोगुत्तमा । साहू लोगुत्तमा ।
केवलिपण्णत्तो धम्मो लोगुत्तमो ॥४॥
अरहंते सरणं पव्वज्जामि । सिद्धे सरणं पव्वज्जामि ।
साहू सरणं पव्वज्जामि ।
केवलिपण्णत्तं धम्मं सरणं पव्वज्जामि ॥५॥

अर्हन्तः मङ्गलम् । सिद्धाः मङ्गलम् । साधवः मङ्गलम् ।
केवलिप्रज्ञप्तः धर्मः मङ्गलम् ॥३॥
अर्हन्तः लोकोत्तमाः । सिद्धाः लोकोत्तमाः । साधवः लोकोत्तमाः ।
केवलिप्रज्ञप्तः धर्मः लोकोत्तमः ॥४॥
अर्हतः शरणं प्रपद्ये । सिद्धान् शरणं प्रपद्ये । साधून् शरणं प्रपद्ये ।
केवलिप्रज्ञप्तं धर्मं शरणं प्रपद्ये ॥५॥

૧. મંગલસૂત્ર

૧. અર્હંતોને નમસ્કાર.
સિદ્ધોને નમસ્કાર.
આચાર્યોને નમસ્કાર.
ઉપાધ્યાયોને નમસ્કાર.
લોકવર્તી સર્વ સાધુઓને નમસ્કાર.

૨. આ પંચ નમસ્કાર મંત્ર તમામ પાપોનો વિનાશ કરનાર છે અને તમામ મંગલોમાં પ્રથમ મંગલ છે.

૩–૫. અર્હંત્ મંગલ છે.
સિદ્ધ મંગલ છે.
સાધુ મંગલ છે.
કેવલિ પ્રણીત ધર્મ મંગલ છે.

અર્હંત્ લોકોત્તમ છે.
સિદ્ધ લોકોત્તમ છે.
સાધુ લોકોત્તમ છે.
કેવલિ પ્રણીત ધર્મ લોકોત્તમ છે.

અર્હંતોનું શરણ લઉં છું.
સિદ્ધોનું શરણ લઉં છું.
સાધુઓનું શરણ લઉં છું.
કેવલિ પ્રણીત ધર્મનું શરણ લઉં છું.

६. **झायहि पंच वि गुरवे, मंगलचउसरणलोयपरियरिए।**
णर-सुर-खेयर-महिए, आराहणणायगे वीरे ॥६॥
ध्यायत पञ्च अपि गुरून्, मङ्गल-चतुःशरण-लोकपरिकरितान्।
नरसुरखेचरमहितान्, आराधननायकान् वीरान् ॥६॥

७. **घणघाइकम्ममहणा, तिहुवणवरभव्व-कमलमत्तंडा।**
अरिहा अणंतणाणी, अणुवमसोक्खा जयंतु जए ॥७॥
घनघातिकर्ममथनाः, त्रिभुवनवरभव्यकमलमार्तण्डाः।
अर्हाः (अर्हन्तः) अनन्तज्ञानिनः, अनुपमसौख्या जयन्तु जगति ॥

८. **अट्ठविहकम्मवियला, णिट्ठियकज्जा पणट्ठसंसारा।**
दिट्ठसयलत्थसारा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥८॥
अष्टविधकर्मविकलाः, निष्ठितकार्याः प्रणष्टसंसाराः।
दृष्टसकलार्थसाराः, सिद्धाः सिद्धिं मम दिशन्तु ॥८॥

९. **पंचमहव्वयतुंगा, तक्कालिय-सपरसमय-सुदधारा।**
णाणागुणगणभरिया, आइरिया मम पसीदंतु ॥९॥
पञ्चमहाव्रततुङ्गाः, तत्कालिकस्वपरसमयश्रुतधाराः।
नानागुणगणभरिता, आचार्या मम प्रसीदन्तु ॥९॥

१०. **अण्णाणघोरतिमिरे, दुरंततीरम्हि हिंडमाणाणं।**
भवियाणुज्जोययरा, उवज्झाया वरमदिं देंतु ॥१०॥
अज्ञानघोरतिमिरे, दुरन्ततीरे हिण्डमानानाम्।
भव्यानाम् उद्योतकरा, उपाध्याया वरमतिं ददतु ॥१०॥

११. **थिरधरियसीलमाला, ववगयराया जसोहपडिहत्था।**
बहुविणयभूसियंगा, सुहाइं साहू पयच्छंतु ॥११॥
स्थिरधृतशीलमाला, व्यपगतरागा यशओघप्रतिहस्ताः।
बहुविनयभूषिताङ्गाः, सुखानि साधवः प्रयच्छन्तु ॥११॥

१२. **अरिहंता, असरीरा, आयरिया, उवज्झाय मुणिणो।**
पंचक्खरनिप्पण्णो, ओंकारो पंच परमिट्ठी ॥१२॥
अर्हन्तः अशरीराः, आचार्या उपाध्याय मुनयः।
पञ्चाक्षरनिष्पन्नः, ओङ्कारः पञ्च परमेष्ठिनः ॥१२॥

૬. મંગલસ્વરૂપ, ચાર શરણરૂપ તથા લોકોત્તમ, પરમ આરાધ્ય અને નર-સુર-વિદ્યાધરો દ્વારા પૂજિત, કર્મશત્રુઓના વિજેતા પાંચ ગુરુઓ (પરમેષ્ઠી)નું ધ્યાન ધરવું જોઈએ.

૭. સઘન ઘાતીકર્મોનો નાશ કરનાર, ત્રણેય લોકમાં વિદ્યમાન ભવ્યજીવરૂપી કમલોનો વિકાસ કરનાર સૂર્ય, અનંત જ્ઞાની અને અનુપમ સુખમય અર્હંતોનો જગતમાં જય હો.

૮. આઠ કર્મોથી રહિત, કૃતકૃત્ય, જન્મ-મૃત્યુના ચક્રથી મુક્ત તથા સકલ તત્ત્વ-રહસ્યના દ્રષ્ટા સિદ્ધ મને સિદ્ધિ પ્રદાન કરે.

૯. પાંચ મહાવ્રતોને લીધે સમુન્નત, તત્કાલીન સ્વસમય અને પર-સમયરૂપ શ્રુતના જ્ઞાતા તથા વિવિધ ગુણસમૂહથી પરિપૂર્ણ આચાર્ય મારા ઉપર પ્રસન્ન હો.

૧૦. જેની પેલે પાર જવું કઠણ છે એવા અજ્ઞાનરૂપી ઘોર અંધકારમાં ભટકનાર ભવ્ય જીવોને જ્ઞાનનો પ્રકાશ આપનાર ઉપાધ્યાય મને ઉત્તમ ગતિ આપે.

૧૧. શીલરૂપી માળાને સ્થિરતાથી ધારણ કરનાર, રાગ રહિત, યશસમૂહથી ભરપૂર અને પ્રવર વિનય વડે અલંકૃત શરીર-વાળા સાધુ મને સુખ આપે.

૧૨. અર્હંત્, અશરીરી (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ— આ પાંચના પ્રથમ પાંચ અક્ષરો (અ+અ+આ+ઉ+મ) ને મેળવવાથી ॐ (ઓંકાર) બને છે જે પંચ પરમેષ્ઠીનો વાચક છે—બીજરૂપ છે.

१३. उसहमजियं च वंदे, संभवमभिणंदणं च सुमइं च ।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥१३॥
ऋषभमजितं च वन्दे, संभवमभिनन्दनं च सुमतिं च ।
पद्मप्रभं सुपार्श्वं, जिनं च चन्द्रप्रभं वन्दे ॥१३॥

१४. सुविहिं च पुप्फयंतं, सीयल सेयंस वासुपुज्जं च ।
विमलमणंत-भयवं, धम्मं संतिं च वंदामि ॥१४॥
सुविधिं च पुष्पदन्तं, शीतलं श्रेयांसं वासुपूज्यं च ।
विमलम् अनन्तभगवन्तं, धर्मं शान्तिं च वन्दे ॥१४॥

१५. कुंथुं च जिणवरिंदं, अरं च मल्लिं च सुव्वयं च णमिं ।
वंदामि रिट्ठणेमिं, तह पासं वड्ढमाणं च ॥१५॥
कुन्थुं च जिनवरेन्द्रम्, अरं च मल्लिं च सुव्रतं च नमिम् ।
वन्दे अरिष्टनेमिं, तथा पार्श्वं वर्धमानं च ॥१५॥

१६. चंदेहि णिम्मलयरा, आइच्चेहिं अहियं पयासंता ।
सायरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥१६॥
चन्द्रैर्निर्मलतरा, आदित्यैः अधिकं प्रकाशमानाः ।
सागरवरगम्भीराः, सिद्धाः सिद्धिं मम दिशन्तु ॥१६॥

२. जिनशासनसूत्र

१७. जमल्लीणा जीवा, तरंति संसारसायरमणंतं ।
तं सव्वजीवसरणं, णंदतु जिणसासणं सुइरं ॥१॥
यद् आलीना जीवाः, तरन्ति संसारसागरमनन्तम् ।
तत् सर्वजीवशरणं, नन्दतु जिनशासनं सुचिरम् ॥१॥

१८. जिणवयणमोसहमिणं, विसयसुह-विरेयणं अमिदभयं ।
जरमरणवाहिहरणं, खयकरणं सव्वदुक्खाणं ॥२॥
जिनवचनमौषधमिदं, विषयसुखविरेचनम्-अमृतभूतम् ।
जरामरणव्याधिहरणं, क्षयकरणं सर्वदुःखानाम् ॥२॥

૧૩. હું ૧. ઋષભ, ૨. અજિત, ૩. સંભવ, ૪. અભિનંદન, ૫. સુમતિ, ૬. પદ્મપ્રભુ, ૭. સુપાર્શ્વ તથા ૮. ચંદ્ર પ્રભુને વંદું છું.

૧૪. હું ૯. સુવિધિ (પુષ્પદંત), ૧૦. શીતલ, ૧૧. શ્રેયાંસ ૧૨. વાસુ-પૂજ્ય, ૧૩. વિમલ, ૧૪. અનંત, ૧૫. ધર્મ, ૧૬. શાંતિને વંદું છું.

૧૫. હું ૧૭. કુંથુ, ૧૮. અર, ૧૯. મલ્લિ, ૨૦. મુનિસુવ્રત, ૨૧. નમિ, ૨૨. અરિષ્ટનેમિ, ૨૩. પાર્શ્વ તથા ૨૪. વર્ધમાનને વંદું છું.

૧૬. ચંદ્રથી અધિક નિર્મળ, સૂર્યથી અધિક પ્રકાશ કરનાર, સાગરની જેમ ગંભીર સિદ્ધ ભગવાન મને સિદ્ધિ (મુક્તિ) પ્રદાન કરે.

૨. જિનશાસનસૂત્ર

૧૭. જેમાં લીન થઈ જવાથી જીવ અનંત સંસાર-સાગરને પાર કરી જાય છે તથા જે તમામ જીવો માટે શરણ સમાન છે એ જિનશાસન લાંબા સમય સુધી સમૃદ્ધ રહો.

૧૮. વિષયસુખનું વિરેચન કરવા, જરા-મરણરૂપી વ્યાધિને દૂર કરવા તથા બધાં દુઃખોનો નાશ કરવા આ જિન વચન અમૃતસમું ઔષધ છે.

१९. **अरहंतभासियत्थं, गणहरदेवेहिं गंथियं सम्मं ।**
पणमामि भत्तिजुत्तो, सुदणाणमहोदहिं सिरसा ॥३॥
अर्हद्भाषितार्थं, गणधरदेवैः ग्रन्थितं सम्यक् ।
प्रणमामि भक्तियुक्तः, श्रुतज्ञानमहोदधिं शिरसा ॥३॥

२०. **तस्स मुहुग्गदवयणं, पुव्वावरदोसविरहियं सुद्धं ।**
आगममिदि परिकहियं, तेण दु कहिया हवंति तच्चत्था ॥४॥
तस्य मुखोद्गतवचनं, पूर्वापरदोषविरहितं शुद्धम् ।
'आगम' इति परिकथितं, तेन तु कथिता भवन्ति तत्त्वार्थाः ॥४॥

२१. **जिणवयणे अणुरत्ता, जिणवयणं जे करेंति भावेण ।**
अमला असंकिलिट्ठा, ते होंति परित्तसंसारी ॥५॥
जिनवचनेऽनुरक्ताः, जिनवचनं ये करन्ति भावेन ।
अमला असंक्लिष्टाः, ते भवन्ति परीतसंसारिणः ॥५॥

२२. **जय वीयराय ! जयगुरू ! होउ मम तुह पभावओ भयवं !**
भवणिव्वेओ मग्गाणुसारिया इट्ठफलसिद्धी ॥६॥
जय वीतराग ! जगद्गुरो ! भवतु मम तव प्रभावतो भगवन् !
भवनिर्वेदः मार्गानुसारिता इष्टफलसिद्धिः ॥६॥

२३. **ससमय-परसमयविऊ, गंभीरो दित्तिमं सिवो सोमो ।**
गुणसयकलिओ जुत्तो, पवयणसारं परिकहेउं ॥७॥
स्वसमय-परसमयवित्, गम्भीरः दीप्तिमान् शिवः सोमः ।
गुणशतकलितः युक्तः, प्रवचनसारं परिकथयितुम् ॥७॥

२४. **जं इच्छसि अप्पणतो, जं च ण इच्छसि अप्पणतो ।**
तं इच्छ परस्स वि या, एत्तियगं जिणसासणं ॥८॥
यदिच्छसि आत्मतः, यच्च नेच्छसि आत्मतः ।
तदिच्छ परस्यापि च, एतावत्कं जिनशासनम् ॥८॥

૧૯. જેનો ઉપદેશ અર્હંતોએ અર્થરૂપે કર્યો છે અને જેને ગણધરોએ સૂત્રરૂપે સારી રીતે ગૂંથેલું છે એ શ્રુતજ્ઞાનરૂપી મહાસમુદ્રને ભક્તિપૂર્વક શિર નમાવી પ્રણામ કરું છું.

૨૦. અર્હંતોના મુખમાંથી ઉત્પન્ન થયેલા તથા પૂર્વાપર દોષરહિત શુદ્ધ વચનોને આગમ કહેવામાં આવે છે. એ આગમમાં જે કહેવામાં આવ્યું છે તે સત્યાર્થ છે. (અર્હંતોએ ઉપદેશેલું અને ગણધરોએ ગૂંથેલું શ્રુત આગમ છે.)

૨૧ જે જિનવચનમાં રાગ ધરાવે છે અને જિનવચનોનું ભાવપૂર્વક આચરણ કરે છે તે નિર્મળ તથા કલેશ વિનાનો બનીને પરીત સંસારી (અલ્પ જન્મ-મરણવાળો) બની જાય છે.

૨૨. હે વીતરાગ ! હે જગદ્ગુરુ ! હે ભગવન્ ! આપના પ્રભાવથી મને સંસારથી વિરક્તિ, મોક્ષમાર્ગનું અનુસરણ અને ઇષ્ટ ફળની પ્રાપ્તિ થતી રહો.

૨૩. જે સ્વસમય અને પરસમયનો જાણકાર, ગંભીર, દીપ્તિમાન, કલ્યાણકારી અને સૌમ્ય છે તથા સેંકડો ગુણોથી યુક્ત છે એ જ નિર્ગ્રંથ પ્રવચનના સારને કહેવાનો અધિકારી છે.

૨૪. તમે પોતાને માટે જે ઇચ્છતા હો તે બીજા માટે પણ ઇચ્છો અને જે તમારા પોતાને માટે ન ઇચ્છતા હો એ બીજા માટે પણ ન ઇચ્છો. આ જ જિનશાસન–તીર્થંકરોનો ઉપદેશ છે.

३. संघसूत्र

२५. **संघो गुणसंघाओ, संघो य विमोचओ य कम्माणं ।**
दंसणणाणचरित्ते, संघायंतो हवे संघो ॥१॥
संघो गुणसंघातः, संघश्च विमोचकश्च कर्मणाम् ।
दर्शनज्ञानचरित्राणि, संघातयन् भवेत् संघः ॥१॥

२६. **रयणत्तयमेव गणं, गच्छं गमणस्स मोक्खमग्गस्स ।**
संघो गुण संघादो, समयो खलु णिम्मलो अप्पा ॥२॥
रत्नत्रयमेव गणः, गच्छः गमनस्य मोक्षमार्गस्य ।
संघो गुणसंघातः, समयः खलु निर्मलः आत्मा ॥२॥

२७. **आसासो वीसासो, सीयघरसमो य होइ मा भाहि ।**
अम्मापितिसमाणो, संघो सरणं तु सव्वेसिं ॥३॥
आश्वासः विश्वासः, शीतगृहसमश्च भवति मा भैषीः ।
अम्बापितृसमानः, संघः शरणं तु सर्वेषाम् ॥३॥

२८. **नाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते य ।**
धन्ना गुरुकुलवासं, आवकहाए न मुंचंति ॥४॥
ज्ञानस्य भवति भागी, स्थिरतरको दर्शने चरित्रे च ।
धन्याः गुरुकुलवासं, यावत्कथया न मुञ्चन्ति ॥४॥

२९. **जस्स गुरुम्मि न भत्ती, न य बहुमाणो न गउरवं न भयं ।**
न वि लज्जा न वि नेहो, गुरुकुलवासेण किं तस्स ? ॥५॥
यस्य गुरौ न भक्तिः, न च बहुमानः न गौरवं न भयम् ।
नापि लज्जा नापि स्नेहः, गुरुकुलवासेन किं तस्य ? ॥५॥

३०-३१. **कम्मरयजलोहविणिग्गयस्स, सुयरयणदीहनालस्स ।**
पंचमहव्वयथिरकण्णियस्स, गुणकेसरालस्स ॥६॥
सावगजणमहुयरपरिवुडस्स, जिणसूरतेयबुद्धस्स ।
संघपउमस्स भद्दं, समणगणसहस्सपत्तस्स ॥७॥
कर्मरजजलौघविनिर्गतस्य, श्रुतरत्नदीर्घनालस्य ।
पञ्चमहाव्रतस्थिरकर्णिकस्य, गुणकेसरवतः ॥६॥
श्रावकजन-मधुकर-परिवृतस्य, जिनसूर्यतेजोबुद्धस्य ।
संघपद्मस्य भद्रं, श्रमणगणसहस्रपत्रस्य ॥७॥

૩. સંઘસૂત્ર

૨૫. ગુણોના સમૂહને સંઘ કહે છે. સંઘ કર્મોથી છોડાવે છે. દર્શન, જ્ઞાન અને ચારિત્રનો સંચય (રત્નત્રયની પ્રાપ્તિ) કરે છે તેને સંઘ કહે છે.

૨૬. રત્નત્રય જ 'ગણ' કહેવાય છે. મોક્ષ માર્ગ ઉપર ગમન કરવાને 'ગચ્છ' કહે છે. 'સંઘ' એટલે ગુણનો સમૂહ. અને નિર્મળ આત્મા જ 'સમય' કહેવાય છે.

૨૭. ભયભીત વ્યક્તિઓ માટે સંઘ આશ્વાસનરૂપ છે, છળ-કપટ વિનાના વ્યવહારને કારણે વિશ્વાસભૂત છે, સર્વત્ર સમતાને લીધે એ શીતળ ગૃહ સમાન છે, એ અવિષમદર્શી છે એ કારણસર માતા-પિતા તુલ્ય છે, ઉપરાંત, તમામ પ્રાણીઓ માટે શરણ લેવા રૂપ છે માટે તમે સંઘથી ડરો નહિ.

૨૮. સંઘમાં રહેલો સાધુ જ્ઞાનનો ભાગી (અધિકારી) છે; દર્શન અને ચારિત્રમાં એ સવિશેષ સ્થિર રહી શકે છે. જીવન પર્યંત જે ગુરુકુળવાસને છોડતા નથી એ ધન્ય છે.

૨૯. જેને ગુરુને માટે નથી ભક્તિ, નથી આદર, નથી ગૌરવ, નથી ભય (અનુશાસન), નથી લજ્જા, તથા નથી સ્નેહ એ ગુરુકુળવાસમાં રહે તો પણ તેનો શું અર્થ ?

૩૦-૩૧. સંઘ કમળ જેવો છે. (કારણ કે) કર્મરજરૂપી જલસમૂહથી કમળની માફક એ ઉપર રહે છે તથા અલિપ્ત રહે છે. શ્રુતરત્ન (જ્ઞાન અગર આગમ) જ એની દીર્ઘનાળ છે. પંચ મહાવ્રત જ એની સ્થિર કર્ણિકા છે; અને ઉત્તર ગુણ જ એની મધ્યવર્તી કેસર છે. શ્રાવકજનરૂપી ભ્રમર જેને સદા ઘેરી રહે છે, જિનેશ્વરદેવરૂપી સૂર્યના તેજથી જે પ્રબુદ્ધ થાય છે તથા જેને શ્રમણ ગણરૂપી હજાર પાંદડાં છે તે સંઘરૂપી કમળનું કલ્યાણ થાઓ.

४. निरूपणसूत्र

३२. जो ण पमाणणयेहिं, णिक्खेवेणं णिरिक्खदे अत्थं ।
तस्साजुत्तं जुत्तं, जुत्तमजुत्तं च पडिहादि ॥१॥
यो न प्रमाण-नयाभ्याम्, निक्षेपेण निरीक्षते अर्थम् ।
तस्यायुक्तं युक्तं, युक्तमयुक्तं च प्रतिभाति ॥१॥

३३. णाणं होदि पमाणं, णओ वि णादुस्स हिदयभावत्थो ।
णिक्खेओ वि उवाओ, जुत्तीए अत्थपडिगहणं ॥२॥
ज्ञानं भवति प्रमाणं, नयोऽपि ज्ञातुः हृदयभावार्थः ।
निक्षेपोऽपि उपायः, युक्त्या अर्थप्रतिग्रहणम् ॥२॥

३४. णिच्छयववहारणया, मूलभेया णयाण सव्वाणं ।
णिच्छयसाहणहेउं, पज्जयदव्वत्थियं मुणह ॥३॥
निश्चयव्यवहारनयौ, मूलभेदो नयानां सर्वेषाम् ।
निश्चयसाधनहेतू, पर्यायद्रव्यार्थिकौ मन्यध्वम् ॥३॥

३५. जो सिय भेदुवयारं, धम्माणं कुणइ एगवत्थुस्स ।
सो ववहारो भणियो, विवरीओ णिच्छयो होइ ॥४॥
यः स्याद्भेदोपचारं, धर्माणां करोति एकवस्तुनः ।
स व्यवहारो भणितः, विपरीतो निश्चयो भवति ॥४॥

३६. ववहारेणुवदिस्सइ, णाणिस्स चरित्तं दंसणं णाणं ।
ण वि णाणं ण चरित्तं, न दंसणं जाणगो सुद्धो ॥५॥
व्यवहारेणोपदिश्यते, ज्ञानिनश्चरित्रं दर्शनं ज्ञानम् ।
नापि ज्ञानं न चरित्रं, न दर्शनं ज्ञायकः शुद्धः ॥५॥

३७. एवं ववहारणओ, पडिसिद्धो जाण णिच्छयणयेण ।
णिच्छयणयासिदा पुण, मुणिणो पावंति णिव्वाणं ॥६॥
एवं व्यवहारनयं, प्रतिषिद्धं जानीहि निश्चयनयेन ।
निश्चयनयाश्रिताः पुनर्मुनयः प्राप्नुवन्ति निर्वाणम् ॥६॥

૩૨. પ્રમાણ, નય અને નિક્ષેપ દ્વારા જે અર્થ બોધ નથી કરતો તેને અયુક્ત યુક્ત જેવું અને યુક્ત અયુક્ત જેવું જણાય છે.

૩૩. જ્ઞાન પ્રમાણ છે. જ્ઞાતાના હૃદયગત અભિપ્રાયને નય કહેવામાં આવે છે. જાણવાના ઉપાયોને નિક્ષેપ કહે છે. આ પ્રમાણે યુક્તિપૂર્વક અર્થને ગ્રહણ કરવો જોઈએ.

૩૪. નિશ્ચય અને વ્યવહાર— આ બે નય બધા નયોનાં મૂલ છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયને નિશ્ચય-સાધનના હેતુરૂપ જાણવા.

૩૫. અખંડ વસ્તુના વિવિધ ધર્મોમાં કિંચિત્ ભેદનો જે ઉપચાર કરે તે વ્યવહાર નય અને જે આ પ્રમાણે નથી કરતો અર્થાત્ અખંડ પદાર્થનો અનુભવ અખંડ રૂપે કરે છે તે નિશ્ચય નય.

૩૬. જ્ઞાનીને ચરિત્ર છે, દર્શન છે અને જ્ઞાન છે એમ વ્યવહાર-નય કહે જ્યારે નિશ્ચયનય એમ કહે કે જ્ઞાનીને નથી જ્ઞાન, નથી ચારિત્ર, અને નથી દર્શન. જ્ઞાની તો શુદ્ધ જ્ઞાયક છે.

૩૭. આ પ્રમાણે આત્માશ્રિત નિશ્ચયનય દ્વારા વ્યવહારનયનો પ્રતિષેધ કરવામાં આવે છે. નિશ્ચયનયનો આશ્રય લેનાર મુનિજન જ નિર્વાણ પ્રાપ્ત કરે છે.

३८. **जह ण वि सक्कमणज्जो, अणज्जभासं विणा उ गाहेउं ।**
तह ववहारेण विणा, परमत्थुवएसणमसक्कं ॥७॥
यथा नापि शक्योऽनार्योऽनार्यभाषां विना तु ग्राहयितुम् ।
तथा व्यवहारेण विना, परमार्थोपदेशनमशक्यम् ॥७॥

३९. **ववहारोऽभूयत्थो, भूयत्थो देसिदो दु सुद्धणओ ।**
भूयत्थमस्सिदो खलु, सम्माइट्ठी हवइ जीवो ॥८॥
व्यवहारोऽभूतार्थो, भूतार्थो देशितस्तु शुद्धनयः ।
भूतार्थमाश्रितः खलु, सम्यग्दृष्टिर्भवति जीवः ॥८॥

४०. **निच्छयमवलंबंता, निच्छयतो निच्छयं अजाणंता ।**
नासंति चरणकरणं, बाहिरकरणालसा केई ॥९॥
निश्चयमवलम्बमानाः, निश्चयतः निश्चयम् अजानन्तः ।
नाशयन्ति चरणकरणम्, बाह्यकरणाऽलसाः केचित् ॥९॥

४१. **सुद्धो सुद्धादेसो, णायव्वो परमभावदरिसीहिं ।**
ववहारदेसिदा पुण, जे दु अपरमे ट्ठिदा भावे ॥१०॥
शुद्धः शुद्धादेशो, ज्ञातव्यः परमभावदर्शिभिः ।
व्यवहारदेशिताः पुन-र्ये त्वपरमे स्थिता भावे ॥१०॥

४२. **निच्छयओ दुण्णेयं, को भावे कम्मि वट्टई समणो ।**
ववहारओ य कीरइ, जो पुव्वठिओ चरित्तम्मि ॥११॥
निश्चयतः दुर्ज्ञेयं, कः भावः कस्मिन् वर्तते श्रमणः ? ।
व्यवहारतस्तु क्रियते, यः पूर्वस्थितश्चारित्रे ॥११॥

४३. **तम्हा सव्वे वि णया, मिच्छादिट्ठी सपक्खपडिबद्धा ।**
अन्नोन्ननिस्सिया उण, हवंति सम्मत्तसब्भावा ॥१२॥
तस्मात् सर्वेऽपि नयाः, मिथ्यादृष्टयः स्वपक्षप्रतिबद्धाः ।
अन्योन्यनिश्रिताः पुनः, भवन्ति सम्यक्त्वसद्भावाः ॥१२॥

४४. **कज्जं णाणादीयं, उस्सग्गाववायओ भवे सच्चं ।**
तं तह समायरंतो, तं सफलं होइ सव्वं पि ॥१३॥
कार्यं ज्ञानादिकं, उत्सर्गापवादतः भवेत् सत्यम् ।
तत् तथा समाचरन्, तत् सफलं भवति सर्वमपि ॥१३॥

૩૮. (પરંતુ) જેવી રીતે અનાર્ય ભાષા વિના અનાર્ય પુરુષને સમજાવી ન શકાય તેવી રીતે વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અસંભવિત છે.

૩૯. વ્યવહાર અભૂતાર્થ (અસત્યાર્થ) છે અને નિશ્ચય ભૂતાર્થ (સત્યાર્થ) છે. ભૂતાર્થનો આશ્રય લેનાર જીવ જ સમ્યગ્દૃષ્ટિ હોય છે.

૪૦. નિશ્ચયનું અવલંબન કરનાર કોઈક જીવો નિશ્ચયને નિશ્ચય-પૂર્વક નહિ જાણવાને કારણે બાહ્ય આચરણમાં આળસુ અને સ્વચ્છંદી બની ચરણ-કરણ (આચાર-ક્રિયા)નો નાશ કરી નાખે છે.

૪૧. (આવા જીવોના સંબંધમાં આચાર્ય કહે છે કે) પરમ ભાવના દ્રષ્ટા જીવોની મારફત શુદ્ધ વસ્તુનું કથન કરાવનાર શુદ્ધ નય જ જાણવા લાયક છે. પરંતુ અપરમ ભાવમાં સ્થિત વ્યક્તિ માટે વ્યવહારનય દ્વારા જ ઉપદેશ કરવો ઉચિત છે.

૪૨. કયો શ્રમણ કયા ભાવમાં સ્થિત છે એ નિશ્ચયપૂર્વક જાણવું કઠણ છે. એટલે જે પૂર્વ-ચારિત્ર્યમાં સ્થિત છે તેમનું કૃતિકર્મ (વંદના) વ્યવહારનયની મારફત ચાલે છે.

૪૩. એટલા માટે (સમજવું જોઈએ કે) પોતપોતાના પક્ષનો આગ્રહ રાખવાવાળા તમામ નય મિથ્યા છે અને એ બધા પરસ્પર સાપેક્ષ બને એટલે સમ્યક્ ભાવને પ્રાપ્ત કરી વાળે છે.

૪૪. જ્ઞાન વગેરે કાર્ય, ઉત્સર્ગ (સામાન્ય વિધિ) અને અપવાદ (વિશેષ વિધિ)ને લીધે સત્ય બને છે. એ એવી રીતે કરવામાં આવે કે તમામ સફળ બને.

५. संसारचक्रसूत्र

४५. अधुवे असासयम्मि, संसारम्मि दुक्खपउराए ।
किं नाम होज्ज तं कम्मयं, जेणाऽहं दुग्गइं न गच्छेज्जा ? ॥१॥
अध्रुवेऽशाश्वते, संसारे दुःखप्रचुरके ।
किं नाम भवेत् तत् कर्मकं, येनाहं दुर्गतिं न गच्छेयम् ॥१॥

४६. खणमित्तसुक्खा बहुकालदुक्खा, पगामदुक्खा अणिगामसुक्खा ।
संसारमोक्खस्स विपक्खभूया, खाणी अणत्थाण उ कामभोगा ॥२॥
क्षणमात्रसौख्या बहुकालदुःखाः, प्रकामदुःखाः अनिकामसौख्याः ।
संसारमोक्षस्य विपक्षभूताः, खानिरनर्थानां तु कामभोगाः ॥२॥

४७. सुट्ठुवि मग्गिज्जंतो, कत्थ वि केलीइ नत्थि जह सारो ।
इंदिअविसएसु तहा, नत्थि सुहं सुट्ठु वि गविट्ठं ॥३॥
सुष्ठ्वपि मार्ग्यमाणः, कुत्रापि कदल्यां नास्ति यथा सारः ।
इन्द्रियविषयेषु तथा, नास्ति सुखं सुष्ठ्वपि गवेषितम् ॥३॥

४८. नरविबुहेसरसुक्खं, दुक्खं परमत्थओ तयं बिंति ।
परिणामदारुणमसासयं च जं ता अलं तेण ॥४॥
नरविबुधेश्वरसौख्यं, दुःखं परमार्थतस्तद् ब्रुवते ।
परिणामदारुणमशाश्वतं, च यत् तस्मात् अलं तेन ॥४॥

४९. जह कच्छुल्लो कच्छुं, कंडयमाणो दुहं मुणइ सुक्खं ।
मोहाउरा मणुस्सा, तह कामदुहं सुहं बिंति ॥५॥
यथा कच्छुरः कच्छुं, कण्डूयन् दुःखं मनुते सौख्यम् ।
मोहातुरा मनुष्याः, तथा कामदुःखं सुखं ब्रुवन्ति ॥५॥

५०. भोगामिसदोसविसन्ने, हियनिस्सेयसबुद्धिवोच्चत्थे ।
बाले य मन्दिए मूढे, बज्झई मच्छिया व खेलम्मि ॥६॥
भोगामिषदोषविषण्णः, हितनिःश्रेयसबुद्धिविपर्यस्तः ।
बालश्च मन्दितः मूढः, वध्यते मक्षिकेव श्लेष्मणि ॥६॥

૫. સંસારચક્રસૂત્ર

૪૫. અધ્રુવ, અશાશ્વત અને દુઃખ બહુલ સંસારમાં એવું કયુ કર્મ છે જેને લીધે હું દુર્ગતિમાં ન જાઉં ?

૪૬. આ કામભોગો ક્ષણભર સુખ અને દીર્ઘકાળ દુઃખ આપનારા છે, ઝાઝું દુઃખ અને થોડું સુખ દેનારા છે, સંસારથી છૂટવામાં બાધક છે અને અનર્થોની ખાણ છે.

૪૭. ખૂબ શોધવા છતાં કેળના ઝાડમાં જેમ કોઈ સારભૂત વસ્તુ દેખાતી નથી તેમ, બરાબર તેમ, ઇંદ્રિયોના વિષયોમાં પણ કશું સુખ દેખવામાં નથી આવતું.

૪૮. નરેન્દ્ર-સુરેન્દ્રાદિના સુખ પરમાર્થ દૃષ્ટિએ દુઃખ જ છે. જો કે એ છે ક્ષણિક છતાં એનું પરિણામ દારુણ હોય છે. માટે, એનાથી દૂર રહેવું જ ઉચિત છે.

૪૯. ખૂજલીનો રોગી ખંજોળે ત્યારે દુઃખને પણ સુખ માને છે. બરાબર એ પ્રમાણે, મોહાતુર મનુષ્ય કામજનિત દુઃખને સુખ માને છે.

૫૦. આત્માને દૂષિત કરનારા ભોગામિષ (આસક્તિ-જનક ભોગ)-માં નિમગ્ન, હિત અને શ્રેયસમાં વિપરીત બુદ્ધિ ધરાવનાર, અજ્ઞાની, મંદ અને મૂઢ જીવ, કફના બળખામાં (કર્મોમાં) માખીની જેમ, ફસાઈ જાય છે.

५१. जाणिज्जइ चिन्तिज्जइ, जम्मजरामरणसंभवं दुक्खं ।
न य विसएसु विरज्जई, अहो सुबद्धो कवडगंठी ॥७॥
जानाति चिन्तयति, जन्मजरामरणसम्भवं दुःखम् ।
न च विषयेषु विरज्यते, अहो ! सुबद्धः कपटग्रन्थिः ॥७॥

५२--५४. जो खलु संसारत्थो, जीवो तत्तो दु होदि परिणामो ।
परिणामादो कम्मं, कम्मादो होदि गदिसु गदी ॥८॥
गदिमधिगदस्स देहो, देहादो इंदियाणि जायंते ।
तेहिं दु विसयग्गहणं, तत्तो रागो वा दोसो वा ॥९॥
जायदि जीवस्सेवं, भावो संसारचक्कवालम्मि ।
इदि जिणवरेहिं भणिदो, अणादिणिधणो सणिधणो वा ॥१०॥
यः खलु संसारस्थो, जीवस्ततस्तु भवति परिणामः ।
परिणामात् कर्म, कर्मतः भवति गतिषु गतिः ॥८॥
गतिमधिगतस्य देहो, देहादिन्द्रियाणि जायन्ते ।
तैस्तु विषयग्रहणं, ततो रागो वा द्वेषो वा ॥९॥
जायते जीवस्यैवं, भावः संसारचक्रवाले ।
इति जिनवरैर्भणितो-ऽनादिनिधनः सनिधनो वा ॥१०॥

५५. जम्मं दुक्खं जरा दुक्खं, रोगा य मरणाणि य ।
अहो दुक्खो हु संसारो, जत्थ कीसन्ति जंतवो ॥११॥
जन्म दुःखं, जरा दुःखं रोगाश्च मरणानि च ।
अहो दुःखः खलु संसारः, यत्र क्लिश्यन्ति जन्तवः ॥११॥

६. कर्मसूत्र

५६. जो जेण पगारेणं, भावो णियओ तमन्नहा जो तु ।
मन्नति करेति वदति व, विप्परियासो भवे एसो ॥१॥
यो येन प्रकारेण, भावः नियतः तम् अन्यथा यस्तु ।
मन्यते करोति वदति वा, विपर्यासो भवेद् एषः ॥१॥

૫૧. જન્મ, જરા અને મરણથી ઉત્પન્ન થનારા દુઃખને જીવ જાણે છે અને એનો વિચાર પણ કરે છે પરંતુ વિષયોથી વિરક્ત થઈ શકતો નથી. અહો! માયા (દંભ)ની ગાંઠ કેટલી મજબૂત છે!

૫૨-૫૪. સંસારી જીવનાં (રાગ-દ્વેષ રૂપ) પરિણામ હોય છે. પરિણામોથી કર્મબંધ થાય છે. કર્મબંધને હિસાબે જીવ ચાર ગતિઓમાં જાય છે—જન્મ લે છે. જન્મથી શરીર અને શરીરથી ઇંદ્રિયો પ્રાપ્ત થાય છે. જીવ એના દ્વારા વિષયોનું ગ્રહણ (સેવન) કરે છે. એથી વળી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે જીવ સંસાર-ચક્રમાં પરિભ્રમણ કરે છે. એના પરિભ્રમણના હેતુરૂપ પરિણામ (સમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત નથી થઈ એટલે) અનાદિ–અનંત અને (સમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત થાય એટલે) અનાદિ–સાંત હોય છે.

૫૫. જન્મ દુઃખ છે; ઘડપણ દુઃખ છે; રોગ દુઃખ છે; અને મૃત્યુ દુઃખ છે. અહો, સંસાર દુઃખ જ છે. એમાં જીવને કલેશ પ્રાપ્ત થતો રહે છે.

૬. કર્મસૂત્ર

૫૬. જે ભાવ જે પ્રકારે નિયત હોય છે એનાથી બીજે રૂપે એને માનવો, વર્ણવવો, કે આચરવો એનું નામ વિપર્યાસ અગર તો વિપરીત બુદ્ધિ કહેવાય.

५७. **जं जं समयं जीवो आविसइ जेण जेण भावेण ।**
सो तंमि तंमि समए, सुहासुहं बंधए कम्मं ॥२॥
यं यं समयं जीवः, आविशति येन येन भावेन ।
सः तस्मिन् समये, शुभाशुभं बध्नाति कर्म ॥२॥

५८. **कायसा वयसा मत्ते, वित्ते गिद्धे य इत्थिसु ।**
दुहओ मलं संचिणइ, सिसुणागु व्व मट्टियं ॥३॥
कायेन वचसा मत्तः, वित्ते गृद्धश्च स्त्रीषु ।
द्विधा मलं संचिनोति, शिशुनाग इव मृत्तिकाम् ॥३॥

५९. **न तस्स दुक्खं विभयन्ति नाइओ, न मित्तवग्गा न सुया न बंधवा ।**
एक्को सयं पच्चणुहोइ दुक्खं, कत्तारमेव अणुजाइ कम्मं ॥४॥
न तस्य विभजन्ते ज्ञातयः, न मित्रवर्गा न सुता न बान्धवाः ।
एकः स्वयं प्रत्यनुभवति दुःखं, कर्तारमेवानुयाति कर्म ॥४॥

६०. **कम्मं चिणंति सवसा, तस्सुदयम्मि उ परव्वसा होंति ।**
रुक्खं दुरुहइ सवसो, विगलइ स परव्वसो तत्तो ॥५॥
कर्म चिन्वन्ति स्ववशाः, तस्योदये तु परवशा भवन्ति ।
वृक्षमारोहति स्ववशः, विगलति स परवशः ततः ॥५॥

६१. **कम्मवसा खलु जीवा, जीववसाइं कहिंचि कम्माइं ।**
कत्थइ धणिओ बलवं, धारणिओ कत्थई बलवं ॥६॥
कर्मवशाः खलु जीवाः, जीववशानि कुत्रचित् कर्माणि ।
कुत्रचित् धनिकः बलवान्, धारणिकः कुत्रचित् बलवान् ॥६॥

६२. **कम्मत्तणेण एक्कं, दव्वं भावो त्ति होदि दुविहं तु ।**
पोग्गलपिंडो दव्वं, तस्सत्ती भावकम्मं तु ॥७॥
कर्मत्वेन एकं, द्रव्यं भाव इति भवति द्विविधं तु ।
पुद्गलपिण्डो द्रव्यं, तच्छक्तिः भावकर्म तु ॥७॥

६३. **जो इंदियादिविजई, भवीय उवओगमप्पगं झादि ।**
कम्मेहिं सो ण रंजदि, किह तं पाणा अणुचरंति ॥८॥
य इन्द्रियादिविजयी, भूत्वोपयोगमात्मकं ध्यायति ।
कर्मभिः स न रज्यते, कस्मात् तं प्राणा अनुचरन्ति ॥८॥

૫૭. જે સમયે જીવ જેવો ભાવ ધારણ કરે છે તે સમયે તે તેવા જ શુભ-અશુભ કર્મો વડે બંધાય છે.

૫૮. (પ્રમત્ત મનુષ્ય) શરીર અને વાણીથી મત્ત બને છે તથા ધન અને સ્ત્રીઓમાં ગૃદ્ધ બને છે. અળસીયું જેવી રીતે મુખ અને શરીર—બન્ને વડે માટી સંચય કરે છે, તેવી રીતે તે (ગૃદ્ધ મનુષ્ય) રાગ અને દ્વેષ બન્ને વડે કર્મમલનો સંચય કરે છે.

૫૯. જ્ઞાતિ, મિત્રવર્ગ, પુત્ર અને બંધુઓ એના દુઃખમાં ભાગ પડાવી શકતા નથી. એ એકલો પોતે જ દુઃખનો અનુભવ કરે છે કારણ કે કર્મ એના કરનારની પાછળ પાછળ જાય છે.

૬૦. જેવી રીતે કોઈ પુરુષ ઝાડ ઉપર ચડતી વખતે સ્વવશ હોય છે. પરંતુ પ્રમાદવશ એ જ્યારે ઝાડ ઉપરથી નીચે પડે છે ત્યારે એ પરવશ બની જાય છે. તેવી રીતે જીવ સ્વવશપણે કર્મ કરે છે પણ કર્મના ઉદય વખતે એને (કર્મ) ભોગવવાં પડે છે ત્યારે એ પરવશ બની જાય છે.

૬૧. જેવી રીતે કયારેક (કરજે દ્રવ્ય આપતી વખતે) ધનિક બળવાન હોય છે તો વળી કયારેક (કરજ ભરપાઈ કરતી વખતે) કરજદાર બળવાન હોય છે. તેવી રીતે કયારેક જીવ કર્મને અધીન હોય છે તો વળી કયારેક કર્મ જીવને અધીન હોય છે.

૬૨. સામાન્યની અપેક્ષાએ કર્મ એક છે અને દ્રવ્ય તથા ભાવની અપેક્ષાએ બે (પ્રકારનાં) છે. કર્મના પુદ્ગલોના પિંડને દ્રવ્યકર્મ કહેવામાં આવે છે અને એમાં રહેલી શક્તિને કારણે એટલે કે એના નિમિત્તથી જીવમાં થનારા રાગ—દ્વેષરૂપી વિકારોને ભાવ કર્મ કહે છે.

૬૩. ઇંદ્રિયાદિ ઉપર વિજય મેળવી જે ઉપયોગમય (જ્ઞાન-દર્શનમય) આત્માનું ધ્યાન કરે છે તેને કર્મ બંધન નથી. માટે, પૌદ્ગલિક પ્રાણ એની પાછળ પાછળ કેવી રીતે જઈ શકે. (અર્થાત્ એને નવો જન્મ લેવો પડતો નથી.)

६४-६५. **नाणस्सावरणिज्जं, दंसणावरणं तहा ।**
वेयणिज्जं तहा मोहं, आउकम्मं तहेव य ॥९॥
नामकम्मं च गोयं च, अंतरायं तहेव य ।
एवमेयाइं कम्माइं, अट्ठेव उ समासओ ॥१०॥
ज्ञानस्यावरणीयं, दर्शनावरणं तथा ।
वेदनीयं तथा मोहम्, आयुःकर्म तथैव च ॥९॥
नामकर्म च गोत्रं च, अन्तरायं तथैव च ।
एवमेतानि कर्माणि, अष्टैव तु समासतः ॥१०॥

६६. **पड-पडिहार-सि-मज्ज, हड-चित्त-कुलाल-भंडगारीणं ।**
जह एएसिं भावा, कम्माण वि जाण तह भावा ॥११॥ *
पट प्रतिहारासि-मद्य, हडि-चित्र-कुलाल-भाण्डागारिणाम् ।
यथा एतेषां भावाः, कर्मणाम् अपि जानीहि तथा भावान् ॥११॥

७. मिथ्यात्वसूत्र

६७. **हा ! जह मोहियमइणा, सुग्गइमग्गं अजाणमाणेणं ।**
भीमे भवकंतारे, सुचिरं भमियं भयकरम्मि ॥१॥
हा ! यथा मोहितमतिना, सुगतिमार्गमजानता ।
भीमे भवकान्तारे, सुचिरं भ्रान्तं भयंकरे ॥१॥

६८. **मिच्छत्तं वेदंतो जीवो, विवरीयदंसणो होइ ।**
ण य धम्मं रोचेदि हु, महुरं पि रसं जहा जरिदो ॥२॥
मिथ्यात्वं वेदयन् जीवो, विपरीतदर्शनो भवति ।
न च धर्मं रोचते हि, मधुरं रसं यथा ज्वरितः ॥२॥

---

* **स्पष्टीकरण :** જેવી રીતે ઓરડાની અંદર રહેલી વસ્તુનું જ્ઞાન પરદો થવા દેતો **નથી** તેવી રીતે જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને રોકવાનું અથવા ઓછું વધતું કરવાનું નિમિત્ત બને છે. એના ઉદયની ન્યૂનાધિકતાને કારણે કોઈ વિશિષ્ટજ્ઞાની અને કોઈ અલ્પજ્ઞાની બને છે. ૨. જેવી રીતે દ્વારપાળ દર્શનાર્થીઓને રાજાનાં દર્શન કરવામાં રુકાવટ કરે છે તેવી રીતે દર્શનનું આવરણ કરનારું કર્મ દર્શનાવરણ કર્મ કહેવાય છે. ૩. તલવારની ધાર પર લગાવેલા મધને ચાટવામાં જેવી રીતે મધુર સ્વાદ જરૂર આવે છે પણ સાથે સાથે જીભ કપાવાનું અસહ્ય દુઃખ પણ અનુભવાય છે તેમ વેદનીય કર્મ સુખ દુઃખનું નિમિત્ત બને છે. ૪. દારૂ પીવાથી મનુષ્ય કેફથી બેહોશ બને છે, સૂધ-બૂધ ગુમાવી બેસે છે તેમ મોહનીય કર્મના ઉદયથી વિવશ બનેલો જીવ

૬૪–૬૫ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય – સંક્ષેપમાં આ આઠ કર્મો છે.

૬૬. આ કર્મોનો સ્વભાવ પડદો, દ્વારપાળ, તલવાર, મદ્ય, હડ (લાકડું), ચિતારો, કુંભાર અને ભંડારી જેવો છે.*

૭. મિથ્યાત્વસૂત્ર

૬૭. હા ! એદ્દ છે કે સુગતિનો માર્ગ નહિ જાણવાથી મૂઢમતિ ભયાનક અને ભવરૂપી ઘોર વનમાં લાંબા સમય સુધી ભમતો રહ્યો.

૬૮. જે જીવ મિથ્યાત્વથી ગ્રસ્ત થાય છે તેની દૃષ્ટિ વિપરીત થઈ જાય છે. જેવી રીતે જ્વરગ્રસ્ત મનુષ્યને મીઠો રસ પણ ગમતો નથી તેવી રીતે એને પણ ધર્મ ગમતો નથી.

પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે. ૫. હડમાં પગ નાખેલી વ્યક્તિ હાલવા ચાલવામાંથી રોકાઈ જાય છે. તેવી રીતે આયુકર્મના ઉદયથી જીવ પોતાના શરીરમાં મુકર્રર સમય સુધી ગોંધાયેલો રહે છે. ૬. જેવી રીતે ચિતારો વિવિધ પ્રકારનાં ચિત્રો બનાવે છે તેવી રીતે નામ કર્મના ઉદયથી જીવોના વિવિધ પ્રકારના દેહોની રચના થાય છે. ૭. જેવી રીતે કુંભાર નાનાં મોટાં વાસણ બનાવે છે તેવી રીતે ગોત્ર કર્મના ઉદયથી જીવને ઉચ્ચ કે નીચ કુલની પ્રાપ્ત થાય છે. ૮. જેવી રીતે ભંડારી (ખજાનચી) દાતાને દેતાં અને ભિક્ષુકને લેતાં રોકે છે તેવી રીતે અંતરાય કર્મના ઉદયથી દાન-લાભાદિમાં બાધા ઊભી થાય છે. આ પ્રમાણે આ આઠ કર્મના સ્વભાવો છે.

६९. **मिच्छत्तपरिणदप्पा, तिव्वकसाएण सुट्ठु आविट्ठो ।**
जीवं देहं एक्कं, मण्णंतो होदि बहिरप्पा ॥३॥
मिथ्यात्वपरिणतात्मा, तीव्रकषायेण सुष्ठु आविष्टः ।
जीवं देहमेकं, मन्यमानः भवति बहिरात्मा ॥३॥

७०. **जो जहवायं न कुणइ, मिच्छादिट्ठी तओ हु को अन्नो ।**
वड्ढइ य मिच्छत्तं, परस्स संकं जणेमाणो ॥४॥
यो यथावादं न करोति, मिथ्यादृष्टिः ततः खलु कः अन्यः ।
वर्धते च मिथ्यात्वं, परस्य शंकां जनयमानः ॥४॥

८. राग-परिहारसूत्र

७१. **रागो य दोसो वि य कम्मबीयं, कम्मं च मोहप्पभवं वयंति ।**
कम्मं च जाईमरणस्स मूलं, दुक्खं च जाईमरणं वयंति ॥१॥
रागश्च द्वेषो पि च कर्मबीजं, कर्म च मोहप्रभवं वदन्ति ।
कर्म च जातिमरणस्य मूलम्, दुःखं च जातिमरणं वदन्ति ॥१॥

७२. **न वि तं कुणइ अमित्तो, सुट्ठु वि य विराहिओ समत्थो वि ।**
जं दो वि अनिग्गहिया, करंति रागो य दोसो य ॥२॥
नैव तत् करोति अमित्रं, सुष्ठ्वपि च विराद्धः समर्थोऽपि ।
यद् द्वावपि अनिगृहीतौ, कुरुतो रागश्च द्वेषश्च ॥२॥

७३. **न य संसारम्मि सुहं, जाइजरामरणदुक्खगहियस्स ।**
जीवस्स अत्थि जम्हा, तम्हा मुक्खो उवादेओ ॥३॥
न च संसारे सुखं, जातिजरामरणदुःखगृहीतस्य ।
जीवस्यास्ति यस्मात्, तस्माद् मोक्षः उपादेयः ॥३॥

७४. **तं जइ इच्छसि गंतुं, तीरं भवसायरस्स घोरस्स ।**
तो तवसंजमभंडं, सुविहिय ! गिण्हाहि तूरंतो ॥४॥
तद् यदीच्छसि गन्तुं, तीरं भवसागरस्य घोरस्य ।
तर्हि तपःसंयमभाण्डं, सुविहित ! गृहाण त्वरमाणः ॥४॥

૬૯. તીવ્ર કષાય-યુક્ત બની મિથ્યાદૃષ્ટિ શરીર અને જીવને એક માને છે. એ બહિરાત્મા છે.

૭૦. તત્ત્વ-વિચાર પ્રમાણે જે નથી ચાલતો તેનાથી મોટો મિથ્યાદૃષ્ટિ બીજો કોણ હોઇ શકે ? એ બીજાને શંકાશીલ બનાવી પોતાના મિથ્યાત્વમાં વધારો કરતો રહે છે.

૮. રાગ-પરિહારસૂત્ર

૭૧. રાગ અને દ્વેષ કર્મનાં બીજ (મૂલ કારણ) છે. કર્મ મોહથી ઉત્પન્ન થાય છે. એ જન્મ-મરણનું મૂળ છે. જન્મ-મરણને દુઃખનાં મૂળ કહેવામાં આવ્યાં છે.

૭૨. અંકુશમાં નહિ રાખવામાં આવેલા રાગ અને દ્વેષ જેટલું નુકસાન કરે છે તેટલું અત્યંત તિરસ્કારને પામેલો બળવાન શત્રુ પણ નથી કરતો.

૭૩. જન્મ, બુઢાપો અને મરણના દુઃખથી ઘેરાયેલા જીવને આ સંસારમાં કોઇ સુખ નથી. એટલા માટે મોક્ષ જ પ્રાપ્ત કરવા યોગ્ય છે.

૭૪. જો તું ઘોર ભવ સાગરની પાર (તટ ઉપર) જવા માગતો હો તો હે સુવિહિત ! તું તપ-સંયમરૂપી નૌકાનું તરત જ ગ્રહણ કર.

७५. बहुभयंकरदोसाणं, सम्मत्तचरित्तगुणविणासाणं ।
न हु वसमागंतव्वं, रागद्दोसाण पावाणं ॥५॥
बहुभयंकरदोषयोः, सम्यक्त्वचारित्रगुणविनाशयोः ।
न खलु वशमागन्तव्यं, रागद्वेषयोः पापयोः ॥५॥

७६. कामाणुगिद्धिप्पभवं खु दुक्खं, सव्वस्स लोगस्स सदेवगस्स ।
जं काइयं माणसियं च किंचि, तस्संतगं गच्छइ वीयरागो ॥६॥
कामानुगृद्धिप्रभवं खलु दुःखं, सर्वस्य लोकस्य सदेवकस्य ।
यत् कायिकं मानसिकं च किञ्चित्, तस्यान्तकं गच्छति वीतरागः ॥

७७. जेण विरागो जायइ, तं तं सव्वायरेण करणिज्जं ।
मुच्चइ हु ससंवेगी, अणंतवो होइ असंवेगी ॥७॥
येन विरागो जायते, तत्तत् सर्वादरेण करणीयम् ।
मुच्यते एव ससंवेगः, अनन्तकः भवति असंवेगी ॥७॥

७८. एवं ससंकप्पविकप्पणासुं, संजायई समयमुवट्ठियस्स ।
अत्थे य संकप्पयओ तओ से, पहीयए कामगुणेसु तण्हा ॥८॥
एवं स्वसंकल्पविकल्पनासु, संजायते समतोपस्थितस्य ।
अर्थांश्च संकल्पयतस्तस्य, प्रहीयते कामगुणेषु तृष्णा ॥८॥

७९. अन्नं इमं सरीरं, अन्नो जीवु त्ति निच्छियमईओ ।
दुक्खपरीकेसकरं, छिंद ममत्तं सरीराओ ॥९॥
अन्यदिदं शरीरं, अन्यो जीव इति निश्चयमतिकः ।
दुःखपरिक्लेशकरं, छिन्धि ममत्वं शरीरात् ॥९॥

८०. कम्मासवदाराइं, निरुंभियव्वाइं इंदियाइं च ।
हंतव्वा य कसाया, तिविहं-तिविहेण मुक्खत्थं ॥१०॥
कर्मास्रवद्वाराणि, निरोद्धव्यानीन्द्रियाणि च ।
हन्तव्याश्च कषायास्त्रिविधत्रिविधेन मोक्षार्थम् ॥१०॥

८१. भावे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोहपरंपरेण ।
न लिप्पई भवमज्झे वि संतो, जलेण वा पोक्खरिणीपलासं ॥११॥
भावे विरक्तो मनुजो विशोकः, एतया दुःखौघपरम्परया ।
न लिप्यते भवमध्येऽपि सन्, जलेनेव पुष्करिणीपलाशम् ॥११॥

૭૫. સમ્યક્‌ત્વ તથા ચારિત્રાદિ ગુણોનો નાશ કરનાર, અત્યંત ભયંકર, રાગ-દ્વેષરૂપી પાપોને અધીન ન થવું જોઇએ.

૭૬. તમામ જીવોને, અરે ! દેવતાઓને પણ જે કાંઇ કાયિક અને માનસિક દુઃખ ઉત્પન્ન થાય છે તે કામ-ભોગની સતત અભિલાષાને લીધે થાય છે. વીતરાગી એ દુઃખોનો અંત કરી શકે છે.

૭૭. જેનાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે એનું આદરપૂર્વક આચરણ કરવું જોઇએ. વિરક્ત વ્યક્તિ સંસારનાં બંધનથી છૂટી જાય છે. અને આસક્ત વ્યક્તિનો સંસાર અનંત બનતો જાય છે.

૭૮. પોતાના રાગ-દ્વેષાત્મક સંકલ્પો જ દરેક દોષનું મૂળ છે—જે આ પ્રકારના ચિંતન માટે પ્રયત્નશીલ બને છે તથા ઇંદ્રિય-વિષયો દોષોનાં મૂળ નથી – આવા પ્રકારનો જે સંકલ્પ કરે છે તેના મનમાં સમતા ઉત્પન્ન થાય છે. એથી, કામ-ગુણોમાં થનારી એની તૃષ્ણા પ્રક્ષીણ થઇ જાય છે.

૭૯. નિશ્ચયદૃષ્ટિ અનુસાર શરીર ભિન્ન છે અને આત્મા ભિન્ન છે. એટલા માટે શરીરનું દુઃખ દાયક અને કલેશકારી મમત્વ છેદો.

૮૦. મોક્ષ પ્રાપ્તિ માટે, કર્મનાં આગમન દ્વારો— આસ્રવોનો તથા ઇંદ્રિયોનો, ત્રણ કરણ (મન, વચન અને કાયા) અને ત્રણ યોગ (કૃત, કારિત અનુમત) વડે નિરોધ કરો અને કષાયોને હણો.

૮૧. ભાવથી વિરકત થયેલો મનુષ્ય શોકમુકત બની જાય છે. જેવી રીતે કમળના છોડનું પાંદડું પાણીથી લેપાતું નથી તેવી રીતે સંસારમાં રહ્યો થકો પણ તે અનેક દુઃખોની પરંપરાથી લેપાતો નથી.

९. धर्मसूत्र

८२. **धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।**
देवा वि तं नमंसंति जस्स धम्मे सया मणो ॥१॥
धर्मः मङ्गलमुत्कृष्टं, अहिंसा संयमः तपः ।
देवाः अपि तं नमस्यन्ति, यस्य धर्मे सदा मनः ॥१॥

८३. **धम्मो वत्थुसहावो, खमादिभावो य दसविहो धम्मो ।**
रयणत्तयं च धम्मो, जीवाणं रक्खणं धम्मो ॥२॥
धर्मः वस्तुस्वभावः, क्षमादिभावः च दशविधः धर्मः ।
रत्नत्रयं च धर्मः, जीवानां रक्षणं धर्मः ॥२॥

८४. **उत्तमखममद्दवज्जव-सच्चसउच्चं च संजमं चेव ।**
तवचागमकिंचण्हं, बम्ह इदि दसविहो धम्मो ॥३॥
उत्तमक्षमामार्दवार्जव-सत्यशौचं च संयमं चैव ।
तपस्त्यागः आकिञ्चन्यं, ब्रह्म इति दशविधः धर्मः ॥३॥

८५. **कोहेण जो ण तप्पदि, सुर-णर-तिरिएहि कीरमाणे वि ।**
उवसग्गे वि रउद्दे, तस्स खमा णिम्मला होदि ॥४॥
क्रोधेन यः न तप्यते, सुरनरतिर्यग्भिः क्रियमाणेऽपि ।
उपसर्गे अपि रौद्रे, तस्य क्षमा निर्मला भवति ॥४॥

८६. **खम्मामि सव्वजीवाणं, सव्वे जीवा खमंतु मे ।**
मित्ती मे सव्वभूदेसु, वेरं मज्झं ण केण वि ॥५॥
क्षमे सर्वजीवान्, सर्वे जीवाः क्षमन्तां मम ।
मैत्री मे सर्वभूतेषु, वैरं मम न केनापि ॥५॥

८७. **जइ किंचि पमाएणं, न सुट्ठु भे वट्टियं मए पुव्विं ।**
तं मे खामेमि अहं, निस्सल्लो निक्कसाओ अ ॥६॥
यदि किञ्चित् प्रमादेन, न सुष्ठु युष्माभिः सह वर्तितं मया पूर्वम् ।
तद् युष्मान् क्षमयाम्यहं, निःशल्यो निष्कषायश्च ॥६॥

૯. ધર્મસૂત્ર

૮૨. ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. અહિંસા, સંયમ અને તપ એનાં લક્ષણો છે. જેનું મન ધર્મમાં હંમેશાં રમ્યા કરે છે તેને દેવો પણ નમે છે.

૮૩. વસ્તુનો સ્વભાવ એ ધર્મ છે. ક્ષમાદિ ભાવોની અપેક્ષાએ એ દશ પ્રકારનો છે. રત્નત્રય (સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર) તથા જીવોની રક્ષા કરવી એનું નામ ધર્મ.

૮૪. ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ, ઉત્તમ સત્ય, ઉત્તમ શૌચ, ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ આકિંચન્ય તથા ઉત્તમ બ્રહ્મચર્ય આ દશ પ્રકારનો ધર્મ છે.

૮૫. દેવ મનુષ્ય અને તિર્યંચો (પશુઓ) દ્વારા ઘોર અને ભયાનક ઉપસર્ગ કરવામાં આવે તો પણ જે ક્રોધથી તપ્ત થતો નથી તેનો એ નિર્મળ ક્ષમા ધર્મ કહેવાય.

૮૬. હું તમામ જીવોને ક્ષમાપ્રદાન કરું છું, તમામ જીવો મને ક્ષમા આપે, તમામ પ્રાણીઓ તરફ મને મૈત્રી ભાવ છે. મને કોઇ સાથે વેર નથી.

૮૭. ઓછામાં ઓછા પ્રમાદને લઇને પણ મેં આપની તરફ ઉચિત વ્યવહાર ન કર્યો હોય તો હું શલ્ય તથા કષાય વિનાનો બની આપની ક્ષમા માગું છું.

८८. **कुलरूवजादिबुद्धिसु, तवसुदसीलेसु गारवं किंचि ।**
जो णवि कुव्वदि समणो, मद्दवधम्मं हवे तस्स ॥७॥
कुलरूपजातिबुद्धिषु, तपःश्रुतशीलेषु गौरवं किञ्चित् ।
यः नैव करोति श्रमणः, मार्दवधर्मो भवेत् तस्य ॥७॥

८९. **जो अवमाणकरणं, दोसं परिहरइ णिच्चमाउत्तो ।**
सो णाम होदि माणी, ण दु गुणचत्तेण माणेण ॥८॥
योऽपमानकरणं, दोषं परिहरति नित्यमायुक्तः ।
सो नाम भवति मानी, न गुणत्यक्तेन मानेन ॥८॥

९०. **से असइं उच्चागोए असइं नीआगोए, नो हीणे नो अइरित्ते ।**
नोऽपीहए इति संखाए, के गोयावाई के माणावाई ? ॥९॥
सः असकृदुच्चैर्गोत्रः असकृन्नीचैर्गोत्रः, नो हीनः नो अतिरिक्तः ।
न स्पृह्येत् इति संख्याय, को गोत्रवादी को मानवादी ? ॥९॥

९१. **जो चिंतेइ ण वंकं, ण कुणदि वंकं ण जंपदे वंकं ।**
ण य गोवदि णियदोसं, अज्जव-धम्मो हवे तस्स ॥१०॥
यः चिन्तयति न वक्रं, न करोति वक्रं न जल्पति वक्रम् ।
न च गोपयति निजदोषम्, आर्जवधर्मः भवेत् तस्य ॥१०॥

९२. **परसंतावयकारण–वयणं, मोत्तूण सपरहिदवयणं ।**
जो वददि भिक्खु तुरियो, तस्स दु धम्मो हवे सच्चं ॥११॥
परसंतापककारण-वचनं, मुक्त्वा स्वपरहितवचनम् ।
यः वदति भिक्षुः तुरीयः, तस्य तु धर्मः भवेत् सत्यम् ॥११॥

९३. **मोसस्स पच्छा य पुरत्थओ य, पओगकाले य दुही दुरंते ।**
एवं अदत्ताणि समाययंतो, रूवे अतित्तो दुहिओ अणिस्सो ॥१२॥
मृषावाक्यस्य पश्चाच्च पुरस्ताच्च, प्रयोगकाले च दुःखी दुरन्तः ।
एवमदत्तानि समाददानः, रूपेऽतृप्तो दुःखितोऽनिश्रः ॥१२॥

९४. **पत्थं हिदयाणिट्ठं पि, भण्णमाणस्स सगणवासिस्स ।**
कडुगं व ओसहं तं, महुरविवायं हवइ तस्स ॥१३॥
पथ्यं हृदयानिष्टमपि, भणमानस्य स्वगणवासिनः ।
कटुकमिवौषधं तत्, मधुरविपाकं भवति तस्य ॥१३॥

૮૮. કુલ, રૂપ, જાતિ, જ્ઞાન, તપ, શ્રુત અને શીલનો જે શ્રમણ જરા જેટલો પણ ગર્વ નથી કરતો તે તેનો માર્દવ ધર્મ કહેવાય.

૮૯. બીજાનું અપમાન કરવાના દોષને જે સદા સાવધાનીપૂર્વક છાંડે તે જ ખરા અર્થમાં માની છે. ગુણ ન હોય અને અભિમાન કરવું તેથી કાંઈ માની બનાતું નથી.

૯૦. આ પુરુષ અનેક વાર ઉચ્ચ ગોત્ર અને અનેક વાર નીચ ગોત્રનો અનુભવ કરી ચૂકયો છે, એટલા માટે નથી કોઇ હીન કે નથી કોઇ અતિરિકત, (એટલા માટે એણે ઉચ્ચ ગોત્રની) ઇચ્છા ન કરવી. (આ પુરુષ અનેક વખત ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્રનો અનુભવ કરી ચૂકયો છે–) આવું જાણ્યા પછી ગોત્રવાદી કોણ હોઈ શકે? કોણ માનવાદી હોઇ શકે ?

૯૧. જે કુટિલ વિચાર નથી કરતો, કુટિલ કાર્ય નથી કરતો, કુટિલ વચન નથી બોલતો અને પોતાના દોષો છુપાવતો નથી તેનો એ આર્જવધર્મ કહેવાય.

૯૨. બીજાને સંતાપ કરે એવાં વચનો ત્યાગ કરી જે ભિક્ષુ સ્વ-પર-હિતકારી વચન બોલે છે તેનો એ સત્યધર્મ કહેવાય.

૯૩. અસત્ય બોલીને પણ પોતે સફળ ન થઇ શકયો એવો શોક અસત્ય બોલ્યા પછી, અસત્યવાદીને થાય છે અને એથી દુઃખી બને છે. અસત્ય બોલીને એ બીજાને ઠગવાનો સંકલ્પ કરી રહ્યો છે એ વિચારથી અસત્યવાદી અસત્ય બોલતાં પહેલાં વ્યાકુળ બને છે. કદાચ કોઈ પોતાના અસત્યને પકડી ન પાડે એ વિચારથી પણ એ દુઃખી બને છે. આ પ્રમાણે અસત્ય વ્યવહારનું પરિણામ દુઃખજનક છે. આ પ્રમાણે, વિષયોથી અતૃપ્ત બની ચોરી કરતો થકો એ દુઃખી અને આશરા વિનાનો બનતો જાય છે.

૯૪. પોતાના ગણવાસી (સાથી) એ કરેલી હિતકર વાત પોતાને મધુર ન લાગી હોય તો પણ, તીખા ઔષધની જેમ એ પરિણામે મધુર ફળ આપનારી નીવડે છે.

९५. **विस्ससणिज्जो माया व, होइ पुज्जो गुरु व्व लोअस्स ।**
सयणु व्व सच्चवाई, पुरिसो सव्वस्स होइ पिओ ॥१४॥
विश्वसनीयो मातेव, भवति पूज्यो गुरुरिव लोकस्य ।
स्वजन इव सत्यवादी, पुरुषः सर्वस्य भवति प्रियः ॥१४॥

९६. **सच्चम्मि वसदि तवो, सच्चम्मि संजमो तह वसे सेसा वि गुणा ।**
सच्चं णिबंधणं हि य, गुणाणमुदधीव मच्छाणं ॥१५॥
सत्ये वसति तपः, सत्ये संयमः तथा वसन्ति शेषा अपि गुणाः ।
सत्यं निबन्धनं हि च, गुणानामुदधिरिव मत्स्यानाम् ॥१५॥

९७. **जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढई ।**
दोमासकयं कज्जं, कोडीए वि न निट्ठियं ॥१६॥
यथा लाभस्तथा लोभः, लाभाल्लोभः प्रवर्धते ।
द्विमाषकृतं कार्यं, कोट्यापि न निष्ठितम् ॥१६॥

९८. **सुवण्णरुप्पस्स उ पव्वया भवे, सिया हु केलाससमा असंखया ।**
नरस्स लुद्धस्स न तेहिं किंचि, इच्छा हु आगाससमा अणन्तिया ॥१७॥
सुवर्णरूप्यस्य च पर्वता भवेयुः स्यात् खलु कैलाससमा असंख्यकाः ।
नरस्य लुब्धस्य न तैः किञ्चित्, इच्छा खलु आकाशसमा अनन्तिका॥

९९. **जहा य अंडप्पभवा बलागा, अंडं बलागप्पभवं जहा य ।**
एमेव मोहाययणं खु तण्हा, मोहं च तण्हाययणं वयंति ॥१८॥
यथा च अण्डप्रभवा बलाका, अण्डं बलाकाप्रभवं यथा च ।
एवमेव मोहायतनं खलु तृष्णां, मोहं च तृष्णायतनं वदन्ति ॥१८॥

१००. **समसंतोसजलेणं, जो धोवदि तिव्व-लोहमल-पुंजं ।**
भोयण-गिद्धि-विहीणो, तस्स सउच्चं हवे विमलं ॥१९॥
समसन्तोषजलेन, यः धोवति तीव्रलोभमलपुञ्जम् ।
भोजनगृद्धिविहीनः, तस्य शौचं भवेत् विमलम् ॥१९॥

१०१. **वय-समिदि-कसायाणं, दंडाणं तह इंदियाण पंचण्हं ।**
धारण-पालण-णिग्गह-चाय-जओ संजमो भणिओ ॥२०॥
व्रतसमितिकषायाणां, दण्डानां तथा इन्द्रियाणां पञ्चानाम् ।
धारण-पालन-निग्रह-त्यागजयः संयमो भणितः ॥२०॥

૯૫. સત્યવાદી મનુષ્ય માતાની માફક વિશ્વાસપાત્ર, માણસો માટે ગુરુની માફક પૂજ્ય અને સગાંવ્હાલાંની માફક બધાનું પ્રીતિ-પાત્ર બને છે.

૯૬. સત્યમાં તપ, સંયમ અને બાકીના તમામ ગુણોનો વાસ હોય છે. જેવી રીતે સાગર માછલાંઓનું આશ્રય સ્થાન છે તેવી રીતે સત્ય સમસ્ત ગુણોનું આશ્રય સ્થાન છે.

૯૭. જેમ જેમ લાભ થાય છે, તેમ તેમ લોભ થાય છે. લાભથી લોભ વધતો જાય છે. બે માશા સોનાથી જે કામ પાર પડી શકે છે તે કામ કરોડો સુવર્ણ-મુદ્રાઓથી પણ પાર પડી શકતું નથી. (કપિલ નામની વ્યક્તિની તૃષ્ણાના ન્યૂનાધિક પરિણામને દર્શાવનારું આ દૃષ્ટાંત છે).

૯૮. કદાચ સોના અને ચાંદીના કૈલાસ-સમા અસંખ્ય પર્વત ઉત્પન્ન થઇ જાય, તો પણ લોભી પુરુષને એથી કશી અસર થતી નથી (તૃપ્તિ થતી નથી). કારણ કે ઇચ્છા આકાશ જેટલી અનંત છે.

૯૯. જેવી રીતે બતક ઇંડામાંથી અને ઇંડું બતકમાંથી ઉત્પન્ન થાય છે, તેવી રીતે તૃષ્ણા મોહમાંથી અને મોહ તૃષ્ણામાંથી ઉત્પન્ન થાય છે.

૧૦૦. (માટે) સમતા અને સંતોષરૂપી પાણી વડે તીવ્ર લોભરૂપી મળને જે ધુએ છે અને જેને ભોજનની કશી પડી નથી તેને વિમળ શૌચ ધર્મ લાધે છે.

૧૦૧. વ્રત-ધારણ, સમિતિ-પાલન, કષાયનિગ્રહ, મન-વચન-કાયાની પ્રવૃત્તિરૂપ દંડોનો ત્યાગ, પંચેંદ્રિય-જય—આ બધાને સંયમ કહેવામાં આવે છે.

१०२. **विसयकसाय-विणिग्गहभावं, काऊण झाणसज्झाए ।**
जो भावइ अप्पाणं, तस्स तवं होदि णियमेण ॥२१॥
विषयकषाय-विनिग्रहभावं, कृत्वा ध्यानस्वाध्यायान् ।
यः भावयति आत्मानं, तस्य तपः भवति नियमेन ॥२१॥

१०३. **णिव्वेदतियं भावइ, मोहं चइऊण सव्वदव्वेसु ।**
जो तस्स हवे चागो, इदि भणिदं जिणवरिंदेहिं ॥२२॥
निर्वेदत्रिकं भावयति, मोहं त्यक्त्वा सर्वद्रव्येषु ।
यः तस्य भवति त्यागः, इति भणितं जिनवरेन्द्रैः ॥२२॥

१०४. **जे य कंते पिए भोए, लद्धे विपिट्ठिकुव्वइ ।**
साहीणे चयइ भोए, से हु चाइ त्ति वुच्चई ॥२३॥
यः च कान्तान् प्रियान् भोगान्, लब्धान् विपृष्ठीकरोति ।
स्वाधीनान् त्यजति भोगान्, स हि त्यागी इति उच्यते ॥२३॥

१०५. **होऊण य णिस्संगो, णियभावं णिग्गहित्तु सुहदुहदं ।**
णिद्वंदेण दु वट्टदि, अणयारो तस्साऽऽकिंचण्णं ॥२४॥
भूत्वा च निस्संगः, निजभावं निगृह्य सुखदुःखदम् ।
निर्द्वन्द्वेन तु वर्तते, अनगारः तस्याऽऽकिञ्चन्यम् ॥२४॥

१०६. **अहमिक्को खलु सुद्धो, दंसणणाणमइओ सदाऽरूवी ।**
ण वि अत्थि मज्झ किंचि वि, अण्णं परमाणुमित्तं पि ॥२५॥
अहमेकः खलु शुद्धो, दर्शनज्ञानमयः सदाऽरूपी ।
नाप्यस्ति मम किञ्चिदप्यन्यत् परमाणुमात्रमपि ॥२५॥

१०७-१०८. **सुहं वसामो जीवामो, जेसिं णो नत्थि किंचण ।**
मिहिलाए डज्झमाणीए, न मे डज्झइ किंचण ॥२६॥
चत्तपुत्तकलत्तस्स, निव्वावारस्स भिक्खुणो ।
पियं न विज्जई किंचि, अप्पियं पि न विज्जए ॥२७॥
सुखं वसामो जीवामः, येषाम् अस्माकं नास्ति किञ्चन ।
मिथिलायां दह्यमानायां, न मे दह्यते किञ्चन ॥२६॥
त्यक्तपुत्रकलत्रस्य, निर्व्यापारस्य भिक्षोः ।
प्रियं न विद्यते किञ्चित्, अप्रियमपि न विद्यते ॥२७॥

૧૦૨. ઇંદ્રિય-વિષયો તથા કષાયોનો નિગ્રહ કરીને, ધ્યાન અને સ્વાધ્યાય દ્વારા આત્માને જે ભાવિત કરે છે તેનો એ ધર્મ તપધર્મ કહેવાય છે.

૧૦૩. તમામ દ્રવ્યોમાં ઉત્પન્ન થનારા મોહને ત્યાગી, ત્રણ પ્રકારના નિર્વેદ (સંસાર, શરીર અને ભોગો તરફનો વૈરાગ્ય) દ્વારા પોતાના આત્માને જે ભાવિત કરે છે તેનો એ ધર્મ ત્યાગ-ધર્મ કહેવાય છે એમ જિનેંદ્ર દેવે કહ્યું છે.

૧૦૪. કાંત અને પ્રિય ભોગો પોતાને ઉપલબ્ધ હોવા છતાં એની સામે જે પીઠ ફેરવી નાખે છે. અને સ્વેચ્છાએ ભોગોને છાંડે છે એ ત્યાગી કહેવાય છે.

૧૦૫. તમામ પ્રકારના પરિગ્રહને છાંડી જે નિઃસંગ (સંગરહિત) બની જાય છે અને પોતાના સુખકારી અને દુઃખદાયી ભાવો ઉપર અંકુશ સ્થાપી નિર્દ્વન્દ્વપણે વિચરે છે તેનો એ ધર્મ આકિંચન્ય ધર્મ કહેવાય છે.

૧૦૬. હું એક શુદ્ધ, દર્શન-જ્ઞાનમય, નિત્ય અને અરૂપી છું. આ સિવાય, બીજા બધા પરમાણુઓ પણ મારા નથી. (આને આકિંચન્ય ધર્મ કહેવાય છે).

૧૦૭-૧૦૮. જેની પાસે અમારું પોતાનું કહી શકાય એવું કાંઇ નથી એવા અમે સુખેથી રહીએ છીએ અને સુખેથી જીવીએ છીએ. મિથિલા સળગી રહી છે પણ એથી મારું કહી શકાય એવું કશું સળગી રહ્યું નથી કારણ કે જે પુત્ર અને પ્રિયાથી મુકત છે અને વ્યવસાયથી નિવૃત્ત થયેલા છે એવા ભિક્ષુને માટે નથી કોઇ વસ્તુ પ્રિય કે નથી કોઇ વસ્તુ અપ્રિય. (રાજ્ય છોડી સાધુ બનેલા રાજર્ષિ નમિના દૃઢ વૈરાગ્યના સંબંધમાં આ વાત છે.)

१०९. **जहा पोम्मं जले जायं, नोवलिप्पइ वारिणा ।**
एवं अलित्तं कामेहिं, तं वयं बूम माहणं ॥२८॥
यथा पद्मं जले जातं, नोपलिप्यते वारिणा ।
एवमलिप्तं कामैः, तं वयं ब्रूमो ब्राह्मणम् ॥२८॥

११०. **दुक्खं हयं जस्स न होइ मोहो, मोहो हओ जस्स न होइ तण्हा ।**
तण्हा हया जस्स न होइ लोहो, लोहो हओ जस्स न किंचणाइं ॥२९॥
दुःखं हतं यस्य न भवति मोहः, मोहो हतो यस्य न भवति तृष्णा ।
तृष्णा हता यस्य न भवति लोभः, लोभो हतो यस्य न किञ्चन ॥२९॥

१११. **जीवो बंभ जीवम्मि, चेव चरिया हविज्ज जा जदिणो ।**
तं जाण बंभचेरं, विमुक्कपरदेहतित्तिस्स ॥३०॥
जीवो ब्रह्म जीवे, चैव चर्या भवेत् या यतेः ।
तद् जानीहि ब्रह्मचर्यं, विमुक्त-परदेहतृप्तेः ॥३०॥

११२. **सव्वंगं पेच्छंतो, इत्थीणं तासु मुयदि दुब्भावं ।**
सो बम्हचेरभावं, सुक्कदि खलु दुद्धरं धरदि ॥३१॥
सर्वाङ्गं प्रेक्षमाणः स्त्रीणां तासु मुञ्चति दुर्भावम् ।
स ब्रह्मचर्यभावं, सुकृती खलु दुर्धरं धरति ॥३१॥

११३. **जउकुंभे जोइउवगूढे, आसुभितत्ते नासमुवयाइ ।**
एवित्थियाहि अणगारा, संवासेण नासमुवयंति ॥३२॥
जतुकुम्भे ज्योतिरुपगूढः आश्वभितप्तो नाशमुपयाति ।
एवं स्त्रीभिरनगाराः, संवासेन नाशमुपयान्ति ॥३२॥

११४. **एए य संगे समइक्कमित्ता, सुदुत्तरा चेव भवंति सेसा ।**
जहा महासागरमुत्तरित्ता, नई भवे अवि गंगासमाणा ॥३३॥
एतांश्च संगान् समतिक्रम्य, सुदुस्तराश्चैव भवन्ति शेषाः ।
यथा महासागरमुत्तीर्य, नदी भवेदपि गङ्गासमाना ॥३३॥

११५. **जह सीलरक्खयाणं, पुरिसाणं णिंदिदाओ महिलाओ ।**
तह सीलरक्खयाणं, महिलाणं णिंदिदा पुरिसा ॥३४॥
यथा शीलरक्षकाणां, पुरुषाणां निन्दिता भवन्ति महिलाः ।
तथा शीलरक्षकाणां, महिलानां निन्दिता भवन्ति पुरुषाः ॥३४॥

૧૦૯. જે પ્રમાણે જળમાં ઉત્પન્ન થયેલ કમળ જળ વડે લેપાતું નથી, તેવી રીતે કામ-ભોગના વાતાવરણમાં ઊછરેલ જે મનુષ્ય એનાથી લેપાતો નથી એને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૧૧૦. જેને મોહ નથી, એણે દુઃખનો નાશ કરી નાખ્યો. જેને તૃષ્ણા નથી એણે મોહનો નાશ કરી નાખ્યો. જેને લોભ નથી એણે તૃષ્ણાનો નાશ કરી નાખ્યો. (અને) જેની પાસે કાંઇ નથી એણે લોભનો નાશ કરી નાખ્યો.

૧૧૧. જીવ જ બ્રહ્મ છે. દેહાસક્તિથી મુક્ત મુનિની બ્રહ્મને માટે જે ચર્યા છે તે જ બ્રહ્મચર્ય.

૧૧૨. સ્ત્રીઓનાં મનોરમ સર્વાંગોને દેખતાં છતાં જે એના માટે દુર્ભાવ નથી કરતો—વિકાર પામતો નથી એ જ ખરેખરી રીતે કષ્ટપૂર્વક ધારણ કરી શકાય એવા બ્રહ્મચર્ય ભાવને ધારણ કરે છે.

૧૧૩. જેવી રીતે લાખનો ઘડો અગ્નિ વડે તપ્ત થાય તો તરત જ નષ્ટ થઇ જાય છે, તેવી રીતે સ્ત્રીના સહવાસથી અનગાર (મુનિ) નષ્ટ થઇ જાય છે.

૧૧૪. જે માણસ આ સ્ત્રી-વિષયક આસક્તિઓની પેલે પાર ચાલ્યો જાય છે તેને માટે બાકી રહેલ બધી આસક્તિઓ, મહાસાગર પાર કરનાર માટે ગંગા જેવી મોટી નદીની જેમ, સુખેથી પાર કરવા લાયક બની જાય છે.

૧૧૫. જેવી રીતે શીલ-રક્ષક પુરુષો માટે સ્ત્રીઓ નિંદનીય છે તેવી રીતે શીલ-રક્ષિકા સ્ત્રીઓ માટે પુરુષો નિંદનીય છે. (બન્નેએ એક-બીજાથી બચતાં રહેવું જોઇએ.)

११६. **किं पुण गुणसहिदाओ, इत्थीओ अत्थि वित्थडजसाओ ।**
णरलोगदेवदाओ, देवेहिं वि वंदणिज्जाओ ॥३५॥
किं पुनः ? गुणसहिताः, स्त्रियः सन्ति विस्तृतयशसः ।
नरलोकदेवताः देवैरपि वन्दनीयाः ॥३५॥

११७. **तेल्लोक्काडविडहणो, कामग्गी विसयरुक्खपज्जलिओ ।**
जोव्वणतणिल्लचारी, जं ण डहइ सो हवइ धण्णो ॥३६॥
त्रैलोक्याटविदहनः, कामाग्निर्विषयवृक्षप्रज्वलितः ।
यौवनतृणसंचरणचतुरः, यं न दहति स भवति धन्यः ॥३६॥

११८. **जा जा वज्जई रयणी, न सा पडिनियत्तई ।**
अहम्मं कुणमाणस्स, अफला जन्ति राइओ ॥३७॥
या या व्रजति रजनी, न सा प्रतिनिवर्तते ।
अधर्मं कुर्वाणस्य, अफलाः यान्ति रात्रयः ॥३७॥

११९-१२०. **जहा य तिण्णि वणिया, मूलं घेत्तूण निग्गया ।**
एगोऽत्थ लहई लाहं, एगो मूलेण आगओ ॥३८॥
एगो मूलं पि हारित्ता, आगओ तत्थ वाणिओ ।
ववहारे उवमा एसा, एवं धम्मे वियाणह ॥३९॥
यथा च त्रयो वणिजः, मूलं गृहीत्वा निर्गताः ।
एकोऽत्र लभते लाभम्, एको मूलेन आगतः ॥३८॥
एकः मूलम् अपि हारयित्वा, आगतस्तत्र वाणिजः ।
व्यवहारे उपमा एषा, एवं धर्मे विजानीत् ॥३९॥

१२१. **अप्पा जाणइ अप्पा, जहट्ठिओ अप्पसक्खिओ धम्मो ।**
अप्पा करेइ तं तह, जह अप्पसुहावओ होइ ॥४०॥
आत्मानं जानाति आत्मा, यथास्थितो आत्मसाक्षिको धर्मः ।
आत्मा करोति तं तथा, यथा आत्मसुखापको भवति ॥४०॥

१०. संयमसूत्र

१२२. **अप्पा नई वेयरणी, अप्पा मे कूडसामली ।**
अप्पा कामदुहा धेणू, अप्पा मे नंदणं वणं ॥१॥
आत्मा नदी वैतरणी, आत्मा मे कूटशाल्मली ।
आत्मा कामदुघा धेनुः, आत्मा मे नन्दनं वनम् ॥१॥

૧૧૬. પરંતુ એવી પણ શીલ–ગુણ–સંપન્ન સ્ત્રીઓ છે જેમનો યશ સર્વત્ર વ્યાપ્ત છે. એ મનુષ્ય લોકની દેવતાઓ છે. અને દેવોને માટે વંદન કરવા યોગ્ય છે.

૧૧૭. વિષયરૂપી વૃક્ષ દ્વારા પ્રજ્વલિત થંયેલો કામાગ્નિ ત્રણેય લોકરૂપી અટવીને બાળી નાખે છે,પણ યૌવનરૂપી ઘાસ ઉપર ચાલવામાં કુશળ એવા જે મહાત્માને એ અગ્નિ નથી બાળતો કે નથી વિચલિત કરી શકતો એ ધન્ય છે.

૧૧૮. જે જે રાત્રી વ્યતીત થઇ ગઈ છે તે પાછી નથી આવતી. અધર્મ કરનારની રાત્રીઓ નિષ્ફળ ચાલી જાય છે.

૧૯-૧૨૦.જેવી રીતે ત્રણ વાણીયાઓ દ્રવ્યની અમુક મૂળ રકમ લઇને નીકળી પડ્યા. એમાંથી એકે લાભ મેળવ્યો, બીજો મૂળ રકમ લઇને પાછો ફર્યો, અને ત્રીજે મૂળ રકમને પણ ગુમાવીને પાછો આવ્યો. આ વ્યાપારની ઉપમા છે. બરાબર આ પ્રમાણે ધર્મના સંબધમાં જાણવું–સમજવું જોઇએ.

૧૨૧. આત્મા જ યથાસ્થિત (નિજ સ્વરૂપમાં સ્થિત) આત્માને જાણે છે. એટલા માટે સ્વભાવરૂપ ધર્મ પણ આત્મસાક્ષીરૂપ હોય છે. આ ધર્મનું પાલન (અનુભવ) આત્મા એ વિધિથી કરે છે કે જેથી એ પોતાને માટે સુખદાયક બને.

૧૦ સંયમસૂત્ર

૧૨૨. આત્મા જ વૈતરણી નદી છે. આત્મા જ કૂટશાલ્મલી વૃક્ષ છે. આત્મા જ કામદૂધા ગાય છે અને આત્મા જ નંદનવન છે.

१२३. **अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य ।**
अप्पा मित्तममित्तं च, दुप्पट्ठिय सुप्पट्ठिओ ॥२॥
आत्मा कर्ता विकर्ता च, दुःखानां च सुखानां च ।
आत्मा मित्रममित्रम् च, दुष्प्रस्थितः सुप्रस्थितः ॥२॥

१२४. **एगप्पा अजिए सत्तू, कसाया इन्दियाणि य ।**
ते जिणित्तु जहानायं, विहरामि अहं मुणी ! ॥३॥
एक आत्माऽजितः शत्रः, कषाया इन्द्रियाणि च ।
तान् जित्वा यथान्यायं, विहराम्यहं मुने ! ॥३॥

१२५. **जो सहस्सं सहस्साणं, संगामे दुज्जए जिणे ।**
एगं जिणेज्ज अप्पाणं, एस से परमो जओ ॥४॥
यः सहस्रं सहस्राणां, सङ्ग्रामे दुर्जये जयेत् ।
एकं जयेदात्मानम्, एष तस्य परमो जयः ॥४॥

१२६. **अप्पाणमेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ ।**
अप्पाणमेव अप्पाणं, जइत्ता सुहमेहए ॥५॥
आत्मानमेव योधयस्व, किं ते युद्धेन बाह्यतः ।
आत्मानमेव आत्मानं, जित्वा सुखमेधते ॥५॥

१२७. **अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।**
अप्पा दंतो सुही होइ, अस्सिं लोए परत्थ य ॥६॥
आत्मा चैव दमितव्यः, आत्मा एव खलु दुर्दमः ।
आत्मा दान्तः सुखी भवति, अस्मिल्लोके परत्र च ॥६॥

१२८. **वरं मे अप्पा दंतो, संजमेण तवेण य ।**
माऽहं परेहिं दम्मंतो, बंधणेहिं वहेहि य ॥७॥
वरं मयात्मा दान्तः, संयमेन तपसा च ।
माऽहं परैर्दम्यमानः, बन्धनैर्वधैश्च ॥७॥

१२९. **एगओ विरइं कुज्जा, एगओ य पवत्तणं ।**
असंजमे नियत्तिं च, संजमे य पवत्तणं ॥८॥
एकतो विरतिं कुर्यात्, एकतश्च प्रवर्तनम् ।
असंयमान्निवृत्तिं च, संयमे च प्रवर्तनम् ॥८॥

૧૨૩. સુખદુઃખનો કર્તા આત્મા જ છે અને ભોકતા (વિકર્તા) પણ આત્મા જ છે, સત્ પ્રવૃત્તિ કરનાર આત્મા જ પોતાનો મિત્ર છે અને દુષ્પ્રવૃત્તિ કરનાર આત્મા જ પોતાનો શત્રુ છે.

૧૨૪. અવિજિત એવો એક પોતાનો આત્મા જ પોતાનો શત્રુ છે. અવિજિત કષાય અને ઇંદ્રિયો જ પોતાની શત્રુ છે. હે મુનેદ્રિ ! એમના ઉપર વિજય મેળવીને હું ન્યાયપૂર્વક (ધર્માનુસાર) વિચરું છું.

૧૨૫. દુર્જેય યુદ્ધમાં જે હજારો યોદ્ધાઓને જીતે છે તેની અપેક્ષાએ જે એકલી પોતાની જાતને જ જીતે છે તેનો એ વિજય પરમ વિજય છે.

૧૨૬. બાહ્ય યુદ્ધોથી શું વળ્યું ? પોતાની જાત સાથે જ સ્વયં યુદ્ધ કરો. પોતા વડે પોતાની જાતને જીતવાથી જ સાચું સુખ પ્રાપ્ત થાય છે.

૧૨૭. પોતાની જાત ઉપર જ વિજય પ્રાપ્ત કરવો જોઈએ. પોતાની ઉપર વિજય પ્રાપ્ત કરવો એ જ કઠણ છે. આત્મ-વિજયી જ આ લોક અને પરલોકમાં સુખી બને છે.

૧૨૮. હું પોતે જ સંયમ અને તપ દ્વારા પોતાની ઉપર વિજય મેળવું એ જ યોગ્ય છે. બંધન અને વધ વડે બીજાઓ મારું દમન કરે એ ઠીક નહિ.

૧૨૯. એક તરફ નિવૃત્તિ અને બીજી તરફ પ્રવૃત્તિ કરવી જોઈએ– અસંયમથી નિવૃત્તિ અને સંયમમાં પ્રવૃત્તિ.

१३०. रागे दोसे य दो पावे, पावकम्म पवत्तणे ।
जे भिक्खू रुंभई निच्चं, से न अच्छइ मंडले ॥९॥
रागो द्वेषः च द्वौ पापौ, पापकर्मप्रवर्तकौ ।
यो भिक्षुः रुणद्धि नित्यं, स न आस्ते मण्डले ॥९॥

१३१. नाणेण य झाणेण य, तवोबलेण य बला निरुभंति ।
इंदियविसयकसाया, धरिया तुरगा व रज्जूहिं ॥१०॥
ज्ञानेन च ध्यानेन च, तपोबलेन च बलान्निरुध्यन्ते ।
इन्द्रियविषयकषाया, धृतास्तुरगा इव रज्जूभिः ॥१०॥

१३२. उवसामं पुवणीता, गुणमहता जिणचरित्तसरिसं पि ।
पडिवातेंति कसाया, किं पुण सेसे सरागत्थे ॥११॥
उपशमम् अप्युपनीतं, गुणमहान्तं जिनचरित्रसदृशमपि ।
प्रतिपातयन्ति कषायाः, किं पुनः शेषान् सरागस्थान् ॥११॥

१३३. इह उवसंतकसाओ, लहइ अणंतं पुणो वि पडिवायं ।
न हु भे वीससियव्वं, थेवे वि कसायसेसम्मि ॥१२॥
इह उपशान्तकषायो, लभतेऽनन्तं पुनरपि प्रतिपातम् ।
न हि युष्माभिर्विश्वसितव्यं स्तोकेऽपि कषायशेषे ॥१२॥

१३४. अणथोवं वणथोवं, अग्गीथोवं कसायथोवं च ।
न हु भे वीससियव्वं, थोवं पि हु तं बहु होइ ॥१३॥
ऋणस्तोकं व्रणस्तोकम्, अग्निस्तोकं कषायस्तोकं च ।
न हि भवद्भिर्विश्वसितव्यं, स्तोकमपि खलु तद् बहु भवति॥१३॥

१३५. कोहो पीइं पणासेइ, माणो विणयनासणो ।
माया मित्ताणि नासेइ, लोहो सव्वविणासणो ॥१४॥
क्रोधः प्रीतिं प्रणाशयति, मानो विनयनाशनः ।
माया मित्राणि नाशयति, लोभः सर्वविनाशनः ॥१४॥

१३६. उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे ।
मायं चऽज्जवभावेण, लोभं संतोसओ जिणे ॥१५॥
उपशमेन हन्यात् क्रोधं, मानं मार्दवेन जयेत् ।
मायां च आर्जवभावेन, लोभं सन्तोषतो जयेत् ॥१५॥

૧૩૦. પાપકાર્યમાં પ્રવૃત્તિ કરાવનાર રાગ અને દ્વેષ બન્ને પાપ છે. જે ભિક્ષુ આનો સદા નિરોધ કરે છે. એ મંડળ (સંસાર) માં અટવાઈ પડતો નથી પરંતુ મુક્ત બની જાય છે.

૧૩૧. જેવી રીતે લગામ દ્વારા અશ્વોને બળપૂર્વક રોકવામાં આવે છે, એવી રીતે જ્ઞાન, ધ્યાન અને તપના બળ વડે ઇંદ્રિયોના વિષયોને અને કષાયોને જોરપૂર્વક રોકવા જોઇએ.

૧૩૨. અતિ ગુણવાન મુનિએ શાંત કરેલા કષાયો જિનેશ્વર દેવ જેવા ચારિત્રવાન (ઉપશાંત અને વીતરાગી) મુનિને પણ જે પાડી દે છે તો પછી રાગયુકત મુનિની તો વાત જ શી ?

૧૩૩. કષાયોને ઉપશાંત કરેલો પુરુષ પણ જ્યારે અનંત પ્રતિપાત (વિશુધ્ધ અધ્યવસાયની અનંતહીનતા) નો ભાગી બને છે ત્યારે (તો પછી) બાકી રહી ગયેલા થોડા જેટલા કષાય ઉપર કેવી રીતે વિશ્વાસ મૂકી શકાય ? એના ઉપર વિશ્વાસ ન કરવો જોઈ એ.

૧૩૪. થોડું ક દેણું, નાનો ઘાવ, જરા જેટલી આગ, અને નહિ જેવો કષાય—આ ચારેયનો તમારે વિશ્વાસ ન કરવો જોઇએ. કારણ કે આ અલ્પ હોવા છતાં વધીને મહત્ (મોટું) બની જાય છે.

૧૩૫. ક્રોધ પ્રીતિનો, માન વિનયનો, માયા મૈત્રીનો અને લોભ તમામનો નાશ કરે છે.

૧૩૬. ક્ષમાથી ક્રોધને હણો. નમ્રતાથી માનને જીતો, સરળ સ્વભાવથી માયા ઉપર અને સંતોષથી લોભ ઉપર વિજય મેળવો.

१३७. **जहा कुम्मे सअंगाई, सए देहे समाहरे ।**
एवं पावाइं मेहावी, अज्झप्पेण समाहरे ॥१६॥
यथा कूर्मः स्वअङ्गानि, स्वके देहे समाहरेत् ।
एवं पापानि मेधावी, अध्यात्मना समाहरेत् ॥१६॥

१३८. **से जाणमजाणं वा, कट्टु आहम्मिअं पयं ।**
संवरे खिप्पमप्पाणं, बीयं तं न समायरे ॥१७॥
स जानन् अजानन् वा, कृत्वा आधार्मिकं पदम् ।
संवरेत् क्षिप्रमात्मानं, द्वितीयं तत् न समाचरेत् ॥१७॥

१३९. **धम्मारामे चरे भिक्खू, धिइमं धम्मसारही ।**
धम्मारामरए दंते, बम्भचेरसमाहिए ॥१८॥
धर्मारामे चरेद् भिक्षुः, धृतिमान् धर्मसारथिः ।
धर्मारामरतो दान्तः, ब्रह्मचर्यसमाहितः ॥१८॥

११. अपरिग्रहसूत्र

१४०. **संगनिमित्तं मारइ, भणइ अलीअं करेइ चोरिक्कं ।**
सेवइ मेहुण मुच्छं, अप्परिमाणं कुणइ. जीवो ॥१॥
संगनिमित्तं मारयति, भणत्यलीकं करोति चोरिकाम् ।
सेवते मैथुनं मूर्च्छामपरिमाणां करोति जीवः ॥१॥

१४१. **चित्तमंतमचित्तं वा, परिगिज्झ किसामवि ।**
अन्नं वा अणुजाणाइ, एवं दुक्खा ण मुच्चई ॥२॥
चित्तवन्तमचित्तं वा, परिगृह्य कृशमपि ।
अन्यं वा अनुजानाति, एवं दुःखात् न मुच्यते ॥२॥

१४२. **जे ममाइय मतिं जहाति, से जहाति ममाइयं ।**
से हु दिट्ठपहे मुणी, जस्स नत्थि ममाइयं ॥३॥
यो ममायितमतिं जहाति, स त्यजति ममायितम् ।
स खलु दृष्टपथः मुनिः, यस्य नास्ति ममायितम् ॥३॥

૧૩૭. જેવી રીતે કાચબો પોતાનાં અંગોને પોતાના શરીરમાં સમેટી લે છે તેવી રીતે બુદ્ધિમાન (જ્ઞાની) પુરુષ પાપોને અધ્યાત્મ મારફત સમેટી લે છે.

૧૩૮. જાણ્યે અથવા અજાણ્યે કોઇ અધર્મ કાર્ય થઈ જાય તો પોતાના આત્માને એમાંથી તરત હટાવી લેવો જોઇએ. પછી ફરી વાર એ કાર્ય ન કરવું.

૧૩૯. ધૈર્યવાન, ધર્મરૂપી રથને ચલાવનાર, ધર્મના ઉદ્યાનમાં રત–લીન દાન્ત અને બ્રહ્મચર્યમાં ચિત્તની શાંતિ પ્રાપ્ત કરનાર ભિક્ષુ ધર્મના આરામ (બગીચા) માં વિચરે.

અપરિગ્રહ સૂત્ર

૧૪૦. પરિગ્રહને કારણે જીવ હિંસા કરે છે, અસત્ય બોલે છે, ચોરી કરે છે, મૈથુન સેવે છે અને અત્યધિક આસકિત કરે છે. (આ પ્રકારે પરિગ્રહ પાંચેય પાપોની જડ છે).

૧૪૧. સજીવ કે નિર્જીવ સ્વલ્પ વસ્તુનો પણ જે પરિગ્રહ રાખે છે, અથવા બીજાને એમ કરવાની અનુજ્ઞા આજ્ઞા આપે છે તે દુઃખથી મુકત નથી થતો.

૧૪૨. જે પરિગ્રહની વૃધ્ધિનો ત્યાગ કરે છે તે જ પરિગ્રહને ત્યાગી શકે છે. જેની પાસે પરિગ્રહ નથી એ મુનિએ માર્ગનું દર્શન કર્યું છે.

१४३-१४४. **मिच्छत्तवेदरागा, तहेव हासादिया य छद्दोसा ।**
चत्तारि तह कसाया, चउदस अब्भंतरा गंथा ॥४॥
बाहिरसंगा खेत्तं, वत्थु धणधन्नकुप्पभांडाणि ।
दुपयचउप्पय जाणाणि, केव सयणासणे य तहा ॥५॥
मिथ्यात्ववेदरागाः, तथैव हासादिकाः च षड्दोषाः ।
चत्वारस्तथा कषायाः, चतुर्दश अभ्यन्तराः ग्रन्थाः ॥४॥
बाह्यसंगाः क्षेत्रं, वास्तुधनधान्यकुप्यभाण्डानि ।
द्विपदचतुष्पदानि यानानि, चैव शयनासनानि च तथा ॥५॥

१४५. **सव्वगंथविमुक्को, सीईभूओ पसंतचित्तो अ ।**
जं पावइ मुत्तिसुहं, न चक्कवट्टी वि तं लहइ ॥६॥
सर्वग्रन्थविमुक्तः, शीतीभूतः प्रशान्तचित्तश्च ।
यत्प्राप्नोति मुक्तिसुखं, न चक्रवर्त्यपि तल्लभते ॥६॥

१४६. **गंथच्चाओ इंदिय-णिवारणे अंकुसो व हत्थिस्स ।**
णयरस्स खाइया वि य, इंदियगुत्ती असंगत्तं ॥७॥
ग्रन्थत्यागः इन्द्रिय-निवारणे अंकुश इव हस्तिनः ।
नगरस्य खातिका इव च, इन्द्रियगुप्तिः असंगत्वम् ॥७॥

१२. अहिंसासूत्र

१४७. **एयं खु नाणिणो सारं, जं न हिंसइ कंचण ।**
अहिंसासमयं चेव, एतावंते वियाणिया ॥१॥
एतत् खलु ज्ञानिनः सारं, यत् न हिनस्ति कञ्चन ।
अहिंसा समतां चैव, एतावतीं विजानीयात् ॥१॥

१४८. **सव्वे जीवा वि इच्छंति, जीविउं न मरिज्जिउं ।**
तम्हा पाणवहं घोरं, निग्गंथा वज्जयंति णं ॥२॥
सर्वे जीवाः अपि इच्छन्ति, जीवितुं न मर्तुम् ।
तस्मात्प्राणवधं घोरं, निर्ग्रन्थाः वर्जयन्ति तम् ॥२॥

૧૪૩-૧૪૪. પરિગ્રહ બે પ્રકારનો છે. આભ્યંતર અને બાહ્ય. આભ્યંતર પરિગ્રહ ચૌદ પ્રકારનો છેઃ ૧. મિથ્યાત્વ, ૨. સ્ત્રીવેદ, ૩. પુરુષવેદ, ૪. નપુંસકવેદ, ૫. હાસ્ય, ૬. રતિ, ૭. અરતિ, ૮. શોક, ૯. ભય, ૧૦. જુગુપ્સા, ૧૧. ક્રોધ, ૧૨. માન, ૧૩. માયા, ૧૪. લોભ.
બાહ્ય પરિગ્રહ દશ પ્રકારનો છે :
૧. ખેતર, ૨. મકાન, ૩. ધન-ધાન્ય, ૪. વસ્ત્ર, ૫. ભાંડ, ૬. દાસ-દાસી, ૭. પશુ, ૮. વાહન, ૯. શય્યા (બીછાનું), ૧૦. આસન.

૧૪૫. સંપૂર્ણ પરિગ્રહથી મુકત, શીતીભૂત (સીઝી ગયેલો) પ્રસન્નચિત્ત શ્રમણ જેવું મુકિતસુખ પામે છે તેવું સુખ ચક્રવર્તીને પણ નથી મળતું.

૧૪૬. જેવી રીતે હાથીને કાબૂમાં લાવવા માટે અંકુશ અને શહેરની રક્ષા માટે ખાઇ છે; તેવી રીતે ઇંદ્રિય-નિવારણ માટે પરિગ્રહનો ત્યાગ (કહેવામાં આવ્યો) છે. પરિગ્રહ-ત્યાગથી ઇંદ્રિયો કાબૂમાં આવે છે.

૧૨. અહિંસાસૂત્ર

૧૪૭. જ્ઞાની હોવાનો સાર એ જ છે કે (એ) કોઇ પણ પ્રાણીની હિંસા ન કરે. એટલું જાણવું જ બસ થશે કે અહિંસામૂલક સમતા જ ધર્મ છે અથવા એ જ અહિંસાનું વિજ્ઞાન છે.

૧૪૮. સર્વ જીવો જીવવા માગે છે, મરવા નહિ. એટલા માટે પ્રાણવધને ભયાનક જાણી નિર્ગ્રંથ એને વર્જે છે, છાંડે છે.

१४९. **जावंति लोए पाणा, तसा अदुव थावरा ।**
ते जाणमजाणं वा, ण हणे णो वि घायए ॥३॥
यावन्तो लोके प्राणा-स्त्रसा अथवा स्थावराः ।
तान् जानन्नजानन्वा, न हन्यात् नोऽपि घातयेत् ॥३॥

१५०. **जह ते न पिअं दुक्खं, जाणिअ एमेव सव्वजीवाणं ।**
सव्वायरमुवउत्तो, अत्तोवम्मेण कुणसु दयं ॥४॥
यथा ते न प्रियं दुःखं, ज्ञात्वैवमेव सर्वजीवानाम् ।
सर्वादरमुपयुक्तः, आत्मौपम्येन कुरु दयाम् ॥४॥

१५१. **जीववहो अप्पवहो, जीवदया अप्पणो दया होइ ।**
ता सव्वजीवहिंसा, परिचत्ता अत्तकामेहिं ॥५॥
जीववध आत्मवधो, जीवदयाऽऽत्मनो दया भवति ।
तस्मात् सर्वजीवहिंसा, परित्यक्ताऽऽत्मकामैः ॥५॥

१५२. **तुमं सि नाम स चेव, जं हंतव्वं ति मन्नसि ।**
तुमं सि नाम स चेव, जं अज्जावेयव्वं ति मन्नसि ॥६॥
त्वम् असि नाम स एव, यं हन्तव्यमिति मन्यसे ।
त्वम् असि नाम स एव, यमाज्ञापयितव्यमिति मन्यसे ॥६॥

१५३. **रागादीणमणुप्पाओ, अहिंसकत्तं त्ति देसियं समए ।**
तेसिं चे उप्पत्ती, हिंसेत्ति जिणेहि णिद्दिट्ठा ॥७॥
रागादीनामनुत्पादः, अहिंसकत्वमिति देशितं समये ।
तेषां चेद् उत्पत्तिः, 'हिंसा' इति जिनैर्निर्दिष्टा ॥७॥

१५४. **अज्झवसिएण बंधो, सत्ते मारेज्ज मा थ मारेज्ज ।**
एसो बंधसमासो, जीवाणं णिच्छयणयस्स ॥८॥
अध्यवसितेन बन्धः, सत्त्वान् मारयेद् मा अथ मारयेत् ।
एष बन्धसमासो, जीवानां निश्चयनयस्य ॥८॥

१५५. **हिंसादो अविरमणं, वहपरिणामो य होइ हिंसा हु ।**
तम्हा पमत्तजोगो, पाणव्ववरोवओ णिच्चं ॥९॥
हिंसातोऽविरमणं, वधपरिणामः च भवति हिंसा हि ।
तस्मात् प्रमत्तयोगो, प्राणव्यपरोपको नित्यम् ॥९॥

૧૪૯. લોકમાં જેટલા પણ ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે એને નિર્ગ્રંથો જાણ્યે કે અજાણ્યે ન હણે અથવા ન હણાવે.

૧૫૦. જેવી રીતે તમને પોતાને દુઃખ ગમતું નથી એવી રીતે બીજા જીવોને પણ ગમતું નથી— આવું જાણી પૂરા આદર અને સાવધાનીથી, આત્મૌપમ્યની દૃષ્ટિથી દરેક ઉપર દયા રાખો.

૧૫૧. જીવનો વધ આપણો પોતાનો જ વધ છે. જીવ ઉપર દયા રાખવી એ આપણા પોતાના ઉપર દયા રાખવા બરાબર છે. એટલા માટે આત્મહિતૈષી (આત્મકામ) પુરુષોએ તમામ પ્રકારની જીવહિંસાનો ત્યાગ કર્યો છે.

૧૫૨. જેને તું હણવા યોગ્ય માને છે તે તું પોતે જ છો. જેને તું આજ્ઞામાં રાખવા યોગ્ય માને છે તે પણ તું પોતે જ છો.

૧૫૩. જિનેશ્વરદેવે કહ્યું છે — રાગ વગેરેની અનુત્પત્તિ અહિંસા છે અને એની ઉત્પત્તિ હિંસા છે.

૧૫૪. હિંસા કરવાના વિચારથી જ કર્મબંધ થાય છે — ભલે પછી કોઇ જીવ મરે કે ન મરે. નિશ્ચયનયને અનુસારે જીવોના કર્મબંધનું ટૂંકામાં આ જ સ્વરૂપ છે.

૧૫૫. હિંસા કરતાં હિંસાનો ભાવ-વિચાર જ— પરિણામ એ જ હિંસા છે. માટે જ્યાં પ્રમાદ છે ત્યાં નિત્ય હિંસા છે.

१५६. णाणी कम्मस्स खयत्थ-मुट्ठिदो णोट्ठिदो य हिंसाए ।
अददि असढं अहिंसत्थं, अप्पमत्तो अवधगो सो ॥१०॥
ज्ञानी कर्मणः क्षयार्थ-मुत्थितो नोत्थितः च हिंसायै ।
यतति अशठम् अहिंसार्थम् अप्रमत्तः अवधकः सः ॥१०॥

१५७. अत्ता चेव अहिंसा, अत्ता हिंसति णिच्छओ समए ।
जो होदि अप्पमत्तो, अहिंसगो हिंसगो इदरो ॥११॥
आत्मैवाहिंसाऽऽत्मा, हिंसेति निश्चयः समये ।
यो भवति अप्रमत्तोऽहिंसकः, हिंसकः इतरः ॥११॥

१५८. तुंगं न मंदराओ, आगासाओ विसालयं नत्थि ।
जह तह जयंमि जाणसु, धम्ममहिंसासमं नत्थि ॥१२॥
तुङ्गं न मन्दरात्, आकाशाद्विशालकं नास्ति ।
यथा तथा जगति जानीहि, धर्मोऽहिंसासमो नास्ति ॥१२॥

१५९. अभयं पत्थिवा ! तुब्भं, अभयदाया भवाहि य ।
अणिच्चे जीवलोगम्मि, किं हिंसाए पसज्जसि ॥१३॥
अभयं पार्थिव ! तुभ्यम् अभयदाता भव च ।
अनित्ये जीवलोके, किं हिंसायां प्रसज्जसि ॥१३॥

१३. अप्रमादसूत्र

१६०. इमं च मे अत्थि इमं च नत्थि, इमं च मे किच्चं इमं अकिच्चं ।
तं एवमेवं लालप्पमाणं, हरा हरंति त्ति कहं पमाए ? ॥१॥
इदं च मेऽस्ति इदं च नास्ति, इदं च मे कृत्यमिदमकृत्यम् ।
तमेवमेवं लालप्यमानं, हरा हरन्तीति कथं प्रमादः ? ॥१॥

१६१. सीतंति सुवंताणं, अत्था पुरिसाण लोगसारत्था ।
तम्हा जागरमाणा, विधुणध पोराणयं कम्मं ॥२॥
सीदन्ति स्वपताम्, अर्थाः पुरुषाणां लोकसारार्थाः ।
तस्माज्जागरमाणा, विधूनयत पुराणकं कर्म ॥२॥

૧૫૬. જ્ઞાની કર્મક્ષય માટે પ્રયત્ન કરે છે,—હિંસા માટે નહિ. નિષ્કપટ ભાવે અહિંસા આચરવાનો એનો પ્રયત્ન હોય છે. એ અપ્રમત્ત મુનિ અહિંસક હોય છે.

૧૫૭. આત્મા જ અહિંસા છે અને આત્મા જ હિંસા છે. સિદ્ધાંતનો આ આખરી ફેસલો છે. જે અપ્રમત્ત છે એ અહિંસક છે અને જે પ્રમત્ત છે એ હિંસક છે.

૧૫૮. મેરુ પર્વતથી ઊંચું અને આકાશથી વિશાળ જગતમાં કશું નથી. તેવી જ રીતે અહિંસા સમાન (જગતમાં) બીજો કોઈ ધર્મ નથી.

૧૫૯. મુનિએ કહ્યું : 'હે રાજન્ ! તને અભય છે અને તું પણ અભયદાતા બન. આ અનિત્ય જીવ-લોકમાં તું હિંસામાં શા માટે આસક્ત બની રહ્યો છો ?'

૧૩. અપ્રમાદસૂત્ર

૧૬૦. આ મારી પાસે છે અને આ મારી પાસે નથી તથા આ મારે કરવું છે અને આ નથી કરવું — આ પ્રમાણે મિથ્યા બકવાદ કરનાર પુરુષને, ઉઠાવી લેવાના સ્વભાવવાળો, કાળ ઉઠાવી લે છે.

૧૬૧. આ જગતમાં જ્ઞાનાદિ સારભૂત વસ્તુ છે. જે પુરુષ સૂતો રહે છે તેનો એ અર્થ નષ્ટ થઇ જાય છે. એટલા માટે સતત જાગરણપૂર્વક પૂર્વાર્જિત કર્મોને ખંખેરી નાખો.

१६२. जागरिया धम्मीणं, अहम्मीणं च सुत्तया सेया ।
वच्छाहिवभगिणीए, अकहिंसु जिणो जयंतीए ॥३॥
जागरिका धर्मिणाम्, अधर्मिणां च सुप्तता श्रेयसी ।
वत्साधिपभगिन्याः, कथितवान् जिनः जयन्त्याः ॥३॥

१६३. सुत्तेसु यावी पडिबुद्धजीवी, न वीससे पण्डिए आसुपण्णे ।
घोरा मुहुत्ता अबलं सरीरं, भारंड-पक्खी व चरेऽप्पमत्तो ॥४॥
सुप्तेषु चापि प्रतिबुद्धजीवी, न विश्वसेत् पण्डित आशुप्रज्ञः ।
घोराः मुहूर्त्ता अबलं शरीरम्, भारण्डपक्षीव चरेद् अप्रमत्तः ॥४॥

१६४. पमायं कम्ममाहंसु, अप्पमायं तहाऽवरं ।
तब्भावादेसओ वावि, बालं पंडियमेव वा ॥५॥
प्रमादं कर्म आहु-रप्रमादं तथाऽपरम् ।
तद्भावादेशतो वापि, बालं पण्डितमेव वा ॥५॥

१६५. न कम्मुणा कम्म खवेंति बाला, अकम्मुणा कम्म खवेंति धीरा ।
मेधाविणो लोभमया वतीता, संतोसिणो नो पकरेंति पावं ॥६॥
न कर्मणा कर्म क्षपयन्ति बाला, अकर्मणा कर्म क्षपयन्ति धीराः ।
मेधाविनो लोभमदाद् व्यतीताः, सन्तोषिणो नो प्रकुर्वन्ति पापम् ॥

१६६. सव्वओ पमत्तस्स भयं, सव्वओ अप्पमत्तस्स नत्थि भयं ॥७॥
सर्वतः प्रमत्तस्य भयं, सर्वतोऽप्रमत्तस्य नास्ति भयम् ॥७॥

१६७. नाऽऽलस्सेण समं सुक्खं, न विज्जा सह निद्दया ।
न वेरग्गं ममत्तेणं, नारंभेण दयालुया ॥८॥
नाऽऽलस्येन समं सौख्यं, न विद्या सह निद्रया ।
न वैराग्यं ममत्वेन, नारम्भेण दयालुता ॥८॥

१६८. जागरह नरा ! णिच्चं, जागरमाणस्स वड्ढते बुद्धी ।
जो सुवति ण सो धन्नो, जो जग्गति सो सया धन्नो ॥९॥
जागृत नराः ! नित्यं, जागरमाणस्य वर्द्धते बुद्धिः ।
यः स्वपिति न सो धन्यः, यः जागर्त्ति स सदा धन्यः ॥९॥

૧૬૨. ધાર્મિક માટે જાગવું શ્રેયસ્કર છે અને અધાર્મિક માટે સૂવું શ્રેયસ્કર છે, — આવું ભગવાન મહાવીરે વત્સદેશના રાજા શતાનીકની બહેન જયંતીને કહ્યું હતું.

૧૬૩. સૂતેલી વ્યક્તિઓની વચ્ચે પણ આશુપ્રજ્ઞ પંડિત જાગૃત રહે છે. પ્રમાદમાં એ વિશ્વાસ નથી કરતો. મુહૂર્તો ઘણા ઘોર (નિર્દય) છે, શરીર દુર્બળ છે, માટે ભારંડ પંખીની માફક સાવધાનીથી વિચરવું જોઈએ.

૧૬૪. પ્રમાદને કર્મ (આસ્રવ) અને અપ્રમાદને અકર્મ (સંવર) કહેવામાં આવે છે. પ્રમાદને કારણે મનુષ્ય બાલ (અજ્ઞાની) બની જાય છે, પ્રમાદ ન હોય તો મનુષ્ય પંડિત (જ્ઞાની) બને છે.

૧૬૫. (કર્મ-પ્રવૃત્તિ દ્વારા કર્મ-ક્ષય થઈ શકે છે એમ અજ્ઞાની સાધક માને છે પરંતુ) કર્મ દ્વારા કર્મનો ક્ષય એ કરી શકતા નથી. ધીર પુરુષ અકર્મ (સંવર અથવા નિવૃત્તિ) દ્વારા કર્મક્ષય કરે છે. લોભ અને મદથી પર બની અને સંતોષ કેળવી મેધાવી પુરુષ પાપ નથી કરતા.

૧૬૬. પ્રમત્તને બધી બાજુએથી ભય હોય છે. અપ્રમત્તને કોઈ ભય નથી હોતો.

૧૬૭. આળસુને સુખ નથી, નિદ્રાળુને વિદ્યાભ્યાસ ન હોય, મમત્વ રાખનારને વૈરાગ્ય ન હોય, અને હિંસકને દયા નથી હોતી.

૧૬૮. મનુષ્યો ! સતત જાગ્રત રહો. જે જાગતો હોય છે તેની બુદ્ધિ વધતી રહે છે. જે સૂતો રહે છે તે ધન્ય-ભાગ્યશાળી નથી. ધન્ય-કૃતકૃત્ય એ છે જે હમેશાં જાગરણશીલ છે.

१६९. आदाणे णिक्खेवे, वोसिरणे ठाणगमणसयणेसु ।
सव्वत्थ अप्पमत्तो, दयावरो होदु हु अहिंसओ ॥१०॥
आदाने निक्षेपे, व्युत्सर्जने स्थानगमनशयनेषु ।
सर्वत्राऽप्रमत्तो, दयापरो भवति खल्वहिंसकः ॥१०॥

१४. शिक्षासूत्र

१७०. विवत्ती अविणीअस्स, संपत्ती विणीअस्स य ।
जस्सेयं दुहओ नायं, सिक्खं से अभिगच्छइ ॥१॥
विपत्तिरविनीतस्य, संपत्तिर्विनीतस्य च ।
यस्यैतद् द्विधा ज्ञातं, शिक्षां सः अधिगच्छति ॥१॥

१७१. अह पंचहिं ठाणेहिं, जेहिं सिक्खा न लब्भई ।
थम्भा कोहा पमाएणं, रोगेणाऽलस्सएण य ॥२॥
अथ पञ्चभिः स्थानैः, यैः शिक्षा न लभ्यते ।
स्तम्भात् क्रोधात् प्रमादेन, रोगेणालस्यकेन च ॥२॥

१७२–१७३. अह अट्ठहिं ठाणेहिं, सिक्खासीले त्ति वुच्चई ।
अहस्सिरे सया दंते, न य मम्ममुदाहरे ॥३॥
नासीले न विसीले, न सिया अइलोलुए ।
अकोहणे सच्चरए, सिक्खासीले त्ति वुच्चई ॥४॥
अथाष्टभिः स्थानैः, शिक्षाशील इत्युच्यते ।
अहसनशीलः सदा दान्तः, न च मर्म उदाहरेत् ॥३॥
नाशीलो न विशीलः, न स्यादतिलोलुपः ।
अक्रोधनः सत्यरतः, शिक्षाशील इत्युच्यते ॥४॥

१७४. नाणमेगग्गचित्तो अ, ठिओ अ ठावयई परं ।
सुआणि अ अहिज्जित्ता, रओ सुअसमाहिए ॥५॥
ज्ञानमेकाग्रचित्तश्च, स्थितः च स्थापयति परम् ।
श्रुतानि च अधीत्य, रतः श्रुतसमाधौ ॥५॥

૧૬૯. વસ્તુઓને લેવા-મૂકવામાં; મળ-મૂત્ર ત્યાગ કરવામાં, બોલવા-ચાલવા-ફરવામાં તથા સૂવામાં જે દયાવાન પુરુષ હમેશાં અપ્રમાદ સેવતો હોય એ ખરેખર જ અહિંસક છે.

૧૪. શિક્ષાસૂત્ર

૧૭૦. અવિનયીના જ્ઞાનાદિ ગુણોનો નાશ થઈ જાય છે એ એની વિપત્તિ છે અને વિનયીને જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે એ એની સંપત્તિ છે. આ બન્ને બાબતોનો જાણકાર જ ગ્રહણ અને આસેવનરૂપ સાચી શિક્ષા પ્રાપ્ત કરે છે.

૧૭૧. આ પાંચ કારણોને લઈને શિક્ષા પ્રાપ્ત થતી નથી : ૧. અભિમાન, ૨. ક્રોધ, ૩. પ્રમાદ, ૪. રોગ અને ૫. આળસ.

૧૭૨-૧૭૩. આ આઠ સ્થિતિઓ અથવા કારણોને લઈને માણસને શિક્ષણ-શીલ કહેવામાં આવે છે : ૧. હાંસી–મજાક ન ઉડાવવી, ૨. હમેશાં ઇંદ્રિય અને મનનું દમન કરવું, ૩. કોઈની ગુપ્ત વાત પ્રકાશમાં ન આણવી, ૪, અશીલ (સર્વ પ્રકારે આચારવિહીન) ન બનવું, ૫. વિશીલ (દોષોથી કલંકિત) ન બનવું, ૬. અતિશય રસલોલુપતા ન હોવી, ૭. અક્રોધી રહેવું, તથા ૮. સત્યમાં રત રહેવું.

૧૭૪. વ્યક્તિને જ્ઞાન અને ચિત્તની એકાગ્રતા અધ્યયન દ્વારા પ્રાપ્ત થાય છે. એ પોતે ધર્મમાં સ્થિર થાય છે અને બીજાને પણ સ્થિર બનાવે છે. તેમજ અનેક પ્રકારનાં શાસ્ત્રોનું અધ્યયન કરીને એ શ્રુતસમાધિમાં લીન બની જાય છે.

१७५. **वसे गुरुकुले निच्चं, जोगवं उवहाणवं ।**
पियंकरे पियंवाई, से सिक्खं लद्धुमरिहई ॥६॥
वसेद् गुरुकुले नित्यं, योगवानुपधानवान् ।
प्रियंकरः प्रियवादी, स शिक्षां लब्धुमर्हति ॥६॥

१७६. **जह दीवा दीवसयं, पइप्पए सो य दिप्पए दीवो ।**
दीवसमा आयरिया, दिप्पंति परं च दीवेंति ॥७॥
यथा दीपात् दीपशतं, प्रदीप्यते स च दीप्यते दीपः ।
दीपसमा आचार्याः, दीप्यन्ते परं च दीपयन्ति ॥७॥

१५. आत्मसूत्र

१७७. **उत्तमगुणाण धामं, सव्वदव्वाण उत्तमं दव्वं ।**
तच्चाण परं तच्चं, जीवं जाणेह णिच्छयदो ॥१॥
उत्तमगुणानां धामं, सर्वद्रव्याणां उत्तमं द्रव्यम् ।
तत्त्वानां परं तत्त्वं, जीवं जानीत निश्चयतः ॥१॥

१७८. **जीवा हवंति तिविहा, बहिरप्पा तह य अंतरप्पा य ।**
परमप्पा वि य दुविहा, अरहंता तह य सिद्धा य ॥२॥
जीवाः भवन्ति त्रिविधाः, बहिरात्मा तथा च अन्तरात्मा च ।
परमात्मानः अपि च द्विविधाः, अर्हन्तः तथा च सिद्धाः च ॥२॥

१७९. **अक्खाणि बहिरप्पा, अंतरप्पा हु अप्पसंकप्पो ।**
कम्मकलंक-विमुक्को, परमप्पा भण्णए देवो ॥३॥
अक्षाणि बहिरात्मा, अन्तरात्मा खलु आत्मसंकल्पः ।
कर्मकलङ्कविमुक्तः, परमात्मा भण्यते देवः ॥३॥

१८०. **ससरीरा अरहंता, केवलणाणेण मुणिय-सयलत्था ।**
णाणसरीरा सिद्धा, सव्वुत्तम-सुक्ख-संपत्ता ॥४॥
सशरीराः अर्हन्तः, केवलज्ञानेन ज्ञातसकलार्थाः ।
ज्ञानशरीराः सिद्धाः, सर्वोत्तमसौख्यसंप्राप्ताः ॥४॥

૧૭૫. જે હમેશાં ગુરુકુળમાં વાસ કરે છે, જે ઉપધાન (શ્રુતના અધ્યયન સમયે) તપ કરે છે, જે પ્રિય કરે છે અને જે પ્રિય બોલે છે તે શિક્ષા પ્રાપ્ત કરી શકે છે.

૧૭૬. જેવી રીતે એક દીપમાંથી સેંકડો દીપો જ્વલી ઊઠે છે અને એ પોતે દીપ્ત રહે છે તેવી રીતે આચાર્ય દીપક જેવા છે. એ પોતે પ્રકાશવાન રહે છે અને બીજાને પણ પ્રકાશિત કરે છે.

૧૫. આત્મસૂત્ર

૧૭૭. જીવ ઉત્તમ ગુણોનું આશ્રય સ્થાન છે, બધાં દ્રવ્યોમાં ઉત્તમ દ્રવ્ય છે અને સર્વ તત્ત્વોમાં પરમ તત્ત્વ છે એમ તમે નિશ્ચયપૂર્વક જાણો.

૧૭૮. જીવ ત્રણ પ્રકારના છે : બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. પરમાત્માના બે પ્રકાર છે, અર્હંત્ અને સિદ્ધ.

૧૭૯. ઇંદ્રિય-સમૂહ ને આત્મા માનનાર બહિરાત્મા છે; આત્મ-સંકલ્પ—દેહથી ભિન્ન આત્માને સ્વીકારનાર અંતરાત્મા છે. કર્મ-કલંકથી વિમુક્ત આત્મા પરમાત્મા છે.

૧૮૦. કેવલજ્ઞાન દ્વારા તમામ પદાર્થોને જાણનાર સશરીરી જીવ અર્હંત્ કહેવાય છે તથા સર્વોત્તમ સુખ એટલે કે મોક્ષ જેણે મેળવ્યો છે એવા જ્ઞાન-શરીરી જીવને સિદ્ધ કહે છે.

१८१. **आरुहवि अंतरप्पा, बहिरप्पो छंडिऊण तिविहेण ।**
झाइज्जइ परमप्पा, उवइट्ठं जिणवरिंदेहिं ॥५॥
आरुह्य अन्तरात्मानं, बहिरात्मानं त्यक्त्वा त्रिविधेन ।
ध्यायते परमात्मा, उपदिष्टं जिनवरेन्द्रैः ॥५॥

१८२. **चउगइभवसंभमणं, जाइजरामरण-रोयसोका य ।**
कुलजोणिजीवमग्गण-ठाणा जीवस्स णो संति ॥६॥
चतुर्गतिभवसंभ्रमणं, जातिजरामरण-रोगशोकाश्च ।
कुलयोनिजीवमार्गणा-स्थानानि जीवस्य नो सन्ति ॥६॥

१८३. **वण्णरसगंधफासा, थीपुंसणवुंसयादि-पज्जाया ।**
संठाणा संहणणा, सव्वे जीवस्स णो संति ॥७॥
वर्णरसगन्धस्पर्शाः, स्त्रीपुंनपुंसकादि-पर्यायाः ।
संस्थानानि संहननानि, सर्वे जीवस्य नो सन्ति ॥७॥

१८४. **एदे सव्वे भावा, ववहारणयं पडुच्च भणिदा हु ।**
सव्वे सिद्धसहावा, सुद्धणया संसिदी जीवा ॥८॥
एते सर्वे भावाः व्यवहारनयं प्रतीत्य भणिताः खलु ।
सर्वे सिद्धस्वभावाः, शुद्धनयात् संसृतौ जीवाः ॥८॥

१८५. **अरसमरूवमगंधं, अव्वत्तं चेदणागुणमसद्दं ।**
जाण अलिंगग्गहणं, जीवमणिद्दिट्ठसंठाणं ॥९॥
अरसमरूपमगन्धम् अव्यक्तं चेतनागुणमशब्दम् ।
जानीह्यलिंगग्रहणं, जीवमनिर्दिष्टसंस्थानम् ॥९॥

१८६. **णिद्दंडो णिद्दंदो, णिम्ममो णिक्कलो णिरालंबो ।**
णीरागो णिद्दोसो, णिम्मूढो णिब्भयो अप्पा ॥१०॥
निर्दण्डः निर्द्वन्द्वः, निर्ममः निष्कलः निरालम्बः ।
नीरागः निर्द्वेषः, निर्मूढः निर्भयः आत्मा ॥१०॥

१८७. **णिग्गंथो णीरागो, णिस्सल्लो सयलदोसणिम्मुक्को ।**
णिक्कामो णिक्कोहो, णिम्माणो णिम्मदो अप्पा ॥११॥
निर्ग्रन्थो नीरागो, निःशल्यः सकलदोषनिर्मुक्तः ।
निष्कामो निष्क्रोधो, निर्मानो निर्मदः आत्मा ॥११॥

૧૮૧. મન વચન અને કાયાથી બહિરાત્માને છોડીને અંતરાત્મામાં આરોહણ કર અને એ રીતે પરમાત્માનું ધ્યાન ધર એમ જિનેશ્વરદેવે કહ્યું છે.

૧૮૨. ચતુર્ગતિરૂપ ભવભ્રમણ, જન્મ, ઘડપણ મરણ, રોગ, શોક તથા કુલ, યોનિ, જીવસ્થાન અને માર્ગણાસ્થાન વગેરે શુદ્ધ આત્મામાં નથી.

૧૮૩. શુદ્ધ આત્મામાં વર્ણ, રસ, ગંધ, સ્પર્શ તથા સ્ત્રી, ગુરુ, નપુંસક વગેરે પર્યાયો તથા સંસ્થાન અને સંહનન નથી.

૧૮૪. આ સર્વ ભાવો વ્યવહારનયની અપેક્ષાએ કહેવામાં આવ્યા છે. શુદ્ધનય (નિશ્ચયનય) ની અપેક્ષાએ સંસારી જીવ પણ સિદ્ધ સ્વરૂપ છે.

૧૮૫. વાસ્તવિક રીતે શુદ્ધ આત્મા અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, ચૈતન્ય ગુણવાળો અશબ્દ, અલિંગ-ગ્રાહ્ય (અનુમાનનો અવિષય) અને સંસ્થાનરહિત છે.

૧૮૬. આત્મા મન, વચન અને કાયરૂપી ત્રણ દંડથી રહિત નિર્દ્વન્દ્વ, એકલો, મમત્વરહિત, શરીરરહિત, નિરાલંબ (પરદ્રવ્યના અવલંબન વિનાનો) વીતરાગ, નિર્દોષ, મોહરહિત, તથા ભયરહિત છે.

૧૮૭. એ (આત્મા) નિર્ગ્રન્થ (ગ્રંથિરહિત) છે નિઃશલ્ય (નિદાન, માયા અને મિથ્યાદર્શનશલ્યથી રહિત), સર્વ દોષોથી મુક્ત છે, નિષ્કામ (કામનારહિત) છે અને નિષ્ક્રોધ, નિર્માન તથા નિર્મદ છે.

१८८. णवि होदि अप्पमत्तो, ण पमत्तो जाणओ दु जो भावो ।
एवं भणंति सुद्धं, णाओ जो सो उ सो चेव ॥१२॥
नापि भवत्यप्रमत्तो, न प्रमत्तो ज्ञायकस्तु यो भावः ।
एवं भणन्ति शुद्धं, ज्ञातो यः स तु स चैव ॥१२॥

१८९. णाहं देहो ण मणो, ण चेव वाणी ण कारणं तेसिं ।
कत्ता ण ण कारयिदा, अणुमंता णेव कत्तीणं ॥१३॥
नाहं देहो न मनो, न चैव वाणी न कारणं तेषाम् ।
कर्त्ता न न कारयिता, अनुमन्ता नैव कर्तृणाम् ॥१३॥

१९०. को णाम भणिज्ज बुहो, णाणं सव्वे पराइए भावे ।
मज्झमिणं ति य वयणं, जाणंतो अप्पयं सुद्धं ॥१४॥
को नाम भणेद् बुधः, ज्ञात्वा सर्वान् परकीयान् भावान् ।
ममेदमिति च वचनं, जानन्नात्मकं शुद्धम् ॥१४॥

१९१. अहमिक्को खलु सुद्धो, णिम्ममओ णाणदंसणसमग्गो ।
तम्हि ठिओ तच्चित्तो, सव्वे एए खयं णेमि ॥१५॥
अहमेकः खलु शुद्धः, निर्ममतः ज्ञानदर्शनसमग्रः ।
तस्मिन् स्थितस्तच्चित्तः, सर्वानेतान् क्षयं नयामि ॥१५॥

●

૧૮૮. આત્મા જ્ઞાયક છે. જે જ્ઞાયક હોય છે એ નથી હોતો અપ્રમત્ત અને નથી હોતો પ્રમત્ત. જે અપ્રમત્ત અને પ્રમત્ત નથી હોતો એ શુદ્ધ હોય છે. આત્મા જ્ઞાયકરૂપમાં જ જ્ઞાત છે અને એ શુદ્ધ અર્થમાં જ્ઞાયક જ છે. એમાં જ્ઞેયકૃત અશુદ્ધતા નથી.*

૧૮૯. હું (આત્મા) નથી શરીર, નથી મન, નથી વાણી, અને નથી એમનું કારણ. હું નથી કર્ત્તા, નથી કરાવનાર, અને કર્તાને નથી અનુમોદનાર.

૧૯૦. આત્માના શુદ્ધ સ્વરૂપને જાણવાવાળો તથા પરકીય (આત્મ-વ્યતિરિક્ત ભાવોને જાણવાવાળો એવો કયો જ્ઞાની હશે જે "આ મારું છે" એવું કહેશે ?

૧૯૧. હું એક છું, શુદ્ધ છું, મમતારહિત છું તથા જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું. પોતામા આ શુદ્ધ સ્વભાવમાં સ્થિત અને તન્મય બની હું આ બધા (પરકીય ભાવો) નો ક્ષય કરું છું.

●

* ગુણસ્થાનની દ્રષ્ટિએ જીવને છઠ્ઠા ગુણસ્થાન સુધી પ્રમત્ત અને સાતમાથી અપ્રમત્ત કહેવામાં આવે છે. આ બન્ને દિશાઓ શુદ્ધ જીવની નથી.

સમણસુત્તં

(જૈનધર્મસાર)

દ્વિતીય ખંડ

મોક્ષમાર્ગ

१६. मोक्षमार्गसूत्र

१९२. मग्गो मग्गफलं ति य, दुविहं जिणसासणे समक्खादं ।
मग्गो खलु सम्मत्तं मग्गफलं होइ णिव्वाणं ॥१॥
मार्गः मार्गफलम् इति च द्विविधं जिनशासने समाख्यातम् ।
मार्गः खलु सम्यक्त्वं मार्गफलं भवति निर्वाणम् ॥१॥

१९३. दंसणणाणचरित्ताणि, मोक्खमग्गो त्ति सेविदव्वाणि ।
साधूहि इदं भणिदं, तेहिं दु बंधो व मोक्खो वा ॥२॥
दर्शनज्ञानचारित्राणि, मोक्षमार्ग इति सेवितव्यानि ।
साधुभिरिदं भणितं, तैस्तु बन्धो वा मोक्षो वा ॥२॥

१९४. अण्णाणादो णाणी, जदि मण्णदि सुद्धसंपओगादो ।
हवदि त्ति दुक्खमोक्खं, परसमयरदो हवदि जीवो ॥३॥
अज्ञानात् ज्ञानी, यदि मन्यते शुद्धसम्प्रयोगात् ।
भवतीति दुःखमोक्षः, परसमयरतो भवति जीवः ॥३॥

१९५. वदसमिदीगुत्तीओ, सीलतवं जिणवरेहि पण्णत्तं ।
कुव्वंतो वि अभव्वो, अण्णाणी मिच्छदिट्ठी दु ॥४॥
व्रतसमितिगुप्तीः शीलतपः जिनवरैः प्रज्ञप्तम् ।
कुर्वन् अपि अभव्यः अज्ञानी मिथ्यादृष्टिस्तु ॥४॥

१९६. णिच्छयववहारसरूवं, जो रयणत्तयं ण जाणइ सो ।
जे कीरइ तं मिच्छा-रूवं सव्वं जिणुद्दिट्ठं ॥५॥
निश्चयव्यवहारस्वरूपं, यो रत्नत्रयं न जानाति सः ।
यत् करोति तन्मिथ्या-रूपं सर्वं जिनोद्दिष्टम् ॥५॥

१९७. सद्दहदि य पत्तेदि य, रोचेदि य तह पुणो य फासेदि ।
धम्मं भोगणिमित्तं, ण दु सो कम्मक्खयणिमित्तं ॥६॥
श्रद्दधाति च प्रत्येति च, रोचयति च तथा पुनश्च स्पृशति ।
धर्मं भोगनिमित्तं, न तु स कर्मक्षयनिमित्तम् ॥६॥

૧૯૨. જિનશાસનમાં 'માર્ગ' તથા 'માર્ગફળ' આ બે પ્રકારો કહેવામાં આવ્યા છે. 'માર્ગ' 'મોક્ષ'નો ઉપાય છે. એનું 'ફળ' 'નિર્વાણ' અથવા 'મોક્ષ' છે.

૧૯૩. (સમ્યક્) દર્શન, જ્ઞાન, ચારિત્ર તથા તપને જિનેન્દ્રદેવે મોક્ષનો માર્ગ કહ્યો છે. નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારનો એ છે.

૧૯૪. અજ્ઞાનવશ જો જ્ઞાની પણ એવું માનવા લાગે કે શુદ્ધ સંપ્રયોગ અર્થાત્ ભક્તિ વગેરે શુભ ભાવથી મુક્તિ મળે છે તો એ પણ રાગનો અંશ હોવાને કારણે પર-સમયરત બન્યો કહેવાય.

૧૯૫. જિનેન્દ્રદેવ દ્વારા પ્રરૂપિત વ્રત, સમિતિ, ગુપ્તિ, શીલ અને તપનું આચરણ કરતો હોય છતાં પણ અભવ્ય જીવ અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ જ છે.

૧૯૬. જિનેન્દ્રદેવે એ ઉપદેશ આપ્યો છે કે નિશ્ચય અને વ્યવહાર-સ્વરૂપ રત્નત્રય (દર્શન, જ્ઞાન, ચારિત્ર) ને જે નથી જાણતો તેનું તમામ આચરણ મિથ્યારૂપ છે.

૧૯૭. અભવ્ય જીવ જો કે ધર્મમાં વિશ્વાસ રાખે છે, એની પ્રતીતિ કરે છે, એમાં રુચિ રાખે છે, એનું પાલન પણ કરે છે છતાં એ બધું ધર્માચરણ ભોગનું નિમિત્ત છે એમ સમજી કરે છે, કર્મક્ષયનું કારણ સમજીને નથી કરતો.

१९८. **सुहपरिणामो पुण्णं, असुहो पाव त्ति भणियमन्नेसु ।**
परिणामो णन्नगदो, दुक्खक्खयकारणं समये ॥७॥
शुभपरिणामः पुण्यं अशुभः पापमिति भणितमन्येषु ।
परिणामो नान्यगतो, दुःखक्षयकारणं समये ॥७॥

१९९. **पुण्णं पि जो समिच्छदि, संसारो तेण ईहिदो होदि ।**
पुण्णं सुगईहेदुं, पुण्णखएणेव णिव्वाणं ॥८॥
पुण्यमपि यः समिच्छति, संसारः तेन ईहितः भवति ।
पुण्यं सुगतिहेतुः, पुण्यक्षयेण एव निर्वाणम् ॥८॥

२००. **कम्ममसुहं कुसीलं, सुहकम्मं चावि जाण व सुसीलं ।**
कह तं होदि सुसीलं, जं संसारं पवेसेदि ॥९॥
कर्म अशुभं कुशीलं, शुभकर्म चापि जानीहि वा सुशीलम् ।
कथं तद् भवति सुशीलं, यत् संसारं प्रवेशयति ॥९॥

२०१. **सोवण्णियं पि णियलं, बंधदि कालायसं पि जह पुरिसं ।**
बंधदि एवं जीवं, सुहमसुहं वा कदं कम्मं ॥१०॥
सौवर्णिकमपि निगलं, बध्नाति कालायसमपि यथा पुरुषम् ।
बध्नात्येवं जीवं, शुभमशुभं वा कृतं कर्म ॥१०॥

२०२. **तम्हा दु कुसीलेहिं य, रायं मा कुणह मा व संसग्गं ।**
साहीणो हि विणासो, कुसीलसंसग्गरायेण ॥११॥
तस्मात्तु कुशीलैश्च, रागं मा कुरुत मा वा संसर्गम् ।
स्वाधीनो हि विनाशः कुशीलसंसर्गरागेण ॥११॥

२०३. **वरं वयतवेहि सग्गो, मा दुक्खं होउ णिरइ इयरेहिं ।**
छायातवट्ठियाणं, पडिवालंताण गुरुभेयं ॥१२॥
वरं व्रततपोभिः स्वर्गः, मा दुःखं भवतु निरये इतरैः ।
छायाऽऽतपस्थितानां, प्रतिपालयतां गुरुभेदः ॥१२॥

२०४. **खयरामरमणुय-करंजलि-मालाहिं च संथुया विउला ।**
चक्कहररायलच्छी, लब्भई बोही ण भव्वणुआ ॥१३॥
च खामरमनुज-कराञ्जलि-मालाभिश्च संस्तुता विपुला ।
चक्रधरराजलक्ष्मीः, लभ्यते बोधिः न भव्यनुता ॥१३॥

૧૯૮. (એ નથી જાણતો કે) પરદ્રવ્યમાં પ્રવૃત્ત શુભ પરિણામ પુણ્ય કહેવાય અને અશુભ પરિણામ પાપ. (ધર્મ) અનન્યગત અર્થાત્ સ્વ-દ્રવ્યમાં પ્રવૃત્ત પરિણામ છે જે યથાસમય દુઃખોના ક્ષયનું કારણ બને છે.

૧૯૯. જે પુણ્યની ઇચ્છા કરે છે એ સંસારની જ ઇચ્છા કરે છે. પુણ્ય સદ્ગતિનો હેતુ (જરૂર) છે, પરંતુ નિર્વાણ તો પુણ્યના ક્ષયથી જ થાય છે.

૨૦૦. અશુભ કર્મને કુશીલ અને શુભ કર્મને સુશીલ જાણો. પરંતુ જેના દ્વારા સંસારમાં પ્રવેશ થાય છે એને સુશીલ કેવી રીતે કહી શકાય ?

૨૦૧. પુરુષને બન્ને બેડીઓ બાંધે છે ભલે પછી એ બેડી સોનાની હોય કે લોખંડની હોય. આ પ્રમાણે જ જીવને એનાં શુભ-અશુભ કર્મો બાંધે છે.

૨૦૨. એટલા માટે (પરમાર્થ દૃષ્ટિએ) બન્ને પ્રકારનાં કર્મોને કુશીલ જાણી એની સાથે ન રાગ કરવો જોઇએ અને ન એનો સંસર્ગ પણ, કારણ કે કુશીલ (કર્મ) તરફ રાગ અને સંસર્ગ કરવાથી સ્વાધીનતા નષ્ટ થાય છે.

૨૦૩. (તો પણ) વ્રત અને તપ વગેરે દ્વારા સ્વર્ગપ્રાપ્તિ ઉત્તમ છે. એ ન કરીએ તો નરક વગેરેનું દુઃખ ઉઠાવવું પડે એ ઠીક નથી. કારણ કે કષ્ટ સહીને તડકામાં ઊભા રહેવું એના કરતાં છાંયડામાં ઊભા રહેવું એ ઘણું સારું છે. (આ ન્યાયે લોકમાં પુણ્યની સર્વથા ઉપેક્ષા ઉચિત ન કહેવાય).

૨૦૪. (એમાં સંદેહ નથી કે) શુભ ભાવપૂર્વક વિદ્યાધર, દેવ, તથા મનુષ્યની હાથ જોડીને કરેલી સ્તુતિઓ દ્વારા ચક્રવર્તી સમ્રાટની વિપુલ રાજ્યલક્ષ્મી પણ પ્રાપ્ત થઇ શકે છે, પરંતુ સમ્યક્-સંબોધિ પ્રાપ્ત નથી થતી.

२०५. **तत्थ ठिच्चा जहाठाणं, जक्खा आउक्खए चुया ।**
उवेन्ति माणुसं जोणिं, सेदुसंगेऽभिजायए ॥१४॥
तत्र स्थित्वा यथास्थानं, यक्षा आयुःक्षये च्युताः ।
उपयान्ति मानुषीं योनिम्, स दशाङ्गोऽभिजायते ॥१४॥

२०६-२०७. **भोच्चा माणुस्सए भोए, अप्पडिरूवे अहाउयं ।**
पुव्वं विसुद्धसद्धम्मे, केवलं बोहि बुज्झिया ॥१५॥
चउरंगं* दुल्लहं मत्ता, संजमं पडिवज्जिया ।
तवसा धुयकम्मंसे, सिद्धे हवइ सासए ॥१६॥
भुक्त्वा मानुष्कान् भोगान्, अप्रतिरूपान् यथायुष्कम् ।
पूर्वं विशुद्धसद्धर्मा, केवलां बोधिं बुद्ध्वा ॥१५॥
चतुरङ्गं दुर्लभं ज्ञात्वा, संयमं प्रतिपद्य ।
तपसा धूतकर्मांशः, सिद्धो भवति शाश्वतः ॥१६॥

१७. रत्नत्रयसूत्र

(अ) व्यवहार-रत्नत्रय

२०८. **धम्मादीसद्दहणं, सम्मत्तं णाणमंगपुव्वगदं ।**
चिट्ठा तवंसि चरिया, ववहारो मोक्खमग्गो त्ति ॥१॥
धर्मादिश्रद्धानं, सम्यक्त्वं ज्ञानमङ्गपूर्वगतम् ।
चेष्टा तपसि चर्या, व्यवहारो मोक्षमार्ग इति ॥१॥

२०९. **नाणेण जाणई भावे, दंसणेण य सद्दहे ।**
चरित्तेण निगिण्हाइ, तवेण परिसुज्झई ॥२॥
ज्ञानेन जानाति भावान्, दर्शनेन च श्रद्धत्ते ।
चारित्रेण निगृह्णाति, तपसा परिशुध्यति ॥२॥

२१०. **नाणं चरित्तहीणं, लिंगग्गहणं च दंसणविहीणं ।**
संजमहीणं च तवं, जो चरइ निरत्थयं तस्स ॥३॥
ज्ञानं चरित्रहीनं, लिङ्गग्रहणं च दर्शनविहीनम् ।
संयमविहीनं च तपः, यः चरति निरर्थकं तस्य ॥३॥

---

* मनुष्यत्व, श्रुति, श्रद्धा, वीर्य

૨૦૫. (પુણ્ય પ્રતાપે) દેવ લોકમાં યથાસ્થાન રહીને આયુષ્યક્ષય થયા પછી દેવગણ ત્યાંથી પાછો ફરી મનુષ્યયોનિમાં જન્મ લે છે. ત્યાં તે દશાંગ ભોગ-સામગ્રી ભોગવે છે.

૨૦૬-૨૦૭. જીવન પર્યંત અનુપમ માનવીય ભોગોને ભોગવીને પૂર્વજન્મમાં વિશુદ્ધ યોગ્ય ધર્મારાધનને કારણે નિર્મળ બોધિનો અનુભવ કરે છે અને ચાર અંગો (મનુષ્યત્વ, શ્રુતિ, શ્રદ્ધા, તથા વીર્ય) ને દુર્લભ જાણી એ સંયમધર્મનો સ્વીકાર કરે છે અને ફરી તપશ્ચર્યા દ્વારા કર્મોનો નાશ કરી શાશ્વત સિદ્ધપદને પામે છે.

૧૭. રત્નત્રયસૂત્ર

(અ) **વ્યવહાર—રત્નત્રય**

૨૦૮. ધર્મ વગેરે (છ દ્રવ્ય તથા તત્ત્વાર્થ વગેરે) ની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છે. અંગસૂત્ર તથા પૂર્વોના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહે છે. તપ માટે પ્રયત્નશીલ બનવું એને સમ્યક્ ચારિત્ર કહે છે. આને વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે.

૨૦૯. મનુષ્ય જ્ઞાનથી જીવાદિ પદાર્થોને જાણે છે, દર્શનથી એમાં શ્રદ્ધા કેળવે છે, ચારિત્રથી (કર્માસ્રવનો) નિરોધ કરે છે, અને તપથી વિશુદ્ધ બને છે.

૨૧૦. (ત્રણેય એક-બીજાના પૂરક છે એટલા માટે જ કહેવામાં આવ્યું છે કે) ચારિત્ર વિનાનું જ્ઞાન, સમ્યગ્દર્શન વિનાનું મુનિપણું અને સંયમ વિનાનું તપશ્ચરણ નિરર્થક છે.

२११. नादंसणिस्स नाणं, नाणेण विणा न हुंति चरणगुणा ।
अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमोक्खस्स निव्वाणं ॥४॥
नादर्शनिनो ज्ञानं, ज्ञानेन विना न भवन्ति चरणगुणाः ।
अगुणिनो नास्ति मोक्षः, नास्त्यमोक्षस्य निर्वाणम् ॥४॥

२१२. हयं नाणं कियाहीणं, हया अण्णाणओ किया ।
पासंतो पंगुलो दड्ढो, धावमाणो य अंधओ ॥५॥
हतं ज्ञानं क्रियाहीनं, हताऽज्ञानतः क्रिया ।
पश्यन् पङ्गुलः दग्धो, धावमानश्च अन्धकः ॥५॥

२१३. संजोअसिद्धीइ फलं वयंति, न हु एगचक्केण रहो पयाइ ।
अंधो य पंगू य वणे समिच्चा, ते संपउत्ता नगरं पविट्ठा ॥६॥
संयोगसिद्धौ फलं वदन्ति, न खल्वेकचक्रेण रथः प्रयाति ।
अन्धश्च पङ्गुश्च वने समेत्य, तौ संप्रयुक्तौ नगरं प्रविष्टौ ॥६॥

(आ) निश्चय-रत्नत्रय

२१४. सम्मद्दंसणणाणं, एसो लहदि त्ति णवरि ववदेसं ।
सव्वणयपक्खरहिदो, भणिदो जो सो समयसारो ॥७॥
सम्यग्दर्शनज्ञानमेष लभते इति केवलं व्यपदेशम् ।
सर्वनयपक्षरहितो, भणितो यः स समयसारः ॥७॥

२१५. दंसणणाणचरित्ताणि, सेवितव्वाणि साहुणा णिच्चं ।
ताणि पुण जाण तिण्णि वि, अप्पाणं चेव णिच्छयदो ॥८॥
दर्शनज्ञानचारित्राणि, सेवितव्यानि साधुना नित्यम् ।
तानि पुनर्जानीहि, त्रीण्यप्यात्मानं चैव निश्चयतः ॥८॥

२१६. णिच्छयणयेण भणिदो, तिहि तेहिं समाहिदो हु जो अप्पा ।
ण कुणदि किंचि वि अन्नं, ण मुयदि सो मोक्खमग्गो त्ति ॥९॥
निश्चयनयेन भणित-स्त्रिभिस्तैः, समाहितः खलु यः आत्मा ।
न करोति किंचिदप्यन्यं, न मुञ्चति स मोक्षमार्ग इति ॥९॥

૨૧૧. સમ્યગ્દર્શન વિના જ્ઞાન થતું નથી. જ્ઞાન વિના ચારિત્રગુણ નથી. ચારિત્ર વિના મોક્ષ (કર્મક્ષય) નથી અને મોક્ષ વિના નિર્વાણ (અનંત આનંદ) નથી.

૨૧૨. જેવી રીતે પાંગળી વ્યક્તિ વગડામાં લાગેલી આગને જોઇને પણ ભાગવામાં અસમર્થ હોઈ બળી મરે છે અને આંધળી વ્યકિત દોડી શકવા છતાં જોવામાં અસમર્થ હોવાથી બળી મરે છે તેવી રીતે ક્રિયા વિનાનું જ્ઞાન વ્યર્થ છે અને અજ્ઞાનીઓની ક્રિયા વ્યર્થ છે.

૨૧૩. જેવી રીતે વગડામાં પાંગળો અને આંધળો મળ્યા અને બન્નેના પારસ્પરિક સંપ્રયોગથી (વગડામાંથી નીકળી) બન્ને નગરમાં પ્રવિષ્ટ થયાં તેવી રીતે કહેવામાં આવે છે કે જ્ઞાન અને ક્રિયાના સંયોગથી જ ફલ પ્રાપ્તિ થાય છે. એક પૈડાથી રથ ચાલતો નથી.

(આ) **નિશ્ચય-રત્નત્રય સૂત્ર**

૨૧૪. જે તમામ નય-પક્ષોથી રહિત છે તે જ સમયસાર છે. એને જ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનની સંજ્ઞા પ્રાપ્ત થાય છે.

૨૧૫. સાધુઓએ હમેશાં દર્શન, જ્ઞાન અને ચારિત્રનું પાલન કરવું જોઈએ. નિશ્ચયનયાનુસાર આ ત્રણેયને આત્મા જ સમજવો જોઇએ. આ ત્રણેય આત્મસ્વરૂપ જ છે. એટલા માટે નિશ્ચયથી આત્માનું સેવન જ ઉચિત છે.

૨૧૬. જે આત્મા આ ત્રણેયથી સમાહિત બને છે અને બીજું કાંઈ નથી કરતો તથા નથી કાંઈ છોડતો એને જ નિશ્ચયનયથી મોક્ષમાર્ગ કહેવામાં આવે છે.

२१७. **अप्पा अप्पम्मि रओ, सम्माइट्ठी हवेइ फुडु जीवो ।**
जाणइ तं सण्णाणं, चरदिह चारित्तमग्गु त्ति ॥१०॥
आत्मा आत्मनि रतः, सम्यग्दृष्टिः भवति स्फुटं जीवः ।
जानाति तत् संज्ञानं, चरतीह चारित्रमार्ग इति ॥१०॥

२१८. **आया हु महं नाणे, आया मे दंसणे चरित्ते य ।**
आया पच्चक्खाणे, आया मे संजमे जोगे ॥११॥
आत्मा खलु मम ज्ञानं, आत्मा मे दर्शनं चरित्रं च ।
आत्मा प्रत्याख्यानं, आत्मा मे संयमो योगः ॥११॥

१८. सम्यग्दर्शनसूत्र

(अ) व्यवहार-सम्यक्त्व : निश्चय-सम्यक्त्व

२१९. **सम्मत्तरयणसारं, मोक्खमहारुक्खमूलमिदि भणियं ।**
तं जाणिज्जइ णिच्छय–ववहारसरूवदोभेयं ॥१॥
सम्यक्त्वरत्नसारं, मोक्षमहावृक्षमूलमिति भणितम् ।
तज्ज्ञायते निश्चय-व्यवहारस्वरूपद्विभेदम् ॥१॥

२२०. **जीवादी सद्दहणं, सम्मत्तं जिणवरेहिं पण्णत्तं ।**
ववहारा णिच्छयदो, अप्पा णं हवइ सम्मत्तं ॥२॥
जीवादीनां श्रद्धानं, सम्यक्त्वं जिनवरैः प्रज्ञप्तम् ।
व्यवहारात् निश्चयतः, आत्मा णं भवति सम्यक्त्वम् ॥२॥

२२१. **जं मोणं तं सम्मं, जं सम्मं तमिह होइ मोणं ति ।**
निच्छयओ इयरस्स उ, सम्मं सम्मत्तहेऊ वि ॥३॥
यन् मौनं तत् सम्यक्, यत् सम्यक् तदिह भवति मौनं इति ।
निश्चयतः इतरस्य तु, सम्यक्त्वं सम्यक्त्वहेतुरपि ॥३॥

२२२. **सम्मत्तविरहिया णं, सुट्ठु वि उग्गं तवं चरंता णं ।**
ण लहंति बोहिलाहं, अवि वाससहस्सकोडीहिं ॥४॥
सम्यक्त्वविरहिता णं, सुष्ठु अपि उग्रं तपः चरन्तः णं ।
न लभन्ते बोधिलाभं, अपि वर्षसहस्रकोटिभिः ॥४॥

૨૧૭. આ દૃષ્ટિએ આત્મામાં લીન આત્મા જ સમ્યગ્દૃષ્ટિ હોય છે. જે આત્માને યથાર્થરૂપમાં જાણે છે એ જ સમ્યગ્જ્ઞાન છે અને એમાં સ્થિત રહેવું એને જ સમ્યક્ ચારિત્ર કહે છે.

૨૧૮. આત્મા જ મારું જ્ઞાન છે. આત્મા જ દર્શન અને ચારિત્ર છે. આત્મા જ પ્રત્યાખ્યાન છે અને આત્મા જ સંયમ અને યોગ છે. અર્થાત્ આ તમામ આત્મરૂપ જ છે.

૧૮. સમ્યગ્દર્શનસત્ર

(અ) **વ્યવહાર-સમ્યક્ત્વ : નિશ્ચય સમ્યક્ત્વ**

૨૧૯. રત્નત્રયમાં સમ્યગ્દર્શન જ શ્રેષ્ઠ છે. અને આને જ મોક્ષરૂપી મહાવૃક્ષનું મૂળ કહેવામાં આવ્યું છે. આ નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારનું છે.

૨૨૦. વ્યવહારનયથી જીવાદી તત્ત્વોમાં શ્રદ્ધા રાખવી એને જિનદેવે સમ્યક્ત્વ કહ્યું છે. નિશ્ચયનયથી તો આત્મા જ સમ્યગ્દર્શન છે.

૨૨૧. (અથવા) નિશ્ચયનયથી જે મૌન છે એને જ સમ્યગ્દર્શન કહે છે. અને જે સમ્યગ્દર્શન છે એ જ મૌન છે. વ્યવહારથી જે નિશ્ચય-સમ્યગ્દર્શનનો હેતુ છે તે પણ સમ્યગ્દર્શન છે.

૨૨૨. સમ્યક્ત્વ વિનાની વ્યક્તિ હજારો કરોડો વર્ષ સુધી રૂડી રીતે ઉગ્ર તપ કરે તો પણ બોધિ પ્રાપ્ત કરતી નથી.

२२३. **दंसणभट्ठा भट्ठा, दंसणभट्ठस्स णत्थि णिव्वाणं ।**
सिज्झंति चरियभट्ठा, दंसणभट्ठा ण सिज्झंति ॥५॥
दर्शनभ्रष्टाः भ्रष्टाः, दर्शनभ्रष्टस्य नास्ति निर्वाणम् ।
सिध्यन्ति चरितभ्रष्टाः, दर्शनभ्रष्टाः न सिध्यन्ति ॥५॥

२२४. **दंसणसुद्धो सुद्धो दंसणसुद्धो लहेइ णिव्वाणं ।**
दंसणविहीण पुरिसो, न लहइ तं इच्छियं लाहं ॥६॥
दर्शनशुद्धः शुद्धः, दर्शनशुद्धः लभते निर्वाणम् ।
दर्शनविहीनः पुरुषः, न लभते तम् इच्छितं लाभम् ॥६॥

२२५. **सम्मत्तस्स य लंभो, तेलोक्कस्स य हवेज्ज जो लंभो ।**
[सम्मद्दंसणलंभो, वरं खु तेलोक्कलंभादो ॥७॥
[सम्यक्त्वस्य च लाभ-स्त्रैलोकस्य च भवेत् यो लाभः ।
[सम्यग्दर्शनलाभो, वरं खलु त्रैलोक्यलाभात् ॥७॥

२२६. **किं बहुणा भणिएणं, जे सिद्धा णरवरा गए काले ।**
सिज्झिहिंति जे वि भविया, तं जाणइ सम्ममाहप्पं ॥८॥
किं बहुना भणितेन, ये सिद्धाः नरवराः गते काले ।
सेत्स्यन्ति येऽपि भव्याः, तद् जानीत सम्यक्त्वमाहात्म्यम् ॥८॥

२२७. **जह सलिलेण ण लिप्पइ, कमलिणिपत्तं सहावपयडीए ।**
तह भावेण ण लिप्पइ, कसायविसएहिं सप्पुरिसो ॥९॥
यथा सलिलेन न लिप्यते, कमलिनीपत्रं स्वभावप्रकृत्या ।
तथा भावेन न लिप्यते, कषायविषयैः सत्पुरुषः ॥९॥

२२८. **उवभोगमिंदियेहिं, दव्वाणमचेदणाणमिदराणं ।**
जं कुणदि सम्मदिट्ठी, तं सव्वं णिज्जरणिमित्तं ॥१०॥
उपभोगमिन्द्रियैः, द्रव्याणामचेतनानामितरेषाम् ।
यत् करोति सम्यग्दृष्टिः, तत् सर्वं निर्जरानिमित्तम् ॥१०॥

२२९. **सेवंतो वि ण सेवइ, असेवमाणो वि सेवगो कोई ।**
पगरणचेट्ठा कस्स वि, ण य पायरणो त्ति सो होई ॥११॥
सेवमानोऽपि न सेवते, असेवमानोऽपि सेवकः कश्चित् ।
प्रकरणचेष्टा कस्यापि, न च प्राकरण इति स भवति ॥११॥

૨૨૩. જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે તે જ ભ્રષ્ટ છે. દર્શન-ભ્રષ્ટને કદિ પણ નિર્વાણ-પ્રાપ્તિ થતી નથી. ચારિત્રવિહીન સમ્યગ્દૃષ્ટિ તો (ચારિત્ર ધારણ કરીને) સિદ્ધિ પ્રાપ્ત કરી વાળે છે. પરંતુ સમ્યગ્દર્શનથી રહિત સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી.

૨૨૪. (વાસ્તવિક રીતે) જે સમ્યગ્દર્શનથી શુદ્ધ છે એ જ નિર્વાણ પ્રાપ્ત કરે છે. સમ્યગ્દર્શનવિહીન પુરુષ ઈષ્ટલાભ નથી કરી શકતો.

૨૨૫. એક તરફ સમ્યક્ત્વનો લાભ અને બીજી તરફ ત્રૈલોકયનો લાભ થતો હોય તો ત્રૈલોકયના લાભથી સમ્યગ્દર્શનનો લાભ શ્રેષ્ઠ છે.

૨૨૬. વધારે શું કહું ? અતીતકાળે જે શ્રેષ્ઠ વ્યક્તિઓ સિદ્ધત્વ પામી છે અને ભવિષ્યકાળે જે પામશે એ સમ્યક્ત્વનું જ માહાત્મ્ય છે.

૨૨૭. જેમ કમળના છોડનું પાંદડું સ્વભાવથી જ પાણીથી લેપાતું નથી તેમ સત્પુરુષ સમ્યક્ત્વના પ્રભાવથી કષાય અને વિષયોથી લેપાતો નથી.

૨૨૮. સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય પોતાની ઇંદ્રિયો દ્વારા ચેતન તથા અચેતન દ્રવ્યોનો જે કાંઈ ઉપભોગ કરે છે એ તમામ કર્મોની નિર્જરામાં સહાયક બને છે.

૨૨૯. કોઇક તો વિષયોનું સેવન કરતા હોવા છતાં સેવન કરતા નથી અને કોઈ સેવન ન કરતા હોવા છતાં વિષયોનું સેવન કરે છે. જેવી રીતે કોઈ પુરુષ વિવાહાદિ કાર્યમાં લાગ્યો રહ્યો હોવા છતાં પણ એ કાર્યનો સ્વામી નહિ હોવાથી કર્તા નથી ગણાતો.

२३०. **न कामभोगा समयं उवेंति, न यावि भोगा विगइं उवेंति ।**
जे तप्पओसी य परिग्गही य, सो तेसु मोहा विगइं उवेइ ॥१२॥
न कामभोगाः समतामुपयन्ति, न चापि भोगा विकृतिमुपयन्ति ।
यस्तत्प्रद्वेषी च परिग्रही च, स तेषु मोहाद् विकृतिमुपैति ॥१२॥

(आ) सम्यग्दर्शन-अंग

२३१. **निस्संकिय निक्कंखिय निव्वितिगिच्छा अमूढदिट्ठी य ।**
उववूह थिरीकरणे, वच्छल्ल पभावणे अट्ठ ॥१३॥
निःशंकितं निःकाङ्क्षितं, निर्विचिकित्सा अमूढदृष्टिश्च ।
उपबृंहा स्थिरीकरणे, वात्सल्य प्रभावेनाऽष्टौ ॥१३॥

२३२. **सम्मदिट्ठी जीवा, णिस्संका होंति णिब्भया तेण ।**
सत्तभयविप्पमुक्का, जम्हा तम्हा दु णिस्संका ॥१४॥
सम्यग्दृष्टयो जीवा निश्शङ्का भवन्ति निर्भयास्तेन ।
सप्तभयविप्रमुक्ता, यस्मात् तस्मात् तु निश्शङ्का ॥१४॥

२३३. **जो दु ण करेदि कंखं, कम्मफलेसु तह सव्वधम्मेसु ।**
सो णिक्कंखो चेदा, सम्मादिट्ठी मुणेयव्वो ॥१५॥
यस्तु न करोति काङ्क्षाम्, कर्मफलेषु तथा सर्वधर्मेषु ।
स निष्काङ्क्षश्चेतयिता, सम्यग्दृष्टिर्ज्ञातव्यः ॥१५॥

२३४. **नो सक्कियमिच्छई न पूयं, नो वि य वन्दणगं कुओ पसंसं ? ।**
से संजए सुव्वए तवस्सी, सहिए आयगवेसए स भिक्खू ॥१६॥
न सत्कृतिमिच्छति न पूजां, नोऽपि च वन्दनकं कुतः प्रशंसाम् ।
स संयतः सुव्रतस्तपस्वी, सहित आत्मगवेषकः स भिक्षुः ॥१६॥

२३५. **खाई-पूया-लाहं, सक्काराइं किमिच्छसे जोई ।**
इच्छसि जइ परलोयं, तेहिं किं तुज्झ परलोये ॥१७॥
ख्याति-पूजा-लाभं, सत्कारादि किमिच्छसि योगिन् ! ।
इच्छसि यदि परलोकं तैः किं तव परलोके ? ॥१७॥

૨૩૦. (આ પ્રમાણે) કામભોગ નથી સમભાવ ઉત્પન્ન કરતા અને નથી કરતા વિકૃતિ એટલે કે વિષમતા. જે એમના પ્રતિ દ્વેષ અને મમત્વ રાખે છે તે એમનામાં વિકૃતિને પ્રાપ્ત થાય છે.

(અ) **સમ્યગ્દર્શન-અંગ**

૨૩૧. સમ્યગ્દર્શનના આ આઠ અંગ છે : નિઃશંકા, નિષ્કાંક્ષા, નિર્વિચિકિત્સા, અમૂઢ દૃષ્ટી, ઉપગૂહન, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના.

૨૩૨. સમ્યગ્દૃષ્ટિ જીવ નિઃશંક હોય છે અને એ કારણે નિર્ભય પણ હોય છે. એ સાત પ્રકારના ભયો—આ લોકનો ભય, પરલોકનો ભય, અરક્ષા-ભય, અગુપ્તિ-ભય, મૃત્યુ-ભય, વેદના-ભય, અને અકસ્માત-ભય—થી રહિત હોય છે એટલા માટે નિઃશંક હોય છે. (અર્થાત્ નિઃશંકતા અને નિર્ભયતા બન્ને એક સાથે રહેનારા ગુણો છે.)

૨૩૩. જે સમસ્ત કર્મફલોમાં અને સંપૂર્ણ વસ્તુ-ધર્મોમાં કોઇ પણ પ્રકારની આકાંક્ષા નથી રાખતો એને નિષ્કાંક્ષ-સમ્યગ્દૃષ્ટિ સમજવો જોઇએ.

૨૩૪. જે સત્કાર, પૂજા અને વંદના સુદ્ધાં પણ નથી ચાહતો એ કોઇની પણ પ્રશંસાની અપેક્ષા કેવી રીતે કરે ?

૨૩૫. હે યોગી ! અગર જો તું પરલોકની આશા કરે છે તો ખ્યાતિ, લાભ, પૂજા અને સત્કારાદિ શા માટે ચાહે છે ? શું એથી તને પરલોકનું સુખ મળશે ?

२३६. **जो ण करेदि जुगुप्पं, चेदा सव्वेसिमेव धम्माणं ।**
सो खलु णिव्विदिगिच्छो, सम्मादिट्ठी मुणेयव्वो ॥१८॥
यो न करोति जुगुप्सां, चेतयिता सर्वेषामेव धर्माणाम् ।
सः खलु निर्विचिकित्सः, सम्यग्दृष्टिर्ज्ञातव्यः ॥१८॥

२३७. **जो हवइ असम्मूढो, चेदा सद्दिट्ठी सव्वभावेसु ।**
सो खलु अमूढदिट्ठी, सम्मादिट्ठी मुणेयव्वो ॥१९॥
यो भवति असंमूढः, चेतयिता सद्दृष्टिः सर्वभावेषु ।
स खलु अमूढदृष्टिः, सम्यग्दृष्टिर्ज्ञातव्यः ॥१९॥

२३८. **नाणेणं दंसणेणं च, चरित्तेणं तहेव य ।**
खन्तीए मुत्तीए, वड्ढमाणो भवाहि य ॥२०॥
ज्ञानेन दर्शनेन च, चारित्रेण तथैव च ।
क्षान्त्या मुक्त्या, वर्धमानो भव च ॥२०॥

२३९. **णो छादए णोऽवि य लूसएज्जा, माणं ण सेवेज्ज पगासणं च ।**
ण यावि पण्णे परिहास कुज्जा, ण याऽऽसियावाद वियागरेज्जा ॥
नो छादयेन्नापि च लूषयेद्, मानं न सेवेत प्रकाशनं च ।
न चापि प्राज्ञः परिहासं कुर्यात्, न चाप्याशीर्वादं व्यागृणीयात् ॥

२४०. **जत्थेव पासे कइ दुप्पउत्तं, काएण वाया अदु माणसेणं ।**
तत्थेव धीरो पडिसाहरेज्जा, आइन्नओ खिप्पमिवक्खलीणं ॥२२॥
यत्रैव पश्येत् क्वचित् दुष्प्रयुक्तं, कायेन वाचा अथ मानसेन ।
तत्रैव धीरःप्रतिसंहरेत्,आजानेयः (जात्यश्वः) क्षिप्रमिव खलीनम्॥

२४१. **तिण्णो हु सि अण्णवं महं, किं पुण चिट्ठसि तीरमागओ ।**
अभितुर पारं गमित्तए, समयं गोयम ! मा पमायए ॥२३॥
तीर्णः खलु असि अर्णवं महान्तं, किं पुनस्तिष्ठसि तीरमागतः ।
अभित्वरस्व पारं गन्तुं, समयं गौतम ! मा प्रमादीः ॥२३॥

२४२. **जो धम्मिएसु भत्तो, अणुचरणं कुणदि परमसद्धाए ।**
पियवयणं जंपंतो, वच्छल्लं तस्स भव्वस्स ॥२४॥
यः धार्मिकेषु भक्तः, अनुचरणं करोति परमश्रद्धया ।
प्रियवचनं जल्पन्, वात्सल्य तस्य भव्यस्य ॥२४॥

૨૩૬. જે સમસ્ત ધર્મો (વસ્તુ-ગત સ્વભાવ) પ્રતિ ગ્લાનિ નથી કરતો એને નિર્વિચિકિત્સા ગુણનો ધારક સમ્યગ્દૃષ્ટિ સમજવો જોઈએ.

૨૩૭. જે સમગ્ર ભાવો પ્રતિ વિમૂઢ નથી— જાગરૂક છે, નિર્ભ્રાન્ત છે, દૃષ્ટિ-સંપન્ન છે, એ અમૂઢદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ જ છે.

૨૩૮. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, શાંતિ (ક્ષમા) અને મુક્તિ (નિર્લોભતા) દ્વારા આગળ વધવું જોઇએ—જીવનને વર્ધમાન બનાવવું જોઇએ.

૨૩૯. (અમૂઢદૃષ્ટિ અગર વિવેકી) કોઇના પ્રશ્નનો ઉત્તર દેતી વખતે ન તો શાસ્ત્રના અર્થને છુપાવે અને ન અપસિદ્ધાંત દ્વારા શાસ્ત્રની અસમ્યક્ વ્યાખ્યા કરે, ન માન કરે અને પોતાના વડપણનું પ્રદર્શન કરે, ન કોઈ વિદ્વાનનો પરિહાસ કરે અને ન કોઇને આશીર્વાદ દે.

૨૪૦. જેવી રીતે જાતિવંત અશ્વ લગામ દ્વારા સીધા રસ્તા ઉપર આવી જાય છે તેવી રીતે જ્યારે કોઈ વખત પોતાનામાં દુષ્ટપ્રયોગની પ્રવૃત્તિ દેખવામાં આવે ત્યારે એને તત્કાળ જ મન, વચન, અને કાયાથી ધીર (સમ્યગ્દૃષ્ટિ) સમેટી લે.

૨૪૧. તું મહાસાગર તો પાર કરી ગયો છે તો પછી કિનારા પાસે પહોંચીને કેમ ઊભો છું ? એને પાર કરવામાં શીઘ્રતા કર. હે ગૌતમ ! ક્ષણ ભરનો પણ પ્રમાદ ન કર.

૨૪૨. જે ધાર્મિક માણસોમાં ભક્તિ (અનુરાગ) રાખે છે, પરમ શ્રદ્ધાથી એમનું અનુસરણ કરે છે તથા પ્રિય વચન બોલે છે તે ભવ્ય સમ્યગ્દૃષ્ટિનું વાત્સલ્ય બતાવે છે.

२४३. **धम्मकहाकहणेण य, बाहिरजोगेहिं चावि अणवज्जे ।**
धम्मो पहाविदव्वो, जीवेसु दयाणुकंपाए ॥२५॥
धर्मकथाकथनेन च, बाह्ययोगैश्चाप्यनवद्यैः ।
धर्मः प्रभावयितव्यो, जीवेषु दयानुकम्पया ॥२५॥

२४४. **पावयणी धम्मकही, वाई नेमित्तिओ तवस्सी य ।**
विज्जा सिद्धो य कवी, अट्ठेव पभावगा भणिया ॥२६॥
प्रावचनी धर्मकथी, वादी नैमित्तिकः तपस्वी च ।
विद्यावान् सिद्धः च कविः, अष्टौ प्रभावकाः कथिताः ॥२६॥

१९. सम्यग्ज्ञानसूत्र

२४५. **सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।**
उभयं पि जाणए सोच्चा, जं छेयं तं समायरे ॥१॥
श्रुत्वा जानाति कल्याणं, श्रुत्वा जानाति पापकम् ।
उभयमपि जानाति श्रुत्वा, यत् छेकं तत् समाचरेत् ॥१॥

२४६. **णाणाऽऽणत्तीए पुणो, दंसणतवनियमसंजमे ठिच्चा ।**
विहरइ विसुज्झमाणो, जावज्जीवं पि निक्कंपो ॥२॥
ज्ञानाऽऽज्ञप्त्या पुनः, दर्शनतपोनियमसंयमे स्थित्वा ।
विहरति विशुध्यमानः, यावज्जीवमपि निष्कम्पः ॥२॥

२४७. **जह जह सुयभोगाहइ, अइसयरसपसरसंजुयमपुव्वं ।**
तह तह पल्हाइ मुणी, नवनवसंवेगसद्धाओ ॥३॥
यथा यथा श्रुतमवगाहते, अतिशयरसप्रसरसंयुतमपूर्वम् ।
तथा तथा प्रह्लादते मुनिः, नवनवसंवेगश्रद्धाकः ॥३॥

२४८. **सूई जहा ससुत्ता, न नस्सई कयवरम्मि पडिआ वि ।**
जीवो वि तह ससुत्तो, न नस्सइ गओ वि संसारे ॥४॥
सूची यथा ससूत्रा, न नश्यति कचवरे पतिताऽपि ।
जीवोऽपि तथा ससूत्रो, न नश्यति गतोऽपि संसारे ॥४॥

૨૪૩. ધર્મકથાના કથન દ્વારા અને નિર્દોષ બ્રાહ્યયોગ (ગ્રીષ્મઋતુમાં પર્વત ઉપર ઊભા રહીને, વર્ષાઋતુમાં વૃક્ષની નીચે, શીતઋતુમાં નદીના કિનારે ધ્યાન) દ્વારા તથા જીવો ઉપર દયા અથવા અનુકંપા દ્વારા ધર્મની પ્રભાવના કરવી જોઇએ.

૨૪૪. પ્રવચન-કુશળ, ધર્મકથા કરનાર, વાદી, નિમિત્તશાસ્ત્રનો જાણકાર તપસ્વી, વિદ્યાસિદ્ધ, તથા ઋદ્ધિ-સિદ્ધિઓનો સ્વામી અને કવિ (ક્રાંતદર્શી)— આ આઠ પુરુષને ધર્મપ્રભાવક કહેવામાં આવ્યા છે.

૧૯. સમ્યગ્જ્ઞાનસૂત્ર

૨૪૫. (સાધક) સાંભળીને જ કલ્યાણ અથવા આત્મહિતનો માર્ગ જાણી શકે છે, સાંભળીને જ પાપ અથવા અહિતના માર્ગનું જ્ઞાન થઈ શકે છે. એટલા માટે, સાંભળીને જ હિત અને અહિત બન્નેનો માર્ગ જાણી જે શ્રેયસ્કર હોય એનું આચરણ કરવું જોઇએ.

૨૪૬. (અને પછી) જ્ઞાનના આદેશ મારફત, સમ્યગ્દર્શનમૂલક તપ, નિયમ, સંયમમાં સ્થિર બની, કર્મ-મલથી વિશુદ્ધ (સંયમી સાધક) જીવન પર્યંત નિષ્કંપ (સ્થિર-ચિત્ત) બની વિહરે છે.

૨૪૭. જેમ જેમ મુનિ અતિશય રસના અતિરેકથી યુકત બની અપૂર્વશ્રુતનું અવગાહન કરે છે, તેમ તેમ નવી નવી વૈરાગ્ય-પૂર્ણ શ્રદ્ધાથી આહ્લાદિત બને છે.

૨૪૮. જેવી રીતે દોરી પરોવેલી સોય પડી ગયા પછી ખોવાઇ જતી નથી એવી રીતે સસૂત્ર અર્થાત્ શાસ્ત્રજ્ઞાનયુકત જીવ સંસારમાં હોવા છતાં નાશ પામતો નથી.

२४९. **सम्मत्तरयणभट्ठा, जाणंता बहुविहाइं सत्थाइं ।**
आराहणाविरहिया, भमंति तत्थेव तत्थेव ॥५॥
सम्यक्त्वरत्नभ्रष्टा, जानन्तो बहुविधानि शास्त्राणि ।
आराधनाविरहिता, भ्रमन्ति तत्रैव तत्रैव ॥५॥

२५०-२५१. **परमाणुमित्तयं पि हु, रायादीणं तु विज्जदे जस्स ।**
ण वि सो जाणदि अप्पाणयं तु सव्वागमधरो वि ॥६॥
अप्पाणमयाणंतो, अणप्पयं चावि सो अयाणंतो ।
कह होदि सम्मदिट्ठी, जीवाजीवे अयाणंतो ॥७॥
परमाणुमात्रमपि खलु, रागादीनां तु विद्यते यस्य ।
नापि स जानात्यात्मानं, तु सर्वागमधरोऽपि ॥६॥
आत्मानमजानन्, अनात्मानं चापि सोऽजानन् ।
कथं भवति सम्यग्दृष्टि-र्जीवाजीवान् अजानन् ॥७॥

२५२. **जेण तच्चं विबुज्झेज्ज, जेण चित्तं णिरुज्झदि ।**
जेण अत्ता विसुज्झेज्ज, तं णाणं जिणसासणे ॥८॥
येन तत्त्वं विबुध्यते, येन चित्तं निरुध्यते ।
येन आत्मा विशुध्यते, तज् ज्ञानं जिनशासने ॥८॥

२५३. **जेण रागा विरज्जेज्ज, जेण सेएसु रज्जदि ।**
जेण मित्ती पभावेज्ज, तं णाणं जिणसासणे ॥९॥
येन रागाद्विरज्यते, येन श्रेयस्सु रज्यते ।
येन मैत्री प्रभाव्येत, तज् ज्ञानं जिनशासने ॥९॥

२५४. **जो पस्सदि अप्पाणं, अबद्धपुट्ठं अणण्णमविसेसं ।**
अपदेससुत्तमज्झं, पस्सदि जिणसासणं सव्वं ॥१०॥
यः पश्यति आत्मान-मबद्धस्पृष्टमनन्यमविशेषम् ।
अपदेशसूत्रमध्यं, पश्यति जिनशासनं सर्वम् ॥१०॥

२५५. **जो अप्पाणं जाणदि, असुइ-सरीरादु तच्चदो भिन्नं ।**
जाणग-रूव-सरूवं, सो सत्थं जाणदे सव्वं ॥११॥
यः आत्मानं जानाति, अशुचिशरीरात् तत्त्वतः भिन्नम् ।
ज्ञायकरूपस्वरूपं, स शास्त्रं जानाति सर्वम् ॥११॥

૨૪૯. પરંતુ સમ્યકત્વરૂપી રત્નથી રહિત અનેક પ્રકારનાં શાસ્ત્રોનો જ્ઞાતા, આરાધના વિહીન હોઈ સંસારમાં અર્થાત્ નરકાદિક ગતિઓમાં ભમ્યા કરે છે.

૨૫૦-૨૫૧. જે વ્યક્તિમાં એક પરમાણુ જેટલો પણ રાગાદિભાવ વિદ્યમાન છે એ બધાં આગમોનો જ્ઞાતા હોવા છતાં પણ આત્માને નથી જાણતો. આત્માને નહીં જાણવાથી અનાત્માને પણ નથી જાણતો. આ પ્રમાણે જ્યારે એ જીવ-અજીવ તત્ત્વને નથી જાણતો ત્યારે એ સમ્યગ્દૃષ્ટિ કેવી રીતે હોઇ શકે ?

૨૫૨. જેનાથી તત્ત્વનું જ્ઞાન થઈ શકે છે, ચિત્તનો નિરોધ સાધી શકાય છે તથા આત્મા વિશુદ્ધ બને છે એને જિનશાસનમાં જ્ઞાન કહેવામાં આવે છે.

૨૫૩. જે વડે–જે દ્વારા જીવ રાગથી વિમુખ બને છે, શ્રેયમાં-હિતમાં અનુરકત બને છે અને મૈત્રી ભાવ વધતો જાય છે એને જિનશાસનમાં જ્ઞાન કહેવામાં આવ્યું છે.

૨૫૪. આત્માને જે અબદ્ધસ્પૃષ્ટ (દેહ-કર્માતીત) અનન્ય (અન્યથી રહિત), અવિશેષ (વિશેષથી રહિત), અને આદિ-મધ્ય-અંત વિહીન (નિર્વિકલ્પ) દેખે છે એ સમગ્ર જિનશાસનને દેખે છે.

૨૫૫. જે આત્માને આ અપવિત્ર શરીરથી તત્ત્વતઃ ભિન્ન તથા જ્ઞાયકભાવરૂપ જાણે છે એ જ સમસ્ત શાસ્ત્રોને જાણે છે.

२५६. **सुद्धं तु वियाणंतो, सुद्धं चेवप्पयं लहइ जीवो ।**
जाणंतो दु असुद्धं, असुद्धमेवप्पयं लहइ ॥१२॥
शुद्धं तु विजानन्, शुद्धं चैवात्मानं लभते जीवः ।
जानंस्त्वशुद्ध-मशुद्धमेवात्मानं लभते ॥१२॥

२५७. **जे अज्झत्थं जाणइ, से बहिया जाणइ ।**
जे बहिया जाणइ, से अज्झत्थं जाणइ ॥१३॥
योऽध्यात्मं जानाति, स बहिर्जानाति ।
यो बहिर्जानाति, सोऽध्यात्मं जानाति ॥१३॥

२५८. **जे एगं जाणइ, से सव्वं जाणइ ।**
जे सव्वं जाणइ, से एगं जाणइ ॥१४॥
यः एकं जानाति, स सर्वं जानाति ।
यः सर्वं जानाति, स एकं जानाति ॥१४॥

२५९. **एदम्हि रदो णिच्चं, संतुट्ठो होहि णिच्चमेदम्हि ।**
एदेण होहि तित्तो, होहिदि तुह उत्तमं सोक्खं ॥१५॥
एतस्मिन् रतो नित्यं, सन्तुष्टो भव नित्यमेतस्मिन् ।
एतेन भव तृप्तो, भविष्यति तवोत्तमं सौख्यम् ॥१५॥

२६०. **जो जाणदि अरहंतं, दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।**
सो जाणादि अप्पाणं, मोहो खलु जादि तस्स लयं ॥१६॥
यो जानात्यर्हन्तं, द्रव्यत्वगुणत्वपर्ययत्वैः ।
स जानात्यात्मानं, मोहः खलु याति तस्य लयम् ॥१६॥

२६१. **लद्धूणं णिहिं एक्को, तस्स फलं अणुहवेइ सुजणत्तें ।**
तह णाणी णाणणिहिं, भुंजेइ चइत्तु परतत्तिं ॥१७॥
लब्ध्वा निधिमेकस्तस्य फलमनुभवति सुजनत्वेन ।
तथा ज्ञानी ज्ञाननिधिं, भुङ्क्ते त्यक्त्वा परतृप्तिम् ॥१७॥

૨૫૬. જે જીવ આત્માને શુદ્ધ માને છે એ જ શુદ્ધ આત્માને પ્રાપ્ત કરે છે અને જે આત્માને અશુદ્ધ અર્થાત્ દેહાદિયુકત જાણે છે એ અશુદ્ધ આત્માને જ પ્રાપ્ત કરે છે.

૨૫૭. જે અધ્યાત્મને જાણે છે એ બાહ્ય (ભૌતિક) ને જાણે છે જે બાહ્યને જાણે છે એ અધ્યાત્મને જાણે છે. (આ પ્રમાણે બાહ્યાભ્યંતર-એકબીજા-સહવર્તી છે.)

૨૫૮. જે એક આત્માને જાણે છે એ તમામ (જગત)ને જાણે છે. જે તમામને જાણે છે એ એકને જાણે છે.

૨૫૯. (માટે હે ભવ્ય !) તું આ જ્ઞાનમાં હમેશાં લીન રહે. એમાં જ હમેશાં સંતુષ્ટ રહે. એથી જ તૃપ્ત બન. એથી જ તને ઉત્તમ સુખ (પરમસુખ) પ્રાપ્ત થશે.

૨૬૦. જે અર્હંત ભગવાનને દ્રવ્ય-ગુણ-પર્યાયની દૃષ્ટિએ (પૂર્ણપણે) જાણે છે એ જ આત્માને જાણે છે.

૨૬૧. જેવી રીતે કોઈ વ્યકિત ખજાનો પ્રાપ્ત થાય એટલે એનો ઉપભોગ સ્વજનોની વચ્ચે કરે છે તેમ–બરાબર તેમ–જ્ઞાનીજન મેળવેલા જ્ઞાનના ખજાનાનો ઉપભોગ પર-દ્રવ્યોની વચ્ચે રહી પોતાને માટે કરે છે.

२०. सम्यक्चारित्रसूत्र

(अ) व्यवहारचारित्र

२६२. **ववहारणयचरित्ते, ववहारणयस्स होदि तवचरणं ।**
णिच्छयणयचारित्ते, तवचरणं होदि णिच्छयदो ॥१॥
व्यवहारनयचरित्रे, व्यवहारनयस्य भवति तपश्चरणम् ।
निश्चयनयचारित्रे, तपश्चरणं भवति निश्चयतः ॥१॥

२६३. **असुहादो विणिवित्ती, सुहे पवित्ती य जाण चारित्तं ।**
वदसमिदिगुत्तिरूवं, ववहारणया दु जिणभणियं ॥२॥
अशुभाद्विनिवृत्तिः, शुभे प्रवृत्तिश्च जानीहि चारित्रम् ।
व्रतसमितिगुप्तिरूपं, व्यवहारनयात् तु जिनभणितम् ॥२॥

२६४. **सुयनाणम्मि वि जीवो, वट्टंतो सो न पाउणति मोक्खं ।**
जो तवसंजममइए, जोगे न चएइ वोढुं जे ॥३॥
श्रुतज्ञानेऽपि जीवो, वर्तमानः स न प्राप्नोति मोक्षम् ।
यस्तपः संयममयान्, योगान् न शक्नोति वोढुम् ॥३॥

२६५. **सक्किरियाविरहातो, इच्छितसंपावयं ण नाणं ति ।**
मग्गण्णू वाऽचेट्ठो, वातविहीणोऽधवा पोतो ॥४॥
सत्क्रियाविरहात् ईप्सित संप्रापकं न ज्ञानमिति ।
मार्गज्ञो वाऽचेष्टो, वातविहीनोऽथवा पोतः ॥४॥

२६६. **सुबहुं पि सुयमहीयं किं काहिइ चरणविप्पहीणस्स ।**
अंधस्स जह पलित्ता, दीवसयसहस्सकोडी वि ॥५॥
सुबह्वपि श्रुतमधीतं, किं करिष्यति चरणविप्रहीणस्य ।
अन्धस्य यथा प्रदीप्ता, दीपशतसहस्रकोटिरपि ॥५॥

२६७. **थोवम्मि सिक्खिदे जिणइ, बहुसुदं जो चरित्तसंपुण्णो ।**
जो पुण चरित्तहीणो, किं तस्स सुदेण बहुएण ॥६॥
स्तोके शिक्षिते जयति, बहुश्रुतं यश्चारित्रसम्पूर्णः ।
यः पुनश्चारित्रहीनः, किं तस्य श्रुतेन बहुकेन ॥६॥

૨૦. સમ્યક્‌ચારિત્રસૂત્ર

(અ) વ્યવહારચારિત્ર

૨૬૨. વ્યવહારનયના ચારિત્રમાં વ્યવહારનયનું તપશ્ચરણ થાય છે. નિશ્ચયનયના ચારિત્રમાં નિશ્ચયરૂપ તપશ્ચરણ થાય છે.

૨૬૩. અશુભની નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ વ્યવહાર ચારિત્ર છે જેને પાંચ વ્રત, પાંચ સમિતિ, અને ત્રણ ગુપ્તિના રૂપે જિન દેવે વર્ણવ્યું છે.

૨૬૪. શ્રુતિજ્ઞાનમાં નિમગ્ન જીવ અગર તપ-સંયમરૂપ યોગને ધારણ કરવામાં અસમર્થ બને તો મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી.

૨૬૫. જેવી રીતે માર્ગનો જાણકાર ધારેલ દેશમાં જવા માટે સમુચિત પ્રયત્ન ન કરે તો તે ત્યાં સુધી પહોંચી શકતો નથી અથવા અનુકૂળ પવનના અભાવમાં નૌકા ઇચ્છિત સ્થાન સુધી પહોંચી શકતી નથી તેવી રીતે (શાસ્ત્રો દ્વારા મોક્ષમાર્ગને જાણી લીધા પછી પણ) સક્રિયાથી રહિત જ્ઞાન ઇષ્ટ લક્ષ્ય પ્રાપ્ત કરાવી શકતું નથી.

૨૬૬. જેવી રીતે અંધની આગળ લાખ્ખો-કરોડો દીવા સળગાવવા વ્યર્થ છે તેવી રીતે ચારિત્રશૂન્ય પુરુષનું વિપુલ શાસ્ત્રાધ્યયન પણ અર્થહીન છે.

૨૬૭. ચારિત્ર–સંપન્નનું અલ્પમાં અલ્પ જ્ઞાન પણ ઘણું કહેવાય અને ચારિત્ર-વિહીનનું ઘણું શ્રુતજ્ઞાન પણ નિષ્ફળ છે.

(आ) निश्चयचारित्र

२६८. **णिच्छयणयस्स एवं, अप्पा अप्पम्मि अप्पणे सुरदो ।**
सो होदि हु सुचरित्तो, जोई सो लहइ णिव्वाणं ॥७॥
निश्चयनयस्य एवं, आत्मा आत्मनि आत्मने सुरतः ।
सः भवति खलु सुचरित्रः, योगी सः लभते निर्वाणम् ॥७॥

२६९. **जं जाणिऊण जोई, परिहारं कुणइ पुण्णपावाणं ।**
तं चारित्तं भणियं, अवियप्पं कम्मरहिएहिं ॥८॥
यद् ज्ञात्वा योगी, परिहारं करोति पुण्यपापानाम् ।
तत् चारित्रं भणितम्, अविकल्पं कर्मरहितैः ॥८॥

२७०. **जो परदव्वम्मि सुहं, असुहं रागेण कुणदि जदि भावं ।**
सो सगचरित्तभट्ठो, परचरियचरो हवदि जीवो ॥९॥
यः परद्रव्ये शुभमशुभं, रागेण करोति यदि भावम् ।
स स्वकचरित्रभ्रष्टः, परचरितचरो भवति जीवः ॥९॥

२७१. **जो सव्वसंगमुक्कोऽणण्णमणो अप्पणं सहावेण ।**
जाणदि पस्सदि णियदं, सो सगचरियं चरदि जीवो ॥१०॥
यः सर्वसंगमुक्तः, अनन्यमनाः आत्मानं स्वभावेन ।
जानाति पश्यति नियतं, सः स्वकचरितं चरति जीवः ॥१०॥

२७२. **परमट्ठम्हि दु अठिदो, जो कुणदि तवं वदं च धारेई ।**
तं सव्वं बालतवं, बालवदं बिंति सव्वण्हू ॥११॥
परमार्थे त्वस्थितः, यः करोति तपो व्रतं च धारयति ।
तत् सर्वं बालतपो, बालव्रतं ब्रुवन्ति सर्वज्ञाः ॥११॥

२७३. **मासे मासे तु जो बालो, कुसग्गेणं तु भुंजए ।**
न सो सुक्खायधम्मस्स, कलं अग्घइ सोलसिं ॥१२॥
मासे मासे तु यो बालः, कुशाग्रेण तु भुङ्क्ते ।
न स स्वाख्यातधर्मस्य, कलामर्घति षोडशीम् ॥१२॥

(આ) **નિશ્ચયચારિત્ર**

૨૬૮. નિશ્ચયનયના અભિપ્રાયાનુસાર આત્માનું આત્મામાં આત્માને માટે તન્મય થવું એ જ સમ્યક્ ચારિત્ર છે. આવા ચારિત્રશીલ યોગીને જ નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

૨૬૯. જેને જાણી યોગી પાપ અને પુણ્ય બન્નેનો પરિહાર કરે છે એને જ કર્મરહિત નિર્વિકલ્પ ચારિત્ર કહેવામાં આવે છે.

૨૭૦. જે રાગને વશ થઈ પરદ્રવ્યોમાં શુભાશુભ ભાવ કરે છે એ જીવ પોતાના ચારિત્રથી ભ્રષ્ટ પરચરિતાચારી બને છે.

૨૭૧. જે પરિગ્રહ વિનાનો તથા અનન્ય મન બનીને આત્માને જ્ઞાનદર્શનમય સ્વભાવરૂપ જાણે છે–દેખે છે એ જીવ સ્વકીય-ચરિતાચારી કહેવાય છે.

૨૭૨. જે (આ પ્રકારના) પરમાર્થમાં સ્થિત નથી એનાં તપશ્ચરણ અથવા વ્રતાચરણ વગેરેને સર્વજ્ઞ દેવે બાલતપ અને બાલવ્રત કહ્યાં છે.

૨૭૩. જે બાલ (પરમાર્થશૂન્ય અજ્ઞાની) મહિના-મહિનાનું તપ કરે છે અને (પારણામાં) દાભના અગ્રભાગ જેટલું (નામમાત્ર) ભોજન કરે છે એ સુઆખ્યાત ધર્મની સોળમી કળાને પણ પ્રાપ્ત કરી શકતો નથી.

२७४. **चारित्तं खलु धम्मो, धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो ।**
मोहक्खोहविहीणो, परिणामो अप्पणो हु समो ॥१३॥
चारित्रं खलु धर्मो, धर्मो यः स समः इति निर्दिष्टः ।
मोहक्षोभविहीनः, परिणाम आत्मनो हि समः ॥१३॥

२७५. **समदा तह मज्झत्थं, सुद्धो भावो य वीयरायत्तं ।**
तह चारित्तं धम्मो, सहावआराहणा भणिया ॥१४॥
समता तथा माध्यस्थ्यं, शुद्धो भावश्च वीतरागत्वम् ।
तथा चारित्रं धर्मः, स्वभावाराधना भणिता ॥१४॥

२७६. **सुविदिदपयत्थसुत्तो, संजमतवसंजुदो विगदरागो ।**
समणो समसुहदुक्खो, भणिदो सुद्धोवओओ त्ति ॥१५॥
सुविदितपदार्थसूत्रः, संयमतपःसंयुतो विगतरागः ।
श्रमणः समसुखदुःखो, भणितः शुद्धोपयोग इति ॥१५॥

२७७. **सुद्धस्स य सामण्णं, भणियं सुद्धस्स दंसणं णाणं ।**
सुद्धस्स य णिव्वाणं, सो च्चिय सिद्धो णमो तस्स ॥१६॥
शुद्धस्य च श्रामण्यं, भणितं शुद्धस्य दर्शनं ज्ञानम् ।
शुद्धस्य च निर्वाणं, स एव सिद्धो नमस्तस्मै ॥१६॥

२७८. **अइसयमादसमुत्थं, विसयातीदं अणोवममणंतं ।**
अव्वुच्छिन्नं च सुहं, सुद्धुवओगप्पसिद्धाणं ॥१७॥
अतिशयमात्मसमुत्थं, विषयातीतमनुपममनन्तम् ।
अव्युच्छिन्नं च सुखं, शुद्धोपयोगप्रसिद्धानाम् ॥१७॥

२७९. **जस्स ण विज्जदि रागो, दोसो मोहो व सव्वदव्वेसु ।**
णाऽऽसवदि सुहं असुहं, समसुहदुक्खस्स भिक्खुस्स ॥१८॥
यस्य न विद्यते रागो, द्वेषो मोहो वा सर्वद्रव्येषु ।
नाऽऽस्रवति शुभमशुभं, समसुखदुःखस्य भिक्षोः ॥१८॥

(इ) समन्वय

२८०. **णिच्छय सज्झसरूवं, सराय तस्सेव साहणं चरणं ।**
तम्हा दो वि य कमसो, पडिच्छमाणं पबुज्झेह ॥१९॥
निश्चयः साध्यस्वरूपः, सरागं तस्यैव साधनं चरणम् ।
तस्मात् द्वे अपि च क्रमशः, प्रतीष्यमाणं प्रबुध्यध्वम् ॥१९॥

૨૭૪. વાસ્તવમાં, ચારિત્ર જ ધર્મ છે. આ ધર્મને શમરૂપ કહેવામાં આવ્યો છે. મોહ અને ક્ષોભરહિત આત્માનું નિર્મળ પરિણામ જ શમ અથવા સમતારૂપ છે.

૨૭૫. સમતા, માધ્યસ્થભાવ, શુદ્ધભાવ, વીતરાગતા, ચારિત્ર, ધર્મ અને સ્વ-ભાવ-આરાધના આ બધા એકાર્થક શબ્દો છે.

૨૭૬. જેણે (સ્વદ્રવ્ય તથા પરદ્રવ્યના ભેદ જ્ઞાનની શ્રદ્ધા તથા આચરણ દ્વારા) પદાર્થો તથા સૂત્રોને સારી પેઠે જાણી લીધા છે, જે સંયમ અને તપથી યુકત છે, વિગત-રાગ છે, સુખ-દુઃખમાં સમભાવ રાખે છે એ શ્રમણને જ શુદ્ધોપયોગી કહેવામાં આવે છે.

૨૭૭. આવા શુદ્ધોપયોગીના શ્રામણ્યને જ શ્રામણ્ય કહેવામાં આવે છે. એનાં દર્શન અને જ્ઞાનને જ દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે. એને જ નિર્વાણ પ્રાપ્તિ થાય છે. એને જ સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. એને હું નમન કરું છું.

૨૭૮. શુદ્ધોપયોગપૂર્વક સિદ્ધ બનનાર આત્માઓને અતિશય, આત્મોત્પન્ન, વિષયાતીત, અર્થાત્ અતીન્દ્રિય, અનુપમ, અનંત અને અવિનાશી સુખ પ્રાપ્ત થાય છે.

૨૭૯. જે ભિક્ષુને તમામ દ્રવ્યો પ્રતિ રાગ, દ્વેષ, અને મોહ નથી તથા જે સુખ-દુખમાં સમભાવ રાખે છે તે ભિક્ષુને શુભાશુભ કર્મોનો આસ્રવ નથી હોતો.

(૬) સમન્વય

૨૮૦. નિશ્ચયચારિત્ર તો સાધ્યરૂપ છે તથા સરાગ (વ્યવહાર) ચારિત્ર એનું સાધન છે. સાધન તથા સાધ્યસ્વરૂપ બન્ને-ચારિત્રને ક્રમપૂર્વક ધારણ કરવાથી જીવને પ્રબોધ થાય છે.

२८१. **अब्भंतरसोधीए, बाहिरसोधी वि होदि णियमेण ।**
अब्भंतर-दोसेण हु, कुणदि णरो बाहिरे दोसे ॥२०॥
अभ्यन्तरशुद्ध्या, बाह्यशुद्धिरपि भवति नियमेन ।
अभ्यन्तरदोषेण हि, करोति नरः बाह्यान् दोषान् ॥२०॥

२८२. **मदमाणमायलोह-विवज्जियभावो दु भावसुद्धि त्ति ।**
परिकहियं भव्वाणं, लोयालोयप्पदरिसीहिं ॥२१॥
मदमानमायालोभ-विवर्जितभावस्तु भावशुद्धिरिति ।
परिकथितं भव्यानां, लोकालोकप्रदर्शिभिः ॥२१॥

२८३. **चत्ता पावारंभं, समुट्ठिदो वा सुहम्मि चरियम्हि ।**
ण जहदि जदि मोहादी, ण लहदि सो अप्पगं सुद्धं ॥२२॥
त्यक्त्वा पापारम्भं, समुत्थितो वा शुभे चरित्रे ।
न जहाति यदि मोहादीन् न लभते स आत्मकं शुद्धम् ॥२२॥

२८४. **जह व णिरुद्धं असुहं, सुहेण सुहमवि तहेव सुद्धेण ।**
तम्हा एण कमेण य, जोई झाएउ णियआदं ॥२३॥
यथैव निरुद्धम् अशुभं, शुभेन शुभमपि तथैव शुद्धेन ।
तस्मादनेन क्रमेण च, योगी ध्यायतु निजात्मानम् ॥२३॥

२८५. **निच्छयनयस्स चरणाय-विघाए णाणदंसणवहोऽवि ।**
ववहारस्स उ चरणे, हयम्मि भयणा हु सेसाणं ॥२४॥
निश्चयनयस्य चरणात्म-विघाते ज्ञानदर्शनवधोऽपि ।
व्यवहारस्य तु चरणे, हते भजना खलु शेषयोः ॥२४॥

२८६-२८७. **सद्धं नगरं किच्चा, तवसंवरमग्गलं ।**
खन्ति निउणपागारं, तिगुत्तं दुप्पधंसयं ॥२५॥
तवनारायजुत्तेण, भित्तूणं कम्मकंचुयं ।
मुणी विगयसंगामो, भवाओ परिमुच्चए ॥२६॥
श्रद्धां नगरं कृत्वा, तपःसंवरमर्गलाम् ।
क्षान्ति निपुणप्राकारं, त्रिगुप्तं दुष्प्रधर्षकम् ॥२५॥
तपोनाराचयुक्तेन, भित्वा कर्मकञ्चुकम् ।
मुनिर्विगतसंग्रामः, भवात् परिमुच्यते ॥२६॥

૨૮૧. આભ્યંતર શુદ્ધિ હોય તો બાહ્ય શુદ્ધિ નિયમપૂર્વક હોય જ છે. આભ્યંતર-દોષ હોય તો જ મનુષ્ય બાહ્યદોષ કરે છે.

૨૮૨. મદ, માન, માયા અને લોભથી રહિત ભાવ હોય ત્યારે એને ભાવશુદ્ધિ કહેવાય છે. આવો ઉપદેશ લોકાલોકના જ્ઞાતા દૃષ્ટા સર્વજ્ઞ દેવે ભવ્ય જીવોને આપ્યો છે.

૨૮૩. પાપ-આરંભ-(પ્રવૃત્તિ)નો ત્યાગ કરી શુભ અર્થાત્ વ્યવહાર ચારિત્ર પાળવા છતાં જીવ જો મોહાદિ ભાવોથી મુકત થતો નથી તો એ શુદ્ધ આત્મત્વને પ્રાપ્ત કરી શકતો નથી.

૨૮૪. (એટલા માટે કહેવામાં આવ્યું છે કે) જેવી રીતે શુભ ચારિત્ર દ્વારા અશુભ (પ્રવૃત્તિ) નો નિરોધ કરવામાં આવે છે તેવી રીતે શુદ્ધ (ઉપયોગ) દ્વારા શુભ (પ્રવૃત્તિ) નો નિરોધ કરવામાં આવે છે. એટલા માટે આ જ ક્રમથી—વ્યવહાર અને નિશ્ચયના પૂર્વાપર ક્રમથી—યોગી આત્માનું ધ્યાન કરે.

૨૮૫. નિશ્ચયનયાનુસાર ચારિત્ર (ભાવશુદ્ધિ) નો ઘાત થાય એટલે જ્ઞાન-દર્શનનો પણ ઘાત થઈ જાય છે, પરંતુ વ્યવહાર નયાનુસાર ચારીત્રનો ઘાત થયો હોય તો જ્ઞાન-દર્શનનો ઘાત થાય છે અને નથી પણ થતો. (વસ્તુતઃ જ્ઞાન-દર્શનની વ્યાપ્તિ ભાવશુદ્ધિની સાથે છે, નહિ કે બાહ્ય ક્રિયાની સાથે).

૨૮૬-૨૮૭. શ્રદ્ધાનું નગર, તપ અને સંવરનો આગળો, ક્ષમાના બુરજો બનાવી તથા ત્રિગુપ્તિ (મન, વચન, કાયા) થી સુરક્ષિત તથા અજેય સુદૃઢ પ્રાકાર (કિલ્લો) રચી તપરૂપી બાણોથી યુક્ત ધનુષ વડે કર્મના બખ્તરને ભેદી (આંતરિક) સંગ્રામના વિજેતા મુનિ સંસારથી મુકત બને છે.

२१. साधनासूत्र

२८८. **आहारासण-णिद्दाजयं, च काऊण जिणवरमएण ।**
झायव्वो णियअप्पा, णाऊणं गुरुपसाएण ॥१॥
आहारासन-निद्राजयं, च कृत्वा जिनवरमतेन ।
ध्यातव्यः निजात्मा, ज्ञात्वा गुरुप्रसादेन ॥१॥

२८९. **णाणस्स सव्वस्स पगासणाए, अण्णाणमोहस्स विवज्जणाए ।**
रागस्स दोसस्स य संखएणं, एगंतसोक्खं समुवेइ मोक्खं ॥२॥
ज्ञानस्य सर्वस्य प्रकाशनया, अज्ञानमोहस्य विवर्जनया ।
रागस्य द्वेषस्य च संक्षयेण, एकान्तसौख्यं समुपैति मोक्षम् ॥२॥

२९०. **तस्सेस मग्गो गुरुविद्धसेवा, विवज्जणा बालजणस्स दूरा ।**
सज्झायएगंतनिवेसणा य, सुत्तत्थ संचिंतणया धिई य ॥३॥
तस्यैष मार्गो गुरुवृद्धसेवा, विवर्जना बालजनस्य दूरात् ।
स्वाध्यायैकान्तनिवेशना च, सूत्रार्थसंचिन्तनता धृतिश्च ॥३॥

२९१. **आहारमिच्छे मियमेसणिज्जं, सहायमिच्छे निउणत्थबुद्धिं ।**
निकेयमिच्छेज्ज विवेगजोग्गं समाहिकामे समणे तवस्सी ॥४॥
आहारमिच्छेद् मितमेषणीयं, सखायमिच्छेद् निपुणार्थबुद्धिम् ।
निकेतमिच्छेद् विवेकयोग्यं, समाधिकामः श्रमणस्तपस्वी ॥४॥

२९२. **हियाहारा मियाहारा, अप्पाहारा य जे नरा ।**
न ते विज्जा तिगिच्छंति, अप्पाणं ते तिगिच्छगा ॥५॥
हिताहारा मिताहारा अल्पाहाराः च ये नराः ।
न तान् वैद्याः चिकित्सन्ति आत्मानं ते चिकित्सकाः ॥५॥

२९३. **रसा पगामं न निसेवियव्वा, पायं रसा दित्तिकरा नराणं ।**
दित्तं च कामा समभिद्दवंति, दुमं जहा साउफलं व पक्खी ॥६॥
रसाः प्रकामं न निषेवितव्याः, प्रायो रसा दीप्तिकरा नराणाम् ।
दीप्तं च कामाः समभिद्रवन्ति, द्रुमं यथा स्वादुफलमिव पक्षिणः॥६॥

૨૮૮. જિનદેવના મત પ્રમાણે આહાર આસન તથા નિદ્રા પર વિજય પ્રાપ્ત કરી ગુરુકૃપા વડે જ્ઞાન મેળવી નિજાત્માનું ધ્યાન કરવું જોઇએ.

૨૮૯. સંપૂર્ણ જ્ઞાનના પ્રકાશનથી અજ્ઞાન તથા મોહના પરિહારથી અને રાગ-દ્વેષના પૂર્ણક્ષયથી જીવ એકાંત સુખ અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરે છે.

૨૯૦. ગુરુ તથા ઘરડાં માણસોની સેવા કરવી, અજ્ઞાની લોકોના સંપર્કથી દૂર રહેવું, સ્વાધ્યાય કરવો, એકાંત વાસ, સૂત્ર અને અર્થનું સમ્યક્ ચિંતન કરવું તથા ધીરજ રાખવી—આ દુઃખમાંથી છૂટવાના ઉપાય છે.

૨૯૧. સમાધિનો ઇચ્છનાર તપસ્વી શ્રમણ પરિમિત અને એષણીય આહારની જ ઇચ્છા કરે; તત્ત્વાર્થમાં નિપુણ (પ્રાજ્ઞ) સાથીદારની જ અભિલાષા કરે; અને વિવેકયુક્ત એટલે કે વિવિક્ત (એકાંત) સ્થાનમાં જ નિવાસ કરે.

૨૯૨. જે મનુષ્ય હિત, મિત તથા થોડો આહાર કરે છે એને કદિ પણ વૈદ્યની ચિકિત્સા કરાવવાની આવશ્યકતા નથી પડતી. એ તો પોતે જ પોતાનો ચિકિત્સક હોય છે. પોતાની આંતરિક શુદ્ધિમાં એ લાગ્યો રહે છે.

૨૯૩. રસોનું અત્યધિક સેવન ન કરવું જોઇએ. રસ સામાન્ય રીતે ઉન્માદ-વર્ધક અને પુષ્ટિવર્ધક છે. મદથી વ્યાકુળ અને વિષયમાં રચ્યા પચ્યા રહેલા મનુષ્યને કામ એવી રીતે સતાવે જેવી રીતે સ્વાદિષ્ટ ફળવાળા વૃક્ષને પક્ષી સતાવે છે.

२९४. **विवित्तसेज्जाऽऽसणजंतियाणं, ओमाऽसणाणं दमिइंदियाणं ।**
न रागसत्तू धरिसेइ चित्तं, पराइओ वाहिरिवोसहेहिं ॥७॥
विविक्तशय्याऽसनयन्त्रितानाम्, अवमोऽशनानां दमितेन्द्रियाणाम् ।
न रागशत्रुर्धर्षयति चित्तं, पराजितो व्याधिरिवौषधैः ॥७॥

२९५. **जरा जाव न पीलेइ, वाही जाव न वड्ढई ।**
जाविंदिया न हायंति, ताव धम्मं समायरे ॥८॥
जरा यावत् न पीडयति, व्याधिः यावत् न वर्द्धते ।
यावदिन्द्रियाणि न हीयन्ते, तावत् धर्मं समाचरेत् ॥८॥

२२. द्विविध धर्मसूत्र

२९६. **दो चेव जिणवरेहिं, जाइजरामरणविप्पमुक्केहिं ।**
लोगम्मि पहा भणिया, सुस्समण सुसावगो वा वि ॥१॥
द्वौ चैव जिनवरेन्द्रैः, जातिजरामरणविप्रमुक्तैः ।
लोके पथौ भणितौ, सुश्रमणः सुश्रावकः चापि ॥१॥

२९७. **दाणं पूया मुक्खं, सावयधम्मे ण सावया तेण विणा ।**
झाणाज्झयणं मुक्खं, जइधम्मे तं विणा तहा सो वि ॥२॥
दानं पूजा मुख्यः, श्रावकधर्मे न श्रावकाः तेन विना ।
ध्यानाध्ययनं मुख्यो, यतिधर्मे तं विना तथा सोऽपि ॥२॥

२९८. **सन्ति एगेहिं भिक्खूहिं, गारत्था संजमुत्तरा ।**
गारत्थेहिं य सव्वेहिं, साहवो संजमुत्तरा ॥३॥
सन्त्येकेभ्यो भिक्षुभ्यः, अगारस्थाः संयमोत्तराः ।
अगारस्थेभ्यश्च सर्वेभ्यः, साधवः संयमोत्तराः ॥३॥

२९९. **नो खलु अहं तहा, संचाएमि मुंडे जाव पव्वइत्तए ।**
अहं णं देवाणुप्पियाणं, अंतिए पंचाणुव्वइयं सत्तसिक्खावइयं
दुवालसविहं गिहिधम्मं पडिवज्जिस्सामि ॥४॥
नो खल्वहं तथा संशक्नोमि मुण्डो यावत् प्रव्रजितुम् ।
अहं खलु देवानुप्रियाणाम् अन्तिके पञ्चानुव्रतिकम् सप्तशिक्षा-
व्रतिकं द्वादशविधम् गृहिधर्मं प्रतिपत्स्ये ॥४॥

૨૯૪. જેમ ઔષધિથી પરાજિત અથવા વિનષ્ટ થયેલ વ્યાધિ ફરી વખત સતાવતો નથી તેમ જે વિવિકત (સ્ત્રી વગેરેથી રહિત) શય્યાસનથી નિયંત્રિત (યુકત) છે, અલ્પ આહારી છે અને દમિતેંદ્રિય (દાન્ત) છે એના ચિત્તને રાગ-દ્વેષરૂપી વિકાર પરાજિત કરી શકતા નથી.

૨૯૫. જ્યાં સુધી ઘડપણ સતાવતું નથી, રોગાદિ વધતા નથી, અને ઇંદ્રિયો અશકત ન બની ગઈ હોય ત્યાં સુધી યથાશકિત ધર્માચરણ કરી લેવું (કારણકે પછી અશકત તથા અસમર્થ દેહેંદ્રિયો દ્વારા ધર્મ આચરી શકાતો નથી).

૨૨. દ્વિવિધ ધર્મસૂત્ર

૨૯૬. જન્મ, ઘડપણ, મરણથી મુકત જિનેન્દ્રદેવે આ લોકમાં બે જ માર્ગ બતાવ્યા છે — એક છે ઉત્તમ શ્રમણોનો અને બીજો છે ઉત્તમ શ્રાવકોનો.

૨૯૭. શ્રાવકધર્મમાં દાન અને પૂજા મુખ્ય છે જેના વિના શ્રાવક બની શકાતું નથી તથા શ્રમણધર્મમાં ધ્યાન અને અધ્યયન મુખ્ય છે જેના વિના શ્રમણ બની શકાતું નથી.

૨૯૮. જો કે શુદ્ધાચારી સાધુ બધા ગૃહસ્થોથી સંયમમાં શ્રેષ્ઠ છે તો પણ કોઇક (શિથિલાચારી) ભિક્ષુઓની તુલનામાં ગૃહસ્થ સંયમમાં શ્રેષ્ઠ હોઈ શકે છે.

૨૯૯. જે વ્યક્તિ મુંડિત (પ્રવ્રજિત) બની અનગાર ધર્મ સ્વીકારવામાં અસમર્થ હોય છે એ જિનેન્દ્રદેવ દ્વારા પ્રરૂપિત શ્રાવક ધર્મનો સ્વીકાર કરે છે.

३००. **पंच य अणुव्वयाइं, सत्त उ सिक्खा उ देसजइधम्मो ।**
सव्वेण व देसेण व, तेण जुओ होइ देसजई ॥५॥
पञ्च च अणुव्रतानि, सप्त तु शिक्षाः देशयतिधर्मः ।
सर्वेण वा देशेन वा, तेन युतो भवति देशयतिः ॥५॥

२३. श्रावकधर्मसूत्र

३०१. **संपत्तदंसणाई, पइदियहं जइजणा सुणेई य ।**
सामायारिं परमं जो, खलु तं सावगं बिंति ॥१॥
संप्राप्तदर्शनादिः, प्रतिदिवसं यतिजनाच्छृणोति च ।
सामाचारीं परमां यः, खलु तं श्रावकं ब्रुवते ॥१॥

३०२. **पंचुंवरसहियाइं, सत्त वि विसणाई जो विवज्जेइ ।**
सम्मत्तविसुद्धमई, सो दंसणसावओ भणिओ ॥२॥
पञ्चोदुम्बरसहितानि सप्त अपि व्यसनानि यः विवर्जयति ।
सम्यक्त्वविशुद्धमतिः स दर्शनश्रावकः भणितः ॥२॥

३०३. **इत्थी जूयं मज्जं, मिगव्व वयणे तहा फरुसया य ।**
दंडफरुसत्तमत्थस्स दूसणं सत्त वसणाइं ॥३॥
स्त्री द्यूतं मद्यं, मृगया वचने तथा परुषता च ।
दण्डपरुषत्वम् अर्थस्य दूषणं सप्त व्यसनानि ॥३॥

३०४. ***मांसासणेण वड्ढइ दप्पो दप्पेण मज्जमहिलसइ ।***
जूयं पि रमइ तो तं, पि वणिण्ए पाउणइ दोसे ॥४॥
मांसाशनेन वर्धते दर्पः दर्पेण मद्यम् अभिलषति ।
द्यूतम् अपि रमते ततः तद् अपि वर्णितान् प्राप्नोति दोषान् ॥४॥

३०५. **लोइयसत्थम्मि वि, वण्णियं जहा गयणगामिणो विप्पा ।**
भुवि मंसासणेण पडिया, तम्हा ण पउंजए मंसं ॥५॥
लौकिकशास्त्रे अपि वर्णितम् यथा गगनगामिनः विप्राः ।
भुवि मांसाशनेन पतिताः तस्माद् न प्रयोजयेद् मांसम् ॥५॥

૩૦૦. શ્રાવકધર્મ અથવા શ્રાવકાચારમાં પાંચ વ્રત તથા સાત શિક્ષાવ્રત આવે છે. જે વ્યક્તિ આ બધાનું અથવા અમુકનું આચરણ કરતો હોય એ શ્રાવક કહેવાય છે.

૨૩. શ્રાવકધર્મસૂત્ર

૩૦૧. જે સમ્યગ્દૃષ્ટિ વ્યક્તિ હંમેશાં યતિઓ પાસેથી સામાચારી (આચાર વિષયક ઉપદેશ) શ્રવણ કરે છે એ શ્રાવક કહેવાય છે.

૩૦૨. પાંચ ઉદુંબર ફલ (ઉમર, કઠુમર, ગૂલર, પીપળો તથા વડ) ની સાથે સાથે સાત વ્યસનોનો ત્યાગ કરનાર વ્યક્તિને "દાર્શનિક વ્યક્તિ" કહેવામાં આવે છે જેની બુદ્ધિ સમ્યગ્દર્શનથી વિશુદ્ધ બની ગઈ હોય છે.

૩૦૩. પરસ્ત્રીનો સહવાસ, દ્યુત-ક્રીડા (જુગાર), દારૂ, શિકાર, વચન-પરુષતા, કઠોર દંડ, અને અર્થ-દૂષણ (ચોરી વગેરે) —આ સાત વ્યસન છે.

૩૦૪. માંસાહારથી ઉદ્ધતાઈ વધે છે. ઉદ્ધતાઈથી મનુષ્ય દારૂ પીવાની અભિલાષા કરે છે અને પછી એ જુગાર પણ ખેલે છે. આ પ્રમાણે (એક માંસાહારથી જ) મનુષ્ય અગાઉ વર્ણવેલા બધા દોષોનું ભાજન (ઘર) બને છે.

૩૦૫. લૌકિક શાસ્ત્રમાં પણ આ ઉલ્લેખ મળે છે કે માંસ ખાવાથી આકાશમાં વિહાર કરનાર બ્રાહ્મણ જમીન ઉપર પડી ગયો એટલે કે પતિત બની ગયો. એટલા માટે માંસનું સેવન કદાપિ ન કરવું જોઈએ.

३०६. मज्जेण णरो अवसो, कुणेइ कम्माणि णिंदणिज्जाइं ।
इहलोए परलोए, अणुहवइ अणंतयं दुक्खं ॥६॥
मद्येन नरः अवशः करोति कर्माणि निन्दनीयानि ।
इहलोके परलोके अनुभवति अनन्तकं दुःखम् ॥६॥

३०७. संवेगजणिदकरणा, णिस्सल्ला मंदरो व्व णिक्कंपा ।
जस्स दढा जिणभत्ती, तस्स भयं णत्थि संसारे ॥७॥
संवेगजनितकरणा, निःशल्या मन्दर इव निष्कम्पा ।
यस्य दृढा जिनभक्तिः, तस्य भयं नास्ति संसारे ॥७॥

३०८. सत्तू वि मित्तभावं, जम्हा उवयाइ विणयसीलस्स ।
विणओ तिविहेण तओ, कायव्वो देसविरएण ॥८॥
शत्रुः अपि मित्रभावम् यस्माद् उपयाति विनयशीलस्य ।
विनयः त्रिविधेन ततः कर्त्तव्यः देशविरतेन ॥८॥

३०९. पाणिवहमुसावाए, अदत्तपरदारनियमणेहिं च ।
अपरिमिइच्छाओऽवि य, अणुव्वयाइं विरमणाइं ॥९॥
प्राणिवधमृषावादा-दत्तपरदारनियमनैश्च ।
अपरिमितेच्छातोऽपि च, अणुव्रतानि विरमणानि ॥९॥

३१०. बंधवहच्छविच्छेए, अइभारे भत्तपाणवुच्छेए ।
कोहाइदूसियमणो, गोमणुयाईण नो कुज्जा ॥१०॥
बन्धवधछविच्छेदान्, *अतिभारान् भक्तपानव्युच्छेदान्* ।
क्रोधादिदूषितमनाः, गोमनुष्यादीनां न कुर्यात् ॥१०॥

३११. थूलमुसावायस्स उ, विरई दुच्चं, स पंचहा होइ ।
कन्नागोभु आल्लिय - नासहरण - कूडसक्खिज्जे ॥११॥
स्थूलमृषावादस्य तु, विरतिः द्वितीयं स पंचधा भवति ।
कन्यागोभूअलीक - न्यासहरण - कूटसाक्ष्याणि ॥११॥

३१२. सहसा अब्भक्खाणं, रहसा य सदारमंतभेयं च ।
मोसोवएसयं, कूडलेहकरणं च वज्जिज्जा ॥१२॥
सहसाभ्याख्यानं, रहसा च स्वदारमन्त्रभेदं च ।
मृषोपदेशं कूटलेखकरणं च वर्जयेत् ॥१२॥

૩૦૬. માંસની માફક દારૂ પીવાથી પણ મનુષ્ય મદહોશ બની નિંદનીય કર્મ કરે છે અને ફલ રૂપે આ લોક તથા પરલોકમાં અનંત દુઃખોનો અનુભવ કરે છે.

૩૦૭. જેના હૃદયમાં સંસાર તરફ વૈરાગ્ય ઉત્પન્ન કરનારી, શલ્ય વિનાની તથા મેરૂ જેવી સ્થિર અને અડગ જિન-ભક્તિ છે તેને સંસારમાં કોઈ પણ પ્રકારનો ભય નથી.

૩૦૮. વિનયવાન વ્યક્તિનો શત્રુ પણ મિત્ર બની જાય છે. માટે દેશવિરત અથવા અણુવ્રતી શ્રાવકોએ મન, વચન અને કાયાથી સમ્યક્ત્વાદિ ગુણોનો તથા ગુણી જનોનો વિનય કરવો જોઈએ.

૩૦૯. પ્રાણીવધ (હિંસા), મૃષાવાદ (અસત્ય), આપ્યા વિના પરાઈ વસ્તુ લઈ લેવી (ચોરી), પરસ્ત્રી સેવન (કુશીલ), તથા અપરિમિત કામના (પરિગ્રહ)—આ પાંચેય પાપોથી વિરતિને અણુવ્રત કહે છે.

૩૧૦. પ્રાણીવધથી વિરત શ્રાવકે ક્રોધાદિ કષાયોથી મનને દૂષિત કરી પશુ અને મનુષ્ય વગેરેનું બંધન, દંડ વગેરેથી મારવા કરવાનું, નાક વગેરે કાપી નાખવાનું, શક્તિથી વધારે ભાર લાદવાનું અને ખાન-પાન રોકવાં વગેરે કામો ન કરવાં જોઈએ. (કારણ, આ બધાં કામો પણ હિંસા જેવાં જ છે. એ બધાનો ત્યાગ એ સ્થૂળ હિંસા-વિરતી છે.)

૩૧૧. સ્થૂલ (જાડી રીતે જોતાં) અસત્ય-વિરતિ બીજું અણુવ્રત છે. આના પણ પાંચ પ્રકાર છે— કન્યા-અલીક, ગો-અલીક, અને ભૂ-અલીક અર્થાત્ કન્યા, ગો (પશુ) તથા ભૂમિની બાબતમાં જૂઠું બોલવું, કોઈની થાપણ ઓળવવી, અને જુઠ્ઠી સાક્ષી આપવી— આ બધાના ત્યાગને સ્થૂલ અસત્ય-વિરતિ કહે છે.

૩૧૨. (સાથે સાથે) સત્ય-અણુવ્રતી વિચાર્યા વિના સહસા નથી કોઇ વાત કરતો, નથી કોઇની છૂપી વાત કહી દેતો, નથી પોતાની પત્નીની કોઈ ગુપ્ત વાત મિત્રો વગેરેમાં પ્રકટ કરતો, નથી મિથ્યા (અહિતકારી) ઉપદેશ આપતો અને નથી કૂટ લેખ ક્રિયા (ખોટા હસ્તાક્ષર અગર ખોટા દસ્તાવેજ) કરતો.

३१३. वज्जिज्जा तेनाहड - तक्करजोगं विरुद्धरज्जं च ।
कूडतुलकूडमाणं, तप्पडिरूवं च ववहारं ॥१३॥
वर्जयेत् स्तेनाहृतं, तस्करयोगं विरुद्धराज्यं च ।
कूटतुलाकूटमाने, तत्प्रतिरूपं च व्यवहारम् ॥१३॥

३१४. इत्तरियपरिग्गहिया-ऽपरिगहियागमणा-णंगकीडं च ।
परविवाहक्करणं,* कामे तिव्वाभिलासं च ॥१४॥
इत्वरपरिगृहीता-ऽपरिगृहीतागमना-नङ्गक्रीडा च ।
पर (द्वितीय) विवाहकरणं, कामे तीव्राभिलाषः च ॥१४॥

३१५-३१६. विरया परिग्गहाओ, अपरिमिआओ अणंततण्हाओ ।
बहुदोससंकुलाओ, नरयगइगमणपंथाओ ॥१५॥
खित्ताइ हिरण्णाई धणाइ दुपयाइ - कुवियगस्स तहा ।
सम्मं विसुद्धचित्तो, न पमाणाइक्कमं कुज्जा ॥१६॥
विरताः परिग्रहात्-अपरिमितात्-अनन्ततृष्णात् ।
बहुदोषसंकुलात्, नरकगतिगमनपथात् ॥१५॥
क्षेत्रादेः हिरण्यादेः धनादेः द्विपदादेः कुप्यकस्य तथा
सम्यग्विशुद्धचित्तो, न प्रमाणातिक्रमं कुर्यात् ॥१६॥

३१७. भाविज्ज य संतोसं, गहियमियाणिं अजाणमाणेणं ।
थोवं पुणो न एवं, गिहिणस्सामो त्ति चिंतिज्जा ॥१७॥
भावयेच्च सन्तोषं, गृहीतमिदानीमजानानेन ।
स्तोकं पुनः न एवं, ग्रहीष्याम इति चिन्तयेत् ॥१७॥

३१८. जं च दिसावेरमणं, अणत्थदंडाउ जं च वेरमणं ।
देसावगासियं पि य, गुणव्वयाइं भवे ताइं ॥१८॥
यच्च दिग्विरमणं, अनर्थदण्डात् यच्च विरमणम् ।
देशावकाशिकमपि च, गुणव्रतानि भवेयुस्तानि ॥१८॥

---

*परो अन्नो जो विवाहो अप्पणो चेव स परविवाहो । किं भणियं होइ ? भण्णइ– विसिट्ठसंतोसाभावाओ अप्पणा अन्नाओ कन्नओ परिणेइ ति । पुण अइयारो सदारसंतुट्ठस्स होइ ॥—सावयधम्म पंचासक चूर्णि, ७६ ।

૩૧૩. અચૌર્યાણુવ્રતી શ્રાવકે ન ચોરીનો માલ ખરીદવો જોઈએ કે ન કોઇને ચોરી કરવા માટે પ્રેરવો જોઇએ. તેમ જ રાજ્યવિરુદ્ધ અર્થાત્ ટેક્સ-કર વગેરેની ચોરી કે નિયમવિરુદ્ધનું કોઇ કાર્ય કરવું નહીં જોઇએ. વસ્તુઓમાં ભેળસેળ વગેરે ન કરવી જોઇએ. ખોટા સિક્કા કે નોટ ન બનાંવવા જોઇએ.

૩૧૪. સ્વ-સ્ત્રીમાં સંતુષ્ટ બ્રહ્મચર્યાણુવ્રતી શ્રાવકે વિવાહિત કે અ-વિવાહિત સ્ત્રીથી સર્વથા દૂર રહેવું જોઇએ. અનંગ ક્રીડા કરવી ન જોઇએ. પોતાનાં સંતાન સિવાય બીજાના વિવાહાદિ કરાવવામાં રસ ન લેવો જોઈ એ. (પોતાનો પણ બીજી વખત વિવાહ ન કરવો જોઇએ એ અર્થ પણ આમાં શામિલ છે.) કામસેવનની તીવ્ર લાલસાનો પણ ત્યાગ કરવો જોઈ એ.

૩૧૫-૩૧૬. અપરિમિત્ર પરિગ્રહ અનંત તૃષ્ણાનું કારણ છે. એ બહુ જ દોષયુક્ત છે તથા નરક ગતિનો માર્ગ છે. એટલા માટે પરિગ્રહ-પરિમાણાણુવ્રતી વિશુદ્ધ ચિત્ત શ્રાવકે ક્ષેત્ર-મકાન, સોના-ચાંદી, ધન-ધાન્ય, દ્વિપદ-ચતુષ્પદ તથા ભંડાર (સંગ્રહ) વગેરે પરિગ્રહના અંગીકૃત પરિમાણનું અતિક્રમણ ન કરવું જોઇએ.

૩૧૭. એણે સંતોષ રાખવો જોઇએ. " આ વખતે મેં ભૂલમાં થોડું ભેગું કર્યું, આગળ આવશ્યકતા ઊભી થતાં ફરીથી વધુ ભેગું કરી વાળીશ. "— આવો વિચાર એણે ન કરવો જોઇએ.

૩૧૮. શ્રાવકનાં સાત શીલવ્રતોમાં આ ત્રણ ગુણવ્રત છે— દિશા-વિરતિ, અનર્થદંડ-વિરતિ, તથા દેશાવકાશિક.

३१९. **उड्ढमहे तिरियं पि य, दिसासु परिमाणकरणमिह पढमं ।**
भणियं गुणव्वयं खलु, सावगधम्मम्मि वीरेण ॥१९॥
ऊर्ध्वमधस्तिर्यगपि च, दिक्षु परिमाणकरणमिह प्रथमम् ।
भणितं गुणव्रतं खलु, श्रावकधर्मे वीरेण ॥१९॥

३२०. **वयभंगकारणं होइ, जम्मि देसम्मि तत्थ णियमेण ।**
कीरइ गमणणियत्ती, तं जाण गुणव्वयं विदियं ॥२०॥
व्रतभङ्गकारणं भवति, यस्मिन् देशे तत्र नियमेन ।
क्रियते गमननिवृत्तिः, तद् जानीहि गुणव्रतं द्वितीयम् ॥२०॥

३२१. **विरई अणत्थदंडे, तच्चं, स चउव्विहो अवज्झाणो ।**
पमायायरिय हिंसप्पयाण पावोवएसे य ॥२१॥
विरतिरनर्थदण्डे, तृतीयं, स चतुर्विधः अपध्यानम् ।
प्रमादाचरितम् हिंसाप्रदानम् पापोपदेशश्च ॥२१॥

३२२. **अट्ठेण तं न बंधइ, जमणट्ठेणं तु थोवबहुभावा ।**
अट्ठे कालाईया, नियामगा न उ अणट्ठाए ॥२२॥
अर्थेन तत् न बध्नाति, यदनर्थेन स्तोकबहुभावात् ।
अर्थे कालादिकाः, नियामकाः न त्वनर्थके ॥२२॥

३२३. **कंदप्पं कुक्कुइयं, मोहरियं संजुयाहिगरणं च ।**
उवभोगपरीभोगा-इरेयगयं चित्थ वज्जइ ॥२३॥
कान्दर्प्यम् कौत्कुच्यं, मौखर्यं संयुक्ताधिकरणं च ।
उपभोगपरिभोगा-तिरेकगतं चात्र वर्जयेत् ॥२३॥

३२४. **भोगाणं परिसंखा, सामाइय - अतिहिसंविभागो य ।**
पोसहविही य सव्वो, चउरो सिक्खाउ वुत्ताओ ॥२४॥
भोगानां परिसंख्या, सामायिकम् अतिथिसंविभागश्च ।
पौषधविधिश्च सर्वः, चतस्रः शिक्षा उक्ताः ॥२४॥

३२५. **वज्जणमणंतगुंबरि, अच्चंगाणं च भोगओ माणं ।**
कम्मयओ खरकम्मा-इयाण अवरं इमं भणियं ॥२५॥
वर्जनमनन्तकमुदम्बरि-अत्यङ्गानां च भोगतो मानम् ।
कर्मकतः खरकर्मादिकानां अपरम् इदं भणितम् ॥२५॥

૩૧૯. (વ્યાપાર વગેરેના ક્ષેત્રને મર્યાદિત બનાવવાની ઇચ્છાથી) ઉપર, હેઠે તથા આસપાસની દિશાઓમાં ગમન, આગમન, અથવા સંપર્ક વગેરેની મર્યાદા બાંધવાનું જેમાં કહેવામાં આવ્યું છે તે દિગ્વ્રત નામનું પહેલું ગુણવ્રત છે.

૩૨૦. જે દેશમાં જવાથી કોઈ પણ વ્રતનો ભંગ થાય અથવા એમાં દોષ આવે એમ હોય તે દેશમાં જવાની નિયમ પૂર્વક નિવૃત્તિને દેશાવકાશિક નામનું બીજું ગુણવ્રત કહે છે.

૩૨૧. કારણ વિના કાર્ય કરવું અથવા કોઈ પણને સતાવવાની ક્રિયાને અનર્થદંડ કહે છે. આના ચાર પ્રકાર છે—અપધ્યાન, પ્રમાદપૂર્ણ ચર્યા, હિંસાનાં ઉપકરણ આદિ આપવાં અને પાપનો ઉપદેશ— આ ચારેયના ત્યાગને અનર્થદંડ-વિરતિ નામનું ત્રીજું ગુણવ્રત કહે છે.

૩૨૨. પ્રયોજનપૂર્વક કામ કરવાથી થોડું કર્મબંધન થાય છે અને પ્રયોજન વિના કરવાથી ઘણું થાય છે. કારણ કે સપ્રયોજન કાર્યમાં તો દેશકાલાદિ પરિસ્થિતિઓને ગણતરીમાં લેવાની હોય છે પરંતુ પ્રયોજન વિનાની પ્રવૃત્તિ તો હમેશાં (અમર્યાદિતપણે) થઈ શકે છે.

૩૨૩. અનર્થ દંડથી વિરમેલા શ્રાવકે કંદર્પ (હાસ્યપૂર્ણ અશિષ્ટ વચન પ્રયોગ), કૌત્કુચ્ય (શારીરિક કુચેષ્ટા), મૌખર્ય (વ્યર્થ બકવાદ), હિંસાનાં અધિકરણોના સંયોજનની તથા ઉપભોગ-પરિભોગની મર્યાદાનો અતિરેક ન કરવો જોઈએ.

૩૨૪. ચાર શિક્ષાવ્રત આ પ્રમાણે છે— ભોગોનું પરિમાણ, સામાયિક, અતિથિ-સંવિભાગ, અને પ્રોષધોપવાસ.

૩૨૫. ભોગોપભોગ-પરિમાણ વ્રત બે પ્રકારનાં છે— ભોજન-રૂપ તથા કાર્ય અથવા વ્યાપાર-રૂપ. કંદમૂલ આદિ અનંતકાયિક વનસ્પતિ, ઉદુંબર ફળ તથા મદ્ય–માંસાદિના ત્યાગને અથવા પરિમાણને ભોજન વિષયક ભોગોપભોગ વ્રત કહે છે. અને ખરકર્મ અર્થાત્ હિંસા ઉપર આધાર રાખનારી આજીવિકા વગેરેના ત્યાગને અથવા પરિમાણને વ્યાપાર વિષયક ભોગોપભોગ પરિમાણ વ્રત કહે છે.

३२६. सावज्जजोगपरिरक्खणट्ठा, सामाइयं केवलियं पसत्थं ।
गिहत्थधम्मा परमं ति नच्चा, कुज्जा बुहो आयहियं परत्था ॥२६॥
सावद्ययोगपरिरक्षणार्थं, सामायिकं केवलिकं प्रशस्तम् ।
गृहस्थधर्मात् परमिति ज्ञात्वा, कुर्याद् बुध आत्महितं परत्र ॥२६॥

३२७. सामाइयम्मि उ कए, समणो इव सावओ हवइ जम्हा ।
एएण कारणेणं, बहुसो सामाइयं कुज्जा ॥२७॥
सामायिके तु कृते, श्रमण इव श्रावको भवति यस्मात् ।
एतेन कारणेन, बहुशः सामायिकं कुर्यात् ॥२७॥

३२८. सामाइयं ति काउं, परचिंतं जो उ चिंतई सड्ढो ।
अट्टवसट्टोवगओ, निरत्थयं तस्स सामाइयं ॥२८॥
सामायिकमिति कृत्वा, परचिन्तां यस्तु चिन्तयति श्राद्धः ।
आर्तवशार्तोपगतः, निरर्थकं तस्य सामायिकम् ॥२८॥

३२९. आहारदेहसक्कार-बंभाऽवावारपोसहो य णं ।
देसे सव्वे य इमं, चरमे सामाइयं णियमा ॥२९॥
आहारदेहसत्कार-ब्रह्मचर्यमव्यापारपोषधः च ।
देशे सर्वस्मिन् च इदं, चरमे सामायिकं नियमात् ॥२९॥

३३०. अन्नाईणं सुद्धाणं, कप्पणिज्जाण देसकालजुत्तं ।
दाणं जईणमुचियं, गिहीण सिक्खावयं भणियं ॥३०॥
अन्नादीनां शुद्धानां, कल्पनीयानां देशकालयुतम् ।
दानं यतिभ्यः उचितं, गृहिणां शिक्षाव्रतं भणितम् ॥३०॥

३३१. आहारोसह-सत्थाभय-भेओ जं चउव्विहं दाणं ।
तं वुच्चइ दायव्वं, णिद्दिट्ठमुवासयज्झयणे ॥३१॥
आहारौषध-शास्त्रानुभयभेदात् यत् चतुर्विधम् दानम् ।
तद् उच्यते दातव्यं निर्दिष्टम् उपासक-अध्ययने ॥३१॥

३३२. दाणं भोयणमेत्तं, दिज्जइ धन्नो हवेइ सायारो ।
पत्तापत्तविसेसं, संदंसणे किं वियारेण ॥३२॥
दानं भोजनमात्रं, दीयते धन्यो भवति सागारः ।
पात्रापात्रविशेषसंदर्शने किं विचारेण ॥३२॥

૩૨૬. સાવદ્યયોગ અર્થાત્ હિંસારંભથી બચવા માટે માત્ર સામાયિક જ પ્રશસ્ત છે. એને શ્રેષ્ઠ ગૃહસ્થ ધર્મ જાણી વિદ્વાને આત્મહિત તથા મોક્ષ પ્રાપ્તિ માટે સામાયિક કરવી જોઈએ.

૩૨૭. સામાયિક કરવાથી અર્થાત્ સામાયિક કરતી વખતે શ્રાવક પણ શ્રમણ જેવો (સર્વ સાવદ્યયોગથી રહિત અને સમતા-ભાવ-યુક્ત) બની જાય છે. એટલા માટે અનેક પ્રકારે સામાયિક કરવી જોઈએ.

૩૨૮. સામાયિક કરતી વખતે જે શ્રાવક પર-ચિંતા કરે છે એનું ધ્યાન એ આર્ત–ધ્યાન કહેવાય. એની સામાયિક નિરર્થક છે.

૩૨૯. આહાર, શરીર-સંસ્કાર, અબ્રહ્મ તથા આરંભ ત્યાગ—આ ચાર પ્રોષધોપવાસ નામના શિક્ષાવ્રતમાં આવે છે. આ ચારેયનો ત્યાગ આંશિક પણ અને સર્વાંશ પણ હોય છે. જે સંપૂર્ણપણે પ્રોષધ કરે છે, એણે નિયમપૂર્વક સામાયિક કરવી જોઈએ.

૩૩૦. ઉદ્ગમાદિ દોષોથી રહિત, દેશ-કાલાનુકૂલ, શુદ્ધ અન્નાદિકનું મુનિ આદિ સંયમીઓને ઉચિત રીતે દાન દેવું એને ગૃહસ્થોનું અતિથિ-સંવિભાગ શિક્ષાવ્રત કહે છે. (જે લોકો કોઈ પણ પ્રકારની સૂચના અગાઉથી આપ્યા વિના અ-તિથિ રૂપે આવે છે એમને પોતાના ભોજનમાં સંવિભાગી બનાવવા એવો પણ આનો અર્થ થાય છે.)

૩૩૧. આહાર, ઔષધ, શાસ્ત્ર અને અભયના રૂપમાં દાન ચાર પ્રકારે કહેવામાં આવ્યું છે. ઉપાસકાધ્યયનમાં અર્થાત્ શ્રાવકાચારમાં એને દેવા યોગ્ય ગણાવેલ છે.

૩૩૨. ભોજન માત્રનું દાન કરવાથી પણ ગૃહસ્થ ધન્ય બને છે. આમાં પાત્ર અને અપાત્રનો વિશેષ વિચાર કરવાથી શું લાભ ?

३३३. **साहूणं कप्पणिज्जं, जं न वि दिण्णं कहिं पि किंचि तहिं ।**
धीरा जहुत्तकारी, सुसावया तं न भुंजंति ॥३३॥
साधूनां कल्पनीयं, यद् नापि दत्तं कुत्रापि किंचित् तत्र ।
धीराः यथोक्तकारिणः, सुश्रावकाः तद् न भुञ्जते ॥३३॥

३३४. **जो मुणिभुत्तविसेसं, भुंजइ सो भुंजए जिणुवदिट्ठं ।**
संसारसारसोक्खं, कमसो णिव्वाणवरसोक्खं ॥३४॥
यो मुनिभुक्तविशेषं, भुङ्क्ते स भुङ्क्ते जिनोपदिष्टम् ।
संसारसारसौख्यं, क्रमशो निर्वाणवरसौख्यम् ॥३४॥

३३५. **जं कीरइ परिरक्खा, णिच्चं मरण-भयभीरु-जीवाणं ।**
तं जाण अभयदाणं, सिहामणिं सव्वदाणाणं ॥३५॥
यत् क्रियते परिरक्षा, नित्यं मरणभयभीरुजीवानाम् ।
तद् जानीहि अभयदानम्, शिखामणिं सर्वदानानाम् ॥३५॥

२४. श्रमणधर्मसूत्र

(अ) समता

३३६. **समणो त्ति संजदो त्ति य, रिसि मुणि साधु त्ति वीदरागो त्ति ।**
णामाणि सुविहिदाणं, अणगार भदंत दंतो त्ति ॥१॥
श्रमण इति संयत इति च, ऋषिर्मुनिः साधुः इति वीतराग इति ।
नामानि सुविहितानाम्, अनगारो भदन्तः दान्तः इति ॥१॥

३३७. **सीह-गय-वसह-मिय-पसु, मारुद-सूरूवहि-मंदरिंदु-मणी ।**
खिदि-उरगंवरसरिसा, परम-पय-विमग्गया साहू ॥२॥
सिंह-गज-वृषभ-मृग-पशु, मारुत-सूर्योदधि-मन्दरेन्दु-मणयः ।
क्षिति-उरगाम्बरसदृशाः, परमपद-विमार्गकाः साधवः ॥२॥

३३८. **बहवे इमे असाहू, लोए वुच्चंति साहुणो ।**
न लवे असाहुं साहु त्ति, साहुं साहु त्ति आलवे ॥३॥
बहवः इमे असाधवः, लोके उच्यन्ते साधवः ।
न लपेदसाधुं साधुः इति साधुं साधुः इति आलपेत् ॥३॥

૩૩૩. જે ઘરમાં સાધુઓને કલ્પે તેવું (એમને અનુકૂળ) કશું પણ દાન દેવામાં આવતું નથી એ ઘરમાં શાસ્ત્રોક્ત આચરણ કરનાર ધીર અને ત્યાગી સુશ્રાવક ભોજન કરતા નથી.

૩૩૪. જે ગૃહસ્થ મુનિને ભોજન કરાવ્યા પછી બચેલું ભોજન કરે છે વાસ્તવમાં તેનું જ ભોજન કર્યું સાર્થક થાય છે. જિનોપદિષ્ટ સાંસારિક સારભૂત સુખ તથા અનુક્રમે મોક્ષનું ઉત્તમ સુખ એ પ્રાપ્ત કરે છે.

૩૩૫. મૃત્યુના ભયથી ભયભીત જીવોની રક્ષા કરવી એને જ અભયદાન કહે છે. આ અભય–દાન બધાં દાનોમાં શિરોમણિ સમાન છે.

૨૪. શ્રમણધર્મ સૂત્ર

(અ) **સમતા**

૩૩૬. શ્રમણ, સંયત, ઋષિ, મુનિ, સાધુ, વીતરાગ, અનગાર, ભદંત,—આ બધાં શાસ્ત્રોક્ત આચરણ કરનારાનાં નામ છે.

૩૩૭. પરમપદની પ્રાપ્તિ માટે નિરત સાધુ સિંહ જેવા પ્રરાક્રમી, હાથી જેવા સ્વાભિમાની, વૃષભ જેવા ભદ્ર, મૃગ જેવા સરળ, પશુ જેવા નિરીહ, વાયુ જેવા નિસ્સંગ, સૂર્ય જેવા તેજસ્વી, સાગર જેવા ગંભીર, મેરુ જેવા નિશ્ચલ, ચંદ્ર જેવા શીતળ, મણિ જેવા કાંતિમાન, પૃથ્વી જેવા સહિષ્ણુ, સર્પ જેવા અનિયત આશ્રયી (જેનું આશ્રય કરવાનું અનિયત–અચોક્કસ છે), તથા આકાશ જેવા નિરવલંબ (અવલંબન વિનાના હોય છે.)

૩૩૮. (પરંતુ) એવા પણ ઘણા અસાધુઓ છે જેમને સંસારમાં સાધુ કહેવામાં આવે છે. (પરંતુ) અસાધુને સાધુ ન કહેવા જોઈએ, સાધુને જ સાધુ કહેવા જોઈએ.

३३९. **नाणदंसणसंपण्णं, संजमे य तवे रयं ।**
एवंगुणसमाउत्तं, संजयं साहुमालवे ॥४॥
ज्ञानदर्शनसम्पन्नं, संयमे च तपसि रतम् ।
एवंगुणसमायुक्तं, संयतं साधुमालपेत् ॥४॥

३४०. **न वि मुण्डिएण समणो, न ओंकारेण बंभणो ।**
न मुणी रण्णवासेणं, कुसचीरेण न तावसो ॥५॥
नाऽपि मुण्डितेन श्रमणः, न ओंकारेण ब्राह्मणः ।
न मुनिररण्यवासेन, कुशचीरेण न तापसः ॥५॥

३४१. **समयाए समणो होइ, बंभचेरेण बंभणो ।**
नाणेण य मुणी होइ, तवेण होइ तावसो ॥६॥
समतया श्रमणो भवति, ब्रह्मचर्येण ब्राह्मणः ।
ज्ञानेन च मुनिर्भवति, तपसा भवति तापसः ॥६॥

३४२. **गुणेहि साहू अगुणेहिऽसाहू, गिण्हाहि साहूगुण मुंचऽसाहू ।**
वियाणिया अप्पगमप्पएणं, जो रागदोसेहिं समो स पुज्जो ॥७॥
गुणैःसाधुरगुणैरसाधुः, गृहाण साधुगुणान् मुञ्चाऽसाधु (गुणान् ।
विजानीयात् आत्मानमात्मना, यः रागद्वेषयोः समः स पूज्यः ॥७॥

३४३. **देहादिसु अणुरत्ता, विसयासत्ता कसायसंजुत्ता ।**
अप्पसहावे सुत्ता, ते साहू सम्मपरिचत्ता ॥८॥
देहादिषु अनुरक्ता, विषयासक्ताः कषायसंयुक्ताः ।
आत्मस्वभावे सुप्ता, ते साधवः सम्यक्त्वपरित्यक्ताः ॥८॥

३४४. **बहुं सुणेइ कण्णेहिं, बहुं अच्छीहिं पेच्छइ ।**
न य दिट्ठं सुयं सव्वं, भिक्खू अक्खाउमरिहइ ॥९॥
बहु शृणोति कर्णाभ्यां, बहु अक्षिभ्यां प्रेक्षते ।
न च दृष्टं श्रुतं सर्वं, भिक्षुराख्यातुमर्हति ॥९॥

३४५. **सज्झायज्झाणजुत्ता, रत्तिं ण सुयंति ते पयामं तु ।**
सुत्तत्थं चिंतंता, णिद्दाय वसं ण गच्छंति ॥१०॥
स्वाध्यायध्यानयुक्ताः, रात्रौ न स्वपन्ति ते प्रकामं तु ।
सूत्रार्थं चिन्तयन्तो, निद्राया वशं न गच्छन्ति ॥१०॥

૩૩૯. જ્ઞાન અને દર્શનથી સંપન્ન તથા તપમાં લીન અને આવા પ્રકારના ગુણો ધરાવનાર સાધુને જ સાધુ કહેવા જોઇએ.

૩૪૦. માથું મુંડાવવા માત્રથી કોઈ શ્રમણ બની શકતો નથી. ૐ નો જપ કરવાથી કોઈ બ્રાહ્મણ બની શકતો નથી. અરણ્યમાં રહેવાથી કોઇ મુનિ બની જતો નથી તેમજ દર્ભના વસ્ત્ર પહેરવાથી તપસ્વી થઇ જતો નથી.

૩૪૧. પરંતુ એ સમતાથી શ્રમણ, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ, જ્ઞાનથી મુનિ અને તપથી તપસ્વી બની શકે છે.

૩૪૨. (કોઈ પણ વ્યક્તિ) ગુણોથી સાધુ અને અગુણોથી અસાધુ બને છે. માટે, સાધુના ગુણોને ધારણ કરો અને અસાધુતાનો ત્યાગ કરો. આત્માને આત્મા દ્વારા જાણીને જે સમભાવમાં રહે છે તે જ પૂજ્ય છે.

૩૪૩. દેહાદિમાં અનુરક્ત, વિષયોમાં આસક્ત, કષાયયુક્ત અને આત્મ સ્વભાવમાં સુપ્ત સાધુ સમ્યક્ત્વથી શૂન્ય હોય છે.

૩૪૪. ગોચરી અર્થાત્ ભિક્ષા માટે નીકળેલ સાધુ કાનથી ઘણી સારી-નઠારી વસ્તુઓ સાંભળે છે તથા આંખથી ઘણી સારી નઠારી વસ્તુઓ દેખે છે પરંતુ બધું જ જોઇ, સાંભળીને પણ એ કોઇને કાંઇ કહેતો નથી બલ્કે ઉદાસીન રહે છે.

૩૪૫. સ્વાધ્યાય અને ધ્યાનમાં લીન સાધુઓ રાતે ઝાઝું સૂતા નથી. સૂત્ર અને અર્થનું ચિંતન કરતા રહેતા હોવાથી એ નિદ્રાને વશ થતા નથી.

३४६. **निम्ममो निरहंकारो, निस्संगो चत्तगारवो ।**
समो य सव्वभूएसु, तसेसु थावरेसु अ ॥११॥
निर्ममो निरहंकारः, निःसंगस्त्यक्तगौरवः ।
समश्च सर्वभूतेषु, त्रसेषु स्थावरेषु च ॥११॥

३४७. **लाभालाभे सुहे दुक्खे, जीविए मरणे तहा ।**
समो निन्दापसंसासु, तहा माणावमाणओ ॥१२॥
लाभालाभे सुखे दुःखे, जीविते मरणे तथा ।
समो निन्दाप्रशंसयोः, तथा मानापमानयोः ॥१२॥

३४८. **गारवेसु कसाएसु, दंडसल्लभएसु य ।**
नियत्तो हाससोगाओ, अनियाणो अबन्धणो ॥१३॥
गौरवेभ्यः कषायेभ्यः, दण्डशल्यभयेभ्यश्च ।
निवृत्तो हासशोकात्, अनिदानो अबन्धनः ॥१३॥

३४९. **अणिस्सिओ इहं लोए, परलोए अणिस्सिओ ।**
वासीचन्दणकप्पो य, असणे अणसणे तहा ॥१४॥
अनिश्रित इहलोके, परलोकेऽनिश्रितः ।
वासीचन्दनकल्पश्च, अशनेऽनशने तथा ॥१४॥

३५०. **अप्पसत्थेहिं दारेहिं, सव्वओ पिहियासवो ।**
अज्झप्पज्झाणजोगेहिं, पसत्थदमसासणे ॥१५॥
अप्रशस्तेभ्यो द्वारेभ्यः, सर्वतः पिहितास्रवः ।
ध्यात्मध्यानयोगैः, प्रशस्तदमशासनः ॥१५॥

३५१. **खुहं पिवासं दुस्सेज्जं, सीउण्हं अरइं भयं ।**
अहियासे अव्वहिओ, देहे दुक्खं महाफलं ॥१६॥
क्षुधं पिपासां दुःशय्यां, शीतोष्णं अरतिं भयम् ।
अतिसहेत अव्यथितः देहदुःखं महाफलम् ॥१६॥

३५२. **अहो निच्चं तवोकम्मं, सव्वबुद्धेहिं वण्णियं ।**
जाय लज्जासमा वित्ती, एगभत्तं च भोयणं ॥१७॥
अहो नित्यं तपःकर्म, सर्वबुद्धैर्वर्णितम् ।
यावल्लज्जासमा वृत्तिः, एकभक्तं च भोजनम् ॥१७॥

૩૪૬. સાધુ મમત્વરહિત, નિરભિમાની, નિસ્સંગ, ગૌરવનો ત્યાગી તથા ત્રસ અને સ્થાવર જીવો તરફ સમદૃષ્ટિવાળો હોય છે.

૩૪૭. એ લાભ અને હાનિમાં, સુખ અને દુઃખમાં, જીવન અને મરણમાં, નિંદા અને સ્તુતિમાં, તથા માન અને અપમાનમાં સમભાવ રાખે છે.

૩૪૮. એ ગૌરવ, કષાય, દંડ, શલ્ય, ભય, હાસ્ય અને શોક રહિત અને નિદાન તથા બંધન વિનાનો હોય છે.

૩૪૯. આ લોક અને પરલોકમાં અનાસક્ત, એને વાંસલાથી છોલે કે ચંદનનો લેપ કરે, અને આહાર મળે ન મળે—બધી વખત એ સમભાવી હોય છે, તથા હર્ષ કે વિષાદ એ નથી કરતો.

૩૫૦. આવો શ્રમણ અપ્રશસ્ત દ્વારો-(હેતુઓ)થી આવનારાં કર્મોનો સર્વતોભાવેન અવરોધ કરી અધ્યાત્મ સંબંધી ધ્યાન-યોગોથી પ્રશસ્ત એવા સંયમમાં લીન થઈ જાય છે.

૩૫૧. ભૂખ, તરસ, દુષ્શય્યા (ઉંચી-નીચી પથરાળી ભૂમિ), ટાઢ, તડકો, અરતિ, ભય વગેરેને દુઃખ અનુભવ્યા સિવાય સહન કરવાં જોઈએ. કારણ કે શારીરિક દુઃખોને સમભાવ-પૂર્વક સહન કરવા મહાફલદાયી છે.

૩૫૨. સંયમને અનુકૂળ વૃત્તિ અને સાથે સાથે દિવસમાં કેવળ એક જ વખત ભોજન. અહો ! બધા જ્ઞાની પુરુષોએ નિત્ય અનુષ્ઠાનનો કેવો સુંદર ઉપદેશ આપ્યો છે !

३५३. किं काहदि वणवासो, कायकलेसो विचित्त उववासो ।
अज्झयणमोणपहुदी, समदारहियस्स समणस्स ॥१८॥
किं करिष्यति वनवासः, कायक्लेशो विचित्रोपवासः ।
अध्ययनमौनप्रभृतयः, समतारहितस्य श्रमणस्य ॥१८॥

३५४. बुद्धे परिनिव्वुडे चरे, गाम गए नगरे व संजए ।
संतिमग्गं च बूहए, समयं गोयम ! मा पमायए ॥१९॥
बुद्धः परिनिर्वृतश्चरेः, ग्रामे गतो नगरे वा संयतः ।
शान्तिमार्गं च बृंहयेः, समयं गौतम ! मा प्रमादीः ॥१९॥

३५५. न हु जिणे अज्ज दिस्सई, बहुमए दिस्सई मग्गदेसिए ।
संपइ नेयाउए पहे, समयं गोयम ! मा पमायए ॥२०॥
न खलु जिनोऽद्य दृश्यते, बहुमतो दृश्यते मार्गदर्शितः ।
सम्प्रति नैयायिके पथि, समयं गौतम ! मा प्रमादीः ॥२०॥

(आ) वेश-लिंग

३५६. वेसो वि अप्पमाणो, असंजमपएसु वट्टमाणस्स ।
किं परियत्तियवेसं, विसं न मारेइ खज्जंतं ॥२१॥
वेषोऽपि अप्रमाणः, असंयमपदेषु वर्तमानस्य ।
किं परिवर्तितवेषं, विषं न मारयति खादन्तम् ॥२१॥

३५७. पच्चयत्थं च लोगस्स, नाणाविहविगप्पणं ।
जत्तत्थं गहणत्थं च, लोगे लिंगपओयणं ॥२२॥
प्रत्ययार्थं च लोकस्य, नानाविधविकल्पनम् ।
यात्रार्थं ग्रहणार्थं च, लोके लिङ्गप्रयोजनम् ॥२२॥

३५८. पासंडीलिंगाणि व, गिहिलिंगाणि व बहुप्पयाराणि ।
घित्तुं वदंति मूढा, लिंगमिणं मोक्खमग्गो त्ति ॥२३॥
पाषंडिलिङ्गानि वा, गृहिलिङ्गानि वा बहुप्रकाराणि ।
गृहीत्वा वदन्ति मूढा, लिङ्गमिदं मोक्षमार्ग इति ॥२३॥

३५९. पुल्लेव मुट्ठी जह से असारे, अयन्तिए कूडकहावणे वा ।
राढामणी वेरुलियप्पगासे, अमहग्घए होइ य जाणएसु ॥२४॥
शुषिरा इव मुष्टिर्यथा स असारः, अयन्त्रितः कूटकार्षापणो वा ।
राढामणिर्वैडूर्यप्रकाशः, अमहार्घको भवति च ज्ञायकेषु ज्ञेषु ॥२४॥

૩૫૩. શ્રમણ જો સમતા વિનાનો હોય તો તેનો વનવાસ, કાય-ક્લેશ, વિચિત્ર ઉપવાસ, અધ્યયન અને મૌન— બધું જ નકામું છે.

૩૫૪. પ્રબુદ્ધ અને ઉપશાંત બનીને સંયત ભાવપૂર્વક ગામડામાં અને શહેરમાં વિચર ! શાંતિના માર્ગનું ઉપબૃંહણ કર ! હે ગૌતમ ! ક્ષણમાત્રનો પણ પ્રમાદ ન કર !

૩૫૫. આજે એક પણ 'જિન' દેખાતા નથી અને જે જે માર્ગ-દર્શક છે તે દરેક એક મત ધરાવતા નથી એવું લોકો ભવિષ્યમાં કહેશે. પરંતુ તને તો આજે ન્યાયપૂર્ણ માર્ગ મળી ગયો છે માટે હે ગૌતમ ! એક ક્ષણનો પણ પ્રમાદ ન કર.

(આ) **વેશ-લિંગ**

૩૫૬. (સંયમ માર્ગમાં) વેશ પ્રમાણ નથી. કારણ કે એ તો અસંયત લોકોમાં પણ જોવામાં આવે છે. વેશ બદલનાર વ્યક્તિને શું ખાધેલું વિષ (ઝેર) મારતું નથી ?

૩૫૭. (છતાં પણ) લોક પ્રતીતિ માટે વિવિધ ઉપકરણોની અને વેશાદિની કલ્પના કરવામાં આવી છે. સંયમ-યાત્રાના નિર્વાહ માટે તથા "હું સાધુ છું" એની જાણકારી માટે જ લોકમાં લિંગનું પ્રયોજન છે.

૩૫૮. લોકમાં સાધુઓ તથા ગૃહસ્થોના વિવિધ પ્રકારના લિંગ પ્રચલિત છે જેને ધારણ કરીને અમુક લિંગ (ચિહ્ન) મોક્ષનું કારણ છે એવું મૂઢ જન કહેતા ફરે છે.

૩૫૯. જે ખાલી મુઠ્ઠીની માફક નિસ્સાર છે, ખોટા સિક્કાની માફક અપ્રમાણિત છે, વૈડૂર્ય જેવી ચમકદાર કાચમણિ સમાન છે તેનું કોઈ મૂલ્ય જાણકારની દૃષ્ટિમાં નથી.

३६०. **भावो हि पढमलिंगं, ण दव्वलिंगं च जाण परमत्थं ।**
भावो कारणभूदो, गुणदोसाणं जिणा बिंति ॥२५॥
भावो हि प्रथमलिङ्गं, न द्रव्यलिङ्गं च जानीहि परमार्थम् ।
भावः कारणभूतः, गुणदोषाणां जिना ब्रुवन्ति ॥२५॥

३६१. **भावविसुद्धिणिमित्तं, बाहिरगंथस्स कीरए चाओ ।**
बाहिरचाओ विहलो, अब्भंतरगंथजुत्तस्स ॥२६॥
भावविशुद्धिनिमित्तं, बाह्यग्रन्थस्य क्रियते त्यागः ।
बाह्यत्यागः विफलः, अभ्यन्तरग्रन्थयुक्तस्य ॥२६॥

३६२. **परिणामम्मि असुद्धे, गंथे मुंचेइ बाहिरे य जई ।**
बाहिरगंथच्चाओ, भावविहूणस्स किं कुणइ ? ॥२७॥
परिणामे अशुद्धे, ग्रन्थान् मुञ्चति बाह्यान् च यतिः ।
बाह्यग्रन्थत्यागः, भावविहीनस्य किं करोति ? ॥२७॥

३६३. **देहादिसंगरहिओ, माणकसाएहिं सयलपरिचत्तो ।**
अप्पा अप्पम्मि रओ, स भावलिंगी हवे साहू ॥२८॥
देहादिसंगरहितः, मानकषायैः सकलपरित्यक्तः ।
आत्मा आत्मनि रतः, स भावलिङ्गी भवेत् साधुः ॥२८॥

२५. व्रतसूत्र

३६४. **अहिंसा सच्चं च अतेणगं च, तत्तो य बंभं अपरिग्गहं च ।**
पडिवज्जिया पंच महव्वयाणि, चरिज्ज धम्मं जिणदेसियं विऊ ॥१॥
अहिंसा सत्यं चास्तेनकं च, ततश्चाब्रह्मापरिग्रहं च ।
प्रतिपद्य पञ्चमहाव्रतानि, चरति धर्मं जिनदेशितं विदः ॥१॥

३६५. **णिस्सल्लस्सेव पुणो, महव्वदाइं हवंति सव्वाइं ।**
वदमुवहम्मदि तीहिं दु, णिदाणमिच्छत्तमायाहिं ॥२॥
निःशल्यस्यैव पुनः, महाव्रतानि भवन्ति सर्वाणि ।
व्रतमुपहन्यते तिसृभिस्तु, निदान-मिथ्यात्व-मायाभिः ॥२॥

૩૬૦. (વાસ્તવિક રીતે) ભાવ જ પ્રથમ અથવા મુખ્ય લિંગ છે. દ્રવ્યલિંગ પરમાર્થ નથી કારણ કે ભાવને જ જિનદેવ ગુણ-દોષોનું કારણ કહે છે.

૩૬૧. ભાવની વિશુદ્ધિ માટે જ બાહ્યપરિગ્રહનો ત્યાગ કરવામાં આવે છે. જેનામાં પરિગ્રહની વાસના છે એનો બાહ્ય-ત્યાગ નિષ્ફળ છે.

૩૬૨. અશુદ્ધ પરિણામોમાં રહેતાં હોવા છતાં જે બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરે છે તેનું, આત્મભાવના વિનાનો બાહ્યત્યાગ શું ભલું કરી શકે ?

૩૬૩. જે શરીર વગેરેની મમતાથી રહિત છે, માનાદિ કષાયોથી પૂરેપૂરો મુક્ત છે અને જે પોતાના આત્મામાં જ લીન છે એ સાધુ જ ભાવલિંગી છે.

૨૫. વ્રતસૂત્ર

૩૬૪. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ — આ પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરીને વિદ્વાન મુનિ જિને ઉપદેશેલા ધર્મનું આચરણ કરે.

૩૬૫. નિઃશલ્ય વ્રતી હોય તેને જ મહાવ્રત હોય છે. કારણ કે, નિદાન, મિથ્યાત્વ અને માયા — આ ત્રણ શલ્યોથી મહાવ્રતોનો ઘાત થાય છે.

३६६. अगणिअ जो मुक्खसुहं, कुणइ निआणं असारसुहहेउं ।
सो कायमणिकएणं, वेरुलियमणिं पणासेइ ॥३॥
अगणयित्वा यो मोक्षसुखं, करोति निदानमसारसुखहेतोः ।
स काचमणिकृते, वैडूर्यमणिं प्रणाशयति ॥३॥

३६७. कुलजोणिजीवमग्गण-ठाणाइसु जाणिऊण जीवाणं ।
तस्सारंभणियत्तण, परिणामो होइ पढमवदं ॥४॥
कुलयोनिजीवमार्गणा-स्थानादिषु ज्ञात्वा जीवानाम् ।
तस्यारम्भनिवर्तनपरिणामो भवति प्रथमव्रतम् ॥४॥

३६८. सव्वेसिमासमाणं, हिदयं गब्भो व सव्वसत्थाणं ।
सव्वेसिं वदगुणाणं, पिंडो सारो अहिंसा हु ॥५॥
सर्वेषामाश्रमाणां, हृदयं गर्भो वा सर्वशास्त्राणाम् ।
सर्वेषां व्रतगुणानां, पिण्डः सारः अहिंसा हि ॥५॥

३६९. अप्पणट्ठा परट्ठा वा, कोहा वा जइ वा भया ।
हिंसगं न मुसं बूया, नो वि अन्नं वयावए ॥६॥
आत्मार्थं परार्थं वा, क्रोधाद्वा यदि वा भयात् ।
हिंसकं न मृषा ब्रूयात्, नाप्यन्यं वदापयेत् ॥६॥

३७०. गामे वा णयरे वा, रण्णे वा पेच्छिऊण परमत्थं ।
जो मुंचदि गहणभावं, तिदियवदं होदि तस्सेव ॥७॥
ग्रामे वा नगरे वा-ऽरण्ये वा प्रेक्षित्वा परमार्थम् ।
यो मुञ्चति ग्रहणभावं, तृतीयव्रतं भवति तस्यैव ॥७॥

३७१. चित्तमंतमचित्तं वा, अप्पं वा जइ वा बहुं ।
दंतसोहणमेत्तं पि, ओग्गहंसि अजाइया ॥८॥
चित्तवदचित्तवद्वा, अल्पं वा यदि वा बहु (मूल्यतः) ।
दन्तशोधनमात्रमपि, अवग्रहे अयाचित्वा (न गृह्णन्ति) ॥८॥

३७२. अइभूमिं न गच्छेज्जा, गोयरग्गगओ मुणी ।
कुलस्स भूमिं जाणित्ता, मियं भूमिं परक्कमे ॥९॥
अतिभूमिं न गच्छेद्, गोचराग्रगतो मुनिः ।
कुलस्य भूमिं ज्ञात्वा, मितां भूमिं पराक्रमेत् ॥९॥

૩૬૬. જે વ્રતી મોક્ષ–સુખની ઉપેક્ષા અથવા અવગણના કરીને (પરભવમાં) અસાર સુખની પ્રાપ્તિ માટે નિદાન અગર ઇચ્છા કરે છે એ કાચના ટુકડા માટે વૈડૂર્યમણિને ગુમાવે છે.

૩૬૭. કુલ, યોનિ, જીવસ્થાન, માર્ગણાસ્થાન વગેરેમાં જીવોને જાણીને એની સાથેના સંબંધમાં આરંભથી નિવૃત્તિરૂપ (આભ્યંતર) પરિણામ પ્રથમ અહિંસાવ્રત કહેવાય છે.

૩૬૮. અહિંસા તમામ આશ્રમોનું હૃદય, તમામ શાસ્ત્રોનું રહસ્ય તથા તમામ વ્રતો અને ગુણોનો પિંડભૂત સાર છે.

૩૬૯. સ્વયં પોતાને માટે અથવા બીજાને માટે ક્રોધ વગેરે અથવા ભય વગેરેને અધીન થઈ હિંસાત્મક અસત્ય વચન ન તો પોતે બોલવું જોઇએ અને ન બીજા પાસે બોલાવવું જોઇએ. આ બીજું સત્યવ્રત કહેવાય છે.

૩૭૦. ગામ, નગર અથવા અરણ્યમાં બીજાની વસ્તુને જોઇને એને ગ્રહણ કરવાના ભાવને તજનારા સાધુનું એ ત્રીજું અચૌર્યવ્રત કહેવાય.

૩૭૧. સચેતન અથવા અચેતન, થોડું અથવા ઝાઝું, જો સાધુને દેવામાં ન આવે તો તે લેતા નથી. દાંત સાફ કરવાના બ્રશ જેવી ચીજ પણ દેવામાં ન આવે તો તે લેતા નથી.

૩૭૨. ગોચરીએ જનાર સાધુએ વર્જ્ય ભૂમિમાં પ્રવેશ ન કરવો જોઇએ. કુલ-ભૂમિ છે એવું જાણી એના પણ મર્યાદિત પ્રદેશમાં જ સાધુએ ગોચરીએ જવું

३७३. **मूलमेअमहम्मस्स, महादोससमुस्सयं ।**
तम्हा मेहुणसंसग्गिं, निग्गंथा वज्जयंति णं ॥१०॥
मूलम् एतद् अधर्मस्य, महादोषसमुच्छ्रयम् ।
तस्मात् मैथुनसंसर्गं, निर्ग्रन्थाः वर्जयन्ति णम् ॥१०॥

३७४. **मादुसुदाभगिणी विय, दट्ठूणित्थित्तियं य पडिरूवं ।**
इत्थिकहादिणियत्ती, तिलोयपुज्जं हवे बंभं ॥११॥
मातृसुताभगिनीमिव च, दृष्ट्वा स्त्रीत्रिकं च प्रतिरूपम् ।
स्त्रीकथादिनिवृत्ति–स्त्रिलोकपूज्यं भवेद् ब्रह्म ॥११॥

३७५. **सव्वेसिं गंथाणं, तागो णिरवेक्खभावणापुव्वं ।**
पंचमवदमिदि भणिदं, चारित्तभरं वहंतस्स ॥१२॥
सर्वेषां ग्रन्थानां, त्यागो निरपेक्षभावनापूर्वम् ।
पंचमव्रतमिति भणितं, चारित्रभरं वहतः ॥१२॥

३७६. **किं किंचणत्ति तक्कं, अपुणब्भवकामिणोध देहे वि ।**
संग त्ति जिणवरिंदा, णिप्पडिकम्मत्तमुद्दिट्ठा ॥१३॥
किं किंचनमिति तर्कः, अपुनर्भवकामिनोऽथ देहेऽपि ।
संग इति जिनवरेन्द्रा, निष्प्रतिकर्मत्वमुद्दिष्टवन्तः ॥१३॥

३७७. **अप्पडिकुट्ठं उवधिं, अपत्थणिज्जं असंजदजणेहिं ।**
मुच्छादिजणणरहिदं, गेण्हदु समणो जदिं वि अप्पं ॥१४॥
अप्रतिक्रुष्टमुपधि-मप्रार्थनीयमसंयतजनैः ।
मूर्च्छादिजननरहितं, गृह्णातु श्रमणो यद्यप्यल्पम् ॥१४॥

३७८. **आहारे व विहारे, देसं कालं समं खमं उवधिं ।**
जाणित्ता ते समणो, वट्टदि जदि अप्पलेवी सो ॥१५॥
आहारे वा विहारे, देशं कालं श्रमं क्षमम् उपधिम् ।
ज्ञात्वा तान् श्रमणः, वर्तते यदि अल्पलेपी सः ॥१५॥

३७९. **न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइणा ।**
मुच्छा परिग्गहो वुत्तो, इइ वुत्तं महेसिणा ॥१६॥
न सः परिग्रह उक्तो, ज्ञातपुत्रेण तायिना ।
मूर्च्छा परिग्रह उक्तः, इति उक्तं महर्षिणा ॥१६॥

૩૭૩. મૈથુન અધર્મનું મૂળ છે, મોટા દોષોનું કારણ છે. એટલા માટે બ્રહ્મચર્યવ્રત પાળનારો નિર્ગ્રંથ સાધુ મૈથુન સેવનનો સર્વથા ત્યાગ કરે છે.

૩૭૪. ઘરડી સ્ત્રી, બાળા અને જુવાન સ્ત્રી કે એની છબી વગેરેને જોઈને એને માતા, પુત્રી અને બહેન સમાન ગણવી તથા સ્ત્રીની વાતોથી નિવૃત્ત થવું એનું નામ બ્રહ્મચર્યવ્રત. આ બ્રહ્મચર્ય ત્રણેય લોકોમાં પૂજવા લાયક વસ્તુ છે.

૩૭૫. નિરપેક્ષભાવે ચારિત્રના ભારને જે વહે છે તે સાધુનો બાહ્ય અને અભ્યંતર સંપૂર્ણ પરિગ્રહનો ત્યાગ એનું નામ પાંચમું પરિગ્રહત્યાગ નામનું વ્રત.

૩૭૬. મોક્ષની ઇચ્છાવાળા માટે "શરીર પણ પરિગ્રહ છે" આવું કહીને એની ઉપેક્ષા કરવાનું ભગવાન અરિહંત દેવે કહ્યું છે તો પછી બીજા પરિગ્રહની ઉપેક્ષા કરવાની વાત જ શી ?

૩૭૭. (છતાં પણ) જે અનિવાર્ય છે, જે અસંયમી જનો માટે અપ્રાર્થનીય છે, મમત્વાદિ પેદા કરતી નથી એવી વસ્તુ સાધુ માટે ઉપાદેય છે. આનાથી વિરુદ્ધ થોડામાં થોડો પણ પરિગ્રહ એને માટે ગ્રહણ કરવા લાયક નથી.

૩૭૮. આહાર તથા વિહારમાં દેશ, કાળ, શ્રમ, પોતાની શક્તિ તથા ઉપાધિને ધ્યાનમાં લઈને શ્રમણ જો વર્તન કરે તો એ અલ્પલેપી બને છે અર્થાત્ એને ઓછો બંધ પડે છે.

૩૭૯. ભગવાન મહાવીરે પરિગ્રહને પરિગ્રહ નથી કહ્યો. એ મહર્ષિએ મૂર્ચ્છાને પરિગ્રહ કહ્યા છે.

३८०. **सन्निहिं च न कुव्वेज्जा, लेवमायाए संजए ।**
पक्खी पत्तं समादाय, निरवेक्खो परिव्वए ॥१७॥
सन्निधिं च न कुर्वीत, लेपमात्रया संयतः ।
पक्षी पत्रं समादाय, निरपेक्षः परिव्रजेत् ॥१७॥

३८१. **संथारसेज्जासणभत्तपाणे, अप्पिच्छया अइलाभे वि संते ।**
एवप्पमाणभितोसएज्जा, संतोसपाहन्नरए स पुज्जो ॥१८॥
संस्तारकशय्यासनभक्तपानानि, अल्पेच्छता अतिलाभेऽपि सति ।
एवमात्मानमभितोषयति, सन्तोषप्राधान्यरतः स पूज्यः ॥१८॥

३८२. **अत्थंगयम्मि आइच्चे, पुरत्था अ अणुग्गए ।**
आहारमाइयं सव्वं, मणसा वि ण पत्थए ॥१९॥
अस्तंगते आदित्ये, पुरस्ताच्चानुद्गते ।
आहारमादिकं सर्वं, मनसापि न प्रार्थयेत् ॥१९॥

३८३. **संतिमे सुहुमा पाणा, तसा अदुव थावरा ।**
जाइं राओ अपासंतो, कहमेसणियं चरे ? ॥२०॥
सन्ति इमे सूक्ष्माः प्राणिनः, त्रसा अथवा स्थावराः ।
यान् रात्रावपश्यन्, कथम् एषणीयं चरेत् ? ॥२०॥

२६. समिति-गुप्तिसूत्र

(अ) अष्ट प्रवचन-माता

३८४. **इरियाभासेसणाऽऽदाणे, उच्चारे समिई इय ।**
मणगुत्ती वयगुत्ती, कायगुत्ती य अट्ठमा ॥१॥
ईर्याभाषैषणाऽऽदाने-उच्चारे समितय इति ।
मनोगुप्तिर्वचोगुप्तिः, कायगुप्तिश्चाष्टमी ॥१॥

३८५. **एदाओ अट्ठ पवयणमादाओ णाणदंसणचरित्तं ।**
रक्खंति सदा मुणिणो, मादा पुत्तं व पयदाओ ॥२॥
एता अष्ट प्रवचन-मातरः ज्ञानदर्शनचारित्राणि ।
रक्षन्ति सदा मुनीन्, मातरः पुत्रमिव प्रयताः ॥२॥

૩૮૦. સાધુ લેશમાત્ર પણ સંગ્રહ ન કરે. પક્ષીની માફક સંગ્રહથી કેવળ નિરપેક્ષ રહીને સંયમનાં ઉપકરણો લઈને વિચરે.

૩૮૧. પથારી પલંગ, આસન અને આહારનો અતિલાભ હોય તો પણ જે થોડી ઇચ્છા રાખીને ઓછાથી પોતે સંતોષ માનતો હોય અને વધારે ગ્રહણ કરવાની ઇચ્છા ન રાખતો હોય એવો સંતોષમાં મુખ્યપણે અનુરક્ત સાધુ પૂજ્ય છે.

૩૮૨. પરિગ્રહથી સંપૂર્ણપણે રહિત, સમરસી સાધુએ સૂર્યાસ્ત બાદ અને સૂર્યોદય પૂર્વે કોઈ પણ પ્રકારના આહાર વગેરેની ઇચ્છા મનમાં પણ ન લાવવી જોઈએ,

૩૮૩. આ ધરતી ઉપર એવા ત્રસ અને સ્થાવર સૂક્ષ્મ જીવો હમેશાં વ્યાપ્ત રહે છે જે રાત્રીના અંધારામાં દેખી શકાતા નથી. માટે એવે સમયે સાધુની આહારની શુદ્ધ ગવેષણા કેવી રીતે હોઈ શકે ?

૨૬. સમિતિ–ગુપ્તિ સૂત્ર.

(અ) **આઠ પ્રવચન માતા**

૩૮૪. ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપણ, અને ઉત્સર્ગ – આ પાંચ સમિતિઓ છે. મનોગુપ્તિ, વચન ગુપ્તિ અને કાય ગુપ્તિ – આ ત્રણ ગુપ્તિઓ છે.

૩૮૫. આ આઠ પ્રવચન-માતાઓ છે. જેવી રીતે સાવધાન માતા પુત્રનું રક્ષણ કરે છે બરાબર તેવી રીતે સાવધાની પૂર્વક પાલન કરવામાં આવતી આ આઠ માતાઓ મુનિના સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્રનું રક્ષણ કરે છે.

३८६. **एयाओ पंच समिईओ, चरणस्स य पवत्तणे ।**
गुत्ती नियत्तणे वुत्ता, असुभत्थेसु सव्वसो ॥३॥
एताः पञ्च समितयः, चरणस्य च प्रवर्तने ।
गुप्तयो निवर्तने उक्ताः, अशुभार्थेभ्यः सर्वशः ॥३॥

३८७. **जह गुत्तस्सिरियाई, न होंति दोसा तहेव समियस्स ।**
गुत्तीट्ठिय प्पमायं, रुंभइ समिई सचेट्ठस्स ॥४॥
यथा गुप्तस्य ईर्यादि (जन्या) न भवन्ति दोषाः, तथैव समितस्य
गुप्तिस्थितो प्रमादं, रुणद्धि समिति (स्थितः) सचेष्टस्य ॥४॥

३८८. **मरदु व जियदु व जीवो, अयदाचारस्स णिच्छिदा हिंसा ।**
पयदस्स णत्थि बंधो, हिंसामेत्तेण समिदीसु ॥५॥
म्रियतां वा जीवतु वा जीवः, अयताचारस्य निश्चिता हिंसा ।
प्रयतस्य नास्ति बन्धो, हिंसामात्रेण समितिषु ॥५॥

३८९-३९०. **आहच्च हिंसा समितस्स जा तू, सा दव्वतो होति ण भावतो उ ।**
भावेण हिंसा तु असंजतस्सा, जे वा वि सत्ते ण सदा वधेति ॥६॥
संपत्ति तस्सेव जदा भविज्जा, सा दव्वहिंसा खलु भावतो य ।
अज्झत्थसुद्धस्स जदा ण होज्जा, वधेण जोगो दुहतो वऽहिंसा ॥७॥
आहत्य हिंसा समितस्य या तु, सा द्रव्यतो भवति न भावतः तु ।
भावेन हिंसा तु असंयतस्य, यान् वा अपि सत्त्वान् न सदा हनित्ति।६।
सम्प्राप्तिर्तस्येव यदा भवति, सा द्रव्यहिंसा खलु भावतो च ।
अध्यात्मशुद्धस्य यदा न भवति, वधेन योगः द्विधाऽपि च अहिंसा ।७।

३९१-३९२. **उच्चालियम्मि पाए, इरियासमियस्स णिग्गमणट्ठाए ।**
आबाधेज्ज कुलिंगी, मरिज्ज तं जोगमासज्ज ॥८॥
ण हि तग्घादणिमित्तो, बंधो सुहुमो वि देसिओ समए ।
मुच्छा परिग्गहो त्ति य, अज्झप्प पमाणदो भणिदो ॥९॥

૩૮૬. આ પાંચ સમિતિઓ ચારિત્રમાં પ્રવૃત્ત થવા માટે છે અને ત્રણ ગુપ્તિઓ તમામ અશુભ વિષયોથી નિવૃત્ત થવા માટે છે.

૩૮૭. ગુપ્તિ પાલન કરનારને અનુચિત ગમનાગમનના દોષ જેવી રીતે નથી લાગતા તેવી રીતે સમિતિ પાલન કરવાવાળાને પણ નથી લાગતા. આનું કારણ એ છે કે મુનિ જ્યારે મનોગુપ્તિ આદિમાં સ્થિત હોય છે ત્યારે એ અગુપ્તિમૂલક પ્રમાદને રોકે છે કે જે દોષોનું કારણ છે. જ્યારે એ સમિતિમાં સ્થિત થાય છે ત્યારે ચેષ્ટા કરતી વખતે થનારો પ્રમાદ રોકે છે.

૩૮૮. જીવ મરે કે જીવે, અયતનાપૂર્વક ચાલનારને હિંસાનો દોષ અવશ્ય લાગે છે. પરંતુ જે સમિતિઓમાં પ્રયત્નશીલ છે તેનાથી બાહ્ય હિંસા થઈ જાય તો પણ એને કર્મબંધ નથી થતો.

૩૮૯-૩૯૦. (આનું કારણ એ છે કે) સમિતિનું પાલન કરનાર સાધુથી જે આકસ્મિક હિંસા થઈ જાય છે એ કેવળ દ્રવ્ય-હિંસા છે, ભાવ હિંસા નથી. જે અસંયમી હોય છે અથવા અયતનાચારી હોય છે તેનાથી ભાવહિંસા થાય છે— આ લોકો જે જીવોને કદિ મારતા નથી તેની હિંસાનો દોષ પણ એમને લાગે છે.

જેવી રીતે અયતનાચારી સંયત અથવા અસંયત વ્યક્તિને કોઈ પ્રાણીનો ઘાત થવાથી દ્રવ્ય તથા ભાવ બન્ને પ્રકારની હિંસાનો દોષ લાગે છે તેવી રીતે ચિત્તશુદ્ધિ વાળા સમિતિ-પરાયણ સાધુ દ્વારા (મનથી) કોઈનો ઘાત ન થવાને કારણે એને દ્રવ્ય તથા ભાવ બન્ને પ્રકારની અહિંસા થાય છે.

૩૯૧-૩૯૨. ઈર્યા-સમિતિપૂર્વક ચાલનારા સાધુના પગ નીચે અચાનક કોઈ નાનો જીવ આવી જાય અને કચડાઈને મરી જાય તો આગમો ભાખે છે કે એથી સાધુને સૂક્ષ્મ માત્ર પણ બંધ

उच्चालिते पादे, ईर्यासमितस्य निर्गमनार्थाय ।
अबाधे कुलिङ्गी, म्रियेत तं योगमासाद्य ॥८॥
न हि तद्घातनिमित्तो, बन्धो सूक्ष्मोऽपि देशितः समये ।
मूर्च्छा परिग्रहो इति च, अध्यात्मप्रमाणतो भणितः ॥९॥

३९३. पउमिणिपत्तं व जहा, उदयेण ण लिप्पदि सिणेहगुणजुत्त ।
तह समिदीहिं ण लिप्पइ, साधु काएसु इरियंतो ॥१०॥
पद्मिनीपत्रं वा यथा, उदकेन न लिप्यते स्नेहगुणयुक्तम् ।
तथा समितिभिर्न लिप्यते, साधुः कायेषु ईर्यन् ॥१०॥

३९४. जयणा उ धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ।
तव्वुड्ढीकरी जयणा, एगंतसुहावहा जयणा ॥११॥
यतना तु धर्मजननी, यतना धर्मस्य पालनी चैव ।
तद्वृद्धिकरी यतना, एकान्तसुखावहा यतना ॥११॥

३९५. जयं चरे जयं चिट्ठे, जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधइ ॥१२॥
यतं चरेत् यतं तिष्ठेत्, यतमासीत यतं शयीत ।
यतं भुञ्जानः भाषमाणः, पाप कर्म न बध्नाति ॥१२॥

(आ) समिति

३९६. फासुयमग्गेण दिवा, जुगंतरप्पेहिणा सकज्जेण ।
जंतुण परिहरंते-णिरियासमिदी हवे गमणं ॥१३॥
प्रासुकमार्गेण दिवा, युगान्तरप्रेक्षिणा सकार्येण ।
जन्तून् परिहरता, ईर्यासमितिः भवेद् गमनम् ॥१३॥

३९७. इन्दियत्थे विवज्जित्ता, सज्झायं चेव पंचहा ।
तम्मुत्ती तप्पुरक्कारे, उवउत्ते इरियं रिए ॥१४॥
इन्द्रियार्थान् विवर्ज्य, स्वाध्यायं चैव पञ्चधा ।
तन्मूर्तिः (सन्) तत्पुरस्कारः, उपयुक्त ईर्यां रीयेत ॥१४॥

३९८. तहेवुच्चावया पाणा, भत्तट्ठाए समागया ।
तं उज्जुअं न गच्छिज्जा, जयमेव परक्कमे ॥१५॥
तथैवुच्चावचाः प्राणिनः, भक्तार्थं समागताः ।
तदृजुकं न गच्छेत्, यतमेव पराक्रामेत् ॥१५॥

નથી થતો. જેવી રીતે અધ્યાત્મ (શાસ્ત્ર)માં મૂર્ચ્છાને જ પરિગ્રહ કહેવામાં આવ્યો છે તેવી રીતે એમાં પ્રમાદને જ હિંસા કહેવામાં આવી છે.

૩૯૩. જેવી રીતે ચીકણો ગુણ ધરાવતું કમલિનીનું પાંદડું પાણીથી લેપાતું નથી, તેવી રીતે જીવોની વચ્ચે સમિતિ-પૂર્વક વિચરનારો સાધુ પાપ (કર્મ-બંધ)થી લેપાતો નથી.

૩૯૪. યતના-ચારિતા ધર્મની જન્મદાત્રી છે. યતના-ચારિતા ધર્મની પાલનહાર છે. યતના-ચારિતા ધર્મની વૃદ્ધિ કરે છે. યતના-ચારિતા એકાન્ત સુખાવહ છે.

૩૯૫. યતના-(વિવેક અથવા ઉપયોગ)-પૂર્વક ચાલવું, યતના પૂર્વક રહેવું, યતનાપૂર્વક બેસવું, યતનાપૂર્વક સૂવું, યતના-પૂર્વક ખાવું, યતનાપૂર્વક બોલવું – આમ કરવાથી સાધુને પાપ કર્મનો બંધ નથી થતો.

(આ) **સમિતિ**

૩૯૬. કાર્યવશ દિવસમાં પ્રાસુકમાર્ગ ઉપર (જે રસ્તા ઉપર પહેલેથી આવવું, જવું શરૂ થઈ ગયું હોય), ચાર હાથ ભૂમિને આગળ દેખીને જીવોની વિરાધના કર્યા વિના ચાલવું એને ઈર્યા સમિતિ કહે છે.

૩૯૭. ઇંદ્રિયોના વિષયોને તથા પાંચ પ્રકારના સ્વાધ્યાય કાર્યને છોડીને માત્ર જવાની ક્રિયામાં જ તન્મય થઈને તેને જ વિશેષ મહત્ત્વ આપીને ઉપયોગપૂર્વક (જાગૃતિપૂર્વક) ચાલવું જોઈએ.

૩૯૮. વિવિધ પ્રકારનાં જીવ-જંતુ, પશુ-પક્ષી વગેરે અહીં તહીંથી ચારા માટે એકઠા થયા હોય તો એમની સામે પણ ન જવું જોઈએ જેથી એ ભયભીત ન થાય – આ બાબતની ચાલતી વખતે પૂરેપૂરી સાવધાની રાખવી જોઈએ.

३९९. **न लवेज्ज पुट्ठो सावज्जं, न निरट्ठं न मम्मयं ।**
अप्पणट्ठा परट्ठा वा, उभयस्सन्तरेण वा ॥१६॥
न लपेत् पृष्टः सावद्यं, न निरर्थं न मर्मगम् ।
आत्मार्थं परार्थं वा, उभयस्यान्तरेण वा ॥१६॥

४००. **तहेव फरुसा भासा, गुरुभूओवघाइणी ।**
सच्चा-वि सा न वत्तव्वा, जओ पावस्स आगमो ॥१७॥
तथैव परुषा भाषा, गुरुभूतोपघातिनी ।
सत्यापि सा न वक्तव्या, यतो पापस्य आगमः ॥१७॥

४०१. **तहेव काणं काणे त्ति, पंडगं पंडगे त्ति वा ।**
वाहियं वा वि रोगि त्ति, तेणं चोरे त्ति नो वए ॥१८॥
तथैव काणं काण इति, पण्डकं पण्डक इति वा ।
व्याधितं वाऽपि रोगी इति, स्तेनं चौर इति नो वदेत् ॥१८॥

४०२. **पेसुण्णहासकक्कस - परणिंदाऽप्पप्पसंसा - विकहादी ।**
वज्जित्ता सपरहियं, भासासमिदी हवे कहणं ॥१९॥
पैशुन्यहासकर्कश-परनिन्दाऽऽत्मप्रशंसा-विकथादीन् ।
वर्जयित्वा स्वपरहितं, भाषासमितिः भवेत् कथनम् ॥१९॥

४०३. **दिट्ठं मियं असंदिद्धं, पडिपुण्णं वियंजियं ।**
अयंपिरमणुव्विग्गं, भासं निसिर अत्तवं ॥२०॥
दृष्टां मिताम् असन्दिग्धां, प्रतिपूर्णां व्यक्ताम् ।
अजल्पनशीलां अनुद्विग्नां, भाषां निसृज आत्मवान् ॥२०॥

४०४. **दुल्लहा उ मुहादाई, मुहाजीवी वि दुल्लहा ।**
मुहादाई मुहाजीवी, दोवि गच्छंति सोग्गइं ॥२१॥
दुर्लभा तु मुधादायिनः, मुधाजीविनोऽपि दुर्लभाः ।
मुधादायिनः मुधाजीविनः, द्वावपि गच्छतः सुगतिम् ॥२१॥

૩૯૯. (ભાષા-સમિતિ-પરાયણ સાધુ) કોઈના પૂછવાથી પણ પોતાના માટે, બીજાને માટે કે બન્નેને માટે સાવદ્ય અર્થાત્ પાપ-વર્ધન વચન ન બોલે અને ન બોલે મર્મ વિદારે એવાં વચન.

૪૦૦. તથા કઠોર અને પ્રાણીઓને ઉપઘાત (આઘાત-વિરાધના) પહોંચાડે એવી ભાષા પણ બોલે નહિ. પાપનો બંધ પડે એવું સત્ય વચન પણ ન બોલે.

૪૦૧. (તથા) કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગીને રોગી અને ચોરને ચોર પણ ન કહે.

૪૦૨. પૈશુન્ય હાસ્ય, કર્કશ-વચન, પારકી નિંદા, આત્મ–પ્રશંસા વિકથા (સ્ત્રી, રાજા વગેરેની રસવર્ધક અથવા વિકારવર્ધક કથા) નો ત્યાગ કરીને સ્વ-પર-હિતકારી વચન બોલવું એને જ ભાષા-સમિતિ કહેવામાં આવે છે.

૪૦૩. આંખે દેખેલી વાતનું જ નિરૂપણ કરતી હોય એવી ભાષા આત્મવાન્ મુનિ બોલે. ઉપરાંત, એ એવી ભાષા બોલે જે મિત (ટૂંકી) હોય, સંદેહજનક ન હોય, સ્વર-વ્યંજન વગેરેથી પૂર્ણ હોય, સ્પષ્ટ હોય, બોલાઈ હોય છતાં ન બોલાયા જેવી એટલે કે સહજ હોય અને ઉદ્વેગ વિનાની હોય.

૪૦૪. મુધા-દાયી (કારણ વિના દેવાવાળા) મળવા મુશ્કેલ છે અને મુધા-જીવી (ભિક્ષા ઉપર જીવન વીતાવવાવાળા) પણ મુશ્કેલ છે. મુધા-દાયી અને મુધા-જીવી બન્ને સાક્ષાત્ અથવા પરંપરાથી સુગતિ અથવા મોક્ષ પ્રાપ્ત કરે છે.

४०५. उग्गम-उप्पादण-एसणेहिं, पिंडं च उवधि सज्जं वा ।
सोधंतस्स य मुणिणो, परिसुज्झइ एसणा समिदी ॥२२॥
उद्गमोत्पादनैषणैः, पिण्डं च उपधिं शय्यां वा ।
शोधयतश्च मुनेः, परिशुद्ध्यति एषणा समितिः ॥२२॥

४०६. ण बलाउसाउअट्ठं, ण सरीरस्सुवचयट्ठ तेजट्ठं ।
णाणट्ठसंजमट्ठं, झाणट्ठं चेव भुंजेज्जा ॥२३॥
न बलायुः स्वादार्थं, न शरीरस्योपचयार्थं तेजोऽर्थम् ।
ज्ञानार्थं संयमार्थं, ध्यानार्थं चैव भुञ्जीत ॥२३॥

४०७-४०८. जहा दुमस्स पुप्फेसु, भमरो आवियइ रसं ।
ण य पुप्फं किलामेइ, सो य पीणेइ अप्पयं ॥२४॥
एमेए समणा मुत्ता, जे लोए संति साहुणो ।
विहंगमा व पुप्फेसु, दाणभत्तेसणेरया ॥२५॥
यथा द्रुमस्य पुष्पेषु, भ्रमरः आपिबति रसम् ।
न च पुष्पं क्लामयति, स च प्रीणात्यात्मानम् ॥२४॥
एवमेते श्रमणाः मुक्ता, ये लोके सन्ति साधवः ।
विहंगमा इव पुष्पेषु, दानभक्तैषणारताः ॥२५॥

४०९. आहाकम्म-परिणओ, फासुयभोई वि बंधओ होई ।
सुद्धं गवेसमाणो, आहाकम्मे वि सो सुद्धो ॥२६॥
आधाकर्मपरिणतः, प्रासुकभोजी अपि बन्धको भवति ।
शुद्धं गवेषयन्, आधाकर्मण्यपि स शुद्धः ॥२६॥

४१०. चक्खुसा पडिलेहित्ता, पमज्जेज्ज जयं जई ।
आइए निक्खिवेज्जा वा, दुहओवि समिए सया ॥२७॥
चक्षुषा प्रतिलिख्य, प्रमार्जयेत् यतं यतिः ।
आददीत निक्षिपेद् वा, द्विधाऽपि समितः सदा ॥२७॥

४११. एगंते अच्चित्ते दूरे, गूढे विसालमविरोहे ।
उच्चारादिच्चाआ, पदिठावणिया हवे समिदी ॥२८॥
एकान्ते अचित्ते दूरे, गूढे विशाले अविरोधे ।
उच्चारादित्यागः, प्रतिष्ठापनिका भवेत् समितिः ॥२८॥

૪૦૫. એ મુનિની એષણા સમિતિ શુદ્ધ કહેવાય જે ઉદ્ગમ-દોષ,* ઉત્પાદન-દોષ અને અશન-દોષ રહિત ભોજન, ઉપધિ, શય્યા-વસતિ વગેરેનો ઉપયોગ કરતો હોય.

૪૦૬. શક્તિ અથવા આયુષ્ય વધારવા માટે, સ્વાદ સારુ, દેહવૃદ્ધિ કે તેજવૃદ્ધિ માટે મુનિજન આહાર લેતો નથી. જ્ઞાન, સંયમ અને ધ્યાનની સિદ્ધિ માટે જ એ આહાર કરે છે.

૪૦૭-૪૦૮. ભમરો જેવી રીતે ફૂલોને થોડી પણ ઈજા પહોંચાડ્યા વિના રસ ગ્રહણ કરે છે અને તૃપ્તિ અનુભવે છે તેવી રીતે લોકમાં વિચરનારા બાહ્યાભ્યંતર પરિગ્રહથી રહિત શ્રમણ દાતાને કોઈ પણ પ્રકારનું કષ્ટ દીધા વિના એણે આપેલો પ્રાસુક આહાર ગ્રહણ કરે છે. આ જ એમની એષણા સમિતિ છે.

૪૦૯. જો પ્રાસુક-ભોજી સાધુ આધાકર્મ†થી યુક્ત અને પોતાના માટે બનાવેલું ભોજન કરે છે તો તે દોષિત બને છે. પરંતુ જો તે ઉદ્ગમાદિ દોષોથી રહિત શુદ્ધ ભોજનની ગવેષણાપૂર્વક કદાચિત્ આધાકર્મથી યુક્ત ભોજન પણ કરી લે છે તો ભાવોથી શુદ્ધ હોવાને લીધે તે શુદ્ધ જ છે.

૪૧૦. યતના-(વિવેક)પૂર્વક પ્રવૃત્તિ કરનારો મુનિ પોતાનાં બન્ને પ્રકારનાં ઉપકરણોને આંખો વડે જોઈ, પુંજી ઉઠાવે અને રાખે, આને આદાન-નિક્ષેપણ સમિતિ કહે છે.

૪૧૧. જે સ્થાન એકાંતમાં હોય, જ્યાં લીલી અથવા ભીની વનસ્પતિ તથા ત્રસ જીવો ન હોય, ગામથી દૂર હોય, જે સ્થાનને કોઈ દેખી શકતું ન હોય અને જે વિશાળ-વિસ્તીર્ણ હોય અને જે પરત્વે કોઈનો વિરોધ ન હોય ત્યાં સાધુએ મળ-મૂત્રનો ત્યાગ કરવો જોઈએ. આને પ્રતિષ્ઠાપના અથવા ઉત્સર્ગ સમિતિ કહેવામાં આવે છે.

---

* આહાર બનાવતી વખતે જે દોષ લાગે છે તેને ઉદ્ગમાદિ દોષ કહે છે. આહાર ગ્રહણ કરતી વખતે લાગતા દોષને અશનદોષ કહે છે. ઉત્પાદન વખતે લાગતા દોષોને ઉત્પાદન-દોષ કહે છે.

† અધિક આરંભ અને હિંસા દ્વારા તૈયાર કરવામાં આવેલું ભોજન.

(च) गुप्ति

४१२. संरंभसमारंभे, आरंभे य तहेव य ।
मणं पवत्तमाणं तु, नियत्तेज्ज जयं जई ॥२९॥
संरम्भे समारम्भे, आरम्भे च तथैव च ।
मनः प्रवर्तमानं तु, निवर्त्तयेद् यतं यतिः ॥२९॥

४१३. संरंभसमारंभे, आरंभे य तहेव य ।
वयं पवत्तमाणं तु, नियत्तेज्ज जयं जई ॥३०॥
संरम्भे समारम्भे, आरम्भे च तथैव च ।
वचः प्रवर्तमानं तु, निवर्त्तयेद् यतं यतिः ॥३०॥

४१४. संरंभसमारंभे, आरंभम्मि तहेव य ।
कायं पवत्तमाणं तु, नियत्तेज्ज जयं जई ॥३१॥
संरम्भे समारम्भे, आरम्भे तथैव च ।
कायं प्रवर्तमानं तु, निवर्त्तयेद् यतं यतिः ॥३१॥

४१५. खेत्तस्स वई णयरस्स, खाइया अहव होइ पायारो ।
तह पावस्स णिरोहो, ताओ गुत्तीओ साहुस्स ॥३२॥
क्षेत्रस्य वृत्तिर्नगरस्य, खातिकाऽथवा भवति प्राकारः ।
तथा पापस्य निरोधः, ताः गुप्तयः साधोः ॥३२॥

४१६. एया पवयणमाया, जे सम्मं आयरे मुणी ।
से खिप्पं सव्वसंसारा, विप्पमुच्चइ पंडिए ॥३३॥
एताः प्रवचनमातृः, यः सम्यगाचरेन्मुनिः ।
स क्षिप्रं सर्वसंसारात्, विप्रमुच्यते पण्डितः ॥३३॥

२७. आवश्यकसूत्र

४१७. एरिसभेदब्भासे, मज्झत्थो होदि तेण चारित्तं ।
तं दढकरणनिमित्तं, पडिक्कमणादी पवक्खामि ॥१॥
ईदृग्भेदाभ्यासे, मध्यस्थो भवति तेन चारित्रम् ।
तद् दृढीकरणनिमित्तं, प्रतिक्रमणादीन् प्रवक्ष्यामि ॥१॥

(૬) ગુપ્તિ

૪૧૨. યતના-સંપન્ન (જાગરુક) યતિ, સંરંભ, સમારંભ અને આરંભમાં પ્રવર્ત્તમાન મનને રોકે – એનું ગોપન કરે.

૪૧૩. યતના-સંપન્ન (જાગરુક) યતિ, સંરંભ, સમારંભ અને આરંભમાં પ્રવર્ત્તમાન વચનને રોકે – એનું ગોપન કરે.

૪૧૪. યતના-સંપન્ન (જાગરુક) યતિ, સંરંભ, સમારંભ અને આરંભમાં પ્રવર્ત્તમાન કાયાને રોકે – એનું ગોપન કરે.

૪૧૫. જેવી રીતે ખેતરની વાડ અને નગરની ખાઈ અથવા કિલ્લો એની રક્ષા કરે છે એવી રીતે પાપનિરોધક ગુપ્તિઓ સાધુના સંયમની રક્ષા કરે છે.

૪૧૬. જે મુનિ આ આઠ પ્રવચનમાતાઓનું સમ્યક્ આચરણ કરે છે એ જ્ઞાની સંસારથી તરત મુક્ત થઈ જાય છે.

૨૭. આવશ્યક સૂત્ર

૪૧૭. આ પ્રકારના ભેદ-જ્ઞાનનો અભ્યાસ થઈ ગયા પછી જીવ માધ્યસ્થ ભાવયુક્ત થઈ જાય છે અને એથી એને ચારિત્રલાભ થાય છે. આને દૃઢ કરવા માટે પ્રતિક્રમણ વગેરે (છ આવશ્યક ક્રિયાઓ) કહું છું.

४१८. **परिचत्ता परभावं, अप्पाणं झादि णिम्मलसहावं ।**
अप्पवसो सो होदि हु, तस्स दु कम्मं भणंति आवासं ॥२॥
परित्यक्त्वा परभावं, आत्मानं ध्यायति निर्मलस्वभावम् ।
आत्मवशः स भवति खलु, तस्य तु कर्म्म भणन्ति आवश्यकम्॥२॥

४१९. **आवासं जइ इच्छसि, अप्पसहावेसु कुणदि थिरभावं ।**
तेण दु सामइयगुणं, संपुण्णं होदि जीवस्स ॥३॥
आवश्यकं यदीच्छसि, आत्मस्वभावेषु करोति स्थिरभावम् ।
तेन तु सामायिकगुणं, सम्पूर्णं भवति जीवस्य ॥३॥

४२०. **आवासएण हीणो, पब्भट्ठो होदि चरणदो समणो ।**
पुव्वुत्तकमेण पुणो, तम्हा आवासयं कुज्जा ॥४॥
आवश्यकेन हीनः, प्रभ्रष्टो भवति चरणतः श्रमणः ।
पूर्वोक्तक्रमेण पुनः, तस्मादावश्यकं कुर्यात् ॥४॥

४२१. **पडिकमणपहुदिकिरियं, कुव्वंतो णिच्छयस्स चारित्तं ।**
तेण दु विरागचरिए, समणो अब्भुट्ठिदो होदि ॥५॥
प्रतिक्रमणप्रभृतिक्रियां, कुर्व्वन् निश्चयस्य चारित्रम् ।
तेन तु विरागचरिते, श्रमणोऽभ्युत्थितो भवति ॥५॥

४२२. **वयणमयं पडिकमणं, वयणमयं पच्चखाण णियमं च ।**
आलोयण वयणमयं, तं सव्वं जाण सज्झाउं ॥६॥
वचनमयं प्रतिक्रमणं, वचनमयं प्रत्याख्यानं नियमश्च ।
आलोचनं वचनमयं, तत्सर्वं जानीहि स्वाध्यायम् ॥६॥

४२३. **जदि सक्कदि कादुं जे, पडिकमणादिं करेज्ज झाणमयं ।**
सत्तिविहीणो जा जइ, सद्दहणं चेव कायव्वं ॥७॥
यदि शक्यते कर्त्तुम्, प्रतिक्रमणादिकं कुर्याद् ध्यानमयम् ।
शक्तिविहीनो यावद्यदि, श्रद्धानं चैव कर्तव्यम् ॥७॥

४२४. **सामाइयं चउवीसत्थओ वंदणयं ।**
पडिक्कमणं काउस्सग्गो पच्चक्खाणं ॥८॥
सामायिकम् चतुर्विंशतिस्तवः वन्दनकम् ।
प्रतिक्रमणम्, कायोत्सर्गः प्रत्याख्यानम् ॥८॥

૪૧૮. પર-ભાવનો ત્યાગ કરી નિર્મલસ્વભાવી આત્માનો ધ્યાતા આત્મવશી હોય છે. એના કર્મને આવશ્યક કહેવામાં આવે છે.

૪૧૯. જો તું પ્રતિક્રમણાદિ આવશ્યક કર્મોની ઇચ્છા રાખે છે તો તું પોતાને આત્મસ્વભાવમાં સ્થિત, સ્થિર રાખ, આથી જીવનો સામાયિક ગુણ પૂર્ણ બને છે— એનામાં સમતા પ્રવેશે છે.

૪૨૦. જે શ્રમણ આવશ્યક-કર્મ નથી કરતો, એ ચારિત્રથી ભ્રષ્ટ કહેવાય. એટલા માટે પૂર્વોક્ત ક્રમે આવશ્યક અવશ્ય કરવાં જોઈ એ.

૪૨૧. જે નિશ્ચયચારિત્રસ્વરૂપ પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કરે છે એ શ્રમણ વીતરાગ-ચારિત્રમાં સમુત્થિત અથવા આરૂઢ બને છે.

૪૨૨. (પરંતુ) વચનમય પ્રતિક્રમણ, વચનમય પ્રત્યાખ્યાન, વચનમય નિયમ, વચનમય આલોચના – આ બધાંને તો કેવળ સ્વાધ્યાય કહેવામાં આવે છે (ચારિત્ર નહિ).

૪૨૩. (માટે જ) જો કરવાની શક્તિ અને સંભાવના હોય તો ધ્યાનમય પ્રતિક્રમણ વગેરે કર, આ સમયે જો શક્તિ નથી તો એ બધામાં શ્રદ્ધા કેળવવી એ કર્તવ્ય છે – શ્રેયસ્કર છે.

૪૨૪. સામાયિક, ચોવીસ જિનનું સ્તવન, વંદના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન – આ છ આવશ્યક છે.

४२५. समभावो सामइयं, तणकंचण-सत्तुमित्तविसओ त्ति ।
निरभिस्संगं चित्तं, उचियपवित्तिप्पहाणं च ॥९॥
समभावो सामायिकं, तृणकाञ्चनशत्रुमित्रविषयः इति ।
निरभिष्वङ्गं चित्तं, उचितप्रवृत्तिप्रधानं च ॥९॥

४२६. वयणोच्चारणकिरियं, परिचत्ता वीयरायभावेण ।
जो झायदि अप्पाणं, परमसमाही हवे तस्स ॥१०॥
वचनोच्चारणक्रियां, परित्यक्त्वा वीतरागभावेन ।
यो ध्यायत्यात्मा, परमसमाधिर्भवेत् तस्य ॥१०॥

४२७. विरदो सव्वसावज्जे, तिगुत्तो पिहिदिंदिओ ।
तस्स सामाइगं ठाई, इदि केवलिसासणे ॥११॥
विरतः सर्वसावद्ये, त्रिगुप्तः पिहितेन्द्रियः ।
तस्य सामायिकं स्थायि, इति केवलिशासने ॥११॥

४२८. जो समो सव्वभूदेसु, थावरेसु तसेसु वा ।
तस्स सामायिगं ठाई, इदि केवलिसासणे ॥१२॥
यः समः सर्वभूतेषु, स्थावरेषु त्रसेषु वा ।
तस्य सामायिकं स्थायि, इति केवलिशासने ॥१२॥

४२९. उसहादिजिणवराणं, णामणिरुत्तिं गुणाणुकित्तिं च ।
काऊण अच्चिदूण य, तिसुद्धिपंणामो थवो णेओ ॥१३॥
ऋषभादिजिनवराणां, नामनिरुक्तिं गुणानुकीर्तिं च ।
कृत्वा अर्चित्वा च, त्रिशुद्धिप्रणामः स्तवो ज्ञेयः ॥१३॥

४३०. दव्वे खेत्ते काले, भावे य कयावराहसोहणयं ।
णिंदणगरहणजुत्तो, मणवचकायेण पडिक्कमणं ॥१४॥
द्रव्ये क्षेत्रे काले, भावे च कृतापराधशोधनकम् ।
निन्दनगर्हणयुक्तो, मनोवचःकायेन प्रतिक्रमणम् ॥१४॥

४३१. आलोचणणिंदणगरह-णाहिं अब्भुट्ठिओ अकरणाए ।
तं भावपडिक्कमणं, सेसं पुण दव्वदो भणिअं ॥१५॥
आलोचननिन्दनगर्हणाभिः अभ्युत्थितश्चाऽकरणाय ।
तद् भावप्रतिक्रमणं, शेषं पुनर्द्रव्यतो भणितम् ॥१५॥

૪૨૫. તૃણ અને સોનું, શત્રુ અને મિત્રમાં સમભાવ રાખવો એને સામાયિક કહે છે. એટલે કે રાગદ્વેષરૂપ અભિષ્વંગ રહિત (ધ્યાન અથવા અધ્યયનરૂપ) ચૈાગ્ય પ્રવૃત્તિપ્રધાન ચિત્તને સામાયિક કહે છે.

૪૨૬. જે વચન-ઉચ્ચારણની ક્રિયાનેા ત્યાગ કરી વીતરાગ ભાવપૂર્વક આત્માનું ધ્યાન કરે છે એને પરમસમાધિ અથવા સામાયિક પ્રાપ્ત થાય છે.

૪૨૭. જે સર્વ સાવદ્ય-(આરંભ)થી વિરત, ત્રિગુપ્તિયુક્ત છે – હેાય છે – બને છે તથા ઇંદ્રિયેા ઉપર વિજય મેળવ્યેા છે જેણે તેની સામાયિક સ્થિર કેાટિની હેાય છે એમ કેવલિ ભગવાને ભાખ્યું છે.

૪૨૮. જે સર્વ ભૂતેા (સ્થાવર અને ત્રસ જીવેા) તરફ સમભાવી છે એની સામાયિક સ્થિર પ્રકારની હેાય છે – આવું કેવલિ-શાસનમાં કહેવામાં આવ્યું છે.

૪૨૯. ઋષભાદિ ચેાવીસ તીર્થંકરેાનાં નામેાની નિરુક્તિ તથા એના ગુણેાને ગાવા, ગંધ-પુષ્પ-અક્ષતાદિથી પૂજા – અર્ચા કરી મનવચન અને કાયાની શુદ્ધિપૂર્વક પ્રણામ કરવા એને 'ચતુર્વિંશતિસ્તવ' નામનું બીજું આવશ્યક કહે છે.

૪૩૦. નિંદા તથા ગર્હાયુકત સાધુનાં મન વચન કાયા દ્વારા, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવના વ્રતાચરણ વિષયક દેાષેા અગર અપરાધેાની આચાર્ય સામે આલેાચનાપૂર્વક શુદ્ધ કરવી એને પ્રતિક્રમણ કહે છે.

૪૩૧. આલેાચના, નિંદા તથા ગર્હા દ્વારા પ્રતિક્રમણ કરવામાં તથા ફરી વખત દેાષ ન કરવામાં પ્રયત્નશીલ સાધુના પ્રતિક્રમણને ભાવપ્રતિક્રમણ કહે છે. બાકી બીજું બધું (પ્રતિક્રમણાદિ પાઠ) દ્રવ્ય-પ્રતિક્રમણ કહેવાય છે.

४३२. **मोत्तूण वयणरयणं, रागादीभाववारणं किच्चा ।**
अप्पाणं जो झायदि, तस्स दु होदि त्ति पडिकम्मणं ॥१६॥
मुक्त्वा वचनरचनां, रागादिभाववारणं कृत्वा ।
आत्मानं यो ध्यायति, तस्य तु भवतीति प्रतिक्रमणम् ॥१६॥

४३३. **झाणणिलीणो साहू, परिचागं कुणइ सव्वदोसाणं ।**
तम्हा दु झाणमेव हि, सव्वऽदिचारस्स पडिक्कमणं ॥१७॥
ध्याननिलीनः साधुः, परित्यागं करोति सर्वदोषाणाम् ।
तस्मात् तु ध्यानमेव हि, सर्वातिचारस्य प्रतिक्रमणम् ॥१७॥

४३४. **देवस्सियणियमादिसु, जहुत्तमाणेण उत्तकालम्हि ।**
जिणगुणचिंतणजुत्तो, काउसग्गो तणुविसग्गो ॥१८॥
दैवसिकनियमादिषु, यथोक्तमानेन उक्तकाले ।
जिनगुणचिन्तनयुक्तः, कायोत्सर्गस्तनुविसर्गः ॥१८॥

४३५. **जे केइ उवसग्गा, देवमाणुस-तिरिक्खऽचेदणिया ।**
ते सव्वे अधिआसे, काउसग्गे ठिदो संतो ॥१९॥
ये केचनोपसर्गा, देवमानुष-तिर्यगचेतनिकाः ।
तान्सर्वानध्यासे, कायोत्सर्गे स्थितः सन् ॥१९॥

४३६. **मोत्तूण सयलजप्प-मणागयसुहमसुहवारणं किच्चा ।**
अप्पाणं जो झायदि, पच्चक्खाणं हवे तस्स ॥२०॥
मुक्त्वा सकलजल्प-मनागतशुभाशुभनिवारणं कृत्वा ।
आत्मानं यो ध्यायति, प्रत्याख्यानं भवेत् तस्य ॥२०॥

४३७. **णियभावं ण वि मुच्चइ, परभावं णेव गेण्हए केइं ।**
जाणदि पस्सदि सव्वं, सोऽहं इदि चिंतए णाणी ॥२१॥
निजभावं नापि मुञ्चति, परभावं नैव गृह्णाति कमपि ।
जानाति पश्यति सर्वं, सोऽहम् इति चिन्तयेद् ज्ञानी ॥२१॥

४३८. **जं किंचि मे दुच्चरितं, सव्वं तिविहेण वोसिरे ।**
सामाइयं तु तिविहं, करेमि सव्वं णिरायारं ॥२२॥
यत्किंचिन्मे दुश्चरित्रं, सर्वं त्रिविधेन विसृजामि ।
सामायिकं तु त्रिविधं, करोमि सर्वं निराकारम् ॥२२॥

૪૩૨. વચન-રચના માત્રને ત્યાગી, જે સાધુ રાગાદિ ભાવોને દૂર કરી, આત્માનું ધ્યાન ધરે તેનું એ (પારમાર્થિક પ્રતિક્રમણ) કહેવાય.

૪૩૩. ધ્યાનમાં ડૂબી ગયેલો સાધુ બધા દોષોને દૂર કરી શકે છે, એટલા માટે ધ્યાન જ સમસ્ત અતિચારો (દોષો)નું પ્રતિક્રમણ છે.

૪૩૪. દિન, રાત, પક્ષ, માસ, ચાતુર્માસ વગેરેમાં કરવામાં આવનારાં પ્રતિક્રમણ વગેરે વખતે શાસ્ત્રોક્ત નિયમાનુસાર સત્તાવીશ શ્વાસોચ્છવાસ સુધી અથવા ઉપયુક્તકાળ સુધી, જિનેન્દ્ર ભગવાનના ગુણોનું ચિંતન કરતાં કરતાં શરીરની મમતાને છોડી દેવી તેનું નામ કાયોત્સર્ગ આવશ્યક છે.

૪૩૫. કાયોત્સર્ગમાં હોય તે સાધુ, દેવે, મનુષ્યે, તિર્યંચે, અચેતને કરેલ (એટલે કે પ્રાકૃતિક, આકસ્મિક) બધા ઉપસર્ગો (બાધાઓ, આપત્તિઓ) સમભાવે સહે છે.

૪૩૬. તમામ વાચનિક વિકલ્પોનો ત્યાગ કરી અને ભવિષ્યના શુભાશુભનું વિવરણ કરી જે સાધુ આત્માનું ધ્યાન ધરે છે એનું એ પ્રત્યાખ્યાન નામનું આવશ્યક કહેવાય છે.

૪૩૭. જે પોતાનો ભાવને છોડતો નથી અને કોઈ પણ પર-ભાવને ગ્રહણ કરતો નથી અને જે બધાનો જ્ઞાતા-દ્રષ્ટા છે એ (પરમ તત્ત્વ) 'હું' જ છું એવું ચિંતન આત્મ-ધ્યાનમાં લીન જ્ઞાની કરે છે.

૪૩૮. (એ એવો પણ વિચાર કરે છે કે) જે કાંઈ મારું દુશ્ચારિત્ર છે એનો હું મન,વચન અને કાયપૂર્વક ત્યાગ કરું છું અને નિર્વિકલ્પ બની ત્રણ પ્રકારે સામાયિક કરું છું.

२८. तपसूत्र

(अ) बाह्यतप

४३९. जत्थ कसायणिरोहो, बंभं जिणपूयणं अणसणं च ।
सो सव्वो चेव तवो, विसेसओ मुद्धलोयंमि ॥१॥
यत्र कषायनिरोधो, ब्रह्म जिनपूजनम् अनशनं च ।
तत् सर्वं चैव तपो, विशेषतः मुग्धलोके ॥१॥

४४०. सो तवो दुविहो वुत्तो, बाहिरब्भंतरो तहा ।
बाहिरो छव्विहो वुत्तो, एवमब्भंतरो तवो ॥२॥
तत् तपो द्विविधं उक्तं, बाह्यमाभ्यन्तरं तथा ।
बाह्यं षड्विधं उक्तं, एवमाभ्यन्तरं तपः ॥२॥

४४१. अणसणमूणोयरिया, भिक्खायरिया य रसपरिच्चाओ ।
कायकिलेसो संलीणया य, बज्झो तवो होइ ॥३॥
अनशनमूनोदरिका, भिक्षाचर्या च रसपरित्यागः ।
कायक्लेशः संलीनता च, बाह्यं तपो भवति ॥३॥

४४२. कम्माण णिज्जरट्ठं, आहारं परिहरेइ लीलाए ।
एगदिणादिपमाणं, तस्स तवं अणसणं होदि ॥४॥
कर्मणां निर्जरार्थम्, आहारं परिहरति लीलया ।
एकदिनादिप्रमाणं, तस्य तपः अनशनं भवति ॥४॥

४४३. जे पयणुभत्तपाणा, सुयहेऊ ते तवस्सिणो समए ।
जो अ तवो सुयहीणो, बाहिरयो सो छुहाहारो ॥५॥
ये प्रतनुभक्तपानाः, श्रुतहेतोस्ते तपस्विनः समये ।
यच्च तपः श्रुतहीनं, बाह्यः स क्षुदाधारः ॥५॥

४४४. सो नाम अणसणतवो, जेण मणोऽमंगुलं न चिंतेइ ।
जेण न इंदियहाणी, जेण य जोगा न हायंति ॥६॥
तद् नाम अनशनतपो, येन मनोऽमङ्गलं न चिन्तयति ।
येन नेन्द्रियहानि-र्येन च योगा न हीयन्ते ॥६॥

૨૮. તપસૂત્ર

(અ) બાહ્યતપ

૪૩૯. જ્યાં કષાયોનો નિરોધ, બ્રહ્મચર્યનું પાલન, જિન પૂજન તથા અનશન (આત્મહિત માટે) કરવામાં આવે છે એ બધું તપ છે. વિશેષતયા, મુગ્ધ અર્થાત્ ભક્તો એમાં જ તપ કરે છે.

૪૪૦. તપ બે પ્રકારનું છે— બાહ્ય અને અભ્યંતર. બાહ્ય તપ છ પ્રકારનું છે. એ પ્રમાણે અભ્યંતર તપ પણ છ પ્રકારનું કહેવામાં આવ્યું છે.

૪૪૧. અનશન, અવમોદર્ય (ઉનોદરિકા), ભિક્ષાચર્યા, રસ-પરિત્યાગ, કાયક્લેશ, અને સંલીનતા–આ પ્રમાણે બાહ્ય તપ છ પ્રકારનું છે.

૪૪૨. કર્મોની નિર્જરા માટે, એક-બે દિન વગેરેનું (યથાશક્તિ) પ્રમાણ નક્કી કરી આહારનો ત્યાગ સરળતાથી કરે છે એનું એ અનશન તપ કહેવાય.

૪૪૩. જે શાસ્ત્રાભ્યાસ (સ્વાધ્યાય) માટે થોડો આહાર કરે છે એને જ આગમોમાં તપસ્વી કહેવામાં આવ્યા છે. શ્રુતવિહીન અનશન તપ તો કેવળ ભૂખનો આહાર—ભૂખે મરવું કહેવાય છે.

૪૪૪. જેથી મનમાં કોઈ પણ જાતના અમંગળની ચિંતા ઉત્પન્ન ન થાય, ઇંદ્રિયોમાં શિથિલતા ન આવે અને જે મન, વચન તથા કાયાના યોગોમાં પતનનું કારણ ન બને એને જ વાસ્તવમાં અનશન–તપ કહેવામાં આવે છે.

४४५. **बलं थामं च पेहाए, सद्धामारोग्गमप्पणो ।**
खेत्तं कालं च विन्नाय, तहप्पाणं निजुंजए ॥७॥
बलं स्थाम च प्रेक्ष्य श्रद्धाम् आरोग्यम् आत्मनः ।
क्षेत्रं कालं च विज्ञाय तथा आत्मानं नियुञ्जीत ॥७॥

४४६. **उवसमणो अक्खाणं, उववासो वण्णिदो समासेण ।**
तम्हा भुंजंता वि य, जिदिंदिया होंति उववासा ॥८॥
उपशमनम् अक्षाणाम्, उपवासः वर्णितः समासेन ।
तस्मात् भुञ्जानाः अपि च, जितेन्द्रियाः भवन्ति उपवासाः ॥८॥

४४७. **छट्ठट्ठमदसमदुवालसेहिं, अबहुसुयस्स जा सोही ।**
तत्तो बहुतरगुणिया, हविज्ज जिमियस्स नाणिस्स ॥९॥
षष्ठाष्टमदशमद्वादशै-रबहुश्रुतस्य या शुद्धिः ।
ततो बहुतरगुणिता, भवेत् जिमितस्य ज्ञानिनः ॥९॥

४४८. **जो जस्स उ आहारो, तत्तो ओमं तु जो करे ।**
जहन्नेणेगसित्थाई, एवं दव्वेण ऊ भवे ॥१०॥
यो यस्य त्वाहारः, ततोऽवमं तु यः कुर्यात् ।
घन्येनैकसिक्थादि, एवं द्रव्येण तु भवेत् ॥१०॥

४४९. **गोयरपमाणदायग-भायणणाणाविधाण जं गहणं ।**
तह एसणस्स गहणं, विविधस्स य वुत्तिपरिसंखा ॥११॥
गोचरप्रमाणदायक-भाजननानाविधानं यद् ग्रहणम् ।
तथा एषणीयस्य ग्रहणं, विविधस्य च वृत्तिपरिसंख्या ॥११॥

४५०. **खीरदहिसप्पिमाई, पणीयं पाणभोयणं ।**
परिवज्जणं रसाणं तु, भणियं रसविवज्जणं ॥१२॥
क्षीरदधिसर्पिरादि, प्रणीतं पानभोजनम् ।
परिवर्जनं रसानां तु, भणितं रसविवर्जनम् ॥१२॥

४५१. **एगंतमणावाए, इत्थीपसुविवज्जिए ।**
सयणासणसेवणया, विवित्तसयणासणं ॥१३॥
एकान्तेऽनापाते, स्त्रीपशुविवर्जिते ।
शयनासनसेवनता, विविक्तशयनासनम् ॥१३॥

૪૪૫. પોતાનાં બળ, તેજ, શ્રદ્ધા અને આરોગ્યને ધ્યાનમાં લઈ, ક્ષેત્ર અને કાળને અનુસારે, પોતે ઉપવાસ કરે. (કારણ કે શક્તિથી અધિક ઉપવાસ કરવામાં હાનિ થાય છે.)

૪૪૬. ટૂંકમાં, ઇંદ્રિયોના ઉપશમનને જ ઉપવાસ કહેવામાં આવે છે. એટલા માટે જ, જિતેંદ્રિય સાધુ ખાવા છતાં ઉપવાસી જ કહેવાય છે.

૪૪૭. અબદુશ્રુત અર્થાત્ અજ્ઞાનીની જેટલી વિશુદ્ધિ બે-ચાર ઉપવાસોથી થાય છે તેથી વધારે–ઘણી વધારે–વિશુદ્ધિ જ્ઞાની તપસ્વી હંમેશાં ભોજન કરે તો પણ એની હોય છે.

૪૪૮. જે જેટલું ભોજન કરી શકતો હોય તેનાથી એક દાણો કે કોળિયો ઓછું ભોજન કરે તો તે દ્રવ્યથી ઊનોદરી કહેવાય.

૪૪૯. આજે હું ભોજનનું પ્રમાણ આટલું લઈશ, ભિક્ષા માટે આજે હું આટલાં ઘરોમાં જઈશ, આજે મને અમુક પ્રકારના માણસો વ્હોરાવશે તો જ લઈશ, આજે હું અમુક જાતનાં વાસણોમાંથી વ્હોરાવવામાં આવશે તો જ લઈશ, આજે મને માંડો સાથવો વગેરે વગેરે ભોજન મળશે તો જ કરીશ— આવા આવા વિચારપૂર્વક આહાર ગ્રહણ કરનાર સાધુનું એ વૃત્તિ પરિસંખ્યાન નામક તપ કહેવાય.

૪૫૦. દૂધ, દહીં, ઘી વગેરે પૌષ્ટિક ભોજન-પાનાદ્દિ રસોના ત્યાગને રસ પરિત્યાગ નામનું તપ કહેવામાં આવે છે.

૪૫૧. એકાંત, અનાપાત (જ્યાં કોઈ આવતું, જતું ન હોય), તથા સ્ત્રી–પુરુષાદ્દિથી રહિત સ્થાનમાં સૂવું કે બેસવું–આને વિવિક્ત શય્યાસન (પ્રતિસંલીનતા) નામનું તપ કહે છે.

४५२. **ठाणा वीरासणाईया, जीवस्स उ सुहावहा ।**
उग्गा जहा धरिज्जंति, कायकिलेसं तमाहियं ॥१४॥
स्थानानि वीरासनादीनि, जीवस्य तु सुखावहानि ।
उग्राणि यथा धार्यन्ते, कायक्लेशः स आख्यातः ॥१४॥

४५३. **सुहेण भाविदं णाणं, दुहे जादे विणस्सदि ।**
तम्हा जहाबलं जोई, अप्पा दुक्खेहि भावए ॥१५॥
सुखेन भावितं ज्ञानं, दुःखे जाते विनश्यति ।
तस्मात् यथाबलं योगी, आत्मानं दुःखैः भावयेत् ॥१५॥

४५४-४५५. **ण दुक्खं ण सुखं वा वि, जहाहेतु तिगिच्छति ।**
तिगिच्छिए सुजुत्तस्स, दुक्खं वा जइ वा सुहं ॥१६॥
मोहक्खए उ जुत्तस्स, दुक्खं वा जइ वा सुहं ।
मोहक्खए जहाहेउ, न दुक्खं न वि वा सुहं ॥१७॥
न दुःखं न सुखं वाऽपि यथाहेतु चिकित्सति ।
चिकित्सते सुयुक्तस्य दुःखं वा यदि वा सुखम् ॥१६॥
मोहक्षये तु युक्तस्य, दुःखं वा यदि वा सुखम् ।
मोहक्षये यथाहेतु, न दुःखं नाऽपि वा सुखम् ॥१७॥

(आ) आभ्यन्तरतप

४५६. **पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झावो ।**
झाणं च विउस्सग्गो, एसो अब्भितरो तवो ॥१८॥
प्रायश्चित्तं विनयः, वैयावृत्यं तथैव स्वाध्यायः ।
ध्यानं च व्युत्सर्गः, एतदाभ्यन्तरं तपः ॥१८॥

४५७. **वद-समिदि-सील-संजम-परिणामो करणणिग्गहो भावो ।**
सो हवदि पायच्छित्तं, अणवरयं चेव कायव्वो ॥१९॥
व्रत-समिति-शील-संयम-परिणामः करणनिग्रहो भावः ।
स भवति प्रायश्चित्तम्, अनवरतं चैव कर्तव्यः ॥१९॥

४५८. **कोहादि-सगब्भाव-क्खयपहुदि-भावणाए णिग्गहणं ।**
पायच्छित्तं भणिदं, णियगुणचिंता य णिच्छयदो ॥२०॥
क्रोधादि-स्वकीयभाव-क्षयप्रभृति-भावनायां निग्रहणम् ।
प्रायश्चित्तं भणितं, निजगुणचिन्ता च निश्चयतः ॥२०॥

૪૫૨. ગિરિ, કંદરા વગેરે ભયંકર સ્થળોમાં, આત્મા માટે લાભકારી, વીરાસનાદિ ઉગ્ર આસનોનો અભ્યાસ કરવો અથવા એ આસનોને ધારણ કરવાં તેને કાયકલેશ નામનું તપ કહે છે.

૪૫૩. સુખપૂર્વક પ્રાપ્ત કરેલું જ્ઞાન દુઃખ આવે ત્યારે નષ્ટ થઈ જાય છે. એટલા માટે યોગીએ પોતાની શક્તિ પ્રમાણે દુઃખો દ્વારા અર્થાત્ કાયકલેશપૂર્વક આત્મચિંતન કરવું જોઈએ.

૪૫૪-૪૫૫. રોગની ચિકિત્સાનો હેતુ રોગીનું કેવળ સુખ કે રોગીનું કેવળ દુઃખ નથી. ચિકિત્સા કરાવતી વખતે રોગીને સુખ પણ થાય અને દુઃખ પણ થાય. આ પ્રમાણે મોહના ક્ષયમાં પ્રવૃત્ત થયા બાદ સાધકને સુખ પણ થાય અને દુઃખ પણ થાય. (કાયકલેશ તપમાં સાધકને શરીરગત દુઃખ અથવા બાહ્ય રોગોને સહન કરવા પડે છે. પરંતુ એ મોહક્ષયની સાધનાનું અંગ હોવાથી અનિષ્ટકારી નથી.)

(આ) આભ્યંતર તપ

૪૫૬. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ, (કાયોત્સર્ગ)—આ પ્રમાણે આભ્યંતર તપ છ પ્રકારનું છે.

૪૫૭. વ્રત, સમિતિ, શીલ, સંયમ પરિણામ તથા ઇંદ્રિય નિગ્રહનો ભાવ —આ બધું પ્રાયશ્ચિત્ત તપ છે જે નિરંતર કર્તવ્ય–નિત્યકરણીય છે.

૪૫૮. ક્રોધ વગેરે સ્વકીય ભાવોનો ક્ષય અથવા ઉપશમ વગેરેની ભાવના કરવી અગર નિજગુણોનું ચિંતન કરવું એ નિશ્ચય પ્રાયશ્ચિત્ત-તપ છે.

४५९. **णंताणंतभवेण, समज्जिअ-सुहअसुहकम्मसंदोहो ।**
तवचरणेण विणस्सदि, पायाच्छित्तं तवं तम्हा ॥२१॥
अनन्तानन्तभवेन, समर्जित-शुभाशुभकर्म्मसन्दोहः ।
तपश्चरणेन विनश्यति, प्रायश्चित्तं तपस्तस्मात् ॥२१॥

४६०. **आलोयण पडिकमणं, उभयविवेगो तहा विउस्सग्गो ।**
तव छेदो मूलं वि य, परिहारो चेव सद्दहणा ॥२२॥
आलोचना प्रतिक्रमणं, उभयविवेकः तथा व्युत्सर्गः ।
तपः छेदो मूलमपि च, परिहारः चव श्रद्धानं ॥२२॥

४६१. **अणाभोगकिदं कम्मं, जं किं पि मणसा कदं ।**
तं सव्वं आलोचेज्ज हु, अव्वाखित्तेण चेदसा ॥२३॥
अनाभोगकृतं कर्म, यत्किमपि मनसा कृतम् ।
तत्सर्वमालोचयेत् खलु अव्याक्षिप्तेन चेतसा ॥२३॥

४६२. **जह बालो जंपन्तो, कज्जमकज्जं च उज्जुयं भणइ ।**
तं तह आलोइज्जा, मायामयविप्पमुक्को वि ॥२४॥
यथा बालो जल्पन्, कार्यमकार्यं च ऋजुकं भणति ।
तत् तथाऽऽलोचयेन्मायामदविप्रमुक्त अेव ॥२४॥

४६३-४६४. **जह कंटएण विद्धो, सव्वंगे वेयणट्टिओ होइ ।**
तह चेव उद्धियम्मि उ, निस्सल्लो निव्वुओ होइ ॥२५॥
एवमणुद्धियदोसो, माइल्लो तेणं दुक्खिओ होइ ।
सो चेव चत्तदोसो, सुविसुद्धो निव्वुओ होइ ॥२६॥
यथा कण्टकेन विद्धः, सर्वाङ्गे वेदनार्दितो भवति ।
तथैव उद्धृते तु निश्शल्यो निर्वृतो भवति ॥२५॥
एवमनुद्धृतदोषो, मायावी तेन दुःखितो भवति ।
स अेव त्यक्तदोषः, सुविशुद्धो निर्वृतो भवति ॥२६॥

४६५. **जो पस्सदि अप्पाणं, समभावे संठवित्तु परिणामं ।**
आलोयणमिदि जाणह, परमजिणंदस्स उवएसं ॥२७॥
यः पश्यत्यात्मानं, समभावे संस्थाप्य परिणामम् ।
आलोचनमिति जानीत, परमजिनेन्द्रस्योपदेशम् ॥२७॥

૪૫૯. અનંતાનંત ભવોમાં બાંધેલાં શુભાશુભ કર્મોના સમૂહનો નાશ તપશ્ચરણથી સિદ્ધ થાય છે. માટે, તપશ્ચરણ એ પ્રાયશ્ચિત્ત છે.

૪૬૦. પ્રાયશ્ચિત્ત દસ પ્રકારનું છે : આલોચના, પ્રતિક્રમણ, ઉભય, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂલ, પરિહાર તથા શ્રદ્ધા.

૪૬૧. મન, વચન અને કાયા દ્વારા કરેલાં શુભાશુભ કર્મો બે પ્રકારનાં હોય છે — આભોગ કૃત અને અનાભોગકૃત. બીજા દ્વારા જાણવામાં આવેલાં કર્મ આભોગ કૃત કહેવાય અને બીજા દ્વારા નહિ જાણવામાં આવેલ કર્મ અનાભોગ કૃત કહેવાય. બન્ને પ્રકારનાં કર્મોની અને એથી લાગેલા દોષોની આલોચના ગુરુ અથવા આચાર્યની સમક્ષ નિરાકુલ ચિત્તે કરવી જોઇએ.

૪૬૨. જેવી રીતે બાળક પોતાના કાર્ય—અકાર્યને સરળતાથી માતા સમક્ષ વ્યક્ત કરી દે છે તેવી રીતે સાધુએ પણ પોતાના બધા દોષોની આલોચના માયા–પદ (છલ-છદ્મ) તજીને કરવી જોઈ એ.

૪૬૩-૪૬૪. જેવી રીતે કાંટો લાગવાથી આખા શરીરમાં વેદના યા પીડા થાય છે અને કાંટો નીકળી ગયા પછી શરીર શલ્ય-રહિત અર્થાત્ સર્વાંગ સુખી થઈ જાય છે તેવી જ રીતે પોતાના દોષોને ન પ્રકટ કરનારા માયાવી દુઃખી અથવા વ્યાકુળ રહે છે અને એને ગુરુની સમક્ષ પ્રકટ કરી દેવાથી સુવિશુદ્ધ બની સુખી થઈ જાય છે — મનમાં કોઈ શલ્ય રહી જતું નથી.

૪૬૫. પોતાનાં પરિણામોને સમભાવમાં સ્થાપિત કરી આત્માને જોવો એનું નામ જ આલોચના છે. જિનેશ્વર દેવે આ ઉપદેશ આપ્યો છે.

४६६. **अब्भुट्ठाणं अंजलिकरणं, तहेवासणदायणं ।**
गुरुभत्तिभावसुस्सूसा, विणओ एस वियाहिओ ॥२८॥
अभ्युत्थानमञ्जलिकरणं, तथैवासनदानम् ।
गुरुभक्तिभावशुश्रूषा, विनय एष व्याख्यातः ॥२८॥

४६७. **दंसणणाणे विणओ, चरित्ततव-ओवचारिओ विणओ ।**
पंचविहो खलु विणओ, पंचमगइणाइगो भणिओ ॥२९॥
दर्शनज्ञाने विनय-श्चारित्रतप-औपचारिको विनयः ।
पञ्चविधः खलु विनयः, पञ्चमगतिनायको भणितः ॥२९॥

४६८. **एकम्मि हीलियम्मि, हीलिया हुंति ते सव्वे ।**
एकम्मि पूइयम्मि, पूइया हुंति सव्वे ॥३०॥
अेकस्मिन् हीलिते, हीलिता भवन्ति सर्वे ।
अेकस्मिन् पूजिते, पूजिता भवन्ति सर्वे ॥३०॥

४६९. **विणओ सासणे मूलं, विणीओ संजओ भवे ।**
विणयाओ विप्पमुक्कस्स, कओ धम्मो कओ तवो ? ॥३१॥
विनयः शासने मूलं, विनीतः संयतः भवेत् ।
विनयात् विप्रमुक्तस्य, कुतो धर्मः कुतः तपः ? ॥३१॥

४७०. **विणओ मोक्खद्दारं, विणयादो संजमो तवो णाणं ।**
विणएणाराहिज्जदि, आइरिओ सव्वसंघो य ॥३२॥
विनयो मोक्षद्वारं, विनयात् संयमस्तपो ज्ञानम् ।
विनयेनाराध्यते, आचार्यः सर्वसंघश्च ॥३२॥

४७१. **विणयाहीया विज्जा, देंति फलं इह परे य लोगम्मि ।**
न फलंति विणयहीणा, सस्साणि व तोयहीणाइं ॥३३॥
विनयाधीताः विद्याः, ददति फलम् इह परत्र च लोके ।
न फलन्ति विनयहीनाः, सस्यानीव तोयहीनानि ॥३३॥

४७२. **तम्हा सव्वपयत्ते, विणीयत्तं मा कदाइ छुंडेज्जा ।**
अप्पसुदो वि य पुरिसो, खवेदि कम्माणि विणएण ॥३४॥
तस्मात् सर्वप्रयत्ने, विनीतत्वं मा कदाचित् छर्दयेत् ।
अल्पश्रुतोऽपि च पुरुषः, क्षपयति कर्माणि विनयेन ॥३४॥

૪૬૬. ગુરુ તથા વૃદ્ધ માણસ સામે આવી રહ્યા હોય ત્યારે ઊભા થઈ જવું, હાથ જોડવા, એમને ઊંચું આસન આપવું, એમની ભાવપૂર્વક ભક્તિ અને સેવા કરવી—આ બધાંને વિનય તપ કહે છે.

૪૬૭. દર્શન વિનય, જ્ઞાન વિનય, ચારિત્ર વિનય, તપ વિનય અને ઔપચારિક વિનય—આ વિનય, તપના પાંચ ભેદ કહેવામાં આવ્યા છે જે પંચમ ગતિ અર્થાત્ મોક્ષમાં લઈ જાય છે.

૪૬૮. એકના તિરસ્કારમાં બધાનો તિરસ્કાર સમાયેલો છે અને એકની પૂજામાં બધાની પૂજા આવી જાય છે. (માટે જ્યાં જ્યારે કોઈ પૂજ્ય અને વૃદ્ધજન દેખવામાં આવે ત્યાં ત્યારે એમનો વિનય કરવો જોઈએ.)

૪૬૯. જિનશાસનનું મૂળ વિનય છે. સંયમ અને તપથી વિનીત બનવું જોઈએ. જે વિનયહીન છે એને કયાંથી હોય ધર્મ અને કયાંથી હોય તપ ?

૪૭૦. વિનય મોક્ષનું દ્વાર છે. વિનયથી સંયમ, તપ તથા જ્ઞાન પ્રાપ્ત થાય છે. વિનયથી આચાર્ય તથા સકળ સંઘની આરાધના થાય છે.

૪૭૧. વિનયપૂર્વક પ્રાપ્ત કરેલી વિદ્યા આ લોક તથા પરલોકમાં ફળ આપનારી હોય છે. પાણી વિના ધાન્ય નથી પાકતું તેમ વિનયવિહીન વિદ્યા ફળ આપતી નથી.

૪૭૨. એટલા માટે તમામ પ્રકારનો પ્રયત્ન કરીને વિનયને કદિ ન છોડવો જોઈએ. થોડા જ શ્રુતજ્ઞાનનો માલિક પણ વિનય દ્વારા કર્મોનો નાશ કરી શકે છે.

४७३. **सेज्जोगासणिसेज्जो, तहोवहिपडिलेहणाहि उवग्गहिदे ।**
आहारोसहवायण-विकिंचणं वंदणादीहिं ॥३५॥
शय्यावकाशनिषद्या, तथा उपधिप्रतिलेखनाभिः उपगृहीते ।
आहारौषधवाचना-विकिंचनं वन्दनादिभिः ॥३५॥

४७४. **अद्धाणतेणसावद-रायणदीरोधणासिवे ओमे ।**
वेज्जावच्चं उत्तं, संगहसारक्खणोवेदं ॥३६॥
अध्वस्तेनश्वापद-राजनदीरोधनाशिवे अवमे ।
वैयावृत्यमुक्तं, संग्रहसंरक्षणोपेतम् ॥३६॥

४७५. **परियट्टणा य वायणा, पडिच्छणाणुवेहणा य धम्मकहा ।**
थुदिमंगलसंजुत्तो, पंचविहो होइ सज्झाओ ॥३७॥
परिवर्तना च वाचना, पृच्छनाऽनुप्रेक्षणा च धर्मकथा ।
स्तुतिमङ्गलसंयुक्तः, पञ्चविधो भवति स्वाध्यायः ॥३७॥

४७६. **पूयादिसु णिरवेक्खो, जिण-सत्थं जो पढेइ भत्तीए ।**
कम्ममल-सोहणट्ठं, सुयलाहो सुहयरो तस्स ॥३८॥
पूजादिषु निरपेक्षः, जिनशास्त्रं यः पठति भक्त्या ।
कर्ममलशोधनार्थं, श्रुतलाभः सुखकरः तस्य ॥३८॥

४७७. **सज्झायं जाणंतो, पंचिंदियसंवुडो तिगुत्तो य ।**
होइ य एकग्गमणो, विणएण समाहिओ साहू ॥३९॥
स्वाध्यायं जानानः, पञ्चेन्द्रियसंवृतः त्रिगुप्तः च ।
भवति च एकाग्रमनाः, विनयेन समाहितः साधुः ॥३९॥

४७८. **णाणेण ज्झाणसिज्झी, ज्झाणादो सव्वकम्मणिज्जरणं ।**
णिज्जरणफलं मोक्खं, णाणब्भासं तदो कुज्जा ॥४०॥
ज्ञानेन ध्यानसिद्धिः ध्यानात् सर्वकर्मनिर्जरणम् ।
निर्जरणफलं मोक्षः ज्ञानाभ्यासं ततः कुर्यात् ॥४०॥

४७९. **बारसविहम्मि वि तवे, अब्भिंतरबाहिरे कुसलदिट्ठे ।**
न वि अत्थि न वि य होही, सज्झायसमं तवोकम्मं ॥४१॥
द्वादशविधेऽपि तपसि, साभ्यन्तरबाह्ये कुशलदृष्टे ।
नापि अस्ति नापि च भविष्यति, स्वाध्यायसमं तपःकर्म ॥४१॥

૪૭૩. પથારી, ઘર, બેઠક તથા પ્રતિલેખનથી ઉપકૃત સાધુપુરુષોની આહાર, ઔષધિ, વાચના, મલ-મૂત્ર વિસર્જન તથા વંદના વગેરે દ્વારા સેવા-શુશ્રૂષા કરવી તેને વૈયાવૃત્ય તપ કહે છે.

૪૭૪. માર્ગમાં ચાલવાથી જે થાકી ગયા છે, ચોર, હિંસક પશુ, રાજા વગેરે દ્વારા જે વ્યથિત થયા છે, નદીની રૂકાવટ, મરકી, રોગ અને દુકાળથી જે પીડા પામેલા છે તેમની સારસંભાળ અને રક્ષા કરવી તેને વૈયાવૃત્ય કહે છે.

૪૭૫. સ્વાધ્યાય તપ પાંચ પ્રકારનું છે : વાંચેલું ફેરવી જવું, વંચાવવું, પ્રશ્નો પૂછવા, વિચારણા અને સ્તુતિ — મંગલપૂર્વક ધર્મકથા.

૪૭૬. આદર-સત્કારની આશા છોડી દઈને, કર્મરૂપી મેલ ધોવા માટે ભક્તિપૂર્વક જે જિનશાસ્ત્રોને ભણે છે તેનું શ્રુતજ્ઞાન પોતાને તથા બીજાને માટે સુખકારી છે.

૪૭૭. સ્વાધ્યાયી અર્થાત્ શાસ્ત્રોનો જ્ઞાતા સાધુ પાંચ ઇંદ્રિયોથી સંવૃત, ત્રણ ગુપ્તિઓથી યુક્ત, વિનયથી સમાહિત તથા એકાગ્ર મનવાળો હોય છે.

૪૭૮. જ્ઞાનથી ધ્યાનની સિદ્ધિ થાય છે. ધ્યાનથી બધાં કર્મોની નિર્જરા થાય છે. નિર્જરાનું ફળ મોક્ષ છે. માટે સતત જ્ઞાનાભ્યાસ કરવો જોઈએ.

૪૭૯. બાહ્ય અને અભ્યંતર એમ બાર પ્રકારનાં તપમાં સ્વાધ્યાય જેવું કોઈ તપ નથી, હતું નહિ અને હશે પણ નહિ.

४८०. **सयणासणठाणे वा, जे उ भिक्खू न वावरे ।**
कायस्स विउस्सग्गो, छट्ठो सो परिकित्तिओ ॥४२॥
शयनासनस्थाने वा, यस्तु भिक्षुर्न व्याप्रियते ।
कायस्य व्युत्सर्गः, षष्ठः स परिकीर्तितः ॥४२॥

४८१. **देहमइजड्डसुद्धी, सुहदुक्खतितिक्खया अणुप्पेहा ।**
झायइ य सुहं झाणं, एगग्गो काउसग्गम्मि ॥४३॥
देहमति जाड्यशुद्धिः सुखदुःख तितिक्षता अनुप्रेक्षा ।
ध्यायति च शुभं ध्यानम् एकाग्रः कायोत्सर्गे ॥४३॥

४८२. **तेसिं तु तवो ण सुद्धो, निक्खंता जे महाकुला ।**
जं नेवन्ने वियाणंति, न सिलोगं पवेज्जइ ॥४४॥
तेषामपि तपो न शुद्धं, निष्क्रान्ताः ये महाकुलाः ।
यद् नैवाऽन्ये विजानन्ति, न श्लोकं प्रवेदयेत् ॥४४॥

४८३. **नाणमयवायसहिओ, सीलुज्जलिओ तवोमओ अग्गी ।**
संसारकरणबीयं, दहइ दवग्गी व तणरासिं ॥४५॥
ज्ञानमयवातसहितं, शीलोज्ज्वलितं तपो मतोऽग्निः ।
संसारकरणबीजं, दहति दवाग्निरिव तृणराशिम् ॥४५॥

२९. ध्यानसूत्र

४८४. **सीसं जहा सरीरस्स, जहा मूलं दुमस्स य ।**
सव्वस्स साधुधम्मस्स, तहा झाणं विधीयते ॥१॥
शीर्षं यथा शरीरस्य यथा मूलं द्रुमस्य च ।
सर्वस्य साधुधर्मस्य तथा ध्यानं विधीयते ॥१॥

४८५. **जं थिरमज्झवसाणं, तं झाणं जं चलंतयं चित्तं ।**
तं होज्ज भावणा वा, अणुपेहा वा अहव चिंता ॥२॥
यत् स्थिरमध्यवसानं, तद् ध्यानं यत् चलत्कं चित्तम् ।
तद् भवेद् भावना वा, अनुप्रेक्षा वाऽथवा चिन्ता ॥२॥

૪૮૦. સૂવા, બેસવા અને ઊઠવા માટે ભિક્ષુએ વ્યર્થ કાયિક વ્યાપાર-પ્રવૃત્તિ ન કરવી અને લાકડાની માફક રહેવું એને છઠ્ઠું કાયોત્સર્ગ નામનું તપ કહે છે.

૪૮૧. કાયોત્સર્ગ કરવાથી આ લાભ પ્રાપ્ત થાય છેઃ— ૧. દેહજાડ્ય-શુદ્ધિ —કફ વગેરે દોષો ક્ષીણ થવાથી દેહની જડતા હોય તે નષ્ટ થાય છે. ૨. મતિજાડ્યશુદ્ધિ— જાગરૂકતાથી મતિની જડતા નષ્ટ થાય છે. ૩. સુખ-દુઃખ-તિતિક્ષા—સુખ, દુઃખ સહન કરવાની શકિતનો વિકાસ થાય છે. ૪. અનુપ્રેક્ષા— ભાવનાઓ માટે સમુચિત અવસર મળે છે. ૫. એકાગ્રતા—શુભ ધ્યાન માટે ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત થાય છે.

૪૮૨. પોતાનાં મોટાં કુળોનો ત્યાગ કરી જેમણે દીક્ષા લીધી છે તેઓ આદર-સત્કાર માટે તપ કરે છે ત્યારે તે તપ શુદ્ધ ન કહેવાય; એટલા માટે કલ્યાણની ઇચ્છાવાળાએ એવી રીતે તપ કરવું કે જેની બીજાને ખબર સુદ્ધાં ન પડે. પોતાના તપની પ્રશંસા પણ બીજા પાસે ન કરવી જોઈએ.

૪૮૩. જેવી રીતે વનમાં લાગેલી પ્રચંડ આગ ઘાસના ગંજના ગંજ ભસ્મીભૂત કરી મૂકે છે તેવી રીતે જ્ઞાનમયી વાયુ અને શીલ દ્વારા પ્રજ્વલિત તપોમય અગ્નિ એ બન્ને મળીને સંસારના કારણભૂત કર્મબીજને બાળી નાખે છે.

૨૯. ધ્યાનસૂત્ર

૪૮૪. જેવી રીતે મનુષ્યના શરીરમાં માથું અને ઝાડમાં એની જડ મુખ્ય છે— ઉત્કૃષ્ટ છે, તેવી રીતે સાધુના તમામ ધર્મોનું મૂળ ધ્યાન છે.

૪૮૫. સ્થિર અધ્યવસાય અર્થાત્ માનસિક એકાગ્રતા જ ધ્યાન કહેવાય છે. અને ચિત્તની જે ચંચળતા છે તેના ત્રણ રૂપ છે—ભાવના, અનુપ્રેક્ષા, અને ચિંતા.

४८६. **लवण व्व सलिलजोए, झाणे चित्तं विलीयए जस्स ।**
तस्स सुहासुहडहणो, अप्पाअणलो पयासेइ ॥३॥
लवणमिव सलिलयोगे, ध्याने चित्तं विलीयते यस्य ।
तस्य शुभाशुभदहनो, आत्मानलः प्रकाशयति ॥३॥

४८७. **जस्स न विज्जदि रागो, दोसो मोहो व जोगपरिकम्मो ।**
तस्स सुहासुहडहणो, झाणमओ जायए अग्गी ॥४॥
यस्य न विद्यते रागो, द्वेषो मोहो वा योगपरिकर्म ।
तस्य शुभाशुभदहनो, ध्यानमयो जायते अग्निः ॥४॥

४८८. **पुव्वाभिमुहो उत्तरमुहो व, होऊण सुइ-समायारो ।**
झाया समाहिजुत्तो, सहासणत्थो सुइसरीरो ॥५॥
पूर्वाभिमुखः उत्तरमुखो वा भूत्वा शुचिसमाचारः ।
ध्याता समाधियुक्तः सुखासनस्थः शुचिशरीरः ॥५॥

४८९. **पलियंकं बंधेउं, निसिद्धमण-वयणकायवावारो ।**
नासग्गनिमियनयणो, मंदीकयसास्सनीसासो ॥६॥
पल्यङ्कं बद्ध्वा निषिद्धमनोवचनकायव्यापारः ॥
न्यासाग्रनिमित्तनयनः मन्दीकृतश्वासनिःश्वासः ॥६॥

४९०. **गरहियनियदुच्चरिओ, खामियसत्तो नियत्तियपमाओ ।**
निच्चलचित्तो ता झाहि, जाव पुरओव्व पडिहाइ ॥७॥
गर्हितनिजदुश्चरितः क्षमितसत्त्वः निर्वर्तितप्रमादः ।
निश्चलचित्तः तावद् ध्याय यावत् पुरतः इव प्रतिभाति ॥७॥

४९१. **थिरकयजोगाणं पुण, मुणीण झाणे सुनिच्चलमणाणं ।**
गामम्मि जणाइण्णे, सुण्णे रण्णे व ण विसेसो ॥८॥
स्थिरकृतयोगानां पुनः, मुनीनां ध्याने सुनिश्चलमनसाम् ।
ग्रामे जनाकीर्णे, शून्येऽरण्ये वा न विशेषः ॥८॥

४९२. **जे इंदियाणं विसया मणुण्णा, न तेसु भावं निसिरे कयाइ ।**
न याऽमणुण्णेसु मणं पि कुज्जा, समाहिकामे समणे तवस्सी ॥९॥
य इन्द्रियाणां विषया मनोज्ञाः, न तेषु भावं निसृजेत् कदापि ।
न चामनोज्ञेषु मनोऽपि कुर्यात्, समाधिकामः श्रमणस्तपस्वी ॥९॥

૪૮૬. જેવી રીતે પાણીના સંયોગથી મીઠું એમાં ઓગળી જાય છે તેવી રીતે જેનું ચિત્ત નિર્વિકલ્પ સમાધિમાં વિલીન થઈ ગયું છે એનામાં લાંબા વખતથી સંચિત થયેલાં શુભાશુભ કર્મોને ભસ્મ કરનારો આત્મરૂપ અગ્નિ પ્રકટ થાય છે.

૪૮૭. જેને રાગ દ્વેષ અને મોહ નથી તથા મન, વચન, કાયારૂપ યોગોનો વ્યાપાર નથી તેનામાં તમામ શુભાશુભ કર્મોને સળગાવી નાખનારો ધ્યાનાગ્નિ પ્રકટ થાય છે.

૪૮૮. પૂર્વ અથવા ઉત્તર દિશામાં મોં રાખીને બેઠેલો શુદ્ધ આચાર અને પવિત્ર શરીરવાળો ધ્યાતા સુખાસનમાં સ્થિર થઈ સમાધિમાં લીન થઈ જાય છે.

૪૮૯ પલ્યંકાસન લગાવી, મન-વચન-કાયાના વ્યાપારને રોકી, નજરને નાકના અગ્ર ભાગ ઉપર ઠોડી એ ધ્યાન કરનાર મંદ મંદ શ્વાસોચ્છ્વાસ લે.

૪૯૦. જ્યાં સુધી પૂર્વકર્મનો નાશ ન થાય ત્યાં સુધી એ પોતાના પૂર્વે કરેલા બુરા આચરણની નિંદા કરી, બધાં પ્રાણીઓની ક્ષમા ચાહી, પ્રમાદને દૂર કરી તથા ચિત્તને નિશ્ચલ કરી ધ્યાન ધરે.

૪૯૧. જેમણે પોતાના યોગ અર્થાત્ મન, વચન, કાયાને સ્થિર કરી વાળ્યા છે અને જેમનું ચિત્ત બરાબર નિશ્ચલ થઈ ગયું છે, એ મુનિઓના ધ્યાનને માટે માણસોથી ભરપૂર શહેર અથવા શૂન્ય અરણ્યમાં કશો ફેર નથી.

૪૯૨. સમાધિની ભાવનાવાળો તપસ્વી શ્રમણ ઇંદ્રિયોના અનુકૂળ વિષયોમાં (શબ્દ-રૂપાદિમાં) કદિ પણ રાગભાવ ન રાખે અને પ્રતિકૂળ વિષયોમાં મનથી પણ દ્વેષભાવ ન રાખે.

४९३. **सुविदियजगस्सभावो, निस्संगो निब्भओ निरासो य ।**
वेरग्गभावियमणो, झाणंमि सुनिच्चलो होइ ॥१०॥
सुविदितजगत्स्वभावः, निस्संगः निर्भयः निराशश्च ।
वैराग्यभावितमनाः, ध्याने सुनिश्चलो भवति ॥१०॥

४९४. **पुरीसायारो अप्पा, जोई वरणाणदंसणसमग्गो ।**
जो झायदि सो जोई, पावहरो हवदि णिद्वंदो ॥११॥
पुरुषाकार आत्मा, योगी वरज्ञानदर्शनसमग्रः ।
यः ध्यायति सः योगी, पापहरः भवति निर्द्वन्द्वः ॥११॥

४९५. **देहविवित्तं पेच्छइ, अप्पाणं तह य सव्वसंजोगे ।**
देहोवहिवोसग्गं निस्संगो सव्वहा कुणइ ॥१२॥
देहविविक्तं प्रेक्षते आत्मानं तथा च सर्वसंयोगान् ।
देहोपधिव्युत्सर्गं, निस्संगः सर्वथा करोति ॥१२॥

४९६. **णाहं होमि परेसिं, ण मे परे संति णाणमहमेक्को ।**
इदि जो झायदि झाणे, सो अप्पाणं हवदि झादा ॥१३॥
नाहं भवामि परेषां, न मे परे सन्ति ज्ञानमहमेकः ।
इति यो ध्यायति ध्याने, स आत्मा भवति ध्याता ॥१३॥

४९७. **झाणट्ठिओ हु जोई जइणो संवेय णियअप्पाणं ।**
तो ण लहइ तं सुद्धं भग्गविहीणो जहा रयणं ॥१४॥
ध्यानस्थितो खलु योगी यदि नो संवेत्ति निजात्मानम् ।
तो न लभते तं शुद्धं भाग्यविहीनो यथा रत्नम् ॥१४॥

४९८. **भावेज्ज अवत्थतियं, पिंडत्थ-पयत्थ-रूवरहियत्तं ।**
छउमत्थ-केवलित्तं, सिद्धत्तं चेव तस्सत्थो ॥१५॥
भावयेत् अवस्थात्रिकं पिण्डस्थ-पदस्थ-रूपरहितत्वम् ।
छद्मस्थ-केवलित्वं सिद्धत्वं चैव तस्यार्थः ॥१५॥

४९९. **अवि झाइ से महावीरे, आसणत्थे अकुक्कुए झाणं ।**
उड्ढमहे तिरियं च, पेहमाणे समाहिमपडिण्णे ॥१६॥
अपि ध्यायति सः महावीरः, आसनस्थः अकौत्कुचः ध्यानम् ।
ऊर्ध्वमधस्तिर्यक् च, प्रेक्षमाणः समाधिम् अप्रतिज्ञः ॥१६॥

૪૯૩. સંસારના સ્વરૂપથી જે સુપરિચિત છે, નિઃસંગ છે, નિર્ભય છે, આશારહિત છે તથા જેનું મન વૈરાગ્યથી ભરપૂર છે એ જ ધ્યાનમાં સુનિશ્ચલ અર્થાત્ રૂડે પ્રકારે સ્થિર બની શકે છે.

૪૯૪. જે યોગી પુરુષના આકારવાળા, કેવળ જ્ઞાન અને કેવળ દર્શનથી પૂર્ણ એવા આત્માનું ધ્યાન ધરે છે એ કર્મના બંધનનો નાશ કરી દ્વન્દ્વ વિનાનો બની જાય છે.

૪૯૫. ધ્યાન-યોગી પોતાના આત્માને શરીર તથા સમસ્ત બાહ્ય સંયોગોથી વિવિક્ત (ભિન્ન) દેખે છે અર્થાત્ દેહ તથા ઉપકરણોનો સર્વથા ત્યાગ કરી નિઃસંગ બની જાય છે.

૪૯૬. "હું" નથી 'બીજા'નો કે નથી 'બીજા' (પદાર્થ અથવા ભાવ) મારા; હું તો એક (શુદ્ધ-બુદ્ધ) જ્ઞાનમય (ચૈતન્ય) છું— આવું જે ધ્યાનમાં ચિતવે તે શ્રમણ આત્માનો ધ્યાતા છે.

૪૯૭. જેમ ભાગ્યહીન વ્યક્તિ રત્ન પ્રાપ્ત કરી શકતો નથી, તેમ ધ્યાનમાં રહેલો યોગી જો પોતાના આત્માનું સંવેદન નથી કરતો તો એ શુદ્ધ આત્માને પ્રાપ્ત કરી શકતો નથી.

૪૯૮. ધ્યાન કરવા વાળો સાધક પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત— આ ત્રણ અવસ્થાઓની ભાવના કરે. પિંડસ્થ ધ્યાનનો વિષય છે— છદ્મસ્થત્વ-દેહવિપશ્યત્વ. પદસ્થ ધ્યાનનો વિષય છે. કેવલિત્વ-કેવલિ દ્વારા પ્રતિપાદિત અર્થનું અનુચિંતન; અને રૂપાતીત ધ્યાનનો વિષય છે સિદ્ધત્વ–શુદ્ધઆત્મા.

૪૯૯. ઊકડુ આદિ આસનોમાં સ્થિત યા સ્થિર થઈ ભગવાન ધ્યાન કરતા હતા. ઊંચા, નીચા અને ત્રાંસા લોકમાં રહેલા પદાર્થોને એ ધ્યેય બનાવતા હતા. એમની દૃષ્ટિ આત્મસમાધિ ઉપર સ્થિર થયેલી હતી. એ સંકલ્પ-મુક્ત હતા.

५००. **णातीतमट्ठंण य आगमिस्सं, अट्ठं नियच्छंति तहागया उ ।**
विधूतकप्पे एयाणुपस्सी, णिज्झोसइत्ता खवगे महेसी ॥१७॥
नातीतमर्थं न च आगमिष्यन्तम् अर्थं निगच्छन्ति तथागतास्तु ।
विधूतकल्पः अेतदनुदर्शी निश्शोषयिता क्षपकः महर्षिः ॥१७॥

५०१. **मा चिट्ठह मा जंपह, मा चिन्तह किं वि जेण होइ थिरो ।**
अप्पा अप्पम्मि रओ, इणमेव बरं हवे झाणं ॥१८॥
मा चेष्टध्वम् मा जल्पत, मा चिन्तयत किमपि येन भवति स्थिरः ।
आत्मा आत्मनि रतः, इदमेव परं भवेद् ध्यानम् ॥१८॥

५०२. **न कसायसमुत्थेहि य, वहिज्जइ माणसेहिं दुक्खेहिं ।**
ईसा-विसाय-सोगा-इएहिं, झाणोवगयचित्तो ॥१९॥
न कषायसमुत्थैच्य, बाध्यते मानसैर्दुःखैः ।
ईर्ष्या-विषाद-शोका-दिभिः ध्यानोपगतचित्तः ॥१९॥

५०३. **चालिज्जइ बीभेइ य, धीरो न परीसहोवसग्गेहिं ।**
सुहुमेसु न संमुच्छइ, भावेसु न देवमायासु ॥२०॥
चाल्यते विभेति च, धीरः न परीषहोपसर्गैः ।
सूक्ष्मेषु न संयुह्यति, भावेषु न देवमायासु ॥२०॥

५०४. **जह चिरसंचियमिंधण-मनलो पवणसहिओ दुयं दहइ ।**
तह कम्मेंधणममियं, खणेण झाणानलो डहइ ॥२१॥
यथा चिरसंचितमिन्धन-मनलः पवनसहितः द्रुतं दहति ।
तथा कर्मेन्धनममितं, क्षणेन ध्यानानलः दहति ॥२१॥

३०. अनुप्रेक्षासूत्र

५०५. **झाणोवरमेऽवि मुणी, णिच्चमणिच्चाइभावणापरमो ।**
होइ सुभावियचित्तो, धम्मज्झाणेण जो पुव्विं ॥१॥
ध्यानोपरमेऽपि मुनिः, नित्यमनित्यादिभावनापरमः ।
भवति सुभावितचित्तः, धर्मध्यानेन यः पूर्वम् ॥१॥

५०६. **अद्धुवमसरणमेगत्त-मन्नत्तसंसारलोयमसुइत्तं ।**
आसवसंवरणिज्जर, धम्मं बोधिं च चिंतिज्ज ॥२॥
अध्रुवमशरणमेकत्व-मन्यत्वसंसार-लोकमशुचित्वं ।
आस्रवसंवरनिर्जर, धर्मं बोधिं च चिन्तयेत् ॥२॥

૫૦૦. તથાગત ભૂત અને ભવિષ્યના અર્થને દેખતા નથી. કલ્પના-મુક્ત મહર્ષિ વર્તમાનને દેખે છે. કર્મશરીરનું શોષણ કરી એ ક્ષીણ કરી નાખે છે.

૫૦૧. હે ધ્યાતા ! તું શરીર વડે કોઈ ચેષ્ટા ન કર, વાણી વડે કાંઈ પણ ન બોલ, અને મનથી કશું પણ ન વિચાર. આ પ્રમાણે ત્રિયોગનો નિરોધ કરવાથી તું સ્થિર બની જઈશ. તારો આત્મા આત્મરત થઈ જશે. આ જ પરમ ધ્યાન છે.

૫૦૨. જેનું ચિત્ત આ પ્રકારના ધ્યાનમાં લીન છે એ આત્મધ્યાની પુરુષ કષાયથી ઉત્પન્ન થયેલ ઈર્ષ્યા, વિષાદ, શોક વગેરે માનસિક દુઃખોથી બાધા પામતો નથી.

૫૦૩. એ ધીર પુરુષ પરીષહ અને ઉપસર્ગથી વિચલિત અને ભયભીત નથી થતો. તથા સૂક્ષ્મ ભાવોમાં અને દેવ નિર્મિત માયાજાળમાં મુગ્ધ નથી થતો.

૫૦૪. વાયુથી ઉદ્દીપ્ત થયેલી આગ જેવી રીતે લાંબા વખતથી એકઠાં કરેલા લાકડાના સમૂહને તત્કાળ બાળી નાખે છે તેવી રીતે ધ્યાનરૂપી આગ અપરિમિત કર્મ-ઇંધણને એક ક્ષણમાં બાળીને ભસ્મ કરી નાખે છે.

૩૦. અનુપ્રેક્ષાસૂત્ર

૫૦૫. મોક્ષાર્થી મુનિ સૌથી પહેલાં ધર્મધ્યાન દ્વારા પોતાના ચિત્તને બરાબર ભાવિત કરે. પછી ધર્મ-ધ્યાન બાદ પણ હંમેશાં અનિત્ય, અશરણ, વગેરે, ભાવનાઓના ચિંતન-મનનમાં-મશગૂલ રહે.

૫૦૬. અનિત્ય; અશરણ, એકત્વ, અન્યત્વ, સંસાર, લોક, અશુચિ, આસ્રવ, સંવર, નિર્જરા, ધર્મ અને બોધિ — આ બાર ભાવનાઓનું ચિંતન-મનન કરવું જોઈએ.

५०७. **जम्मं मरणेण समं, संपज्जइ जोव्वणं जरासहियं ।**
लच्छी विणास-सहिया, इय सव्वं भंगुर मुणह ॥३॥
जन्म मरणेन समं, सम्पद्यते यौवनं जरासहितम् ।
लक्ष्मीः विनाशसहिता, इति सर्वं भङ्गुरं जानीत ॥३॥

५०८. **चइऊण महामोहं, विसए मुणिऊण भंगुरे सव्वे ।**
णिव्विसयं कुणह मणं, जेण सुहं उत्तमं लहह ॥४॥
त्यक्त्वा महामोहं, विषयान् ज्ञात्वा भङ्गुरान् सर्वान् ।
निर्विषयं कुरुत मनः, येन सुखमुत्तमं लभध्वम् ॥४॥

५०९. **वित्तं पसवो य णाइओ, तं बाले सरणं ति मण्णइ ।**
एए मम तेसिं वा अहं, णो ताणं सरणं ण विज्जई ॥५॥
वित्तं पशवश्च ज्ञातयः, तद् बालः शरणमिति मन्यते ।
एते मम तेष्वप्यहं, नो त्राणं शरणं न विद्यते ॥५॥

५१०. **संगं परिजाणामि, सल्लं पि य उद्धरामि तिविहेणं ।**
गुत्तीओ समिईओ, मज्झं ताणं च सरणं च ॥६॥
संगं परिजानामि, शल्यमपि चोद्धरामि त्रिविधेन ।
गुप्तयः समितयः, मम त्राणं च शरणं च ॥६॥

५११. **धी संसारो जहियं, जुवाणओ परमरूवगव्वियओ ।**
मरिऊण जायइ, किमी तत्थेव कलेवरे नियए ॥७॥
धिक् संसारं यत्र, युवा परमरूपगर्वितकः ।
मृत्वा जायते, कृमिस्तत्रैव कलेवरे निजके ॥७॥

५१२. **सो नत्थि इहोगासो, लोए वालग्गकोडिमित्तोऽवि ।**
जम्मणमरणाबाहा, अणेगसो, जत्थ न य पत्ता ॥८॥
स नास्तीहावकाशो, लोके बालाग्रकोटिमात्रोऽपि ।
जन्ममरणाबाधा, अनेकशो यत्र न च प्राप्ताः ॥८॥

५१३. **बाहिजरमरणमयरो, निरंतरुप्पत्तिनीरनिकुरुंबो ।**
परिणामदारुणदुहो, अहो दुरंतो भवसमुद्दो ॥९॥
व्याधिजरामरणमकरो, निरन्तरोत्पत्ति-नीरनिकुरुम्बः ।
परिणामदारुणदुःखः, अहो ! दुरन्तो भवसमुद्रः ॥९॥

૫૦૭. જન્મ મૃત્યુ સાથે જોડાયેલું છે અને યૌવન ઘડપણ સાથે. લક્ષ્મી ચંચળ છે. આ પ્રકારે (સંસારમાં) બધું જ ક્ષણ-ભંગુર છે—અનિત્ય છે.

૫૦૮. મહા મોહને તજીને અને તમામ ઇંદ્રિયોને ક્ષણ-ભંગુર જાણી મનને નિર્વિષય બનાવો જેથી ઉત્તમ સુખ પ્રાપ્ત થાય.

૫૦૯. અજ્ઞાની જીવ ધન, પશુ તથા જ્ઞાતિબંધુઓને પોતાનાં રક્ષક અથવા શરણ આપવા વાળા માને છે એટલે કે એ મારાં છે અને હું એમનો છું એમ માને છે. પરંતુ, ખરી રીતે એ બધાં નથી રક્ષક કે નથી શરણરૂપ.

૫૧૦. પરિગ્રહને હું જાણીબૂજીને છોડું છું અને માયા, મિથ્યાત્વ તથા નિદાન—આ ત્રણ શલ્યોને મન, વચન અને કાયાથી દૂર કરું છું. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ મારા માટે રક્ષક અને શરણ છે.

૫૧૧. જ્યાં પરમ-રૂપ-ગર્વિત યુવક મરણ બાદ પોતાના એ મૃત (ત્યક્ત) શરીરમાં જ કૃમિરૂપે ઉત્પન્ન થાય છે એવા આ સંસારને ધિક્કાર હો !

૫૧૨. વાળના અગ્ર ભાગ જેટલી પણ આ લોકમાં એવી કોઈ જગ્યા નથી જ્યાં જીવે અનેકવાર જન્મ, મરણનું કષ્ટ ન ભોગવ્યું હોય.

૫૧૩. અહો ! આ ભવ-સમુદ્ર દુરંત છે એટલે કે એનો અંત ભારે મુશ્કેલીથી આવે છે. એમાં વ્યાધિ તથા વૃદ્ધાવસ્થા અને મરણરૂપી અનેક મગરમચ્છ છે અને નિરંતર જન્મરૂપી જળ-રાશિ છે.

५१४. **रयणत्तय-संजुत्तो, जीवो वि हवेइ उत्तमं तित्थं ।**
संसारं तरइ जदो, रयणत्तय-दिव्व-णावाए ॥१०॥
रत्नत्रयसंयुक्तः, जीवः अपि भवति उत्तमं तीर्थम् ।
संसारं तरति यतः, रत्नत्रयदिव्यनावा ॥१०॥

५१५. **पत्तेयं पत्तेयं नियगं, कम्मफलमणुहवंताणं ।**
को कस्स जए सयणो ? को कस्स व परजणो भणिओ ?॥११॥
प्रत्येकं प्रत्येकं निजकं, कर्मफलमनुभवताम् ।
कः कस्य जगति स्वजनः ? कः कस्य वा परजनो भणितः॥११॥

५१६. **एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ ।**
सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा ॥१२॥
एको मे शाश्वत आत्मा, ज्ञानदर्शनसंयुतः ।
शेषा मे बाह्या भावाः, सर्वे संयोगलक्षणाः॥१२॥

५१७. **संजोगमूला जीवेणं, पत्ता दुक्खपरंपरा ।**
तम्हा संजोगसंबंधं, सव्वभावेण वोसिरे ॥१३॥
संयोगमूला जीवेन, प्राप्ता दुःखपरम्परा ।
तस्मात्संयोगसम्बन्धं, सर्वभावेन व्युत्सृजामि ॥१३॥

५१८. **अण्णोअइ अन्नजणं, अन्नभवंतरगयं तु बालजणो ।**
नवि सोयइ अप्पाणं, किलिस्समाणं भवसमुद्द ॥१४॥
अनुशोचत्यन्यजन-मन्यभावान्तरगतं तु बालजनः ।
नैव शोचत्यात्मानं, क्लिश्यमानं भवसमुद्रे ॥१४॥

५१९. **अन्नं इमं सरीरं, अन्नोऽहं बंधवाविमे अन्ने ।**
एवं नाऊण खमं, कुसलस्स न तं खमं काउं ? ॥१५॥
अन्यदिदं शरीरम्, अन्योऽहं बान्धवा अपीमेऽन्ये ।
एवं ज्ञात्वा क्षमं, कुशलस्य न तत् क्षमं कर्तुम् ॥१५॥

५२०. **जो जाणिऊण देहं, जीवसरूवादु तच्चदो भिन्नं ।**
अप्पाणं पि य सेवदि, कज्जकरं तस्स अण्णत्तं ॥१६॥
यः ज्ञात्वा देहं, जीवस्वरूपात् तत्त्वतः भिन्नम् ।
आत्मानमपि च सेवते, कार्यकरं तस्य अन्यत्वम् ॥१६॥

૫૧૪. ખરી રીતે, રત્નત્રયથી સંપન્ન જીવ જ ઉત્તમ તીર્થ (તટ-કિનારો)છે કારણ કે રત્નત્રયરૂપી દિવ્ય નૌકા દ્વારા સંસાર પાર કરી શકાય છે.

૫૧૫. અહીંયાં દરેક જીવ પોતાનાં કર્મોનાં ફળને પોતે એકલો જ ભોગવે છે. એવી સ્થિતમાં અહીંયાં કોણ પોતીકું છે અને કોણ પરાયું છે ?

૫૧૬. જ્ઞાન અને દર્શનથી યુક્ત મારો એકલો આત્મા જ શાશ્વત છે. બાકી બીજું બધું એટલે કે શરીર તથા રાગાદિ ભાવ તો સંયોગ-લક્ષણવાળાં છે. એટલે કે બધાંની સાથે મારો સંબંધ સંયોગવશાત્ છે. એ મારાથી ભિન્ન છે.

૫૧૭. આ સંયોગને લીધે જ જીવને દુઃખોની પરંપરા પ્રાપ્ત થાય છે. એટલા માટે સંપૂર્ણ ભાવપૂર્વક હું આ સંયોગસંબંધનો ત્યાગ કરું છું.

૫૧૮. અન્ય ભવોમાં ગયેલા બીજા લોકો માટે અજ્ઞાની જીવ શોક કરે છે પરંતુ આ ભવસાગરમાં કષ્ટ ભોગવી રહેલ પોતાના આત્માની ચિંતા કરતો નથી.

૫૧૯. આ શરીર અન્ય છે, હું અન્ય છું, બંધુ-બાંધવ પણ મારાથી અન્ય છે, આવું જાણી કુશળ વ્યક્તિ એમાં આસક્ત થતી નથી.

૫૨૦. દેહ જીવનના સ્વરૂપથી તત્ત્વતઃ ભિન્ન છે એવું જાણી જે આત્માનું ચિંતન મનન કરે છે તેની અન્યત્વ ભાવના કાર્યકારી-ફળદાયક છે.

५२१. **मंसट्ठिसंघाए, मुत्तपुरीसभरिए नवच्छिद्दे ।**
असुइं परिस्सवंते, सुहं सरीरम्मि किं अत्थि ? ॥१७॥
मांसास्थिकसंघाते, मूत्रपुरीषभृते नवच्छिद्रे ।
अशुचि परिस्रवति, शुभं शरीरे किमस्ति ? ॥१७॥

५२२. **एदे मोहय-भावा, जो परिवज्जेइ उवसमे लीणो ।**
हेयं ति मन्नमाणो, आसवअणुवेहणं तस्स ॥१८॥
एतान् मोहजभावान् यः परिवर्जयति उपशमे लीनः ।
हेयम् इति मन्यमानः, आस्रवानुप्रेक्षणं तस्य ॥१८॥

५२३. **मणवयणकायगुत्ति-दियस्स समिदीसु अप्पमत्तस्स ।**
आसवदारणिरोहे, णवकम्मरयासवो ण हवे ॥१९॥
मनोवचनकायगुप्तेन्द्रियस्य समितिषु अप्रमत्तस्य ।
आस्रवदारनिरोधे, नवकर्मरजआस्रवो न भवेत् ॥१९॥

५२४. **णाऊण लोगसारं, णिस्सारं दीहगमणसंसारं ।**
लोयग्गसिहरवासं झाहि पयत्तेण सुहवासं ॥२०॥
ज्ञात्वा लोकसारं, निःसारं दीर्घगमनसंसारम् ।
लोकाग्रशिखरवासं, ध्याय प्रयत्नेन सुखवासम् ॥२०॥

५२५. **जरामरणवेगेणं, वुज्झमाणाण पाणिणं ।**
धम्मो दीवो पइट्ठा य, गई सरणमुत्तमं ॥२१॥
जरामरणवेगेन, ह्यमानानां प्राणिनाम् ।
धर्मो द्वीपः प्रतिष्ठा च, गतिः शरणमुत्तमम् ॥२१॥

५२६. **माणुस्सं विग्गहं लद्धुं, सुई धम्मस्स दुल्लहा ।**
जं सोच्चा पडिवज्जंति, तवं खंतिमहिंसयं ॥२२॥
मानुष्यं विग्रहं लब्ध्वा, श्रुतिर्धर्मस्य दुर्लभा ।
यं श्रुत्वा प्रतिपद्यन्ते, तपः क्षान्तिमहिंस्रताम् ॥२२॥

५२७. **आहच्च सवणं लद्धुं, सद्धा परमदुल्लहा ।**
सोच्चा नेआउयं मग्गं, बहवे परिभस्सई ॥२३॥
आहत्य श्रवणं लब्ध्वा, श्रद्धा परमदुर्लभा ।
श्रुत्वा नैयायिकं मार्गं बहवः परिभ्रश्यन्ति ॥२३॥

૫૨૧. માંસ અને હડ્ડીના મેળમાંથી ઉત્પન્ન થયેલ, મળ-મૂત્રથી ભરેલું, અને નવ છિદ્રોમાંથી અસ્વચ્છ પદાર્થ વહાવનારા આ શરીરમાં ક્યાંથી સુખ હોઈ શકે ?

૫૨૨. મોહના ઉદ્ભયથી થનારા આ સર્વ ભાવો તજંવા યોગ્ય છે એવું જાણી ઉપશમ (સામ્ય) ભાવમાં લીન મુનિ આનો ત્યાગ કરી દે છે. આ એની આસ્રવ અનુપ્રેક્ષા છે.

૫૨૩. ત્રણ ગુપ્તિઓ દ્વારા ઇંદ્રિયોને વશમાં રાખનારા તથા પાંચ સમિતિઓના પાલનમાં અપ્રમત્ત એવા મુનિના આસ્રવદ્વારોનો નિરોધ થઈ ગયા બાદ નવીન કર્મરજનો આસ્રવ નથી થતો. આ સંવર અનુપ્રેક્ષા છે.

૫૨૪. લોક અસાર છે તથા આ સંસાર એક દીર્ઘ યાત્રા છે એમ જાણીને મુનિ પ્રયત્નપૂર્વક લોકના સર્વોચ્ચ અગ્ર ભાગમાં સ્થિત એવા મુક્તિપદનું ધ્યાન કરે છે કે જ્યાં મુક્ત (સિદ્ધ) જીવ સુખેથી સદા રહે છે.

૫૨૫. જરા અને મરણના જોશીલા પ્રવાહમાં ઘસડાતા અને ડૂબતા પ્રાણીઓ માટે ધર્મ જ દ્વીપ છે, પ્રતિષ્ઠા છે, ગતિ છે, તથા ઉત્તમ શરણ છે.

૫૨૬. (પહેલાં તો ચાર ગતિઓમાં ભમનારા જીવ માટે મનુષ્ય શરીર મેળવવું એ જ દુર્લભ છે, છતાં) મનુષ્ય દેહ પ્રાપ્ત થયા પછી પણ જે ધર્મના શ્રવણથી તપ, ક્ષમા અને અહિંસા પ્રાપ્ત કરી શકાય એવા ધર્મનું શ્રવણ તો ઓર કઠિન છે.

૫૨૭. કદાચ ધર્મશ્રવણ થઈ પણ જાય તો છેવટ એના ઉપર શ્રદ્ધા થવી મહા કઠિન કામ છે કારણ કે ઘણા લોકો ન્યાયયુક્ત મોક્ષમાર્ગનું શ્રવણ કરીને પણ એમાંથી વિચલિત થઈ જાય છે.

५२८. **सुइं च लद्धं सद्धं च, वीरियं पुण दुल्लहं ।**
बहवे रोयमाणा वि, नो एणं पडिवज्जए ॥२४॥
श्रुतिं च लब्ध्वा श्रद्धां च, वीर्यं पुनर्दुर्लभम् ।
बहवो रोचमाना अपि, नो च तत् प्रतिपद्यन्ते ॥२४॥

५२९. **भावणाजोग-सुद्धप्पा, जले णावा व आहिया ।**
नावा व तीरसंपण्णा, सव्वदुक्खा तिउट्टइ ॥२५॥
भावनायोगशुद्धात्मा, जले नौरिव आख्यातः ।
नौरिव तीरसंपन्ना, सर्वदुःखात् त्रुटयति ॥२५॥

५३०. **बारस अणुवक्खाओ, पच्चक्खाणं तहेव पडिक्कमणं ।**
आलोयणं समाही, तम्हा भावेज्ज अणुवेक्खं ॥२६॥
द्वादशानुप्रेक्षाः, प्रत्याख्यानं तथैव प्रतिक्रमणम् ।
आलोचनं समाधिः, तस्मात् भावयेत् अनुप्रेक्षाम् ॥२६॥

३१. लेश्यासूत्र

५३१. **होंति कमविसुद्धाओ, लेसाओ पीयपम्हसुक्काओ ।**
धम्मज्झाणोवगयस्स, तिव्व-मंदाइभेयाओ ॥१॥
भवन्ति क्रमविशुद्धाः, लेश्याः पीतपद्मशुक्लाः ।
धर्मध्यानोपगतस्य, तीव्रमन्दादि-भेदाः ॥१॥

५३२. **जोगपउत्ती लेस्सा, कसायउदयाणुरंजिया होई ।**
तत्तो दोण्हं कज्जं, बंधचउक्कं समुद्दिट्ठं ॥२॥
योगप्रवृत्तिर्लेश्या, कषायोदयानुरञ्जिता भवति ।
ततः द्वयोः कार्यं, बन्धचतुष्कं समुद्दिष्टम् ॥२॥

५३३. **किण्हा णीला काऊ, तेऊ पम्मा य सुक्कलेस्सा य ।**
लेस्साणं णिद्देसा, छच्चेव हवंति णियमेण ॥३॥
कृष्णा नीला कापोता, तेजः पद्मा च शुक्ललेश्या च ।
लेश्यानां निर्देशात्, षट् चैव भवन्ति नियमेन ॥३॥

૫૨૮. ધર્મ-શ્રવણ તથા (એના તરફ) શ્રદ્ધા થયા છતાં પણ સંયમમાં પ્રયત્ન થવો અત્યંત દુર્લભ છે. ઘણા લોકો સંયમમાં અભિરુચિ ધરાવતાં હોવા છતાં પણ એને સમ્યક્‌સ્વરૂપે સ્વીકારી શકતા નથી.

૫૨૯. ભાવના યોગથી શુદ્ધ આત્માને જળમાં નૌકા સમાન કહેવામાં આવ્યો છે. જેવી રીતે અનુકૂળ પવનનો સહારો-આશ્રય મેળવી નૌકા કિનારા પાસે પહોંચી જાય છે, તેવી રીતે શુદ્ધ આત્મા સંસારની પાર પહોંચી જાય છે જ્યાં એનાં તમામ દુઃખોનો અંત આવી જાય છે.

૫૩૦. એટલા માટે, બાર અનુપ્રેક્ષાઓનું અને પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, આલોચના તથા સમાધિનું પણ વારંવાર ચિંતન-મનન કરતાં રહેવું જોઈએ.

૩૧. લેશ્યાસૂત્ર

૫૩૧. ધર્મ ધ્યાનથી યુક્ત મુનિને અનુક્રમે વિશુદ્ધ પીત, પદ્મ અને શુકલ-આ ત્રણ શુભ લેશ્યાઓ હોય છે. આ લેશ્યાઓના તીવ્ર-મંદ રૂપે અનેક પ્રકાર છે.

૫૩૨. કષાયના ઉદયથી અનુરંજિત મન, વચન અને કાયની યોગ-પ્રવૃત્તિને લેશ્યા કહે છે. ચાર પ્રકારનો કર્મબંધ આ એનું અર્થાત્ કષાય અને યોગનું પરિણામ છે. કષાયથી કર્મોની સ્થિતિ અને અનુભાગ બંધ તથા યોગથી પ્રકૃતિ અને પ્રવેશ બંધ થાય છે.

૫૩૩. લેશ્યા છ પ્રકારની છે :– કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા (પીત લેશ્યા), પદ્મ લેશ્યા અને શુકલ લેશ્યા.

५३४. **किण्हा नीला काऊ, तिण्णि वि एयाओ अहम्मलेसाओ ।**
एयाहि तिहि वि जीवो, दुग्गइं उववज्जई बहुसो ॥४॥
कृष्णा नीला कापोता, तिस्रोऽप्येता अधर्मलेश्याः ।
एताभिस्तिसृभिरपि जीवो, दुर्गतिमुपपद्यते बहुशः ॥४॥

५३५. **तेऊ पम्हा सुक्का, तिण्णि वि एयाओ धम्मलेसाओ ।**
एयाहि तिहि वि जीवो, सुग्गइं उववज्जई बहुसो ॥५॥
तेजः पद्मा शुक्ला, तिस्रोऽप्येता धर्मलेश्याः ।
एताभिस्तिसृभिरपि जीवः, सुगतिमुपपद्यते बहुशः ॥५॥

५३६. **तिव्वतमा तिव्वतरा, तिव्वा असुहा सुहा तहा मंदा ।**
मंदतरा मंदतमा, छट्ठाणगया हु पत्तेयं ॥६॥
तीव्रतमास्तीव्रतरा-स्तीव्रा अशुभाः शुभास्तथा मन्दाः ।
मन्दतरा, मन्दतमाः, षट्स्थानगता हि प्रत्येकम् ॥६॥

५३७-५३८. **पहिया जे छ प्पुरिसा, परिभट्ठारण्णमज्झदेसम्हि ।**
फलभरियरुक्खमेगं, पेक्खित्ता ते विचिंतंति ॥७॥
णिम्मूलखंधसाहु-वसाहं छित्तुं चिणित्तु पडिदाइं ।
खाउं फलाइं इदि, जं मणेण वयणं हवे कम्मं ॥८॥
पथिका ये षट् पुरुषाः, परिभ्रष्टा अरण्यमध्यदेशे ।
फलभरितवृक्षमेकं, प्रेक्ष्य ते विचिन्तयन्ति ॥७॥
निर्मूलस्कन्धशाखोपशाखं छित्वा चित्वा पतितानि ।
खादितुं फलानि इति, यन्मनसा वचनं भवेत् कर्म ॥८॥

૫૩૪. કૃષ્ણ, નીલ અને કાપોત આ ત્રણ અધર્મ અથવા અશુભ લેશ્યાઓ છે. આને કારણે જીવ વિવિધ દુર્ગતિઓમાં ઉત્પન્ન થાય છે.

૫૩૫. પીત (તેજ), પદ્મ અને શુકલ આ ત્રણેય ધર્મ અથવા શુભ લેશ્યાઓ છે. આને કારણે જીવ વિવિધ સુગતિઓમાં ઉત્પન્ન થાય છે.

૫૩૬. કૃષ્ણ, નીલ અને કાપોત આ ત્રણ અશુભ લેશ્યાઓમાંથી પ્રત્યેકના તીવ્રતમ, તીવ્રતર અને તીવ્ર આ ત્રણ ભેદ છે. બાકીની ત્રણ શુભ લેશ્યાઓમાંથી પ્રત્યેકના મંદતમ, મંદતર અને મંદ આ ત્રણ ભેદો છે. તીવ્ર અને મંદની અપેક્ષાએ પ્રત્યેકમાં અનંત ભાગ-વૃદ્ધિ, અસંખ્યાત ભાગ-વૃદ્ધિ, સંખ્યાત ભાગ-વૃદ્ધિ, સંખ્યાત ગુણ-વૃદ્ધિ, અસંખ્યાત ગુણ-વૃદ્ધિ અને અનંત ગુણ-વૃદ્ધિ — આ છ વૃદ્ધિઓ અને આ નામની જ છ હાનિઓ સદા થતી રહે છે. આ કારણે જ લેશ્યાઓના ભેદોમાં પણ ઓટ-ભરતી થયા કરે છે.

૫૩૭-૫૩૮. *છ પથિક (યાત્રાળુઓ) હતા. જંગલ વચ્ચે અટવાઈ* પડ્યા. ભૂખ સતાવવા લાગી. થોડા સમય પછી તેઓને ફળથી લાદેલું એક ઝાડ દેખાયું. તેઓને ફળ ખાવાની ઈચ્છા થઈ. તેઓ મનમાં ને મનમાં વિચારવા લાગ્યા. એકે વિચાર્યું કે વૃક્ષને જડમૂળથી કાપી એનાં ફળ ખાઇએ. બીજાએ વિચાર્યું કે કેવળ થડ જ કાપવું. ત્રીજાએ ડાળી, ચોથાએ ડાખળાં, પાંચમાએ ફળ તોડીને ખાવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. જ્યારે છઠ્ઠાએ વિચાર્યું કે ઝાડને કે એના કોઈ પણ ભાગને કાપવો નહિ પણ ઝાડ ઉપરથી જે પાકાં ફળ નીચે પડ્યાં છે તેને વીણીને ખાવામાં શું વાંધો છે? આ છ યાત્રીઓના વિચાર, વાણી અને વર્તન અનુક્રમે છ લેશ્યાઓનાં ઉદાહરણ છે.

५३९. चंडो ण मुंचइ वेरं, भंडणसीलो य धरमदयरहिओ ।
दुट्ठो ण य एदि वसं, लक्खणमेयं तु किण्हस्स ॥९॥
चण्डो न मुञ्चति वैरं, भण्डनशीलश्च धर्मदयारहितः ।
दुष्टो न चैति वशं, लक्षणमेतत्तु कृष्णस्य ॥९॥

५४०. मंदो बुद्धिविहीणो, णिव्विण्णाणी य विसयलोलो य ।
लक्खणमेयं भणियं, समासदो णीललेस्सस्स ॥१०॥
मन्दो बुद्धिविहीनो, निर्विज्ञानी च विषयलोलश्च ।
लक्षणमेतद् भणितं, समासतो नीललेश्यस्य ॥१०॥

५४१. रूसइ णिंदइ अन्ने, दूसइ बहुसो य सोयभयबहुलो ।
ण गणइ कज्जाकज्जं, लक्खणमेयं तु काउस्स ॥११॥
रुष्यति निन्दति अन्यान्, दूषयति बहुशश्च शोकभयबहुलः ।
न गणयति कार्याकार्यं, लक्षणमेत् तु कापोतस्य ॥११॥

५४२. जाणइ कज्जाकज्जं, सेयमसेयं च सव्वसमपासी ।
दयदाणरदो य मिदू, लक्खणमेयं तु तेउस्स ॥१२॥
जानाति कार्याकार्यं, श्रेयः अश्रेयः च सर्वसमदर्शी ।
दयादानरतश्च मृदुः, लक्षणमेत् तु तेजसः ॥१२॥

५४३. चागी भद्दो चोक्खो, अज्जवकम्मो य खमदि बहुगं पि ।
साहुगुरुपूजणरदो, लक्खणमेयं तु पम्मस्स ॥१३॥
त्यागी भद्रः चोक्षः, आर्जवकर्मा च क्षमते बहुकमपि ।
साधुगुरुपूजनरतो, लक्षणमेत् तु पद्मस्य ॥१३॥

५४४. ण य कुणइ पक्खवायं, ण वि य णिदाणं समो य सव्वेसिं ।
णत्थि य रायद्दोसा, णेहो वि य सुक्कलेस्सस्स ॥१४॥
न च करोति पक्षपातं, नापि च निदानं समश्च सर्वेषाम् ।
न स्तः च रागद्वेषौ, स्नेहोऽपि च शुक्ललेश्यस्य ॥१४॥

५४५. लेस्सासोधी अज्झवसाणविसोधीए होइ जीवस्स ।
अज्झवसाणविसोधि, मंदकसायस्स णायव्वा ॥१५॥
लेश्याशुद्धिः अध्यवसानविशुद्धया भवति जीवस्य ।
अध्यवसानविशुद्धिः, मन्दकषायस्य ज्ञातव्या ॥१५॥

૫૩૯. સ્વભાવની પ્રચંડતા, વેરની મજબૂત ગાંઠ, ઝઘડાખોર વૃત્તિ, ધર્મ અને દયા રહિતતા, સમજાવવા છતાં ન માનવું — આ બધાં કૃષ્ણ-લેશ્યાનાં લક્ષણ છે.

૫૪૦. મંદતા, બુદ્ધિહીનતા, અજ્ઞાન અને વિષયલોલુપતા — આ ટૂંકમાં, નીલ લેશ્યાનાં લક્ષણ છે.

૫૪૧. જલદી રોષે ભરાવું, બીજાની નિંદા કરવી, દોષ દેવો, અતિ શોકાકુલ હોવું, અત્યંત ભયભીત બની જવું — આ કાપોત-લેશ્યાનાં લક્ષણ છે.

૫૪૨. કાર્ય-અકાર્યનું જ્ઞાન, શ્રેય-અશ્રેયનો વિવેક, બધા તરફ સમભાવ, દયા-દાનમાં પ્રવૃત્તિ — આ પીત અથવા તેજોલેશ્યાનાં લક્ષણ છે.

૫૪૩. ત્યાગશીલતા, પરિણામોની ભદ્રતા, વ્યવહારમાં પ્રામાણિકતા, કાર્યમાં ઋજુતા, અપરાધીઓ પ્રતિ ક્ષમાશીલતા, સાધુ-ગુરુ-જનોની પૂજા-સેવામાં તત્પરતા — આ પદ્મલેશ્યાનાં લક્ષણ છે.

૫૪૪. પક્ષપાત ન કરવો, ભોગોની આકાંક્ષા ન કરવી, બધાની સાથે સમદર્શીપણું, રાગ-દ્વેષ-સ્નેહથી દૂર રહેવું — શુકલ લેશ્યાનાં લક્ષણ છે.

૫૪૫. આત્મ પરિણામોમાં વિશુદ્ધિ આવવાથી લેશ્યામાં વિશુદ્ધિ થાય છે અને કષાયોની મંદતાથી પરિણામો વિશુદ્ધ થાય છે.

३२. आत्मविकाससूत्र (गुणस्थान)

५४६. **जेहिं दु लक्खिज्जंते, उदयादिसु संभवेहिं भावेहिं ।**
जीवा ते गुणसण्णा, णिद्दिट्ठा सव्वदरिसीहिं ॥१॥
यैस्तु लक्ष्यन्ते, उदयादिषु सम्भवैर्भावैः ।
जीवास्ते गुणसंज्ञा, निर्दिष्टाः सर्वदर्शिभिः ॥१॥

५४७-५४८. **मिच्छो सासण मिस्सो, अविरदसम्मो य देसविरदो य ।**
विरदो पमत्त इयरो, अपुव्व अणियट्टि सुहुमो य ॥२॥
उवसंत खीणमोहो, सजोगिकेवलिजिणो अजोगी य ।
चोद्दस गुणट्ठाणाणि य, कमेण सिद्धा य णायव्वा ॥३॥
मिथ्यात्वं सास्वादनः मिश्रः, अविरतसम्यक्त्वः च देशविरतश्च ।
विरतः प्रमत्तः इतरः, अपूर्वः अनिवृत्तिः सूक्ष्मश्च ॥२॥
उपशान्तः क्षीणमोहः, संयोगिकेवलिजिनः अयोगी च ।
चतुर्दश गुणस्थानानि च, क्रमेण सिद्धाः च ज्ञातव्याः ॥३॥

५४९. **तं मिच्छत्तं जमसद्दहणं; तच्चाण होदि अत्थाणं ।**
संसइदमभिग्गहियं, अणभिग्गहियं तु तं तिविहं ॥४॥
तद् मिथ्यात्वं यदश्रद्धानं, तत्त्वानां भवति अर्थानाम् ।
संशयितमभिगृहीतम-नभिगृहीतं तु तत् त्रिविधम् ॥४॥

५५०. **सम्मत्तरयणपव्वय-सिहरादो मिच्छभावसमभिमुहो ।**
णासियसम्मत्तो सो, सासणणामो मुणेयव्वो ॥५॥
सम्यक्त्वरत्नपर्वत-शिखरात् मिथ्याभावसमभिमुखः ।
नाशितसम्यक्त्वः सः, सास्वादननामा ज्ञातव्यः ॥५॥

५५१. **दहिगुडमिव व मिस्सं, पिहुभावं णेव कारिदुं सक्कं ।**
एवं मिस्सयभावो, सम्मामिच्छो त्ति णायव्वो ॥६॥
दधिगुडमिव व्यामिश्रं, पृथग्भावं नैव कर्तुं शक्यम् ।
एवं मिश्रकभावः, सम्यक्मिथ्यात्वमिति ज्ञातव्यम् ॥६॥

५५२. **णो इंदिएसु विरदो, णो जीवे थावरे तसे चावि ।**
जो सद्दहइ जिणत्तुं, सम्माइट्ठी अविरदो सो ॥७॥
नो इन्द्रियेषु विरतो, नो जीवे स्थावरे त्रसे चापि ।
यः श्रद्दधाति जिनोक्तं, सम्यग्दृष्टिरविरतः सः ॥७॥

૫૪૬. મોહનીય વગેરે કર્મોના ઉદય આદિ (ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ વગેરે)થી થનાર જે પરિણામોથી યુક્ત જીવને પીછાણી શકાય છે એમને સર્વદર્શી જિનેન્દ્રદેવે "ગુણ" યા "ગુણસ્થાન" સંજ્ઞા આપી છે. અર્થાત્ સમ્યક્ત્વાદિની અપેક્ષાએ જીવોની અવસ્થાને—શ્રેણીને—ભૂમિકાને ગુણસ્થાન કહેવામાં આવે છે.

૫૪૭-૫૪૮. મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરત-સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત, પ્રમત્તવિરત, અપ્રમત્ત-વિરત, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મ-સામ્પરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગિ-કેવલીજિન, અયોગિ કેવલીજિન—આ અનુક્રમે ચૌદ જીવ-સમાસ અથવા ગુણસ્થાન છે. સિદ્ધ જીવો ગુણસ્થાનાતીત હોય છે.

૫૪૯. તત્ત્વાર્થ પ્રતિ શ્રદ્ધાનો અભાવ મિથ્યાત્વ કહેવાય છે. આ ત્રણ પ્રકારનું છે—સંશયિત, અભિગૃહીત અને અનભિગૃહીત.

૫૫૦. સમ્યક્ત્વ-રત્નરૂપી પર્વતના શિખર ઉપરથી ગબડી પડીને જીવ મિથ્યાત્વભાવની અભિમુખ થઈ ગયો છે—મિથ્યાત્વની તરફ વળી ગયો છે, પરંતુ (સમ્યક્ત્વ નષ્ટ થઈ ગયા પછી પણ) જેણે હજી સુધી પણ સાક્ષાત્ મિથ્યાત્વભાવમાં પ્રવેશ નથી કર્યો એ મધ્યવર્તી અવસ્થાને સાસાદન નામનું ગુણ સ્થાન કહે છે.

૫૫૧. દહીં અને ગોળની મેળવણીના સ્વાદની માફક સમ્યક્ત્વ અને મિથ્યાત્વનો મિશ્રિત ભાવ એટલે કે પરિણામ જેને અલગ ન કરી શકાય એને સમ્યક્ત્વ-મિથ્યાત્વ અથવા મિશ્ર ગુણસ્થાન કહે છે.

૫૫૨. ઇન્દ્રિયોના વિષયોથી જે વિરત થયો નથી તથા ત્રસ-સ્થાવર જીવોની હિંસાથી પણ ઉપરત થયો નથી પરંતુ કેવળ જિનેન્દ્ર પ્રરૂપિત તત્ત્વાર્થમાં શ્રદ્ધા રાખતો હોય એ વ્યક્તિ અવિરત-સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનવર્તી કહેવાય છે.

५५३. **जो तसवहाउविरदो, णो विरओ एत्थ-थावरवहाओ ।**
पडिसमयं सो जीवो, विरयाविरओ जिणेक्कमई ॥८॥
यस्त्रसवधाद्विरतः, नो विरतः अत्र स्थावरवधात् ।
प्रतिसमयं सः जीवो, विरताविरतो जिनैकमतिः ॥८॥

५५४. **वत्तावत्तपमाए, जो वसइ पमत्तसंजओ होइ ।**
सयलगुणसीलकलिओ, महव्वई चित्तलायरणो ॥९॥
व्यक्ताव्यक्तप्रमादे, यो वसति प्रमत्तसंयतो भवति ।
सकलगुणशीलकलितो, महाव्रती चित्रलाचरणः ॥९॥

५५५. **णट्ठासेसपमाओ, वयगुणसीलोलिमंडिओ णाणी ।**
अणुवसमओ अखवओ, झाणणिलीणो हु अप्पमत्तो सो ॥१०॥
नष्टाशेषप्रमादो, व्रतगुणशीलावलिमण्डितो ज्ञानी ।
अनुपशमकः अक्षपको, ध्याननिलीनो हि अप्रमत्तः सः ॥१०॥

५५६. **एयम्मि गुणट्ठाणे, विसरिससमयट्ठिएहिं जीवेहिं ।**
पुव्वमपत्ता जम्हा, होंति अपुव्वा हु परिणामा ॥११॥
एतस्मिन् गुणस्थाने, विसदृशसमयस्थितैर्जीवैः ।
पूर्वमप्राप्ता यस्मात्, भवन्ति अपूर्वा हि परिणामाः ॥११॥

५५७. **तारिसपरिणामट्ठियजीवा, हु जिणेहिं गलियतिमिरेहिं ।**
मोहस्सऽपुव्वकरणा, खवणुवसमणुज्जया भणिया ॥१२॥
तादृशपरिणामस्थितजीवाः, हि जिनैर्गलिततिमिरैः ।
मोहस्यापूर्वकरणाः, क्षपणोपशनोद्यताः भणिताः ॥१२॥

૫૫૩. જે ત્રસ જીવોની હિંસાથી વિરત થઈ ગયો છે પરંતુ એકેન્દ્રિય સ્થાવર જીવો (વનસ્પતિ, જળ, ભૂમિ, અગ્નિ, વાયુ)ની હિંસાથી વિરત નથી થયો તથા એક માત્ર જિન ભગવાનમાં જ શ્રદ્ધા રાખે છે એ શ્રાવક દેશવિરત ગુણસ્થાનવર્તી કહેવાય છે.

૫૫૪. જેણે મહાવ્રત ધારણ કરી વાળ્યાં છે, જે સકળ શીલ ગુણોથી યુક્ત થઈ ગયો છે છતાં પણ જેનામાં વ્યક્ત-અવ્યક્તરૂપે પ્રમાદ બાકી રહી ગયો છે એ પ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી કહેવાય છે. આનું વ્રતાચરણ કિંચિત્ સદોષ હોય છે.

૫૫૫. જેનો વ્યક્ત-અવ્યક્ત સંપૂર્ણ પ્રમાદ નષ્ટ થઈ ગયો છે અને જે જ્ઞાની હોવા ઉપરાંત વ્રત, ગુણ, અને શીલની માળા વડે સુશોભિત છે છતાં પણ જે મોહનીય કર્મનો નથી તો ઉપશમ કરતો અને નથી ક્ષય કરી શકતો તે કેવળ આત્મધ્યાનમાં લીન રહેતો હોય છે અને એ શ્રમણ અપ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી કહેવાય છે.*

૫૫૬. આ આઠમા ગુણસ્થાનમાં વિભિન્ન સમયોમાં સ્થિત જીવ એવાં એવાં અપૂર્વ પરિણામો (ભાવો)ને ધારણ કરે છે જે પહેલાં કદિ એણે ધારણ કર્યાં નહોતાં. આ માટે આનું નામ અપૂર્વકરણ ગુણસ્થાન છે.

૫૫૭. અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનાર (જ્ઞાનસૂર્ય) જિનેન્દ્રદેવે એ અપૂર્વ-પરિણામી જીવોને મોહનીય કર્મનો ક્ષય અથવા ઉપશમ કરવામાં તત્પર કહ્યા છે. (મોહનીય કર્મનો ક્ષય અથવા ઉપશમ તો નવમા અને દશમા ગુણસ્થાનોમાં થાય છે, છતાં એની તૈયારી આ આઠમા ગુણસ્થાનમાં જ શરૂ થઈ જાય છે.)

---

* વિશેષ જ્ઞાતવ્ય : અપ્રમત્તસંયત ગુણસ્થાનથી આગળ બે શ્રેણીઓનો આરંભ થાય છે — ઉપશમ અને ક્ષપક. ઉપશમ શ્રેણીવાળો તપસ્વી મોહનીય કર્મનો ઉપશમ કરતો થકો અગીયારમા ગુણસ્થાન સુધી ચડી ગયા પછી પણ ફરીથી મોહનીય કર્મનો ઉદય થવાથી પડી જાય છે, જ્યારે બીજો ક્ષપક શ્રેણીવાળો મોહનીય કર્મનો સપૂર્ણો ક્ષય કરી આગળ વધી જાય છે તથા મોક્ષ પ્રાપ્ત કરી વાળે છે.

५५८. **हेंति अणियट्टिणो ते, पडिसमयं जेसिमेक्कपरिणामा ।**
विमलयरझाणहुयवह-सिहाहिं णिद्दड्ढकम्मवणा ॥१३॥
भवन्ति अनिवर्तिनस्ते, प्रतिसमयं येषामेकपरिणामाः ।
विमलतरध्यानहुतवह-शिखाभिर्निर्दग्धकर्मवनाः ॥१३॥

५५९. **कोसुंभो जिह राओ, अब्भंतरदो य सुहुमरत्तो य ।**
एवं सुहुमसराओ, सुहुमकसाओ त्ति णायव्वो ॥१४॥
कौसुम्भः यथा रागः, अभ्यन्तरतः च सूक्ष्मरक्तः च ।
एवं सूक्ष्मसरागः, सूक्ष्मकषाय इति ज्ञातव्यः ॥१४॥

५६०. **सकदकफलजुदं वा, सरए सरवाणियं व णिम्मलयं ।**
सयलोवसंतमोहो, उवसंतकसायओ होदि ॥१५॥
कतकफलयुतजलं वा, शरदि सरःपानीयम् इव निर्मलकम् ।
सकलोपशान्तमोहः, उपशान्तकषायतो भवति ॥१५॥

५६१. **णिस्सेसखीणमोहो, फलिहामलभायणुदय-समचित्तो ।**
खीणकसाओ भण्णइ, णिग्गंथो वीयराएहिं ॥१६॥
निःशेषक्षीणमोहः, स्फटिकामल-भाजनोदक-समचित्तः ।
क्षीणकषायो भण्यते, निर्ग्रन्थो वीतरागैः ॥१६॥

५६२-५६३. ***केवलणाणदिवायर-किरणकलाव-प्पणासिअण्णाणो ।***
णवकेवललद्धुग्गम-पावियपरमप्पववएसो ॥१७॥
असहायणाणदंसण-सहिओ वि हु केवली हु जोएण ।
जुत्तो त्ति सजोइजिणो, अणाइणिहणारिसे वुत्तो ॥१८॥
केवलज्ञानदिवाकर-किरणकलाप-प्रणाशिताज्ञानः ।
नवकेवललब्ध्युद्गम-प्रापितपरमात्मव्यपदेशः ॥१७॥
असहायज्ञानदर्शन-सहितोऽपि हि केवली हि योगेन ।
युक्त इति सयोगिजिनः, अनादिनिधन आर्षे उक्तः ॥१८॥

५६४. **सेलेसिं संपत्तो, णिरूद्धणिस्सेस-आसओ जीवो ।**
कम्मरयविप्पमुक्को, गयजोगो केवली होइ ॥१९॥
शैलेशीं संप्राप्तः, निरुद्धनिःशेषास्रवो जीवः ।
कर्मरजविप्रमुक्तो, गतयोगः केवली भवति ॥१९॥

૫૫૮. જે લોકોનાં પરિણામ દરેક સમયે (નિરંતર) એક જ વર્ત્તે છે તે અનિવૃત્તિકરણ ગુણસ્થાનવાળા હોય છે. (એમના ભાવ આઠમાં ગુણસ્થાનવાળાની માફક વિસદૃશ નથી હોતા.) આ જીવો નિર્મલતર ધ્યાનરૂપી અગ્નિશિખાઓ વડે કર્મના વનને ભસ્મ કરી નાખે છે.

૫૫૯. કસુંબાના જલદી ઊડી જાય એવા રંગની માફક જેમના અંતરમાં કેવળ સૂક્ષ્મ રાગ બાકી રહી ગયા હોય તે મુનિઓને સૂક્ષ્મ-સરાગ અર્થાત્ સૂક્ષ્મ-કષાય વાળા જાણવા જોઈએ.

૫૬૦. જેવી રીતે નિર્મળીફળથી યુક્ત જળ અથવા શરદકાલીન સરોવરનું જળ (માટી નીચે બેસી જાય ત્યારે) નિર્મળ હોય છે, તેવી રીતે જેઓનો સંપૂર્ણ મોહ ઉપશાંત થઈ ગયો છે તે નિર્મળ પરિણામી ઉપશાંત-કષાય કહેવાય છે* છતાં પણ જેવી રીતે પાણી હલી જાય એટલે નીચે બેઠેલી માટી ઉપર આવી જાય છે તેવી રીતે મોહના ઉદયથી આ ઉપશાંત-કષાય શ્રમણ સ્થાનચ્યુત બની સૂક્ષ્મ-સરાગ દશામાં પહોંચી જાય છે.

૫૬૧. સંપૂર્ણ મોહ પૂરેપૂરો નષ્ટ થઈ જાય એટલે જેમનું ચિત્ત સ્ફટિક મણિના પાત્રમાં રાખેલા સ્વચ્છ પાણીની માફક નિર્મળ થઈ જાય છે એમને વીતરાગદેવે ક્ષીણ-કષાય નિર્ગ્રન્થ કહ્યા છે.

૫૬૨-૫૬૩. કેવળજ્ઞાનરૂપી સૂર્યના કિરણ સમૂહ વડે જેમનું અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ થઈ ગયું છે તથા નવ કેવળલબ્ધિઓ (સમ્યકત્વ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય, દાન, લોભ, ભોગ અને ઉપભોગ) પ્રકટ થવાથી જેમને પરમાત્માની સંજ્ઞા પ્રાપ્ત થઈ છે તે ઇંદ્રિયાદિની સહાયતાની અપેક્ષા ન રાખનારા, જ્ઞાન-દર્શનથી યુક્ત હોવાને લીધે કેવળી અને કાયયોગથી યુક્ત હોવાને લીધે સયોગી કેવળી (તથા ઘાતી કર્મોના વિજેતા હોવાને લીધે) જિન કહેવાય છે. આવું અનાદિ અનંત જિનાગમમાં કહેવામાં આવ્યું છે.

૫૬૪. જે શીલના સ્વામી છે, જેમના બધા નવીન કર્મોના આસ્રવ અવરુદ્ધ થઈ ગયા છે તથા જે પૂર્વસંચિત કર્મોમાંથી (બંધથી) સર્વથા મુક્ત થઈ ગયા છે એ અયોગી-કેવળી કહેવાય છે.

* ઉપશાંત કષાય અને ક્ષીણ કષાયમાં એટલો જ ફરક છે કે ઉપશાંત કષાયવાળાનો મોહ દબાયેલો રહે છે જ્યારે ક્ષીણ કષાયનો મોહ નાશ પામે છે.

५६५. **सो तम्मि चेव समये, लोयग्गे उड्ढगमणसब्भाओ ।**
संचिट्ठइ असरीरो, पवरट्ठ गुणप्पओ णिच्चं ॥२०॥
सो तस्मिन् चैव समये, लोकाग्रे ऊर्ध्वगमनस्वभावः ।
संचेष्टते अशरीरः, प्रवराष्टगुणात्मको नित्यम् ॥२०॥

५६६. **अट्ठविहकम्मवियडा, सीदीभूदा णिरंजणा णिच्चा ।**
अट्ठगुणा कयकिच्चा, लोयग्गणिवासिणो सिद्धा ॥२१॥
अष्टविधकर्मविकलाः, शीतीभूता निरञ्जना नित्याः ।
अष्टगुणाः कृतकृत्याः, लोकाग्रनिवासिनः सिद्धाः ॥२१॥

३३. संलेखनासूत्र

५६७. **सरीरमाहु नाव त्ति, जीवो वुच्चइ नाविओ ।**
संसारो अण्णवो वुत्तो, जं तरंति महेसिणो ॥१॥
शरीरमाहुर्नौरिति, जीव उच्यते नाविकः ।
संसारोऽर्णव उक्तः, यं तरन्ति महर्षयः ॥१॥

५६८. **बहिया उड्ढमादाय, नावकंखे कयाइ वि ।**
पुव्वकम्मक्खयट्ठाए, इमं देहं समुद्धरे ॥२॥
बाह्यमूर्ध्वमादाय, नावकाङ्क्षेत् कदाचिद् अपि ।
पूर्वकर्मक्षयार्थाय, इमं देहं समुद्धरेत् ॥२॥

५६९. **धीरेण वि मरियव्वं, काउरिसेण वि अवस्समरियव्वं ।**
तम्हा अवस्समरणे, वरं खु धीरत्तणे मरिउं ॥३॥
धीरेणापि मर्त्तव्यं, कापुरुषेणाप्यवश्यमर्त्तव्यम् ।
तस्मात् अवश्यमरणे, वरं खलु धीरत्वे मर्त्तुम् ॥३॥

५७०. **इक्कं पंडियमरणं, छिंदइ जाईसयाणि बहुयाणि ।**
तं मरणं मरियव्वं, जेण मओ सुम्मओ होइ ॥४॥
एकं पण्डितमरणं, छिनत्ति जातिशतानि बहुकानि ।
तद् मरणे मर्त्तव्यं, येन मृतः सुमृतः भवति ॥४॥

૫૬૫. આ (ચૌદમા) ગુણસ્થાનને પ્રાપ્ત કરી લીધા ઉપરાંત એ સમયે જ ઊંચે જવાના સ્વભાવવાળા એ અયોગી-કેવળી અશરીરી તથા ઉત્કૃષ્ટ આઠ ગુણોવાળા બનીને હંમેશ માટે લોકના અગ્રભાગ ઉપર ચાલ્યા જાય છે. (એમને સિદ્ધ કહે છે.)

૫૬૬. સિદ્ધ જીવ આઠ કર્મોથી રહિત, સુખમય, નિરંજન, નિત્ય, આઠ-ગુણ સહિત તથા કૃતકૃત્ય બની જાય છે અને હંમેશાં લોકના અગ્રભાગ ઉપર નિવાસ કરે છે.

૩૩. સંલેખનાસૂત્ર

૫૬૭. શરીરને નાવ અને જીવને નાવિક કહ્યો છે. આ સંસાર સમુદ્ર સમાન છે જેને મહર્ષિજન તરી જાય છે.

૫૬૮. ઊર્ધ્વ અર્થાત્ મુક્તિનું લક્ષ્ય રાખનારો સાધક કદિ બાહ્ય વિષયોની આકાંક્ષા ન રાખે. પૂર્વકર્મોનો ક્ષય કરવા માટે જ આ શરીરને ધારણ કરે.

૫૬૯. ધૈર્યવાનને પણ નિશ્ચયરૂપે મરવાનું છે અને બીકણને પણ. જ્યારે મરણ અવશ્યંભાવી છે, તો પછી ધીરતાથી મરવું એ જ ઉત્તમ છે.

૫૭૦. એક પંડિત મરણ (જ્ઞાનપૂર્વક મરણ) સેંકડો જન્મોનો નાશ કરી નાખે છે. એટલા માટે એવી રીતે મરવું જોઈએ જેથી મરણ સુમરણ બની જાય.

५७१. **इक्कं पंडियमरणं, पडिवज्जइ सुपुरिसो असंभंतो ।**
खिप्पं सो मरणाणं, काहिइ अंतं अणंताणं ॥५॥
एकं पण्डितमरणं, प्रतिपद्यते सुपुरुषः असम्भ्रान्तः ।
क्षिप्रं सः मरणानां, करिष्यति अन्तम् अनन्तानाम् ॥५॥

५७२. **चरे पयाइं परिसंकमाणो, जं किंचि पासं इह मन्नमाणो ।**
लाभंतरे जीविय वूहइत्ता, पच्चा परिण्णाय मलावधंसी ॥६॥
चरेत्पदानि परिशङ्कमानः, यत्किंचित्पाशमिह मन्यमानः ।
लाभान्तरे जीवितं बृंहयित्वा, पश्चात्परिज्ञाय मलावध्वंसी ॥६॥

५७३. **तस्स ण कप्पदि भत्त-पइण्णं अणुवट्ठिदे भये पुरदो ।**
सो मरणं पत्थितो, होदि हु सामण्णणिव्विण्णो ॥७॥
तस्य न कल्पते भक्त-प्रतिज्ञा अनुपस्थिते भयं पुरतः ।
सो मरणं प्रेक्षमाणः, भवति हि श्रामण्यनिर्विण्णः ॥७॥

५७४. **संलेहणा य दुविहा, अब्भितरिया य बाहिरा चेव ।**
अब्भितरिया कसाए, बाहिरिया होइ य सरीरे ॥८॥
संलेखना च द्विविधा, अभ्यन्तरिका च बाह्या चैव ।
अभ्यन्तरिका कषाये, बाह्या भवति च शरीरे ॥८॥

५७५. **कसाए पयणूएं किच्चा, अप्पाहारे तितिक्खए ।**
अह भिक्खू गिलाएज्जा, आहारस्सेव अन्तियं ॥९॥
कषायान् प्रतनून् कृत्वा, अल्पहारः तितिक्षते ।
अथ भिक्षुर्ग्लायेत्, आहारस्येव अन्तिकम् ॥९॥

५७६. **न वि कारणं तणमओ संथारो, न वि य फासुया भूमी ।**
अप्पा खलु संथारो, होइ विसुद्धो मणो जस्स ॥१०॥
नापि कारणं तृणमयः संस्तारः, नापि च प्रासुका भूमिः ।
आत्मा खलु संस्तारो भवति, विशुद्धं मनो यस्य ॥१०॥

५७७-५७८. **न वि तं सत्थं च विसं च, दुप्पउत्तु व्व कुणइ वेयालो ।**
जंतं व दुप्पउत्तं, सप्पु व्व पमाइणो कुद्धो ॥११॥
जं कुणइ भावसल्लं, अणुद्धियं उत्तमट्ठकालम्मि ।
दुल्लहबोहीयत्तं, अणंतसंसारियत्तं च ॥१२॥

૫૭૧. અસંભ્રાન્ત (નિર્ભય) સત્પુરુષ એક પંડિત-મરણે મરે છે અને તરત જ અનંત મરણનો—વારંવારના મરણનો અંત કરી નાખે છે.

૫૭૨. સાધક ડગલે અને પગલે દોષોની આશંકાને (સંભાવનાને) ધ્યાનમાં રાખી ચાલે. નાનામાં નાના દોષને પણ પાશ સમજે. એનાથી સાવધાન રહે. નવા નવા લાભ માટે જીવનને સુરક્ષિત રાખે. જ્યારે જીવન તથા શરીરથી લાભ છે એવું દેખાય નહિ ત્યારે પરિજ્ઞાન-પૂર્વક શરીરને છોડી દે.

૫૭૩. (પરંતુ) જેની સામે (પોતાનાં સંયમ, તપ વગેરે સાધનાનો) કોઈ ડર અથવા કોઈ પણ પ્રકારની ક્ષતિની આશંકા નથી એને માટે ભોજનનો ત્યાગ ઉચિત નથી. જો તે (છતાં પણ ભોજનનો ત્યાગ કરી) મરવા જ માગતો હોય તો કહેવું પડશે કે એ મુનિપણાથી જ વિરક્ત થઈ ગયો છે.

૫૭૪. સંલેખના બે પ્રકારની છે —આભ્યંતર અને બાહ્ય. કષાયોને પાતળા પાડવા એ આભ્યંતર સંલેખના એને શરીરને પાતળું પાડવું એ બાહ્ય સંલેખના.

૫૭૫. *(સંલેખના ધારણ કરનાર સાધુ) કષાયોને પાતળા પાડી* ધીરે ધીરે આહારનું પ્રમાણ ઘટાડે. જો તે રોગી હોય, શરીર *અત્યંત ક્ષીણ થઈ ગયું* હોય તો આહારનો સર્વથા ત્યાગ કરી દે.

૫૭૬. જેનું મન વિશુદ્ધ છે એની પથારી નથી ઘાસની કે નથી પ્રાસુક ભૂમિની,* એનો આત્મા જ એની પથારી છે.

૫૭૭-૫૭૮. દુષ્પ્રયુક્ત શસ્ત્ર, ઝેર, ભૂત તથા દુષ્પ્રયુક્ત યંત્ર તથા ક્રુદ્ધ સર્પ

---

* સંલેખના ધારણ કરી હોય એને માટે પ્રાસુક ભૂમિમાં ઘાસની પથારી કરવામાં આવે છે જેના ઉપર એ વિશ્રામ કરે છે. આ લક્ષ્યમાં રાખીને આ ભાવનું કથન કરવામાં આવ્યું છે.

तत् शस्त्रं च विषं च, दुष्प्रयुक्तो वा करोति वैतालः ।
यन्त्रं वा दुष्प्रयुक्तं, सर्पो वा प्रमादिनः क्रुद्धः ॥११॥
यत् करोति भावशल्य-मनुद्धृतमुत्तमार्थकाले ।
दुर्लभबोधिकत्वम्, अनन्तसंसारिकत्वं च ॥१२॥

५७९. तो उद्धरंति गारवरहिया, मूलं पुणब्भवलयाणं ।
मिच्छादंसणसल्लं, मायासल्लं नियाणं च ॥१३॥
तदुद्धरन्ति गौरवरहिता, मूलं पुनर्भवलतानाम् ।
मिथ्यादर्शनशल्यं, मायाशल्यं निदानं च ॥१३॥

५८०. मिच्छद्दंसणरत्ता, सनियाणा कण्हलेसमोगाढा ।
इय जे मरंति जीवा, तेसिं दुलहा भवे बोही ॥१४॥
मिथ्यादर्शनरक्ताः, सनिदानाः कृष्णलेश्यामवगाढाः ।
इति ये म्रियन्ते जीवा–स्तेषां दुर्लभा भवेद् बोधिः ॥१४॥

५८१. सम्मद्दंसणरत्ता, अनिग्गाणा सुक्कलेसमोगाढा ।
इय जे मरंति जीवा, तेसिं सुलहा भवे बोही ॥१५॥
सम्यग्दर्शनरक्ताः अनिदानाः शुक्ललेश्यामवगाढाः ।
इति ये म्रियन्ते जीवा–स्तेषां सुलभा भवेद् बोधिः ॥१५॥

५८२. आराहणाए कज्जे, परियम्मं सव्वदा वि कायव्वं ।
परियम्भभाविदस्स हु, सुहसज्झाऽऽराहणा होइ ॥१६॥
आराधनायाः कार्ये, परिकर्म सर्वदा अति कर्त्तव्यम् ।
परिकर्मभावितस्य खलु, सुखसाध्या आराधना भवति ॥१६॥

५८३-५८४. जह रायकुलपसूओ, जोग्गं णिच्चमवि कुणइ परिकम्मं ।
तो जिदकरणो जुद्धे, कम्मसमत्थो भविस्सदि हि ॥१७॥
इय सामण्णं साधूवि, कुणदि णिच्चमवि जोगपरियम्मं ।
तो जिदकरणो मरणे, ज्झाणसमत्थो भविस्सति ॥१८॥
यथा राजकुलप्रसूतो, योग्यं नित्यमपि करोति परिकर्म्म ।
ततः जितकरणो युद्धे, कर्मसमर्थो भविष्यति हि ॥१७॥
एवं श्रामण्यं साधुरपि, करोति नित्यमपि योगपरिकर्म्म ।
ततः जितकरणः मरणे, ध्यानसमर्थो भविष्यति ॥१८॥

વગેરે પ્રમાદીનું એટલું અનિષ્ટ નથી કરતાં જેટલું સમાધિકાળે મનમાં રહેલાં માયા, મિથ્યાત્વ અને નિદાન શલ્ય કરે છે. આથી બોધિ પ્રાપ્તિ દુર્લભ થઈ જાય છે તથા સંસારનો અંત નથી થતો.

૫૭૯. એટલા માટે અભિમાન વિનાનો સાધક પુનર્જન્મરૂપી લતાનું મૂળ અર્થાત્ મિથ્યા-દર્શન શલ્ય, માયા શલ્ય, અને નિદાન શલ્યને અંતરમાંથી ફેંકી દે છે.

૫૮૦. આ સંસારમાં જે જીવ મિથ્યાદર્શનમાં અનુરક્ત બની નિદાનપૂર્વક તથા કૃષ્ણ લેશ્યાની પ્રગાઢતા સહિત મરણ પામે છે તેમને માટે બોધિલાભ દુર્લભ છે.

૫૮૧. જે જીવ સમ્યગ્દર્શનનો અનુરાગી બની નિદાન રહિત તથા શુકલ લેશ્યાપૂર્વક મરણ પામે છે તેને બોધિલાભ સુલભ છે.

૫૮૨. (એટલા માટે મરણકાળે રત્નત્રયની સિદ્ધિ અગર સંપ્રાપ્તિના અભિલાષી સાધકે) પહેલેથી જ પરિકર્મ અર્થાત્ સમ્યક્ત્વાદિનું અનુષ્ઠાન કરતાં રહેવું જોઈએ કારણ કે પરિકર્મ અથવા અભ્યાસ કરતા રહેનારની આરાધના સુખેથી થાય છે.

૫૮૩-૫૮૪. રાજકુળમાં ઉત્પન્ન રાજપુત્ર હંમેશાં સમુચિત શસ્ત્રાભ્યાસ કરતો રહે તો એનામાં દક્ષતા આવી જાય છે અને એ યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવા શક્તિશાળી બને છે. એ પ્રમાણે જે સમભાવયુક્ત સાધુ સદા ધ્યાનાભ્યાસ કરે છે એનું ચિત્ત અંકુશમાં આવી જાય છે અને મરણકાળે ધ્યાન કરવામાં સમર્થ બની જાય છે.

५८५. मोक्खपहे अप्पाणं, ठवेहि तं चेव झाहि तं चेव ।
तत्थेव विहर णिच्चं, मा विहरसु अन्नदव्वेसु ॥१९॥
मोक्षपथे आत्मानं, स्थापय तं चैव ध्याय तं चैव ।
तत्रैव विहर नित्यं, मा विहरस्व अन्यद्रव्येषु ॥१९॥

५८६. इहपरलोगासंस-प्पओग, तह जीयमरणभोगेसु ।
वज्जिज्जा भाविज्ज य, असुहं संसारपरिणामं ॥२०॥
इहपरलोकाशंसा-प्रयोगो तथा जीवितमरणभोगेषु ।
वर्जयेद् भावयेत् च अशुभं संसारपरिणामम् ॥२०॥

५८७. परदव्वादो दुग्गइ, सद्दव्वादो हु सुग्गई होई ।
इय णाऊ सदव्वे, कुणह रई विरई इयरम्मि ॥२१॥
परद्रव्यात् दुर्गतिः, स्वद्रव्यात् खलु सुगतिः भवति ।
इति ज्ञात्वा स्वद्रव्ये, कुरुत रतिं विरतिम् इतरस्मिन् ॥२१॥

●

૫૮૫. હે ભવ્ય ! તું તારા આત્માનું મોક્ષમાર્ગમાં સ્થાપન કર. એનું જ ધ્યાન ધર. એનો જ અનુભવ કર તથા એનામાં જ વિહાર કર. બીજાં દ્રવ્યોમાં વિહાર કરવો છોડી દે.

૫૮૬. આ લોક અને પરલોકમાં સુખાદિ પ્રાપ્ત કરવાની તથા જીવવા અને મરવાની ઇચ્છાને સંલેખના-રત સાધકે મરણકાળે છોડવી જોઈએ અને છેલ્લા શ્વાસ સુધી સંસારના અશુભ પરિણામનું ચિંતન કરવું જોઈએ.

૫૮૭. પર-દ્રવ્ય અર્થાત્ ધન-ધાન્ય, પરિવાર અને દેહાદિમાં અનુરક્ત રહેવાથી દુર્ગતિ થાય છે અને સ્વ-દ્રવ્ય અર્થાત્ પોતાના આત્મામાં લીન થઈ જવાથી સુગતિ થાય છે. આવું જાણી સ્વ-દ્રવ્યમાં અનુરક્ત અને પર-દ્રવ્યથી વિરક્ત થવું જોઈએ.

●

સમણસુત્તં

(જૈનધર્મસાર)

તૃતીય ખંડ

તત્ત્વ-દર્શન

३४. तत्त्वसूत्र

५८८. जावन्तऽविज्जापुरिसा, सव्वे ते दुक्खसंभवा ।
लुप्पन्ति बहुसो मूढा, संसारम्मि अणन्तए ॥१॥
यावन्तोऽविद्यापुरुषाः, सर्वे ते दुःखसम्भवाः ।
लुप्यन्ते बहुशो मूढाः, संसारेऽनन्तके ॥१॥

५८९. समिक्ख पंडिए तम्हा, पासजाइपहे बहू ।
अप्पणा सच्चमेसेज्जा, मेत्तिं भूएसु कप्पए ॥२॥
समीक्ष्य पण्डितस्तस्मात्, पोशजातिपथान् बहून् ।
आत्मना सत्यमेषयेत्, मैत्रीं भूतेषु कल्पयेत् ॥२॥

५९०. तच्चं तह परमट्ठं, दव्वसहावं तहेव परमपरं ।
धेयं सुद्धं परमं, एयट्ठा हुंति अभिहाणा ॥३॥
तत्त्वं तथा परमार्थः, द्रव्यस्वभावस्तथैव परमपरम् ।
ध्येयं शुद्धं परमम्, एकार्थानि भवन्त्यभिधानानि ॥३॥

५९१. जीवाऽजीवा य बन्धो य, पुण्णं पावाऽऽसवो तहा ।
संवरो निज्जरा मोक्खो, संतेए तहिया नव ॥४॥
जीवा अजीवाश्च बन्धश्च, पुण्यं पापास्रवः तथा ।
संवरो निर्जरा मोक्षः, सन्त्येते तथ्या नव ॥४॥

५९२. उवओगलक्खणमणाइ - निहणमत्थंतरं सरीराओ ।
जीवमरूविं कारिं, भोयं च सयस्स कम्मस्स ॥५॥
उपयोगलक्षणं अनादि-निधनमर्थान्तरं शरीरात् ।
जीवमरूपिणं कारिणं, भोगे च स्वकस्य कर्मणः ॥५॥

५९३. सुहदुक्खजाणणा वा, हिदपरियम्मं च अहिदभीरुत्तं ।
जस्स ण विज्जदि णिच्चं, तं समणा विंति अज्जीवं ॥६॥
सुखदुःखज्ञानं वा, हितपरिकर्म चाहितभीरुत्वम् ।
यस्य न विद्यते नित्यं, तं श्रमणा ब्रुवते अजीवं ॥६॥

૩૪. તત્ત્વસૂત્ર

૫૮૮. સમસ્ત અવિદ્યાવાન્ (અજ્ઞાની પુરુષ) દુઃખી છે, દુઃખના ઉત્પાદક છે. એ વિવેકમૂઢ અનંત સંસારમાં વારંવાર લુપ્ત થઈ જાય છે.

૫૮૯. એટલા માટે, જન્મ-મરણના કારણ સમાન સ્ત્રી-પુત્રાદિના સંબંધો કે જે અનેક પ્રકારના પાશ એટલે કે બંધનરૂપ છે. તેનો પૂરેપૂરો વિચાર કરીને પંડિત પુરુષ પોતે સત્યની શોધ કરે અને બધાં પ્રાણીઓ તરફ મૈત્રીભાવ રાખે.

૫૯૦. તત્ત્વ, પરમાર્થ, દ્રવ્ય-સ્વભાવ, પર-અપર ધ્યેય, શુદ્ધ, પરમ, —આ બધા શબ્દો એકાર્થક છે.

૫૯૧. જીવ, અજીવ, બંધ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ— આ નવ તત્ત્વ અથવા પદાર્થ છે.

૫૯૨. જીવનું લક્ષણ ઉપયોગ છે. એ અનાદિ નિધન છે, શરીરથી ભિન્ન છે, અરૂપી છે અને પોતાના કર્મનો કર્તા તથા ભોક્તા છે.

૫૯૩. જેને સુખ-દુઃખનું જ્ઞાન નથી, જે પોતાના ભલા માટે ઉદ્યમ કરતો નથી તેમ જ જેને પોતાના અહિતનો પણ ડર નથી એને શ્રમણ જનો અજીવ કહે છે.

५९४. **अज्जीवो पुण णेओ, पुग्गल धम्मो अधम्म आयासं ।**
कालो पुग्गल मुत्तो, रूवादिगुणो अमुत्ति सेसा दु ॥७॥
अजीवः पुनः ज्ञेयः पुद्गलः धर्मः अधर्मः आकाशः ।
कालः पुद्गलः मूर्तः रूपादिगुणः, अमूर्तयः शेषाः खलु ॥७॥

५९५. **नो इन्दियग्गेज्झ अमुत्तभावा, अमुत्तभावा वि य होइ निच्चो ।**
अज्झत्थहेउं निययऽस्स बन्धो, संसारहेउं च वयन्ति बन्धं ॥८॥
नो इन्द्रियग्राह्योऽमूर्तभावात्, अमूर्तभावादपि च भवति नित्यः ।
अध्यात्महेतुर्नियतः अस्य बन्धः, संसारहेतुं च वदन्ति बन्धम् ॥८॥

५९६. **रत्तो बंधदि कम्मं, मुच्चदि कम्मेहिं रागरहिदप्पा ।**
एसो बंधसमासो, जीवाणं जाण णिच्छयदो ॥९॥
रक्तो बध्नाति कर्म, मुच्यते कर्मभी रागरहितात्मा ।
एष बन्धसमासो, जीवानां जानीहि निश्चयतः ॥९॥

५९७. **तुम्हा णिव्वुदिकामो, रागं सव्वत्थ कुणदि मा किंचि ।**
सो तेण वीदरागो, भवियो भवसायरं तरदि ॥१०॥
तस्मात् निर्वृत्तिकामो, रागं सर्वत्र करोतु मा किंचित् ।
स तेन वीतरागो, भव्यो भवसागरं तरति ॥१०॥

५९८. **कम्मं पुण्णं पावं, हेऊ तेसिं च होंति सच्छिदरा ।**
मंदकसाया सच्छा, तिव्वकसाया असच्छा हु ॥११॥
कर्म पुण्यं पापं, हेतवः तेषां च भवन्ति स्वच्छेतराः ।
मन्दकषायाः स्वच्छाः, तीव्रकषायाः अस्वच्छाः खलु ॥११॥

५९९. **सव्वत्थ वि पियवयणं, दुव्वयणे दुज्जणे वि खमकरणं ।**
सव्वेसिं गुणगहणं, मंदकसायाण दिट्ठंता ॥१२॥
सर्वत्र अपि प्रियवचनं, दुर्वचने दुर्जने अपि क्षमाकरणम् ।
सर्वेषां गुणग्रहणं, मन्दकषायाणां दृष्टान्ताः ॥१२॥

६००. **अप्पपसंसण-करणं, पुज्जेसु वि दोसगहण-सीलत्तं ।**
वेरधरणं च सुइरं, तिव्वकसायाण लिंगाणि ॥१३॥
आत्मप्रशंसनकरणं, पूज्येषु अपि दोषग्रहणशीलत्वम् ।
वेरधारणं च सुचिरं, तीव्रकषायाणां लिङ्गानि ॥१३॥

૫૯૪. અજીવ દ્રવ્યના પાંચ પ્રકાર છે — પુદ્ગલ, ધર્મ દ્રવ્ય, અધર્મ દ્રવ્ય, આકાશ અને કાલ. આમાં પુદ્ગલ રૂપાદિ ગુણયુક્ત હોવાને લીધે મૂર્તિક છે. બાકીના ચાર અમૂર્તિક છે.

૫૯૫. આત્મા (જીવ) અમૂર્ત છે એટલા માટે એ ઇંદ્રિયો દ્વારા ગ્રાહ્ય નથી. તથા અમૂર્ત પદાર્થ નિત્ય હોય છે, આત્માના આંતરિક રાગાદિ ભાવ જ નિશ્ચય દૃષ્ટિએ બંધના કારણ છે અને બંધને સંસારનો હેતુ કહ્યો છે.

૫૯૬. રાગયુક્ત જ કર્મબંધ કરે છે. રાગરહિત આત્મા કર્મોથી મુકત બને છે. જીવોના બંધનું આ કથન સંક્ષેપમાં નિશ્ચય દૃષ્ટિએ કહ્યું છે.

૫૯૭. એટલા માટે મોક્ષાભિલાષીએ સૂક્ષ્મ પણ રાગ ન કરવો જોઈએ. આમ કરવાથી એ વિતરાગી બની ભવસાગરને તરી જાય છે.

૫૯૮. કર્મ બે પ્રકારનાં છે—પુણ્ય રૂપ અને પાપ રૂપ. પુણ્ય કર્મના બંધનો હેતુ સ્વચ્છ અથવા શુભ ભાવ છે અને પાપ કર્મના બંધનો હેતુ અસ્વચ્છ અથવા અશુભ ભાવ છે. મંદકષાયી જીવ સ્વચ્છ ભાવવાળા હોય છે અને તીવ્ર કષાયી જીવ અસ્વચ્છ ભાવવાળા હોય છે.

૫૯૯. સર્વત્ર પ્રિય વચન બોલવું, દુષ્ટ વચન બોલનારને પણ ક્ષમા આપવી અને બધાના ગુણોને ગ્રહણ કરવા—આ મંદકષાયી જીવોનાં લક્ષણ છે.

૬૦૦. પોતાની પ્રશંસા કરવી, પૂજ્ય પુરુષોમાં પણ દોષો જોવાનો સ્વભાવ હોવો, લાંબા વખત સુધી વેરની ગાંઠ બાંધી રાખવી —આ તીવ્ર કષાયવાળા જીવોનાં લક્ષણ અથવા ચિહ્ન છે.

६०१. **रागद्दोसपमत्तो, इंदियवसओ करेइ कम्माइं ।**
आसवदारेहिं अवि-गुहेहिं तिविहेण करणेणं ॥१४॥
रागद्वेषप्रमत्तः, इन्द्रियवशगः करोति कर्माणि ।
आस्रवद्वारैरविगूहितैस्त्रिविधेन करणेन ॥१४॥

६०२. **आसवदारेहिं सया, हिंसाईएहिं कम्ममासवइ ।**
जह नावाइ विणासो, छिद्देहि जलं उयहिमज्झे ॥१५॥
आस्रवद्वारैः सदा हिंसादिकैः कर्मास्रवति ।
तथा नावो विनाश-रिछद्रैः जलम् उदधिमध्ये ॥१५॥

६०३. **मणसा वाया कायेण, का वि जुत्तस्स विरियपरिणामो ।**
जीवस्स-प्पणिओगो, जोगो त्ति जिणेहिं णिद्दिट्ठो ॥१६॥
मनसा वाचा कायेन, वापि युक्तस्य वीर्यपरिणामः ।
जीवस्य प्रणियोगः, योग इति जिनैर्निर्दिष्टः ॥१६॥

६०४. **जहा जहा अप्पतरो से जोगो, तहा तहा अप्पतरो से बंधो ।**
निरुद्धजोगिस्स व से ण होति, अछिद्दपोतस्स व अंबुणाथे ॥१७॥
यथा यथा अल्पतरः तस्य योगः, तथा तथा अल्पतरः तस्य बंधः ।
निरुद्धयोगिनः वा सः न भवति, अछिद्रपोतस्येव अम्बुनाथे ॥१७॥

६०५. **मिच्छत्ताविरदी वि य, कसाय जोगा य आसवा होंति ।**
संजम-विराय-दंसण-जोगाभावो य संवरओ ॥१८॥
मिथ्यात्वाऽविरतिः अपि च कषायाः योगाश्च आस्रवा भवन्ति ।
संयम-विराग-दर्शन-योगाभावश्च संवरकः ॥१८॥

६०६. **रुंधियछिद्दसहस्से, जलजाणे जह जलं तु णासवदि ।**
मिच्छत्ताइअभावे, तह जीवे संवरो होइ ॥१९॥
रूद्धछिद्रसहस्रे, जलयाने यथा जलं तु नास्रवति ।
मिथ्यात्वाद्यभावे, तथा जीवे संवरो भवति ॥१९॥

६०७. **सव्वभूयऽप्पभूयस्स, सम्मं भूयाइं पासओ ।**
पिहियासवस्स दंतस्स, पावं कम्मं न बंधई ॥२०॥
सर्वभूतात्मभूतस्य, सम्यक् भूतानि पश्यतः ।
पिहितास्रवस्य दान्तस्य पापं कर्म न बध्यते ॥२०॥

૬૦૧. રાગ-દ્વેષથી પ્રમત્ત થયેલો જીવ ઇન્દ્રિયાધીન બનીને, મન-વચન-કાય દ્વારા, એના આસ્રવદ્વાર બરાબર ખૂલા રહી ગયા હોવાને લીધે નિરંતર કર્મ કરતો રહે છે.

૬૦૨. જેવી રીતે, સમુદ્રમાં છિદ્રો વાળી નૌકામાં સતત પાણી ભરાતું રહે છે (અને અંતે નૌકા ડૂબી જાય છે) તેવી રીતે હિંસાદિ આસ્રવદ્વારો દ્વારા હંમેશાં કર્મોનો આસ્રવ થતો રહે છે.

૬૦૩. (યોગ પણ આસ્રવ દ્વાર છે.) મન, વચન અને કાયથી યુક્ત જીવનો જે વીર્ય પરિણામ અથવા પ્રદેશ-પરિસ્પંદનરૂપ પ્રાણયોગ થાય છે તેને યોગ કહે છે.

૬૦૪. જેમ જેમ યોગ અલ્પતર થતો જાય છે તેમ તેમ બંધ અથવા આસ્રવ પણ અલ્પતર થતો જાય છે. જેવી રીતે કાણું વિનાના જહાજમાં પાણીનો પ્રવેશ નથી થતો તેવી રીતે યોગનો નિરોધ થઈ જાય એટલે બંધ નથી પડતો.

૬૦૫. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ— આ આસ્રવના હેતુઓ છે. સંયમ, વિરાગ, દર્શન અને યોગનો અભાવ— આ સંવરના હેતુઓ છે.

૬૦૬. જેવી રીતે વહાણનાં હજારો કાણાં બંધ કરી દીધા પછી એમાં પાણી ઘૂસી શકતું નથી તેવી રીતે મિથ્યાત્વાદિ દૂર થઈ ગયા પછી જીવમાં સંવર થાય છે.

૬૦૭. જે સકલ પ્રાણીઓને આત્મવત્ દેખે છે અને જેણે કર્માસ્રવનાં બધાં દ્વાર બંધ કરી દીધાં છે એ સંયમીને પાપકર્મનો બંધ નથી પડતો.

६०८. **मिच्छत्तासवदारं, रुंभइ सम्मत्तदिढकवाडेण ।**
हिंसादिदुवाराणि वि, दिढवयफलिहेहिं रुंभति ॥२१॥
मिथ्यात्वास्रवद्वारं रुध्यते सम्यक्त्वदृढकपाटेन ।
हिंसादिद्वाराणि अपि दृढव्रतपरिघैः रुध्यन्ते ॥२१॥

६०९-६१०. **जहा महातलायस्स, सन्निरुद्धे जलागमे ।**
उस्सिंचणाए तवणाए, कमेण सोसणा भवे ॥२२॥
एवं तु संजयस्सावि, पावकम्मनिरासवे ।
भवकोडीसंचियं कम्मं, तवसा निज्जरिज्जइ ॥२३॥
यथा महातडागस्य, सन्निरुद्धे जलागमे ।
उत्सिञ्चनया तपनया, क्रमेण शोषणा भवेत् ॥२२॥
एवं तु संयतस्यापि, पापकर्मनिरास्रवे ।
भवकोटिसंचितं कर्म, तपसा निर्जीर्यते ॥२३॥

६११. **तवसा चेव ण मोक्खो, संवरहीणस्स होइ जिणवयणे ।**
ण हु सोत्ते पविसंते, किसिणं परिसुस्सदि तलायं ॥२४॥
तपसा चैव न मोक्षः, संवरहीनस्य भवति जिनवचने ।
न हि स्रोतसि प्रविशति, कृत्स्नं परिशुष्यति तडागम् ॥२४॥

६१२. **ज अन्नाणी कम्मं खवेइ बहुआहिं बासकोडीहिं ।**
तं नाणी तिहिं गुत्तो, खवेइ ऊसासमित्तेणं ॥२५॥
यद् अज्ञानी कर्म, क्षयपति बहुकाभिर्वर्षकोटीभिः ।
तद् ज्ञानी त्रिभिर्गुप्तः, क्षपयत्युच्छ्वासमात्रेण ॥२५॥

६१३. **सेणावइम्मि णिहए, जहा सेणा पणस्सई ।**
एवं कम्माणि णस्संति, मोहणिज्जे खयं गए ॥२६॥
सेनापतौ निहते, यथा सेना प्रणश्यति ।
एवं कर्माणि नश्यन्ति, मोहनीये क्षयं गते ॥२६॥

६१४. **कम्ममलविप्पमुक्को, उड्ढं लोगस्स अंतमधिगंता ।**
सो सव्वणाणदरिसी, लहदि सुहमणिंदियमणंतं ॥२७॥
कर्ममलविप्रमुक्त, ऊर्ध्वं लोकस्यान्तमधिगम्य ।
स सर्वज्ञानदर्शी, लभते सुखमनिन्द्रियमनन्तम् ॥२७॥

१०८. मोक्षार्थी जीव सम्यक्त्वरूपी दृढ कमाड द्वारा मिथ्यात्वरूपी आस्रव द्वारने बंध करी दे छे अने दृढ व्रतो रूपी कमाडथी हिंसादि द्वारने बंध करी दे छे.

१०९-११०. पाणी आववाना मार्गने बंध करी दीधाथी अने प्रथमना पाणीने उलेची नाख्याथी जेम सूर्यना तापमां क्रमशः मोटा तळावनुं पाणी सुकाई जाय छे तेम संयमीना करोडो भवमां एकठां करेलां कर्मनी, पाप कर्मोना प्रवेश मार्गने बंध करी दीधा पछी तप वडे निर्जरा थाय छे.

१११. संवरविहीन मुनिने केवळ तप करवाथी मोक्ष नथी मळतो एवुं जिन वचन छे. पाणी आववानो मार्ग खुल्लो होय तो तळावनुं बधुं पाणी सुकाई जतुं नथी.

११२. अज्ञानी व्यक्ति तप द्वारा करोडो जन्मो अथवा वर्षोमां जेटलां कर्मोनो क्षय करे छे तेटलां कर्मोनो नाश ज्ञानी व्यक्ति त्रण गुप्तिओ द्वारा एक श्वास मात्रमां करे छे.

११३. जेवी रीते सेनापति मराई गया बाद सेनानो नाश थई जाय छे तेवी रीते एक मोहनीय कर्मनो क्षय थई गया पछी समस्त कर्म सहज रीते ज नष्ट थई जाय छे.

११४. कर्म-मळथी मुक्त थई गयेलो जीव ऊपर लोकना अंत सुधी पहोंची जाय छे अने त्यां सर्वज्ञ तथा सर्वदर्शीना रूपमां अतीन्द्रिय अनंत सुख भोगवे छे.

६१५. **चक्किकुरुफणिसुरेंदेसु, अहमिंदे जं सुहं तिकालभवं ।**
तत्तो अणंतगुणिदं, सिद्धाणं खणसुहं होदि ॥२८॥
चक्रिकुरुफणिसुरेन्द्रेषु, अहमिन्द्रे यत् सुखं त्रिकालभवम् ।
ततः अनन्तगुणितं, सिद्धानां क्षणसुखं भवति ॥२८॥

६१६. **सव्वे सरा नियट्टंति, तक्का जत्थ न विज्जइ ।**
मई तत्थ न गाहिया, ओए अप्पइट्ठाणस्स खेयन्ने ॥२९॥
सर्वे स्वराः निवर्त्तन्ते, तर्को यत्र न विद्यते ।
मतिस्तत्र न गाहिका, ओजः अप्रतिष्ठानस्य खेदज्ञः ॥२९॥

६१७. **ण वि दुक्खं ण वि सुक्खं, ण वि पीडा णेव विज्जदे बाहा ।**
ण वि मरणं ण वि जणणं, तत्थेव य होइ णिव्वाणं ॥३०॥
नापि दुःखं नापि सौख्यं, नापि पीडा नैव विद्यते बाधा ।
नापि मरणं नापि जननं, तत्रैव च भवति निर्वाणम् ॥३०॥

६१८. **ण वि इंदिय उवसग्गा, ण वि मोहो विम्हयो ण णिद्दा य ।**
ण य तिण्हा णेव छुहा, तत्थेव य होइ णिव्वाणं ॥३१॥
नापि इन्द्रियाणि उपसर्गाः, नापि मोहो विस्मयो न निद्रा च ।
न च तृष्णा नैव क्षुधा, तत्रैव च भवति निर्वाणम् ॥३१॥

६१९. **ण वि कम्मं णोकम्मं, ण वि चिंता णेव अट्टरुद्दाणि ।**
ण वि धम्मसुक्कझाणे, तत्थेव य होइ णिव्वाणं ॥३२॥
नापि कर्म्म नोकर्म्म, नापि चिन्ता नैवार्तरौद्रे ।
नापि धर्म्मशुक्लध्याने, तत्रैव च भवति निर्वाणम् ॥३२॥

६२०. **विज्जदि केवलणाणं, केवलसोक्खं च केवलं विरयं ।**
केवलदिट्ठि अमुत्तं, अत्थित्तं सप्पदेसत्तं ॥३३॥
विद्यते केवलज्ञानं, केवलसौख्यं च केवलं वीर्यम् ।
केवलदृष्टिरमूर्तत्व-मस्तित्वं सप्रदेशत्वम् ॥३३॥

૬૧૫. ચક્રવર્તિઓને, ઉત્તરકુરુ, દક્ષિણકુરુ વગેરે ભોગ ભૂમિવાળા જીવોને તથા ફણીંદ્ર, સુરેન્દ્ર અને અહમિન્દ્રોને ત્રણ કાળમાં જેટલું સુખ મળે છે તેનાથી અનંતગણું સુખ સિદ્ધોને એક ક્ષણમાં મળે છે.

૬૧૬. મોક્ષાવસ્થાનું શબ્દોમાં વર્ણન કરવું શક્ય નથી, કારણ કે ત્યાં શબ્દોની પ્રવૃત્તિ નથી. વળી ત્યાં તર્કની પણ કોઈ પહોંચ નથી કારણ કે માનસ વ્યાપાર ત્યાં સંભવ નથી. મોક્ષાવસ્થા સંકલ્પ-વિકલ્પથી અતીત છે. સાથે સાથે સમસ્ત મલકલંકથી રહિત હોવાને કારણે ત્યાં ઓજ પણ નથી. રાગાતીતપણું હોવાને કારણે સાતમા નરક સુધીની ભૂમિનું જ્ઞાન હોવા છતાં પણ ત્યાં કોઈ પણ પ્રકારના ખેદની હાજરી નથી.

૬૧૭. જ્યાં નથી દુઃખ, નથી સુખ, નથી પીડા, નથી બાધા, નથી મરણ અને નથી જન્મ— આનું નામ જ નિર્વાણ.

૬૧૮. જ્યાં નથી ઇંદ્રિયો, નથી ઉપસર્ગ, નથી મોહ, નથી વિસ્મય, નથી નિદ્રા, નથી તૃષ્ણા, અને નથી ભૂખ આનું નામ જ નિર્વાણ.

૬૧૯. જ્યાં નથી કર્મ, નથી નોકર્મ, નથી ચિંતા, નથી આર્ત્ત-રૌદ્ર ધ્યાન, નથી ધર્મ ધ્યાન, અને નથી શુક્લ ધ્યાન— આનું નામ જ નિર્વાણ.

૬૨૦. ત્યાં એટલે કે મુક્ત જીવોમાં કેવળ જ્ઞાન, કેવળ દર્શન, કેવળ સુખ, કેવળ વીર્ય, અરૂપીપણું, અસ્તિત્વ અને સપ્રદેશતા— આ ગુણો હોય છે.

६२१. **निव्वाणं ति अवाहंति, सिद्धी लोगग्गमेव य ।**
खेमं सिवं अणाबाहं, जं चरंति महेसिणो ॥३४॥
निर्वाणमित्यबाधमिति, सिद्धिर्लोकाग्रमेव च ।
क्षेमं शिवमनाबाधं, यत् चरन्ति महर्षयः ॥३४॥

६२२. **लाउअ एरण्डफले, अग्गीधूमे उसू धणुविमुक्के ।**
गइ पुव्वपओगेणं, एवं सिद्धाण वि गती तु ॥३५॥
अलाबु च एरण्डफल-मग्निधूम इषुर्धनुर्विप्रमुक्तः ।
गतिः पूर्वप्रयोगेणैवं, सिद्धानामपि गतिस्तु ॥३५॥

६२३. **अव्वाबाहमणिंदिय-मणोवमं पुण्णपावणिम्मुक्कं ।**
पुणरागमणविरहियं, णिच्चं अचलं अणालंबं ॥३६॥
अव्याबाधमनिन्द्रिय-मनुपमं पुण्यपापनिर्म्मुक्तम् ।
पुनरागमनविरहितं, नित्यमचलमनालम्बम् ॥३६॥

३५. द्रव्यसूत्र

६२४. **धम्मो अहम्मो आगासं, कालो पुग्गल जन्तवो ।**
एस लोगो त्ति पण्णत्तो, जिणेहिं वरदंसिहिं ॥१॥
धर्मोऽधर्म आकाशं, कालः पुद्गला जन्तवः ।
एष लोक इति प्रज्ञप्तः, जिनैर्वरदर्शिभिः ॥१॥

६२५. **आगासकालपुग्गल-धम्माधम्मेसु णत्थि जीवगुणा ।**
तेसिं अचेदणत्तं, भणिदं जीवस्स चेदणदा ॥२॥
आकाशकालपुद्गल-धर्माधर्मेषु न सन्ति जीवगुणाः ।
तेषामचेतनत्वं, भणितं जीवस्य चेतनता ॥२॥

६२६. **आगासकालजीवा, धम्माधम्मा य मुत्तिपरिहीणा ।**
मुत्तं पुग्गलदव्वं, जीवो खलु चेदणो तेसु ॥३॥
आकाशकालजीवा, धर्माधर्मौ च मूर्तिपरिहीनाः ।
मूर्त्तं पुद्गलद्रव्यं, जीवः खलु चेतनस्तेषु ॥३॥

૬૨૧. જે સ્થાનને મહર્ષિ જ પ્રાપ્ત કરે છે તે સ્થાન નિર્વાણ છે. એ અબાધ (બાધા-પીડા વિનાનું) છે, સિદ્ધિ છે, લોકાગ્ર છે, ક્ષેમ, શિવ અને અનાબાધ છે.

૬૨૨. જેવી રીતે તુંબડું માટીથી ખરડાયેલું હોય ત્યારે પાણીમાં ડૂબી જાય છે પણ માટી દૂર થઈ જાય એટલે એ પાછું ઉપર તરવા લાગે છે તેવી રીતે, અથવા એરંડફળ તડકામાં સૂકાયા પછી જેમ એનું બી ઉપર થઈ જાય છે, અથવા જેવી રીતે અગ્નિ અગર ધુમાડાની ગતિ સ્વાભાવિક રીતે જ ઉપરની દિશામાં થાય છે, અથવા જેવી રીતે ધનુષ્યમાંથી છૂટેલું બાણ પૂર્વપ્રયોગથી ગતિમાન થાય છે તેવી રીતે સિદ્ધ જીવોની ગતિ પણ સ્વભાવથી જ ઉપરની દિશામાં થાય છે.

૬૨૩. પરમાત્મ-તત્ત્વ અવ્યાબાધ, અતીંદ્રિય, અનુપમ, પુણ્ય-પાપ-રહિત, પુનરાગમન રહિત, નિત્ય, અચળ અને નિરાલંબ હોય છે.

૩૫. દ્રવ્યસૂત્ર

૬૨૪. પરમદર્શી જિનવરોએ લોકને ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગળ અને જીવ—આમ છ દ્રવ્યોનો બનેલો કહ્યો છે.

૬૨૫. આકાશ, કાળ, પુદ્ગળ, ધર્મ અને અધર્મ વગેરે દ્રવ્યોમાં જીવના ગુણો નથી હોતા તેથી એને અજીવ કહ્યાં છે. જીવનો ગુણ ચૈતન્ય-ચેતનતા છે.

૬૨૬. આકાશ, કાળ, જીવ, ધર્મ, અને અધર્મ દ્રવ્ય અમૂર્ત્તિક છે. પુદ્ગલ દ્રવ્ય મૂર્ત્તિક છે. આ બધામાં કેવળ જીવ દ્રવ્ય જ ચેતન છે.

६२७. **जीवा पुग्गलकाया, सह सक्किरिया हवंति ण य सेसा ।**
पुग्गलकरणा जीवा, खंधा खलु कालकरणा दु ॥४॥
जीवाः पुद्गलकायाः, सह सक्रिया भवन्ति न च शेषाः ।
पुद्गलकरणाः जीवाः, स्कन्धाः खलु कालकरणास्तु ॥४॥

६२८. **धम्मो अहम्मो आगासं, दव्वं इक्किक्कमाहियं ।**
अणंताणि य दव्वाणि, कालो पुग्गल जंतवो ॥५॥
धर्मोऽधर्म आकाशं, द्रव्यमेकैकमाख्यातम् ।
अनन्तानि च द्रव्याणि, कालः (समयाः) पुद्गला जन्तवः ॥५॥

६२९. **धम्माधम्मे य दोऽवेए, लोगमित्ता वियाहिया ।**
लोगालोगे य आगासे, समए समयखेत्तिए ॥६॥
धर्माऽधर्मौ च द्वावप्येतौ, लोकमात्रौ व्याख्यातौ ।
लोकेऽलोके च आकाशः, समयः समयक्षेत्रिकः ॥६॥

६३०. **अन्नोन्नं पविसंता, दिंता ओगासमन्नमन्नस्स ।**
मेलंता वि य णिच्चं, सगं सभावं ण विजहंति ॥७॥
अन्योऽन्यं प्रविशन्तः, ददत्यवकाशमन्योऽन्यस्य ।
मिलन्तोऽपि च नित्यं, स्वकं स्वभावं न विजहति ॥७॥

६३१. **धम्मत्थिकायमरसं, अवण्णगंधं असद्दमप्फासं ।**
लोगोगाढं पुट्ठं, पिहुलमसंखादिय-पदेसं ॥८॥
धर्मास्तिकायोऽरसो-ऽवर्णगन्धोऽशब्दोऽस्पर्शः ।
लोकावगाढः स्पृष्टः, पृथुलोऽसंख्यातिकप्रदेशः ॥८॥

६३२. **उदयं जह मच्छाणं, गमणाणुग्गहयरं हवदि लोए ।**
तह जीवपुग्गलाणं, धम्मं दव्वं वियाणेहि ॥९॥
उदकं यथा मत्स्यानां, गमनानुग्रहकरं भवति लोके ।
तथा जीवपुद्गलानां, धर्मं द्रव्यं विजानीहि ॥९॥

६३३. **ण य गच्छदि धम्मत्थी, गमणं ण करेदि अन्नदवियस्स ।**
हवदि गती स प्पसरो, जीवाणं पुग्गलाणं च ॥१०॥
न च गच्छति धर्मास्तिकायः, गमनं न करोत्यन्यद्रव्यस्य ।
भवति गतेः स प्रसरो, जीवानां पुद्गलानां च ॥१०॥

૬૨૭. જીવ અને પુદ્ગલકાય – આ બે દ્રવ્યો સક્રિય છે. બાકીનાં બધાં નિષ્ક્રિય છે. જીવ સક્રિય બને છે તેમાં કર્મ, નોકર્મરૂપ પુદ્ગલ બાહ્ય સાધન છે અને પુદ્ગલ સક્રિય બને છે તેમાં કાલદ્રવ્ય બાહ્ય સાધન છે.

૬૨૮. ધર્મ અધર્મ અને આકાશ — આ ત્રણેય દ્રવ્યો સંખ્યામાં એક-એક છે. (વ્યવહાર –)કાળ, પુદ્ગલ અને જીવ – આ ત્રણેય દ્રવ્યો અનંત-અનંત છે.

૬૨૯. ધર્મ અને અધર્મ – આ બન્ને દ્રવ્યો લોક પ્રમાણ છે. આકાશ લોક અને અલોકમાં વ્યાપ્ત છે. (વ્યવહાર –) કાળ કેવળ સમયક્ષેત્ર અર્થાત્ મનુષ્યક્ષેત્રમાં જ છે.

૬૩૦. આ બધાં દ્રવ્યો પરસ્પરમાં પ્રવિષ્ટ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અવકાશ આપીને રહેલું છે. આ બધાં આ પ્રમાણે અનાદિ કાળથી (એક બીજા સાથે) મળેલાં છે છતાં પોત-પોતાના સ્વભાવને છોડતાં નથી.

૬૩૧. ધર્માસ્તિકાય રસ, રૂપ, સ્પર્શ, ગંધ, અને શબ્દ રહિત છે; સમસ્ત લોકાકાશમાં વ્યાપ્ત છે, અખંડ છે, વિશાલ છે અને અસંખ્યાત પ્રદેશી છે.

૬૩૨. જેવી રીતે આ લોકમાં પાણી માછલીઓના ગમનમાં સહાયક બને છે તેવી રીતે ધર્મદ્રવ્ય જીવો તથા પુદ્ગલોના ગમનમાં સહાયક અથવા નિમિત્ત બને છે.

૬૩૩. ધર્માસ્તિકાય પોતે ગમન નથી કરતું અને બીજાં દ્રવ્યોને પણ ગમન નથી કરાવતું. એ તો જીવ એને પુદ્ગલોની ગતિમાં ઉદાસીન કારણ છે. આ જ ધર્માસ્તિકાયનું લક્ષણ છે.

६३४. **जह हवदि धम्मदव्वं, तह तं जाणेह दव्वमधम्मक्खं ।**
ठिदिकिरियाजुत्ताणं, कारणभूदं तु पुढवीव ॥११॥
यथा भवति धर्मद्रव्यं, तथा तद् जानीहि द्रव्यमधर्माख्यम् ।
स्थितिक्रियायुक्तानां, कारणभूतं तु पृथिवीव ॥११॥

६३५. **चेयणरहियममुत्तं, अवगाहणलक्खणं च सव्वगयं ।**
लोयालोयविभेयं, तं णहदव्वं जिणुद्दिट्ठं ॥१२॥
चेतनारहितममूर्त्तं, अवगाहनलक्षणं च सर्वगतम् ।
लोकालोकद्विभेदं, तद् नभोद्रव्यं जिनोद्दिष्टम् ॥१२॥

६३६. **जीवा चेव अजीवा य, एस लोए वियाहिए ।**
अजीवदेसमागासे, अलोए से वियाहिए ॥१३॥
जीवाश्चैव अजीवाश्च, एष लोको व्याख्यातः ।
अजीवदेश आकाशः, अलोकः स व्याख्यातः ॥१३॥

६३७. **पासरसगंधवण्ण-व्वदिरित्तो अगुरुलहुगसंजुत्तो ।**
वत्तणलक्खणकलियं, कालसरूवं इमं होदि ॥१४॥
स्पर्शरसगन्धवर्णव्यतिरिक्तम् अगुरुलघुकसंयुक्तम् ।
वर्तनलक्षणकलितं कालस्वरूपम् इदं भवति ॥१४॥

६३८. **जीवाण पुग्गलाणं, हुवंति परियट्टणाइ विविहाइ ।**
एदाणं पज्जाया, वट्टंते मुक्खकालआधारे ॥१५॥
जीवानां पुद्गलानां भवन्ति परिवर्तनानि विविधानि ।
एतेषां पर्याया वर्तन्ते मुख्यकालआधारे ॥१५॥

६३९. **समयावलिउस्सासा, पाणा थोवा य आदिआ भेदा ।**
ववहारकालणामा, णिद्दिट्ठा वीयराएहिं ॥१६॥
समयआवलिउच्छ्वासाः प्राणाः स्तोकाश्च आदिका भेदाः ।
व्यवहारकालनामानः निर्दिष्टा वीतरागैः ॥१६॥

६४०. **अणुखंधवियप्पेण दु, पोग्गलदव्वं हवेइ दुवियप्पं ।**
खंधा हु छप्पयारा, परमाणू चेव दुवियप्पो ॥१७॥
अणुस्कन्धविकल्पेन तु, पुद्गलद्रव्यं भवति द्विविकल्पम् ।
स्कन्धाः खलु षट्प्रकाराः, परमाणुश्चैव द्विविकल्पः ॥१७॥

૬૩૪. ધર્મદ્રવ્યની માફક જ અધર્મદ્રવ્યનું સમજવું. પરંતુ તફાવત એટલો જ કે એ સ્થિતિરૂપ ક્રિયાથી યુક્ત જીવોની તથા પુદ્ગલોની સ્થિતિમાં પૃથ્વીની જેમ નિમિત્ત બને છે.

૬૩૫. જિનેન્દ્રદેવે આકાશ-દ્રવ્યને અચેતન, અમૂર્ત્ત, વ્યાપક અને અવગાહ લક્ષણવાળું કહ્યું છે. લોક અને અલોકના ભેદને હિસાબે આકાશ બે પ્રકારનું છે.

૬૩૬. આ લોકને જીવ અને અજીવમય કહ્યો છે. જ્યાં અજીવનો એકદેશ (ભાગ) માત્ર આકાશ હોય ત્યાં એને અલોક કહે છે.

૬૩૭. સ્પર્શ, ગંધ, રસ અને રૂપ વિનાનું, અગુરુ–લઘુ ગુણથી યુક્ત તથા વર્તના લક્ષણવાળું કાલદ્રવ્ય કહેવામાં આવ્યું છે.

૬૩૮. જીવ અને પુદ્ગલમાં હંમેશાં થનારી અનેક પ્રકારની પરિણતિઓ અથવા પર્યાયો મુખ્યપણે કાલદ્રવ્યના આધારથી થતી હોય છે. અર્થાત્ એમના પરિણમનમાં કાલદ્રવ્ય નિમિત્ત બને છે. (આને આગમમાં નિશ્ચયકાલ કહેવામાં આવ્યો છે.)

૬૩૯. વીતરાગ દેવે કહ્યું છે કે વ્યવહાર-કાળ સમય, આવલિ,* ઉચ્છ્વાસ, પ્રાણ, સ્તોકાદિ† રૂપાત્મક છે.

૬૪૦. અણુ અને સ્કંધરૂપે પુદ્ગલ દ્રવ્ય બે પ્રકારનું છે. સ્કંધ છ પ્રકારના છે અને પરમાણુ બે પ્રકારના – કારણ પરમાણુ અને કાર્ય પરમાણુ – છે.

---

* આવલિ = એક શ્વાસોચ્છ્વાસનો સંખ્યાતમો ભાગ.

† સ્તોક = કાળનું એક જાતનું પ્રમાણ.

६४१. **अइथूलथूल थूलं, थूलसुहुमं च सुहुमथूलं च ।**
सुहुमं अइसुहुमं इदि, धरादियं होदि छब्भेयं ॥१८॥
अतिस्थूलस्थूलाः स्थूलाः, स्थूलसूक्ष्माश्च सूक्ष्मस्थूलाश्च ।
सूक्ष्मा अतिसूक्ष्मा इति, धरादयो भवन्ति षड्भेदाः ॥१८॥

६४२. **पुढवी जलं च छाया, चउरिंदियविसय-कम्मपरमाणू ।**
छव्विहभेयं भणियं, पोग्गलदव्वं जिणवरेहिं ॥१९॥
पृथिवी जलं च छाया, चतुरिन्द्रियविषय-कर्मपरमाणवः ।
षड्विधभेदं भणितं, पुद्गलद्रव्यं जिनवरैः ॥१९॥

६४३. **अंतादिमज्झहीणं, अपदेसं इंदिएहिं ण हु गेज्झं ।**
जं दव्वं अविभत्तं, त परमाणुं कहंति जिणा ॥२०॥
अन्त्यादिमध्यहीनम् अप्रदेशम् इन्द्रियैर्न खलु ग्राह्यम् ।
यद् द्रव्यम् अविभक्तम् तं परमाणुं कथयन्ति जिनाः ॥२०॥

६४४. **वण्णरसगंधफासे, पूरणगलणाइ सव्वकालम्हि ।**
खंदं इव कुणमाणा, परमाणू पुग्गला तम्हा ॥२१॥
वर्णरसगन्धस्पर्शे पूरणगलनानि सर्वकाले ।
स्कन्धा इव कुर्वन्तः परमाणवः पुद्गलाः तस्मात् ॥२१॥

६४५. **पाणेहिं चदुहिं जीवदि, जीवस्सदि जो हु जीविदो पुव्वं ।**
सो जीवो, पाणा पुण बलमिंदियमाउ उस्सासो ॥२२॥
प्राणैश्चतुर्भिजीवति, जीविष्यति यः खलु जीवितः पूर्वं ।
स जीवः, प्राणाः, पुनर्बलमिन्द्रियमायु-रुच्छ्वासः ॥२२॥

६४६. **अणुगुरुदेहपमाणो, उवसंहारप्पसप्पदो चेदा ।**
असमुहदो ववहारा, णिच्छयणयदो असंखदेसो वा ॥२३॥
अणुगुरुदेहप्रमाणः, उपसंहारप्रसर्पतः चेतयिता ।
असमुद्घतः व्यवहारात्, निश्चयनयतः असंख्यदेशो वा ॥२३॥

६४७. **जह पउमरायरयणं, खित्तं खीरे पभासयदि खीरं ।**
तह देही देहत्थो, सदेहमत्तं पभासयदि ॥२४॥
यथा पद्मरागरत्नं, क्षिप्तं क्षीरे प्रभासयति क्षीरम् ।
तथा देही देहस्थः, स्वदेहमात्रं प्रभासयति ॥२४॥

૬૪૧. સ્કંધ પુદ્ગલના છ પ્રકાર આ પ્રમાણે— અતિસ્થૂળ, સ્થૂળ, સ્થૂળ-સૂક્ષ્મ, સૂક્ષ્મ-સ્થૂળ, સૂક્ષ્મ, અને અતિ-સૂક્ષ્મ. પૃથ્વી વગેરે આનાં છ દૃષ્ટાંત છે.

૬૪૨. પૃથ્વી, જળ, છાયા, નેત્ર, તથા બાકીની ચાર ઇંદ્રિયોના વિષયો, કર્મ અને પરમાણુ— આ રીતે જિનેન્દ્રદેવે સ્કંધ પુદ્ગલનાં છ દૃષ્ટાંત દીધાં છે. (પૃથ્વી અતિ સ્થૂળનું, જળ સ્થૂળનું, છાયા-પ્રકાશાદિ નેત્રેંદ્રિય વિષય સ્થૂળ-સૂક્ષ્મનું, રસ-ગંધ-સ્પર્શ-શબ્દ વગેરે શેષ ઇંદ્રિય-વિષય સૂક્ષ્મ-સ્થૂળનું, કાર્મણ સ્કંધ સૂક્ષ્મનું તથા પરમાણુ અતિ સૂક્ષ્મનું દૃષ્ટાંત છે.)

૬૪૩. જે આદિ-મધ્ય-અંત વિનાનું છે, જે કેવળ એક પ્રદેશી છે, જેના બે વગેરે પ્રદેશ નથી, જેને ઇંદ્રિયો ગ્રહણ કરી શકતી નથી એ વિભાગ વિહીન દ્રવ્ય પરમાણુ કહેવાય છે.

૬૪૪. જેમાં પુરાવાની અને ગળવાની ક્રિયાઓ થાય છે અર્થાત્ જે તૂટે છે અને જોડાય છે એ પુદ્ગળ કહેવાય છે. સ્કંધની માફક પરમાણુના પણ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ગુણોમાં હમેશાં પુરાવાની અને ગળવાની ક્રિયાઓ થતી રહે છે એટલા માટે પરમાણુ પણ પુદ્ગળ કહેવાય છે.

૬૪૫. ચાર પ્રાણો વડે વર્તમાનમાં જે જીવે છે, ભવિષ્યમાં જે જીવશે અને ભૂતકાળમાં જે જીવ્યો છે તે જીવ દ્રવ્ય છે. પ્રાણ ચાર છે— બલ, ઇંદ્રિય, આયુ અને ઉચ્છ્વાસ.

૬૪૬. વ્યવહાર નયની અપેક્ષાએ સમુદ્ઘાત અવસ્થાને છોડી, સંકોચ-વિસ્તારની શક્તિને લીધે, જીવ પોતાના નાના અથવા મોટા શરીરના બરાબર પરિમાણનો હોય છે. કિંતુ નિશ્ચયનયની અપેક્ષાએ જીવ અસંખ્યાત પ્રદેશી છે.

૬૪૭. જેવી રીતે પદ્મરાગ મણિ દૂધમાં નાખવાથી પોતાની પ્રભા વડે દૂધને ઉજ્જવળ બનાવે છે અને દૂધના વાસણની બહારના કોઈ પદાર્થને નથી બનાવતો તેવી રીતે જીવ શરીરમાં રહીને પોતાના શરીર માત્રને પ્રભાસિત કરે છે— અન્ય કોઈ પણ બાહ્ય દ્રવ્યને નહિ.

६४८. **आदा णाणपमाणं, णाणं णेयप्पमाणमुद्दिट्ठं ।**
णेयं लोयालोयं, तम्हा णाणं तु सव्वगयं ॥२५॥
आत्मा ज्ञानप्रमाणः, ज्ञानं ज्ञेयप्रमाणमुद्दिष्टम् ।
ज्ञेयं लोकालोकं, तस्माज्ज्ञानं तु सर्वगतम् ॥२५॥

६४९. **जीवा संसारत्था, णिव्वादा चेदणप्पगा दुविहा ।**
उवओगलक्खणा वि य, देहादेहप्पवीचारा ॥२६॥
जीवाः संसारस्था, निर्वाताः, चेतनात्मका द्विविधाः ।
उपयोगलक्षणा अपि च, देहादेहप्रवीचाराः ॥२६॥

६५०. **पुढविजलतेयवाऊ-वणप्फदी विविहथावरेइंदी ।**
बिगतिगचदुपंचक्खा, तसजीवा होंति संखादी ॥२७॥
पृथिवीजलतेजोवायु-वनस्पतयः विविधस्थावरैकेन्द्रियाः ।
द्विकत्रिकचतुपञ्चाक्षाः, त्रसजीवाः भवन्ति शङ्खादयः ॥२७॥

३६. सृष्टिसूत्र

६५१. **लोगो अकिट्टिमो खलु, अणाइणिहणो सहावणिव्वत्तो ।**
जीवाजीवेहिं फुडो, सव्वागासावयवो णिच्चो ॥१॥
लोकः अकृत्रिमः खलु, अनादिनिधनः स्वभावनिर्वृत्तः ।
जीवाजीवैः स्पृष्टः, सर्वाकाशावयवः नित्यः ॥१॥

६५२. **अपदसो परमाणू, पदसमेत्तो य समयसद्दो जो ।**
णिद्धो वा लुक्खो वा, दुपदेसादित्तमणुहवदि ॥२॥
अप्रदेशः परमाणुः, प्रदेशमात्रश्च स्वयमशब्दो यः ।
स्निग्धो वा रूक्षो वा, द्विप्रदेशादित्वमनुभवति ॥२॥

६५३. **दुपदेसादी खंधा, सुहुमा वा बादरा ससंठाणा ।**
पुढविजलतेउवाऊ, सगपरिणामेहिं जायंते ॥३॥
द्विप्रदेशादयः स्कन्धाः, सूक्ष्मा वा बादराः ससंस्थानाः ।
पृथिवीजलतेजोवायवः, स्वकपरिणामैर्जायन्ते ॥३॥

૬૪૮. (આ પ્રમાણે વ્યવહારનયથી જીવ શરીરવ્યાપી છે, કિન્તુ–) એ જ્ઞાન પ્રમાણ છે, જ્ઞાન જ્ઞેય પ્રમાણ છે તથા જ્ઞેય લોક-અલોક છે એટલા માટે જ્ઞાન સર્વવ્યાપી છે. આત્મા જ્ઞાન પ્રમાણ હોવાથી આત્મા પણ સર્વ વ્યાપી છે.

૬૪૯. જીવ બે પ્રકારના છે— સંસારી અને મુક્ત. બન્નેય ચેતના સ્વભાવવાળા અને ઉપયોગ લક્ષણવાળા છે. સંસારી જીવ શરીરી હોય છે અને મુક્ત જીવ અશરીરી.

૬૫૦. સંસારી જીવ પણ ત્રસ અને સ્થાવર— બે પ્રકારના છે. પૃથ્વીકાયિક, જલકાયિક, તેજકાયિક, વાયુકાયિક, અને વનસ્પતિકાયિક— આ બધા એકેન્દ્રિય સ્થાવર જીવ છે, અને શંખ, કીડી, ભમરો તથા મનુષ્ય-પશુ વગેરે ક્રમશઃ બે ઇંદ્રિય, ત્રણ ઇંદ્રિય, ચાર ઇંદ્રિય અને પાંચ ઇંદ્રિયવાળા ત્રસ જીવ છે.

૩૬. સૃષ્ટિ સૂત્ર

૬૫૧. વાસ્તવિક રીતે આ લોક અકૃત્રિમ, અનાદિનિધન, સ્વભાવથી જ નિર્મિત, જીવ અને અજીવ દ્રવ્યોથી વ્યાપ્ત અને સંપૂર્ણ આકાશનો જ એક ભાગ છે તથા નિત્ય છે.

૬૫૨. (લોકમાં વ્યાપેલા—) પુદ્ગલ-પરમાણુ એક પ્રદેશી છે— બે, ત્રણ આદિ પ્રદેશી નથી તથા એ શબ્દરૂપ નથી. છતાં એમાં ચીકણા અને લૂખા સ્પર્શનો એવો ગુણ છે કે એક પરમાણુ બીજા પરમાણુઓ સાથે જોડાવાથી બે પ્રદેશી આદિ સ્કંધનું રૂપ ધારણ કરી લે છે.

૬૫૩. બે પ્રદેશી આદિ તમામ સૂક્ષ્મ અને બાદર (સ્થૂળ) સ્કંધ પોતપોતાના પરિણમન દ્વારા પૃથ્વી, જલ, અગ્નિ, અને વાયુના રૂપમાં અનેક આકારવાળા બની જાય છે.

६५४. **ओगाढगाढणिचिदो, पुग्गलकायेहिं सव्वदो लोगो ।**
सुहुमेहि बादरेहि य, अप्पाओग्गेहिं जोग्गेहिं ॥४॥
अवगाढगाढनिचितः, पुद्गलकायैः सर्वतो लोकः ।
सूक्ष्मैर्बादरैश्चा-प्रायोग्यैर्योग्यैः ॥४॥

६५५. **कम्मत्तणपाओग्गा, खंधा जीवस्स परिणइं पप्पा ।**
गच्छंति कम्मभावं, ण हि ते जीवेण परिणमिदा ॥५॥
कर्मत्वप्रायोग्याः, स्कन्धा जीवस्य परिणतिं प्राप्य ।
गच्छन्ति कर्मभावं, न हि ते जीवेन परिणमिताः ॥५॥

६५६. **भावेण जेण जीवो, पेच्छदि जाणादि आगदं विसये ।**
रज्जदि तेणेव पुणो, बज्झदि कम्म त्ति उवदेसो ॥६॥
भावेन येन जीवः, प्रेक्षते जानात्यागतं विषये ।
रज्यति तेनैव पुन-र्बध्यते कर्मेत्युपदेशः ॥६॥

६५७. **सव्वजीवाण कम्मं तु, संगहे छद्दिसागयं ।**
सव्वेसु वि पएसेसु, सव्वं सव्वेण बद्धगं ॥७॥
सर्वजीवानां कर्म तु, संग्रहे षड्दिशागतम् ।
सर्वेष्वपि प्रदेशेषु, सर्वं सर्वेण बद्धकम् ॥७॥

६५८. **तेणावि जं कयं कम्मं, सुहं वा जइ वा दुहं ।**
कम्मुणा तेण संजुत्तो, गच्छई उ परं भवं ॥८॥
तेनापि यत् कृतं कर्म, सुखं वा यदि वा दुःखम् ।
कर्मणा तेन संयुक्तः, गच्छति तु परं भवम् ॥८॥

६५९. **ते ते कम्मत्तगदा, पोग्गलकाया पुणो वि जीवस्स ।**
संजायंते देहा, देहंतरसंकमं पप्पा ॥९॥
ते ते कर्मत्वगताः, पुद्गलकायाः पुनरपि जीवस्य ।
संजायन्ते देहाः देहान्तरसंक्रमं प्राप्य ॥९॥

૬૫૪. આ લોક બધી તરફથી સૂક્ષ્મ-બાદર પુદ્ગલ-સ્કંધોથી ખીચોખીચ ભરેલો છે. આમાંથી કોઇકિ પુદ્ગલ કર્મ રૂપે પરિણમવા યોગ્ય બને છે અને કોઇકિ એ પ્રમાણે પરિણમવા યોગ્ય નથી બનતા.

૬૫૫. કર્મરૂપે પરિણત થવા યોગ્ય પુદ્ગલ જીવના રાગાદિ (ભાવો)નું નિમિત્ત મેળવી આપોઆપ જ કર્મ ભાવને પામે છે. જીવ પોતે એને (બળપૂર્વક) કર્મના રૂપમાં પરિણત કરતો નથી.

૬૫૬. જીવ પોતાના રાગ અથવા દ્વેષરૂપી જે ભાવથી સંપૃક્ત બની ઇંદ્રિયોના વિષયોના રૂપમાં આવેલા પદાર્થોને જાણે છે— દેખે છે, તેનાથી તે ઉપરક્ત બને છે અને એ ઉપરાગને કારણે નવીન કર્મો બાંધે છે.

૬૫૭. તમામ જીવો માટે સંગ્રહ (બદ્ધ) કરવા યોગ્ય કર્મપુદ્ગળો છ દિશાઓમાં તમામ આકાશ પ્રદેશોમાં વિદ્યમાન હોય છે. એ તમામ-કર્મ-પુદ્ગલ આત્માના તમામ પ્રદેશોમાં બદ્ધ થાય છે.

૬૫૮. વ્યક્તિ સુખ-દુઃખ રૂપ અથવા શુભાશુભ રૂપ કર્મ આચરે છે, અને પોતાનાં એ કર્મોની સાથે જ પરભવમાં જાય છે.

૬૫૯. આ પ્રમાણે કર્મરૂપે પરિણત થયેલ એ પુદ્ગલોનો પિંડ એક દેહથી બીજા દેહમાં— નવીન શરીરરૂપ પરિવર્તનમાં— પ્રાપ્ત થતો રહે છે. અર્થાત્ પૂર્વે બાંધેલાં કર્મોના ફળરૂપે નવું શરીર બને છે અને નવું શરીર મેળવી નવીન કર્મો બાંધે છે. આ પ્રમાણે જીવ નિરંતર વિવિધ યોનિઓમાં પરિભ્રમણ કરતો રહે છે.

●

लोक - दर्शन



चौदह राजु उत्तुंग नभ लोक पुरुषसंठान ।
तामैं जीव अनादितैं भरमत हैं बिन ज्ञान ।।

સમણસુત્તં

(જૈનધર્મસાર)

ચતુર્થ ખંડ

સ્યાદ્વાદ

३७. अनेकान्तसूत्र

६६०. **जेण विणा लोगस्स वि, ववहारो सव्वहा न निव्वहइ ।**
तस्स भुवणेक्कगुरुणो, णमो अणेगंतवायस्स ॥१॥
येन विना लोकस्य अपि व्यवहारः सर्वथा न निर्वहति ।
तस्मै भुवनैकगुरवे नमः अनेकान्तवादाय ॥१॥

६६१. **गुणाणमासओ दव्वं, एगदव्वस्सिया गुणा ।**
लक्खणं पज्जवाणं तु, उभओ अस्सिया भवे ॥२॥
गुणानामाश्रयो द्रव्यं, एकद्रव्याश्रिता गुणाः ।
लक्षणं पर्यवाणां तु, उभयोराश्रिता भवन्ति ॥२॥

६६२. **दव्वं पज्जवविउयं, दव्वविउत्ता य पज्जवा णत्थि ।**
उप्पाय-ट्ठिइ-भंगा, हंदि दवियलक्खणं एयं ॥३॥
द्रव्यं पर्यववियुतं, द्रव्यवियुक्ताश्च पर्यवाः न सन्ति ।
उत्पादस्थितिभङ्गाः, हन्त द्रव्यलक्षणमेतत् ॥३॥

६६३. **ण भवो भंगविहीणो, भंगो वा णत्थि संभवविहीणो ।**
उप्पादो वि य भंगो, ण विणा धोव्वेण अत्थेण ॥४॥
न भवो भङ्गविहीनो, भङ्गो वा नास्ति सम्भवविहीनः ।
उत्पादोऽपि च भङ्गो, न विना ध्रौव्येणार्थेन ॥४॥

६६४. **उप्पादट्ठिदिभंगा, विज्जंते पज्जएसु पज्जाया ।**
दव्वं हि संति नियदं, तम्हा दव्वं हवदि सव्वं ॥५॥
उत्पादस्थितिभङ्गा, विद्यन्ते पर्यायेषु पर्यायाः ।
द्रव्यं हि सन्ति नियतं, तस्माद् द्रव्यं भवति सर्वम् ॥५॥

६६५. **समवेदं खलु दव्वं, संभवठिदिणाससण्णिदट्ठेहिं ।**
एक्कम्मि चेव समये, तम्हा दव्वं खु तत्तिदयं ॥६॥
समवेतं खलु द्रव्यं, सम्भवस्थितिनाशसंज्ञितार्थैः ।
एकस्मिन् चैव समये, तस्माद्द्रव्यं खलु तत् त्रितयम् ॥६॥

૩૭. અનેકાન્ત સૂત્ર

૬૬૦. જેના વિના લોકમાં વ્યવહાર બિલકુલ ચાલી શકતો નથી અને વિશ્વના જે એક જ ગુરુ સમાન છે એવા અનેકાંતવાદને હું પ્રણામ કરું છું.

૬૬૧. દ્રવ્ય ગુણોનો આશ્રય અથવા આધાર છે. જે એક દ્રવ્યને આશ્રયે રહે છે એ ગુણ કહેવાય છે. દ્રવ્ય અથવા ગુણ— બેમાંથી એકને આશ્રયે જે રહે તે પર્યાય.

૬૬૨. પર્યાય વિના દ્રવ્ય નહિ અને દ્રવ્ય વિના પર્યાય નહિ. ઉત્પાદ, સ્થિતિ (ધ્રુવતા), અને વ્યય (નાશ) દ્રવ્યનું લક્ષણ છે. અર્થાત્ જેમાં દરેક સમયે ઉત્પાદાદિ ત્રણેય ઘટી શકતાં હોય એને દ્રવ્ય કહે છે.

૬૬૩. વ્યય વિના ઉત્પાદ નહિ અને ઉત્પાદ વિના વ્યય નહિ. એ જ પ્રમાણે ત્રિકાલસ્થાયી ધ્રૌવ્ય (આધાર) વિના ઉત્પાદ અને વ્યય બન્ને નથી હોતાં.

૬૬૪. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય (ઉત્પત્તિ, વિનાશ અને સ્થિતિ)— આ ત્રણ દ્રવ્યમાં હોતાં નથી પરંતુ દ્રવ્યની નિત્ય પરિવર્તન-શીલ પર્યાયોમાં રહે છે. પરંતુ પર્યાયોનો સમૂહ એ જ દ્રવ્ય. એટલા માટે બધા દ્રવ્ય જ કહેવાય.

૬૬૫. દ્રવ્ય એક જ સમયે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય નામના અર્થોની સાથે સમવેત— એકમેક હોય છે. એટલા માટે આ ત્રણેય, વાસ્તવમાં દ્રવ્ય છે.

६६६. **पाडुब्भवदि य अन्नो, पज्जाओ पज्जाओ वयदि अन्नो ।**
दव्वस्स तं पि दव्वं, णेव पणट्ठं णेव उप्पन्नं ॥७॥
प्रादुर्भवति चान्यः, पर्यायः पर्यायो व्ययते अन्यः ।
द्रव्यस्य तदपि द्रव्यं, नैव प्रनष्टं नैव उत्पन्नम् ॥७॥

६६७. **पुरिसम्मि पुरिससद्दो, जम्माई-मरणकालपज्जन्तो ।**
तस्स उ बालाईया, पज्जवजोया बहुवियप्पा ॥८॥
पुरुषे पुरुषशब्दो, जन्मादि-मरणकालपर्यन्तः ।
तस्य तु बालादिकाः, पर्याययोग्या बहुविकल्पाः ॥८॥

६६८. **तम्हा वत्थूणं चिय, जो सरिसो पज्जवो स सामन्नं ।**
जो विसरिसो विसेसो, य मओऽणत्थंतरं तत्तो ॥९॥
तस्माद् वस्तूनामेव, यः सदृशः पर्यवः स सामान्यम् ।
यो विसदृशो विशेषः, स मतोऽनर्थान्तरं ततः ॥९॥

६६९. **सामन्न अह विसेसे, दव्वे णाणं हवेइ अविरोहो ।**
साहइ तं सम्मत्तं, णहु पुण तं तस्स विवरीयं ॥१०॥
सामान्यमथ विशेषः, द्रव्ये ज्ञानं भवत्यविरोधः ।
साधयति तत्सम्यक्त्वं, नहि पुनस्तत्तस्य विपरीतम् ॥१०॥

६७०. **पिउ-पुत्त-णत्तु-भव्वय-भाऊणं एगपुरिससंबंधो ।**
ण य सो एगस्स पिय, त्ति सेसयाणं पिया होइ ॥११॥
पितृ-पुत्र-नातृ-भव्यक-भ्रातृणाम् एक पुरुषसम्बन्धः ।
न च स एकस्य पिता इति शेषकाणां पिता भवति ॥११॥

६७१. **सवियप्प-णिवियप्पं इय, पुरिसं जो भणेज्ज अवियप्पं ।**
सवियप्पमेव वा णिच्छएण, ण स निच्छओ समए ॥१२॥
सविकल्प-निर्विकल्पम् इति पुरुषं यो भणेद् अविकल्पम् ।
सविकल्पमेव वा निश्चयेन न स निश्चितः समये ॥१२॥

६७२. **अन्नोन्नाणुगयाणं, 'इमं व तं व' त्ति विभयणमजुत्तं ।**
जह दुद्ध-पाणियाणं, जावंत विसेसपज्जाया ॥१३॥
अन्योन्यानुगतयोः 'इदं वा तद् वा' इति विभजनमयुक्तम् ।
यथा दुग्ध-पानीययोः यावन्तः विशेषपर्यायाः ॥१३॥

૬૬૬. દ્રવ્યની એક (ઉત્તરવર્તી) પર્યાય ઉત્પન્ન (પ્રકટ) થાય છે અને અન્ય (પૂર્વવર્તી) પર્યાય નષ્ટ (અદૃશ્ય) થાય છે. છતાં દ્રવ્ય નથી થતું ઉત્પન્ન અને નથી થતું નષ્ટ—દ્રવ્ય રૂપે એ હંમેશાં ધ્રુવ (નિત્ય) રહે છે.

૬૬૭. પુરુષમાં પુરુષ શબ્દનો વ્યવહાર જન્મથી માંડી મરણ સુધી થાય છે. પરંતુ વચ્ચેના ગાળામાં બાળપણ-બુઢાપો વગેરે અનેક પ્રકારની પર્યાયો ઉત્પન્ન થતી જાય છે અને નષ્ટ પણ થતી જાય છે.

૬૬૮. (એટલા માટે) વસ્તુઓની જે સદૃશ પર્યાય છે—લાંબા સમય સુધી ટકી રહેવા વાળી છે એ જ સામાન્ય કહેવાય અને એની જે વિસદૃશ પર્યાય છે તે વિશેષ કહેવાય. આ બન્ને—સામાન્ય તથા વિશેષ પર્યાયો એ વસ્તુથી અભિન્ન (થોડીક) માનવામાં આવી છે.

૬૬૯. સામાન્ય તથા વિશેષ—આ બન્ને ધર્મોથી યુક્ત દ્રવ્યમાં થનારું વિરોધ વિનાનું જ્ઞાન જ સમ્યક્ત્વનું સાધક બને છે. એનાથી વિપરીત અર્થાત્ વિરોધયુક્ત જ્ઞાન સાધક નથી થતું.

૬૭૦. એક જ પુરુષમાં પિતા, પુત્ર, પૌત્ર, ભાણેજ, ભાઈ વગેરે અનેક સંબંધ હોય છે. (એક જ સમયે એ પોતાના પિતાનો પુત્ર અને પોતાના પુત્રનો પિતા હોય છે,) એટલા માટે એકનો પિતા હોવાથી એ બધાનો પિતા નથી થતો. (આ જ સ્થિતિ બધી વસ્તુઓના સંબંધે છે).

૬૭૧. નિર્વિકલ્પ તથા સવિકલ્પ—ઉભયરૂપ પુરુષને જે કેવળ નિર્વિકલ્પ અથવા સવિકલ્પ (એક જ) કહે છે એની બુદ્ધિ, ખરેખર જ, શાસ્ત્રમાં સ્થિર નથી.

૬૭૨. દૂધ અને પાણીની માફક અનેક વિરોધી ધર્મો દ્વારા પરસ્પર એક બીજા સાથે મળી ગયેલ પદાર્થમાં "આ ધર્મ" અને "એ ધર્મ" —આમ વિભાગ કરવો ઉચિત નથી. જેટલી વિશેષ પર્યાયો હોય એટલો જ અવિભાગ સમજવો જોઇએ.

६७३. **संकेज्ज याऽसंकितभाव भिक्खू, विभज्जवायं च वियागरेज्जा ।**
भासादुगं धम्मसमुट्ठितेहिं, वियागरेज्जा समया सुपन्ने ॥१४॥
शङ्कितःचाऽशङ्कितभावो भिक्षुः विभज्यवादं च व्यागृणीवान् ।
भाषाद्विकं च सम्यक् समुत्थितैः व्यागृणीयात् समतया सुप्रज्ञः॥१४॥

३८. प्रमाणसूत्र

(अ) पञ्चविध ज्ञान

६७४. **संसयविमोह-विब्भय-विवज्जियं अप्पपरसरूवस्स ।**
गहणं सम्मं णाणं, सायारमणेयभेयं तु ॥१॥
संशयविमोह-विभ्रमविवर्जितमात्म-परस्वरूपस्य ।
ग्रहणं सम्यग्ज्ञानं, साकारमनेकभेदं तु ॥१॥

६७५. **तत्थ पंचविहं णाणं, सुयं आभिनिबोहियं ।**
ओहिनाणं तु तइयं, मणनाणं च केवलं ॥२॥
तत्र पञ्चविधं ज्ञानं, श्रुतमाभिनिबोधिकम् ।
अवधिज्ञानं तु तृतीयं, मनोज्ञानं च केवलम् ॥२॥

६७६. **पंचेव होंति णाणा, मदिसुदओहीमणं च केवलयं ।**
खयउवसमिया चउरो, केवलणाणं हवे खइयं ॥३॥
पञ्चैव भवन्ति ज्ञानानि, मतिश्रुतावधिमनश्च केवलम् ।
क्षायोपशमिकानि चत्वारि, केवलज्ञानं भवेत् क्षायिकम् ॥३॥

६७७. **ईहा अपोह वीमंसा, मग्गणा य गवेसणा ।**
सण्णा सती मती पण्णा, सव्वं आभिणिबोधियं ॥४॥
ईहा अपोहः विमर्शः मार्गणा च गवेषणा ।
संज्ञा स्मृतिः मतिः प्रज्ञा सर्वम् आभिनिबोधिकम् ॥४॥

६७८. **अत्थाओ अत्थंतर-मुवलंभे तं भणंति सुयणाणं ।**
आभिणिबोहियपुव्वं, णियमेण य सद्दयं मूलं ॥५॥
अर्थादर्थान्तर-मुपलम्भः तं भणन्ति श्रुतज्ञानम् ।
आभिनिबोधिकपूर्वं, नियमेन च शब्दजं मूलम् ॥५॥

૬૭૩. સૂત્ર અને અર્થના વિષયમાં શંકારહિત સાધુ પણ ગર્વ છોડી સ્યાદ્વાદમય વચનનો ઉપયોગ કરે. ધર્માચરણમાં પ્રવૃત્ત સાધુઓ સાથે વિચરણ કરતો થકો સત્ય ભાષા અને અનુભય (જે ન હોય સત્ય કે ન હોય અસત્ય) ભાષાનો ઉપયોગ કરે. ધનવાન અથવા નિર્ધનનો ભેદ પાડ્યા વિના સમભાવપૂર્વક ધર્મકથા કહે.

૩૮. પ્રમાણસૂત્ર

(અ) પંચવિધ જ્ઞાન

૬૭૪. સંશય, વિમોહ (વિપર્યય) અને વિભ્રમ (અનધ્યવસાય) —આ ત્રણ મિથ્યાજ્ઞાનોથી રહિત પોતાના તથા પરના સ્વરૂપને ગ્રહણ કરવું તેનું નામ સમ્યગ્જ્ઞાન કહેવાય. આ વસ્તુસ્વરૂપનો યથાર્થ નિર્ણય કરાવે છે તેથી જ એને સાકાર અર્થાત્ સવિકલ્પક (નિશ્ચયાત્મક) કહે છે. આના અનેક પ્રકાર છે.

૬૭૫. તે જ્ઞાન પાંચ પ્રકારનું છે—આભિનિબોધિક અથવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ જ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન.

૬૭૬. આ પ્રકારે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, અને કેવળના રૂપમાં જ્ઞાન કેવળ પાંચ જ છે. આમાંથી પ્રથમના ચાર જ્ઞાન ક્ષાયોપશમિક છે અને કેવળ જ્ઞાન ક્ષાયિક છે. (એક દેશ ક્ષય અને ઉપશમથી ઉત્પન્ન થવાને લીધે ચાર જ્ઞાન અપૂર્ણ છે અને સમસ્ત કર્મોના ક્ષયને કારણે પાંચમું કેવળ જ્ઞાન પરિપૂર્ણ છે.)

૬૭૭. ઈહા, અપોહ, મીમાંસા, માર્ગણા, ગવેષણા, સંજ્ઞા, શક્તિ, મતિ અને પ્રજ્ઞા —આ બધા આભિનિબોધિક અથવા મતિજ્ઞાન કહેવાય છે.

૬૭૮. (અનુમાન અથવા લિંગજ્ઞાનની માફક) અર્થને (શબ્દ) જાણી એના ઉપરથી અર્થાંતર (વાચ્યાર્થ) ને ગ્રહણ કરવો એનું નામ શ્રુતજ્ઞાન. આ જ્ઞાન નિયમપૂર્વક આભિનિબોધિક જ્ઞાનપૂર્વક થાય છે. આના બે ભેદ છે— લિંગજન્ય અને શબ્દજન્ય. (ધૂમાડો દેખી થનારું અગ્નિનું જ્ઞાન લિંગજ અને વાચક શબ્દ સાંભળી અથવા વાંચી થનારું જ્ઞાન શબ્દજ.) આગમોમાં શબ્દજ શ્રુતજ્ઞાનનું પ્રાધાન્ય છે.

६७९. **इंदियमणोनिमित्तं, जं विण्णाणं सुयाणुसारेणं ।**
नियतत्थुत्तिसमत्थं, तं भावसुयं मई सेसं ॥६॥
इन्द्रियमनोनिमित्तं, यद्विज्ञानं श्रुतानुसारेण ।
निजकार्योक्तिसमर्थं, तद् भावश्रुतं मतिः शेषम् ॥६॥

६८०. **मइपुव्वं सुयमुत्तं, न मई सुयपुव्विया विसेसोऽयं ।**
पुव्वं पूरणपालण-भावाओ जं मई तस्स ॥७॥
मतिपूर्वं श्रुतमुक्तं, न मतिः श्रुतपूर्विका विशेषोऽयम् ।
पूर्वं पूरणपालन - भावाद्यद् मतिस्तस्य ॥७॥

६८१. **अवहीयदित्ति ओही, सीमाणाणेत्ति वण्णियं समए ।**
भवगुणपच्चय-विहियं, तमोहिणाण त्ति णं बिंति ॥८॥
अवधीयत इत्यवधिः, सीमाज्ञानमिति वर्णितं समये ।
भवगुणप्रत्ययविधिकं, तदवधिज्ञानमिति ब्रुवन्ति ॥८॥

६८२. **चिंतियमचिंतियं वा अद्धं चिंतिय अणेयभेयगयं ।**
मणपज्जव त्ति णाणं, जं जाणइ तं तु णरलोए ॥९॥
चिन्तितमचिन्तितं वा, अर्द्धं चिन्तितमनेकभेदगतम् ।
मनःपर्ययः ति ज्ञानं, यज्जानाति तत्तु नरलोके ॥९॥

६८३. **केवलमेगं सुद्धं, सगलमसाहारणं अणंतं च ।**
पायं च नाणसद्दो, नामसमाणाहिगरणोऽयं ॥१०॥
केवलमेकं शुद्धं, सकलमसाधारणमनन्तं च ।
प्रायश्च ज्ञानशब्दो, नामसमानाधिकरणोऽयम् ॥१०॥

६८४. **संभिन्नं पासंतो, लोगमलोगं च सव्वओ सव्वं ।**
तं नत्थि जं न पासइ, भूयं भव्वं भविस्सं च ॥११॥
संभिन्नं पश्यन्, लोकमलोकं च सर्वतः सर्वम् ।
तन्नास्ति यत्र पश्यति, भूतं भव्यं भविष्यच्च ॥११॥

૬૭૯. ઇંદ્રિય અને મનના નિમિત્તથી શ્રુતાનુસારી થનારું જ્ઞાન શ્રુતજ્ઞાન કહેવાય છે. એ પોતાના વિષયભૂત અર્થને બીજા દ્વારા વ્યક્ત કરી શકાય એવું હોય છે. બાકીનું ઇંદ્રિય અને મનના નિમિત્તથી થનારું અશ્રુતાનુસારી અવગ્રહાદિ જ્ઞાન મતિજ્ઞાન કહેવાય છે. (આનાથી સ્વયં જાણી શકે છે પણ બીજાને સમજાવી શકાતા નથી).

૬૮૦. આગમોમાં કહેવામાં આવ્યું છે કે શ્રુતજ્ઞાન મતિજ્ઞાન પૂર્વક થાય છે. પણ મતિજ્ઞાન શ્રુતજ્ઞાન પૂર્વક નથી થતું. આ જ બન્ને વચ્ચે અંતર છે. 'પૂર્વ' શબ્દ 'પૃ' ધાતુથી બન્યો છે. એનો અર્થ પાલન અને પૂરણ એવો થાય છે. શ્રુતનું પૂરણ અને પાલન કરવાથી મતિજ્ઞાન પહેલાં થાય છે. એટલા માટે શ્રુતને મતિ પહેલાં થનારું કહ્યું છે.

૬૮૧. 'અવધીયતે ઈતિ અવધિઃ' અર્થાત્ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની મર્યાદાપૂર્વક રૂપી પદાર્થોને એકદેશ જાણવાવાળા જ્ઞાનને અવધિજ્ઞાન કહે છે. આને આગમોમાં સીમાજ્ઞાન પણ કહ્યું છે. આના બે ભેદ છે —ભવ પ્રત્યય અને ગુણ પ્રત્યય.

૬૮૨. જે જ્ઞાન મનુષ્ય લોકમાં રહેલા જીવના ચિંતિત, અચિંતિત, અર્ધચિંતિત, વગેરે અનેક પ્રકારના અર્થ દ્વારા મનને પ્રત્યક્ષ જાણે છે તે છે મનઃપર્યયજ્ઞાન.

૬૮૩. કેવલ શબ્દનો અર્થ એક, શુદ્ધ, સકળ, અસાધારણ અને અનંત વગેરે થાય છે. એટલા માટે કેવળજ્ઞાન એક છે અર્થાત્ ઇંદ્રિયાદિની સહાયતા વિનાનું છે અને એના થવાથી બીજાં બધાં જ્ઞાનો નિવૃત્ત થઈ જાય છે. એટલા માટે કેવળ-જ્ઞાન, 'એકાકી' છે. મળકલંકથી રહિત હોવાથી એ 'શુદ્ધ' છે. સંપૂર્ણ જ્ઞેયોને ગ્રહણ કરવાવાળું હોવાથી 'સકળ' છે. એના જેવું બીજું કોઈ જ્ઞાન નથી એટલા માટે અસાધારણ છે. એનો કદિ અંત નથી એટલા માટે એ 'અનંત' છે.

૬૮૪. કેવળજ્ઞાન લોક અને અલોકને સર્વતઃ પરિપૂર્ણરૂપે જાણે છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં કશું એવું નથી જેને કેવળજ્ઞાન ન જાણતું હોય.

(आ) प्रत्यक्ष-परोक्ष प्रमाण

६८५. गेहणइ वत्थुसहावं, अविरुद्धं सम्मरूवं जं णाणं ।
भणियं खु तं पमाणं, पच्चक्खपरोक्खभेएहिं ॥१२॥
रागे दोसे य दो पावे	१३०
रागो य दोसो वि य	७१
रुंधियछिद्दसहस्से	६०६
रूसइ णिदइ अन्ने	५४१

ल

लद्धं अलद्धपुव्वं	७४९
लद्धूणं णिहि एक्को	२६१
लवण व्व सलिलजोए	४८६
लाउअ एरंडफले	६२२
लाभालाभे सुहे दुक्खे	३४७
लेस्सासोधी अज्झवसाण	५४५
लोइयसत्थम्मि वि	३०५
लोगो अकिट्टिमो खलु	६५१
लोयाणं ववहारं	७२३

व

वज्जणमणंतगुंबरि	३२५
वज्जिज्जा तेनाहृड	३१३
वण्णरसगंधफासा	१८३
वण्णरसगंधफासे	६४४
वत्तावत्तपमाए	५५४
वदसमिदीगुत्तीओ	१९५
वद-समिदि-सील-संजम-	४५७
वयणमयं पडिकमणं	४२२
वयणोच्चारणकिरियं	४२६
वयभंगकारणं होइ	३२०
वयसमिदिकसायाणं	१०१
वरं मे अप्पा दंतो	१२८
वरं वयतवेहि सग्गो	२०३
ववहारणयचरिते	२६२
ववहारेणुवदिस्सइ	३६
ववहारोऽभूयत्थो	३९
वसे गुरुकुले निच्चं	१७५
वाहिजरमरणमयरो	५१३
विज्जदि केवलणाणं	६२०
विणओ मोक्खद्दारं	४७०
विणओ सासणे मूलं	४६९
विणयाहिया विज्जा	४७१
वित्तं पसवो य णाइओ	५०९
विरई अणत्थदंडे	३२१
विरदो सव्वसावज्जे	४२७
विरया परिग्गहाओ	३१५
विवत्ती अविणीयस्स	१७०
विवित्तसेज्जाऽऽसण	२९४
विसयकसायविणिग्गहं	१०२
विस्ससणिज्जो माया व	९५
वेसोवि अप्पमाणो	३५६

स

संकेज्ज याऽसंकितभाव	६७३
संगं परिजाणामि	५१०
संगनिमित्तं मारई	१४०
संघो गुणसंघाओ	२५
संजोअसिद्धीइ फलं वयंति	२१३
संजोगमूला जीवेणं	५१७

	गाथांक		गाथांक
संतिमे सुहुमा पाणा	३८३	सम्मत्तरयणभट्ठा	२४९
संथारसेज्जासणभत्तपाणे	३८१	सम्मत्तरयणसारं	२१९
सन्निहिं च न कुव्वेज्जा	३८०	सम्मत्तविरहिया णं	२२२
संपत्तदंसणाई	३०१	सम्मत्तस्स य लंभो	२२५
संपत्ति तस्सेव जदा	३९०	सम्मद्दंसणणाणं	२१४
संभिन्नं पासंतो	६८४	सम्मद्दंसणरत्ता	५८१
संरंभसमारम्भे···कायं	४१४	सम्मद्दिट्ठी जीवा	२३२
संरंभसमारम्भे···मणं	४१२	सयं सयं पसंसंता	७३४
संरंभसमारम्भे···वयं	४१३	सयणासणठाणे वा	४८०
संलेहणा य दुविहा	५७४	सरीरमाहु नाव त्ति	५६७
संवेगजणिदकरणा	३०७	सव्वणं सपइ स तेणं	७०८
संसयविमोहविब्भम	६७४	सवियप्प णिवियप्पं इय	६७१
संकदकफल जलं वा	५६०	सव्वंगं पेच्छंतो	११२
सक्किरिया विरहातो	२६५	सव्वं पि अणेयंतं	७२२
सच्चम्मि वसदि तवो सच्चम्मि	९६	सव्वगंथविमुक्को	१४५
सज्झायं जाणंतो	४७७	सव्वजीवाण कम्मं तु	६५७
सज्झायझाणजुत्ता	३४५	सव्वतो पमत्तस्स भयं	१६६
सत्तू वि मित्तभावं	३०८	सव्वत्थ वि पिय वयणं	५९१
सत्तेव हुंति भंगा	७१६	सव्वभूयप्पभूयस्स	६०७
सद्दहदि य पत्तेदि य	१९७	सव्वे जीवा वि इच्छंति	१४८
सद्दारूढो अत्थो	७११	सव्वे समयंति सम्मं	७३०
सद्धं नगरं किच्चा	२८६	सव्वे सरा नियट्टंति	६१६
सन्ति एगेहिं भिक्खूहिं	२९८	सव्वेसि गंथाणं	३७५
समणो त्ति संजदो त्ति य	३३६	सव्वेसिमासमाणं	३६८
समदा तह मज्झत्थं	२७५	ससमयपरसमयविऊ	२३
समभावो सामइयं	४२५	ससरीरा अरहंता	१८०
समयाए समणो होइ	३४१	सहसा अब्भक्खाणं	३१२
समयावलिउस्सासा	६३९	सामन्न अह विसेसे	६६९
समवेदं खलु दव्वं	६६५	सामाइयं चउवीसत्थओ	४२४
समसंतोसजलेणं	१००	सामाइयं ति काउं	३२८
समिक्ख पंडिए तम्हा	५८९	सामाइयम्मि उ कए	३२७
सम्मत्तरयणपव्वय	५५०	सायार इयर ठवगा	७४०

	गाथांक		गाथांक
सावगंजगमहुयर	३१	से जाणमजाणं वा	१३८
सावज्जजोगंपरिरक्खणट्ठा	३२६	सेज्जोगासणिसेज्जो	४७३
साहूण कप्पणिज्जं	३३३	सेणावइम्मि णिहए	६१३
सीतंति सुवंताणं	१६१	से भूइपण्णे अणिए	७५२
सीसं जहा सरीरस्स	४८४	सेलेसिं संपत्तो	५६४
सीहगयवसहमियपसु	३३७	सेवंतो वि ण सेवइ	२२९
सुइं च लद्धुं सद्धं च	५२८	से सव्वदंसी अभिभूय णाणी	७५१
सुट्ठुवि मग्गिज्जंतो	४७	सोच्चा जाणइ कल्लाणं	२४५
सुत्तेसु यावी पडिबुद्धजीवी	१६३	सो तम्मि चेव समये	५६५
सुद्धं तु वियाणंतो	२५६	सो तवो दुविहो वुत्तो	४४०
सुद्धस्स य सामण्णं	२७७	सो नत्थि इहोगासो	५१२
सुद्धो सुद्धादेसो	४१	सो नाम अणसणतवो	४४४
सुबहुं पि सुयमहीयं	२६६	सोवण्णियं पि णियलं	२०१
सुयनाणम्मि वि जीवो	२६४		
सुवण्णरुप्पस्स उ पव्वया	९८	ह	
सुविदिदपयत्थसुत्तो	२७६	हत्थीसु एरावणमाहु	७५३
सुविदियजगस्सभावो	४९३	हयं नाणं कियाहीणं	२१२
सुव्विहिं च पुप्फयंतं	१४	हा ! जह मोहियमइणा	६७
सुहं वसामो जीवामो	१०७	हिंसादो अविरमणं	१५५
सुहदुक्खजाणणा वा	५९३	हियाहारा मियाहारा	२९२
सुहपरिणामो पुण्णं	१९८	होंति अणियट्टिणो ते	५५८
सुहेण भाविदं णाणं	४५३	होंति कम्मविसुद्धाओ	५३१
सूई जहा ससुत्ता	२४८	होंति परोक्खाइं मइ	६८८
से असइं उच्चागोए	९०	होऊण य णिस्संगो	१०५

પારિભાષિક શબ્દકોશ

(કૌંસમાંના આંકડા ગાથાઓનો ક્રમાંક સૂચવે છે. જે આંકડા સાથે 'સૂત્ર' લખ્યું છે તે આંકડા પ્રકરણનો ક્રમાંક સૂચવે છે.)

અંગ–સમ્યગ્દર્શનના આઠ ગુણ (સૂત્ર૧૮)

અગાર–વેશ્મ અથવા ઘર (૨૯૮)

અજ્ઞાન–મોહયુક્ત મિથ્યાજ્ઞાન (૨૮૯)

અજ્ઞાની–મિથ્યાદૃષ્ટિ (૧૯૫)

અજીવ–સુખદુઃખ તથા હિતાહિતના જ્ઞાનથી (૫૯૩) અને ચેતનાથી રહિત પુદ્‌ગલ આદિ પાંચ દ્રવ્ય (૬૨૫)

અણુવ્રત–શ્રાવકોનાં પાંચ વ્રત(સૂત્ર૩૦૦)

અતિથિસંવિભાગ–વ્રત–સાધુને ચાર પ્રકારનું દાન દેવું (૩૩૦–૩૩૧)

અતીન્દ્રિયસુખ–આત્મજાત નિરાકુલ આનંદાનુભૂતિ (૬૧૪–૬૧૫)

અદત્તાદાનવ્રત–અચૌર્ય–વ્રત (૩૧૩)

અધર્મદ્રવ્ય–જીવ તથા પુદ્‌ગળની સ્થિતિમાં પૃથિવીની માફક સહાયક, લોકાકાશ-પ્રમાણ એક અમૂર્ત દ્રવ્ય (૬૨૫,૬૨૯, ૬૩૪)

અધ્યવસાન–પદાર્થ-નિશ્ચય (૫૪૫)

અધ્યવસાય–કર્મ-બંધનું કારણ, જીવની રાગ-બુદ્ધિ (૧૫૪,૩૯૨)

અધ્યાત્મ–શુદ્ધાત્મામાં વિશુદ્ધતાનું આધારભૂત અનુષ્ઠાન (૧૩૭)

અનગાર–ગૃહત્યાગી સાધુ (૩૩૬)

અનભિગૃહીત મિથ્યાત્વ– બીજાના ઉપદેશ વગેરેથી નિરપેક્ષ જન્મ-જાત તાત્ત્વિક અશ્રદ્ધાન (૫૪૯)

અનર્થદંડવ્રત–પ્રયોજન વિનાનાં કાર્યોનો ત્યાગ (૩૨૧-૩૨૨)

અનશન–કર્મની નિર્જરા માટે યથાશક્તિ એક-બે દિન વગેરેનું આહાર-ત્યાગ-રૂપ તપ (૪૪૨,૪૪૭)

અનિત્ય-અનુપ્રેક્ષા–વૈરાગ્ય-વૃદ્ધિ માટે જગતની ક્ષણભંગુરતાનો વારંવાર વિચાર (૫૦૭-૫૦૮)

અનિવૃત્તિકરણ–સાધકની નવમી ભૂમિ, જેમાં સમાન સમયવર્તી સાધકોનાં બધાં પરિણામ સમાન થઈ જાય છે અને પ્રતિસમય ઉત્તરોત્તર અનંતગણી વિશુદ્ધતા પ્રાપ્ત થતી જાય છે (૫૫૮)

અનુપ્રેક્ષા–વૈરાગ્ય-વૃદ્ધ માટે વારંવાર ચિંતવન કરવામાં આવતી ૧૨ ભાવનાઓ (સૂત્ર ૩૦)

અનેકાન્ત–વસ્તુની સ્વતંત્ર સત્તાનું અથવા વસ્તુની અનંત ધર્માત્મકતાનું નિદર્શક-તત્ત્વ; નિત્યત્વ-અનિત્યત્વ વગેરે પરસ્પર વિરોધી અનેક ધર્મ-યુગલોથી યુકત વસ્તુના અવિભાજ્ય એકરસાત્મક જાત્યંતર સ્વરૂપ (૬૬૯-૬૭૨)

અંતરાત્મા–દેહાદિથી ભિન્ન આત્મસ્વરૂપને સમજનાર સમ્યગ્દૃષ્ટિ (૧૭૯)

અંતરાય-કર્મ–દાન, લાભાદિમાં બાધક કર્મ (૬૬)

અન્યત્વ-અનુપ્રેક્ષા– પોતાના સ્વરૂપને દેહાદિથી ભિન્ન દેખવાની ભાવના (૫૧૮ -૫૨૦)

અપધ્યાન–રાગ-દ્વેષવશ બીજાઓનું અનિષ્ટ ચિંતન (૩૨૧)

અપરભાવ–વસ્તુનો શુદ્ધ સ્વભાવ અથવા તત્ત્વ (૫૯૦)

અપરમભાવ–અપરભાવવત્ (૫૯૦)

અપવાદ –ઓછી શક્તિને લીધે વીતરાગ માર્ગીઓને પણ આહારાદિ ગ્રહણની આજ્ઞા (૪૪)

અપૂર્વકરણ– સાધકની આઠમી ભૂમિ જેમાં પ્રવેશ કર્યા પછી જીવોનાં પરિણામ પ્રતિ સમય અપૂર્વ-અપૂર્વ થતાં જાય છે (૫૫૬-૫૫૭)

અપ્રદેશ–જેનો બીજો કોઈ પ્રદેશ નથી હોતો એવા એકદેશી પરમાણુ (૬૫૨)

અપ્રમત્ત–રાગ-દ્વેષરહિત, આત્મા તરફ સદા જાગૃત (૧૬૬-૧૬૯)

અપ્રમત્તસંયત–સાધકની સાતમી ભૂમિ, જ્યાં કોઈ પણ પ્રકારનો પ્રમાદ વ્યક્ત નથી થતો. (૫૫૫)

અપ્રમાદ–રાગ-દ્વેષ વિનાની આત્મજાગૃતિ (સૂત્ર ૧૩)

અભયદાન–મરણ વગેરેના ભયથી ગ્રસ્ત જીવોની રક્ષા કરવી (૩૩૫)

અભિગૃહીત મિથ્યાત્વ–બીજાના ઉપદેશ વગેરેથી અસત્ય ધર્મ તથા તત્ત્વો તરફ ઊપજેલી શ્રદ્ધા અને સત્ય તરફ અશ્રદ્ધા (૫૪૯)

અભ્યંતર ગ્રન્થ–મિથ્યાદર્શન તથા કષાય વગેરે ૧૪ ભાવ (૧૪૩)

અભ્યન્તર તપ–પ્રાયશ્ચિત્ત, વિનયાદિ રૂપે છ પ્રકારનું આંતરિક તપ (૪૫૬)

અભ્યંતર સંલેખના–કષાયોનું પાતળાપણું (૫૭૪)

અમૂઢદૃષ્ટિ–તત્ત્વો તરફ અભ્રાંતદૃષ્ટિ (૨૩૭)

અમૂર્ત–ઈંદ્રિય જોઈ ન શકે તેવાં જીવ વગેરે પાંચ દ્રવ્ય (૫૯૫;૬૨૬)

અયોગી-કેવલી–સાધકની ચૌદમી અથવા અંતિમ ભૂમિ જેમાં મન, વચન અને કાયાની સમસ્ત ચેષ્ટાઓ શાંત થઈ જઈ શૈલેશી સ્થિતિ પ્રાપ્ત થઈ છે એવા જીવ (૫૬૪)

અરહંત યા અર્હન્ત–પ્રથમ પરમેષ્ઠી (૧),જીવન્મુકત સર્વજ્ઞ (૭), જે ફરીને દેહ ધારણ કરતો નથી તે (૧૮૦)

અરૂપી–જુઓ૦ **અમૂર્ત** (૫૯૨)

અર્થ–જ્ઞાનનો વિષય બની શકે તે દ્રવ્ય, ગુણ અને પર્યાય (૩૨)

અલોક–'લોક'ની બહાર સ્થિત કેવળ અસીમ આકાશ (૬૩૬)

અવધિજ્ઞાન–મર્યાદિત દેશ-કાળની અપેક્ષાએ અંતરિત અમુક દ્રવ્યોને તથા એના સૂક્ષ્મ ભાવો સુધીની એક સીમા સુધી પ્રત્યક્ષ કરાવનારું જ્ઞાન (૬૮૧,૬૮૯)

અવમૌદર્ય–આહારની માત્રામાં ક્રમેક્રમે કમી કરતાં જતાં એક ચાવલ સુધી પહોંચવું તે (૪૪૮)

અવિરત સમ્યગ્દૃષ્ટિ–સાધકની ચોથી ભૂમિ જેમાં સમ્યગ્દર્શન થઈ ગયું હોય તો પણ ભોગો અથવા હિંસા વગેરે પાપો તરફ વિરતિ ભાવ જાગૃત ન થયો હોય તે (૫૫૨)

અવિરતિ–હિંસા વગેરે પાંચ પાપ કર્મોમાં વિરકિતનો અભાવ (૬૦૮)

અશરણ-અનુપ્રેક્ષા–વૈરાગ્ય-વૃદ્ધિ માટે ધન-કુટુંબાદિની અશરણતાનું મનન તથા ધર્મના શરણે જવાની ભાવના (૫૦૯-૫૧૦)

અશુચિ-અનુપ્રેક્ષા–વૈરાગ્ય–વૃદ્ધિ માટે દેહની અશુચિ ઉપર સતત મનન (૫૨૧)

અશુભ-ભાવ–તીવ્ર કષાય (૫૯૮)

અશુભ-લેશ્યા–કૃષ્ણાદિ તીવ્ર કષાયયુક્ત ક્રૂર વૃત્તિઓ (૫૩૪)

અષ્ટ–૧ કર્મ, ૨ સિદ્ધોના ગુણો, ૩ પ્રવચન માતાઓ, ૪ મદ– આ બધાં આઠ-આઠ છે.

અસંખ્યપ્રદેશ–આકાશ અનંત છે જેનો મધ્ય લોકભાગ કેવળ અસંખ્યાત-પ્રદેશ પ્રમાણ છે. ધર્મ તથા અધર્મ દ્રવ્ય પણ આટલાં જ પરિમાણવાળાં છે. જીવ દ્રવ્ય પણ પરમાર્થતઃ આટલો જ મોટો છે, પરંતુ દેહમાં સંકુચિત હોવાને લીધે આ પરિમાણ અવ્યક્ત છે. એની કેવલ-સમુદ્‌ઘાત અવસ્થા જ એવી છે કે એક ક્ષણને માટે એ ફેલાઈને લોકપ્રમાણ જેટલી બની જાય છે. (૬૪૬)

અસ્તિકાય–જીવ આદિ છ દ્રવ્યો અસ્તિત્વયુક્ત છે પરંતુ પ્રદેશ પ્રચયયુક્ત હોવાથી કાયવાન કેવળ પાંચ છે. પરમાણુવત્ સમયમાત્ર એકપ્રદેશી હોવાને લીધે કાલદ્રવ્ય કાયવાન્ નથી (૬૨૯, ૬૩૧)

અસ્તેય–દીધા વિના કોઈ વસ્તુ ગ્રહણ ન કરવાનો ભાવ અથવા વ્રત (૩૧૩, ૩૭૦-૩૭૧)

અહંકાર–શરીરમાં " હું " પણાનો ભાવ (૩૪૬)

અહિંસા–પ્રાણી-વધ ન કરવો એ વ્યવહાર અહિંસા છે (૧૪૮) અને રાગ-દ્વેષ ન હોવો તે (૧૫૧) અથવા યતનાચારમાં અપ્રમાદ એ નિશ્ચય અહિંસા છે (૧૫૭)

આકાશ–બધાં દ્રવ્યોને અવકાશ દેવા વાળું સર્વગત અમૂર્ત દ્રવ્ય જે લોક અને અલોક એમ બે ભાગોમાં વિભક્ત છે (૬૨૫-૬૨૯,૬૩૫)

આકિંચન્ય–નિઃસંગતા અથવા અકિંચન વૃત્તિ અથવા નિતાંત અપરિગ્રહવૃત્તિ. દશ ધર્મોમાં નવમો (૧૦૫-૧૧૦)

આગમ–પૂર્વાપર-વિરોધ-રહિત જૈન ગ્રન્થ; વીતરાગ વાણી (૨૦)

આગમ-નિક્ષેપ–વિચારણીય પદાર્થ-વિષયક શાસ્ત્રનો જ્ઞાતા પુરુષ પણ એ નામે જ કોઈ વખત જાણવામાં આવે છે. દા૦ ત૦ મશીનરીનો જાણકાર મિકેનિક (૭૪૧-૭૪૪)

આચાર્ય–સ્વમત તથા પરમતનો જ્ઞાતા સંઘનાયક સાધુ (૯-૧૭૬)

આત્મા–વ્યક્તિનું નિજત્વ અથવા એનું જ્ઞાન-દર્શન-પ્રધાન ચેતન તથા અમૂર્ત્ત અંતસ્તત્ત્વ (૧૮૫) (સૂત્ર ૧૫)

આદાન-નિક્ષેપણ-સમિતિ– વસ્તુઓને લેવા – મૂકવામાં વિવેક – યતનાચાર (૪૧૦)

આધાકર્મ–ચક્કી-ચૂલો વગેરેના અધિક આરંભ દ્વારા કરવામાં આવતું હિંસાયુક્ત ભોજન (૪૦૯)

આભિનિબોધિક-જ્ઞાન– ઇંદ્રિયાભિમુખ વિષયોનું ગ્રહણ. મતિજ્ઞાનનું બીજું નામ (૬૭૭)

આયુકર્મ–આત્માને શરીરમાં રોકી રાખવાવાળું કર્મ (૬૬)

આરમ્ભ–પ્રાણીઓને દુ:ખ પહોંચાડે એવી હિંસક પ્રવૃત્તિ (૪૧૨, ૪૧૪)

આર્જવ–નિષ્કપટતા તથા સરળતા (૯૧)

આર્ત્તધ્યાન– ઇષ્ટવિયોગ, અનિષ્ટ-સંયોગ તથા વેદના વગેરેના કારણે ઉત્પન્ન થનારું દુ:ખ અથવા ખેદ-યુક્ત મનની સ્થિતિ (૩૨૮)

આલોચના–સરળ ભાવ પૂર્વક પોતાના દોષોનું આત્મનિંદા કરતાં કરેલું પ્રકટીકરણ (૪૬૧-૪૬૫)

આવશ્યક–સાધુ દ્વારા નિત્ય કરણીય પ્રતિક્રમણાદિ છ કર્તવ્ય (૬૧૮, ૬૨૦, ૬૨૪)

આસન–ધ્યાન તથા તપ વગેરે માટે સાધુએ પાળવાની કે કરવાની બેસવા, ઊભા રહેવાની વિધિ: પલ્યંકાસન (૪૮૯), વીરાસન (૪૫૨) આદિ ભેદને લઈ ઘણા પ્રકારના.

આસ્રવ–મન, વચન અને કાયાની પ્રવૃત્તિ દ્વારા શુભાશુભ કર્મોનું આવવું (૬૦૧-૬૦૪)

આસ્રવ-અનુપ્રેક્ષા–વૈરાગ્ય વધારવા મોહજન્ય ભાવોની તથા મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓની હેયતાનું ચિંતવન (૫૨૨)

આસ્રવદ્વાર–કર્માગમનનું મૂલ કારણ– મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ (૬૦૫)

ઇન્દ્રિય–જ્ઞાનના પાંચ કરણ–સ્પર્શન, રસના, ઘ્રાણ, નેત્ર તથા શ્રોત્ર (૪૭)

ઇહલોક–મનુષ્ય લોક કે તીરછા લોક (૧૨૭)

ઈર્યા-સમિતિ-ગમનાગમનવિષયક યતના-ચાર (૩૯૬)

ઉચ્ચાર-સમિતિ—જુઓ૦ પ્રતિષ્ઠાપના સમિતિ

ઉત્તમાર્થકાલ–સંલેખનાયુક્ત મરણકાળ (૫૭૮)

ઉત્પાદ–દ્રવ્યની નિત્ય નવીન પર્યાયોની ઉત્પત્તિ (૬૬૬-૬૬૭)

ઉત્પાદન-દોષ–ગૃહસ્થોને એમની ઇચ્છા પ્રમાણે વિદ્યા, સિદ્ધિ અથવા ચિકિત્સા વગેરેના ઉપાય બતાવવાથી પ્રાપ્ત થઈ શકે એવી સદોષ ભિક્ષા (૪૦૫)

ઉત્સર્ગ–જ્ઞાનાદિ કાર્યની સફળતાનો સર્વથા નિર્દોષ અતિ કર્કશ માર્ગ જેમાં સાધુ કોઈ પણ પ્રકારનો પરિગ્રહ ગ્રહણ નથી કરતો (૪૪)

ઉદ્ગમ-દોષ–પોતાના નિમિત્તે તૈયાર કરવામાં આવેલા ભોજન અથવા ભિક્ષાનું ગ્રહણ કરવું સદોષ (૪૦૫)

ઉંદુંબર–ઊમર, વડ, પીપળો, ગૂલર, પાકર-પાંચ અગ્રાહ્ય ફળ જેમાં નાના નાના જીવો વધારે પ્રમાણમાં હોય છે (૩૦૨)

ઉપગૂહન–સમ્યગ્દર્શનનું એક અંગ; પોતાના ગુણો અને બીજાના દોષો પ્રકટ ન કરવા (૨૩૯)

ઉપધિ–શક્તિની ઓછપને કારણે આહારાદિ કાંઈક નિર્દોષ તથા શાસ્ત્રસંમત પદાર્થ નિર્ગ્રન્થ સાધુ ગ્રહણ કરે તે (૩૭૭-૩૭૮)

ઉપભોગ–ફરી ફરીને ભોગવવા લાયક વસ્ત્રાલંકારાદિ પદાર્થ અથવા વિષય (૩૨૩)

ઉપયોગ–આત્માનું ચૈતન્યાનુવિધાયી જ્ઞાન-દર્શન યુક્ત પરિણામ (૬૪૯)

ઉપબૃંહણ–ધાર્મિક ભાવનાથી આત્મિક શક્તિઓની અભિવૃદ્ધિ (૨૩૮)

ઉપશમ–ક્ષમાભાવ (૧૩૬)

ઉપશમક–કષાયોનું ઉપશમન કરનારો સાધક (૫૫૫)

ઉપશમન–ધ્યાન, ચિંતન વગેરે દ્વારા કષાયોને પ્રશાંત કરવા (૫૫૭)

ઉપશાન્ત-કષાય–સાધકની અગિયારમી ભૂમિ જેમાં કષાયોનું પૂર્ણ ઉપશમન થઈ જવાને લીધે એ થોડાક સમય માટે ખૂબ શાંત બની જાય છે (૫૬૦)

ઉપશાન્ત-મોહ–ઉપશાંત-કષાય ગુણ-સ્થાનનું બીજું નામ.

ઉપાધ્યાય–ચોથા પરમેષ્ઠી (૧); આગમ-જ્ઞાતા સાધુ (૧૦)

ઊનોદરી–જુઓ૦ અવમૌદર્ય

ઋજુસૂત્ર-નય–ભૂત અને ભવિષ્યથી નિરપેક્ષ કેવલ વર્તમાન પર્યાયને પૂર્ણ દ્રવ્ય તરીકે સ્વીકારનારી ક્ષણ-ભંગવાદી દૃષ્ટિ (૭૦૬–૭૦૭)

ઋષિ–ઋદ્ધિ-સિદ્ધિ સંપન્ન સાધુ (૩૩૬)

એકત્વ - અનુપ્રેક્ષા–વૈરાગ્યમાં પ્રગતિ કરવા માટે પોતાનાં કર્મોનાં ફળને ભોગવવામાં સર્વ જીવોની અસહાયતાનું ચિંતવન (૫૧૫)

એકેન્દ્રિય–કેવળ સ્પર્શેન્દ્રિયધારી પૃથિવી, જલ, વાયુ, અગ્નિ અને વનસ્પત્યાદિ જીવ (૬૫૦)

એવંભૂત - નય–જે શબ્દનો ક્રિયાવાળો વ્યુત્પત્તિ-લભ્ય અર્થ થાય છે તે દ્વારા એ ક્રિયારૂપ પરિણત પદાર્થને જ સમજવો. જેવી રીતે ગમનાર્થક 'ગો' શબ્દ દ્વારા ચાલતી ગાયને જ સમજવી, નહીં કે બેઠેલી. (૭૧૨–૭૧૩)

એષણા - સમિતિ–ભિક્ષાચર્યાને લગતો વિવેક–યતનાચાર (૪૦૪-૪૦૯)

કરણ–પ્રવૃત્તિના સાધન રૂપ વચન અને કાયા (૬૦૧) અથવા ઈન્દ્રિયો.

કર્મ–મન, વચન અને કાયાની શુભ અથવા અશુભ પ્રવૃત્તિ અથવા વ્યાપાર (૬૦૧). એ નિમિત્તે બંધને પામનાર કર્મજાતીય સૂક્ષ્મ પુદ્ગલ-સ્કંધરૂપ દ્રવ્ય કર્મ જે જ્ઞાનાવરણાદિ આઠ ભેદ રૂપ છે. કર્મના ફળોદયને અનુસારે થનારા રાગાદિ પરિણામ ભાવ-કર્મ છે (સૂત્ર ૬)

કષાય–ક્રોધ, માન, માયા અને લોભરૂપી આત્મઘાતક વિકાર (૧૩૫–૧૩૬)

કાપોત - લેશ્યા–ત્રણ અશુભ લેશ્યાઓમાંથી ત્રીજી અથવા જઘન્ય (૫૩૪, ૫૪૧)

કામભોગ–ઇંદ્રિયો દ્વારા ભોગ્ય વિષય (૪૯)

કાય–અનેક પ્રદેશોના પ્રચય અથવા સમૂહ જેથી યુકત થયેલું દ્રવ્ય કાયવાન્ બને છે (૬૫૯). જીવના પૃથિવ્યાદિ પાંચ સ્થાવર તથા એક ત્રાસ–એ પ્રમાણે છ જાતિના શરીરને કાય કહે છે (૬૫૦)

કાયક્લેશ–ગરમીની ઋતુમાં પર્વતના શિખર પર ઉત્કટ આસન લગાવીને આતાપન યોગ ધારણ કરવો અને આ પ્રકારે શરદ્ઋતુમાં શીતયોગ અને વર્ષાઋતુમાં વર્ષાયોગ ધારણ કરવો; એક તપ (૪૫૨)

કાયગુપ્તિ–કાયાની પ્રવૃત્તિનું ગોપન, સંકોચન (૪૧૪)

કાયોત્સર્ગ–અમુક સમય સુધી શરીરને લાકડા જેવું ગણીને ધીરજપૂર્વક ઉપસર્ગ સહન કરવાના રૂપમાં કરવામાં આવતું આભ્યંતર તપ (૪૩૪-૪૩૫, ૪૮૦)

કાલ–એક સમય પ્રમાણ એક પ્રદેશી અમૂર્ત્ત તથા નિષ્ક્રિય દ્રવ્ય જે તમામ દ્રવ્યોના પરિણમનના સામાન્ય હેતુ છે. (૬૨૫, ૬૨૯, ૬૩૭-૬૩૯)

કુલ–જીવોની ૧૯૯ ૧/૨ લાખ કરોડ જાતિઓ (૩૬૭)

કૂટશાલ્મલી–નરકોનું અતિ પીડાદાયક કાંટાવાળું વૃક્ષ (૧૨૨)

કૃષ્ણ-લેશ્યા–ત્રણ અશુભ લેશ્યાઓમાંથી પ્રથમ અથવા તીવ્રતમ (૫૩૪,૫૩૯)

કેવલજ્ઞાન–ઈન્દ્રિય વગેરેથી નિરપેક્ષ તથા સર્વગ્રાહી આત્મજ્ઞાન (૬૮૪, ૬૮૯)

કેવલદર્શન–કેવલજ્ઞાનવત્ સર્વગ્રાહી દર્શન (૬૨૦)

કેવલલબ્ધિ–કેવળજ્ઞાનની માફક અર્હંતો તથા સિદ્ધોની નવ લબ્ધિઓ: અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસમ્યક્ત્વ, અનંતચારિત્ર અથવા સુખ; તથા અનંતદાન, લાભ, ભોગ, ઉપભોગ, તથા વીર્ય (૫૬૨)

કેવલવીર્ય–કેવલજ્ઞાનવત્ જાણવા-જોવાની અનંત શકિત (૬૨૦)

કેવલસુખ–કેવલજ્ઞાનવત્ ઈન્દ્રિયાદિથી નિરપેક્ષ અનંતસુખ અથવા નિરાકુલ આનંદ (૬૨૦)

કેવલી–કેવળજ્ઞાન-દર્શન આદિ શકિતઓથી સંપન્ન અર્હંત પરમેષ્ઠી (૫૬૨-૫૬૩)

ક્ષપક–કષાયોનો ક્ષય કરનાર સાધક (૫૫૫)

ક્ષપણ–ધ્યાન વગેરે દ્વારા કષાયોનો સમૂળો નાશ કરવો જેથી એ ફરીથી ઉત્પન્ન ન થવા પામે (૫૫૭)

ક્ષમા–દસ ધર્મોમાંથી એક (૮૫, ૧૩૫)

ક્ષીણકષાય–સાધકની બારમી ભૂમિ જેમાં કષાયોનો સપૂર્ણો નાશ થઈ જાય છે (૫૬૧)

ક્ષીણમોહ–ક્ષીણકષાય ગુણસ્થાનનું બીજું નામ

ખેચર–વિદ્યાના બળ વડે આકાશમાં વિચરણ કરવામાં સમર્થ એવા મનુષ્યોની એક જાતિ-વિશેષ, વિદ્યાધર (૨૦૪)

ખરકર્મ–કોયલા બનાવવા, પશુઓ પાસે ભાર વહન કરાવવો વગેરે વગેરે એવા વ્યાપાર જે પ્રાણીઓને પીડા પહોંચાડયા વિના થઈ શકતા જ નથી (૩૨૫)

ગચ્છ–ત્રણથી અધિક પુરુષો અથવા સાધુ-ઓનો સમૂહ (૨૬)

ગણ–ત્રણ પુરુષો અથવા સાધુઓનો સમૂહ અથવા સ્થવિર સાધુઓની પરંપરા (૨૬)

ગણધર–તીર્થંકરના સાધુસમુદાયના નાયક જે અર્હંતોપદિષ્ટ જ્ઞાનને શબ્દબદ્ધ કરે છે (૧૯)

ગતિ–એક ભવથી બીજે ભવ જવું તે. આવી ગતિ ચાર છે— નારક, તિર્યંચ, મનુષ્ય, તથા દેવ (૫૨)

ગર્હણ–રાગાદિનો ત્યાગ કરી કરેલા દોષોને ગુરુની સમક્ષ પ્રકટ કરવા (૪૩૦)

ગુણ–દ્રવ્યના સંપૂર્ણ પ્રદેશોમાં તથા એની સમસ્ત પર્યાયોમાં વ્યાપી રહેલો ધર્મ દા. ત. મનુષ્યમાં જ્ઞાન અને કેરીમાં રસ (૬૬૧)

ગુણવ્રત–શ્રાવકના પાંચ અણુવ્રતોમાં વૃદ્ધિ કરનારાં દિક્, દેશ તથા અનર્થદંડ નામનાં ત્રણ વ્રત (૩૧૮)

ગુણસ્થાન–કર્મોના ઉદયને કારણે ઉત્પન્ન થતી સાધકની ઉત્તરોત્તર ઉન્નત ચૌદ ભૂમિકાઓ (૫૪૬-૫૪૮) (વિશેષ જુઓ સૂત્ર ૩૨)

ગુપ્તિ–સમિતિઓમાં સહાયક માનસિક, વાચનિક તથા કાયિક પ્રવૃત્તિઓનું ગોપન (૩૮૪, ૩૮૬) (વિશેષ જુઓ સૂત્ર ૨૬ ઈ)

ગુરુ–સમ્યક્ત્વાદિ ગુણો દ્વારા મહાન બન્યા હોવાને કારણે અર્હંત, સિદ્ધ આદિ પંચ પરમેષ્ઠી (૬)

ગૃહિતમિથ્યાત્વ–જુઓ અભિગૃહીત મિથ્યાત્વ

ગોત્રકર્મ–જે કર્મના કારણે જીવ ઉચ્ચ તથા નીચ કુળમાં જન્મ લે છે (૬૬)

ગૌરવ–વચન, કલા, ઋદ્ધિ તથા સમૃદ્ધિને લઈને વ્યક્તિમાં ઉત્પન્ન થનારું અભિમાન (૩૪૮)

જ્ઞાનાવરણ–જીવના જ્ઞાન ગુણને ઢાંકનારું અથવા મંદ કરનારું કર્મ (૬૬)

ગ્રન્થ–૨૪ પ્રકારના પરિગ્રહ (૧૪૩)

ઘાતીકર્મ–જીવના જ્ઞાનાદિ અનુજીવી ગુણોનો ઘાત કરનાર જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય નામનાં ચાર કર્મ (૭)

ચતુ–૧. અર્થ-નય, ૨. કષાય, ૩. ગતિ, ૪. નિક્ષેપ, ૫. પર્યાયાર્થિક નય, ૬. શિક્ષાવ્રત–આ બધાં ચાર-ચાર હોય છે.

ચતુરિન્દ્રિય–સ્પર્શન, રસના, ઘ્રાણ તથા નેત્ર આ ચાર ઈન્દ્રિયોવાળા ભ્રમર વગેરે જીવ (૬૫૦)

ચતુર્દશ–૧. આભ્યંતર પરિગ્રહ, ૨. ગુણસ્થાન, ૩. જીવસ્થાન,

૪. માર્ગણાસ્થાન, આ બધાં ૧૪-૧૪ હોય છે.

ચારિત્ર–મન, વચન, અને કાયાની પ્રવૃત્તિમાં નિમિત્તરૂપ ગુણ-વિશેષ(૩૬)

ચેતના–જીવમાં જ્ઞાનદર્શનની તથા કર્તૃત્વ-ભોકતૃત્વની નિમિત્તભૂત મૂળ-શકિત (૧૮૫)

ચ્યાવિત-શરીર–આત્મહત્યા દ્વારા છૂટનારું શરીર (૭૪૨)

ચ્યુત-શરીર–આયુષ્ય પૂરું થતાં સ્વયં છૂટનારું શરીર (૭૪૨)

છદ્મસ્થ–અલ્પજ્ઞ (૪૯૭)

જિન–ઈન્દ્રિય-જયી તથા કષાય-જયી વીતરાગી અર્હંત ભગવાન (૧૩)

જીવ–ચાર શારીરિક પ્રાણોથી અથવા ચૈતન્ય પ્રાણથી જીવવાને કારણે આત્મતત્ત્વ જ જીવ છે (૬૪૫), આ ઉપયોગ લક્ષણવાળું (૫૯૨, ૬૪૯) ક્રિયાવાન્ અમૂર્ત દ્રવ્ય છે તથા ગણનામાં અનંત છે (૬૨૫-૬૨૮), જ્ઞાનને લઈને સર્વગત હોવા છતાં (૬૪૮) પ્રદેશોની અપેક્ષાએ લોકાકાશ-પ્રમાણ છે જે પોતાની સંકોચ-વિસ્તારની શકિતને કારણે દેહ પ્રમાણ હોય છે. (૬૪૬-૬૪૭)

જીવસ્થાન–જીવોના ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ, બાદર વગેરે ચૌદ ભેદ (૧૮૨, ૩૬૭)

જુગુપ્સા–પોતાના દોષોને અને બીજાના ગુણોને છુપાવવા અથવા બીજા પ્રત્યે ગ્લાનિનો ભાવ (૨૩૬)

તત્ત્વ–દ્રવ્યનો અન્ય-નિરપેક્ષ નિજ-સ્વભાવ અથવા સર્વસ્વ (૫૯૦)

તપ–વિષય-કષાયોના નિગ્રહ અથવા ઈચ્છાઓના નિરોધ માટે બાહ્ય તથા આભ્યંતર રીતે કરવામાં આવતી ક્રિયાઓ (૧૦૨, ૪૩૯)

તીર્થ–સંસાર-સાગરને પાર કરવા માટે તીર્થંકર પ્રરૂપિત રત્ન-ત્રય ધર્મ તથા તદ્યુકત જીવ (૫૧૪)

તેજોલેશ્યા–ત્રણ શુભ લેશ્યાઓમાંથી જઘન્ય અથવા શુભ (૫૩૪,૫૪૨)

ત્યકતશરીર–સંલેખન વિધિથી છોડેલું શરીર (૭૪૨)

ત્રસ–રક્ષા માટે અથવા આહારાદિની શોધમાં સ્વયં ચાલવા ફરવામાં શકિતશાળી બે ઈંદ્રિયોવાળા વગેરે બધા જીવો (૬૫૦)

ત્રિ–૧. ગુણવ્રત, ૨. ગુપ્તિ, ૩. ગૌરવ, ૪. દંડ, ૫. દ્રવ્યાર્થિક નય, ૬. નિર્વેદ, ૭. નૈગમ, ૮. નય, ૯. બલ, ૧૦. ભુવન, ૧૧. મૂઢતા, ૧૨. યોગ, ૧૩. લોક, ૧૪. વેદ, ૧૫. શબ્દનય, ૧૬. શલ્ય, ૧૭. સામાયિક, ૧૮. –સ્ત્રી આ બધાં ત્રણ ત્રણ છે.

ત્રીન્દ્રિય–સ્પર્શન, રસના, ઘ્રાણ આ ત્રણ ઈંદ્રિયોવાળા કીડી વગેરે જીવ (૬૫૦)

દણ્ડ–મન, વચન, કાય (૧૦૧)

દમન–જ્ઞાન, ધ્યાન, અને તપ, દ્વારા ઈંદ્રિય-વિષયો તથા કષાયોનો નિરોધ (૧૨૭,૧૩૧)

દર્શન– જ્ઞાનના વિષયભૂત પદાર્થના નિરાકાર તથા નિર્વિકલ્પ પ્રતિભાસ કરનારી ચેતનાશકિત (૩૬)

દર્શનાવરણ–જીવના દર્શન-ગુણને ઢાંકવાવાળું અથવા મંદ કરનારું કર્મ (૬૬)

દશ–બાહ્ય પરિગ્રહ તથા ધર્મ દસ દસ છે

દાન્ત– ઇંદ્રિયો તથા કષાયોનું દમન કરનાર (૧૨૭)

દિગ્વ્રત–પરિગ્રહ-પરિમાણ વ્રતની રક્ષા કાજે વ્યાપાર ક્ષેત્રને સીમિત રાખવામાં સહાયક ગુણવ્રત (૩૧૯)

દુર્ગતિ–નરક અને તિર્યંચ ગતિ (૫૮૭)

દુર્નય–વિરોધી ધર્મ ની અપેક્ષાને ગ્રહણ ન કરનારી કેવળ પોતાનો જ પક્ષ પકડનારી દૃષ્ટિ (૭૨૫)

દેશવ્રત યા દેશાવકાશિકવ્રત–દેશ-દેશાંતરમાં ગમનાગમન યા વ્યાપાર સંબંધી મર્યાદારૂપ વ્રત અથવા જે દેશમાં જવાથી વ્રતભંગ થવાનો ભય છે ત્યાં જવાનો ત્યાગ (૩૨૦)

દ્રવ્ય–ગુણો અને પર્યાયોનો આશ્રયભૂત પદાર્થ (૬૬૧) જે જીવ, પુદ્ગલ આદિના ભેદે છ છે (૬૨૪)

દ્રવ્યકર્મ– જીવના રાગાદિ ભાવોનું નિમિત્ત મેળવી એની સાથે બંધાવા વાળો સૂક્ષ્મ પુદ્ગલ સ્કંધ (૬૨, ૬૫૪-૬૫૫)

દ્રવ્ય-નિક્ષેપ– આગામી પરિણામની યોગ્યતા રાખનાર કોઈ પદાર્થને વર્તમાનમાં જ એ પ્રમાણે કહી દેવો. દા. ત., રાજપુત્રને રાજા કહેવો (૭૪૧,૭૪૨)

દ્રવ્ય-પ્રતિક્રમણ– પ્રતિક્રમણ પાઠનું ઉચ્ચારણ માત્ર (૪૨૨, ૪૩૨)

દ્રવ્ય-લિંગ–સાધુનો બાહ્ય વેશ અથવા ચિહ્ન (૩૬૦, ૩૬૨)

દ્રવ્યહિંસા–પ્રાણી-વધ (૩૮૯-૩૯૦)

દ્રવ્યાર્થિક નય–પર્યાયોને ગણનામાં લીધા વિના દ્રવ્યને હંમેશાં અનુત્પન્ન તથા અવિનષ્ટ દેખનારી દૃષ્ટિ (૬૯૪-૬૯૭)

દ્વન્દ્વ–ઇષ્ટ-અનિષ્ટ, દુઃખ-સુખ, જન્મ-મરણ, સંયોગ-વિયોગ, વગેરે પરસ્પર વિરોધી યુગલ ભાવ (૧૦૫)

દ્વાદશ–તપ તથા શ્રાવક-વ્રત ૧૨-૧૨ છે.

દ્વિપદ–સ્ત્રી, કુટુંબ વગેરે (૧૪૪)

દ્વીન્દ્રિય જીવ–સ્પર્શન અને રસના-આ બે ઇંદ્રિયોવાળા જળો આદિ જીવ (૬૫૦)

દ્વેષ– અનિષ્ટ અગર અરુચિકર પદાર્થો પ્રતિ અપ્રીતિનો ભાવ (સૂત્ર ૮)

ધર્મ– જીવનો નિજ-સ્વભાવ અથવા સમ્યગ્દર્શન વગેરે, અહિંસા વગેરે, ક્ષમા વગેરે અથવા સમતા વગેરે ભાવ (૮૩,૨૭૪, સૂત્ર ૧૫)

ધર્મ-અનુપ્રેક્ષા–વૈરાગ્ય વધારવા જન્મ, જરા, મરણરૂપ આ દુઃખમય સંસારમાં ધર્મ જ રક્ષણ રૂપ છે એવું ચિંતવન (૫૨૫)

ધર્મદ્રવ્ય–જીવ તથા પુદ્ગલોની ગતિમાં સહાયક હેતુ, લોકાકાશ પ્રમાણ નિષ્ક્રિય અમૂર્ત્ત દ્રવ્ય (૬૨૫,૬૩૩)

ધર્મ-ધ્યાન–આત્માના અથવા અર્હન્ત સિદ્ધ વગેરેના સ્વરૂપનું એકાગ્ર ચિંતવન તથા મંત્ર, જાપ્ય આદિ (૫૦૫)

ધ્યાન–આત્મ-ચિંતવન આદિમાં ચિત્તની એકાગ્રતા (૪૮૫, સૂત્ર ૨૯)

ધ્રૌવ્ય–દ્રવ્યનો નિત્ય અવસ્થિત સામાન્ય ભાવ, જેવી રીતે બાલયુવા આદિ અવસ્થાઓમાં મનુષ્યત્વ(૬૬૨-૬૬૭)

નય–વકતા જ્ઞાનીનો હૃદયગત અભિપ્રાય (૩૩), સકલાર્થગ્રાહી પ્રમાણસ્વરૂપ શ્રુતજ્ઞાનનો વિકલાર્થગ્રાહી એક વિકલ્પ અથવા વસ્તુના કોઈ પણ એક અંશનું ગ્રાહક જ્ઞાન (૬૯૦)

નવ–કેવલલબ્ધિ તથા તત્ત્વાર્થ નવ-નવ છે.

નામ-કર્મ– જીવ માટે ચારેય ગતિઓમાં વિવિધ પ્રકારનાં શરીરોની રચના માટે જવાબદાર કર્મ (૬૬)

નામ-નિક્ષેપ–પોતાની ઈચ્છાથી કોઈ પણ વસ્તુનું કાંઈ પણ નામ રાખવું (૭૩૯)

નિઃકાંક્ષા–વસ્તુની તથા ખ્યાતિ-લાભ-પૂજાની ઈચ્છાથી રહિત નિષ્કામ ભાવ; સમ્યગ્દશ નનું એક અંગ (૨૩૩-૨૩૫)

નિઃશંકા–કોઈ પણ પ્રકારના ભય અથવા આશંકા વિનાનો ભાવ; સમ્યગ્દર્શનનું એક અંગ (૨૩૨)

નિઃસંગ–બધા બાહ્ય પદાર્થો તથા એમની આકાંક્ષા વિનાનો નિર્ગ્રન્થ સાધુ (૩૪૬)

નિક્ષેપ–નામ અથવા સ્થાપના, દ્રવ્ય અને ભાવ દ્વારા કોઈ પદાર્થને યુક્તિપૂર્વક જાણવાનું તથા બતાવવાનું માધ્યમ (૨૩, ૭૩૭)

નિદાન–મર્યા બાદ પરભવમાં સુખાદિ પ્રાપ્ત કરવાની અભિલાષા (૩૬૬)

નિમિત્તજ્ઞાન–તલ, મસા વગેરે જોઈને ભવિષ્ય બતાવનારી વિદ્યા અથવા જ્યોતિષ (૨૪૪)

નિર્ગ્રન્થ–ગ્રંથ અથવા ગ્રંથિરહિત અપરિગ્રહી; જુઓ 'નિઃસંગ'

નિર્જરા–સાત તત્ત્વોમાંથી એક, જેના બે ભેદ છે; સુખ-દુઃખ તથા જન્મ-મરણાદિ દ્વંદ્વોથી પર જીવની કેવળ જ્ઞાનાનંદરૂપ અવસ્થા (૬૧૭-૬૧૯) અર્થાત્ મોક્ષ (૧૯૨, ૨૧૧)

નિર્વાણ–જુઓ૦ મોક્ષ

નિર્વિચિકિત્સા–જુગુપ્સાનો અભાવ; સમ્યગ્દર્શનનું એક અંગ (૨૩૬)

નિર્વેદ–સંસાર, દેહ તથા ભોગ ત્રણેયથી વૈરાગ્ય (૨૨)

નિશ્ચયનય–અનંત ધર્માત્મક વસ્તુના અખંડ તથા વાસ્તવિક સ્વરૂપને દર્શાવનારું એ જ્ઞાન જે નથી. ગુણ-ગુણી રૂપ ભેદોપચાર કરી વ્યાખ્યા કરતું અને નથી બાહ્ય નિમિત્ત-નૈમિત્તિક સંબંધરૂપ કોઈ અભેદોપચાર સ્વીકારતું (૩૫). દા૦ ત૦, મોક્ષમાર્ગને સમ્યગ્દર્શનાદિરૂપે ત્રયાત્મક કહ્યા વિના સર્વ પક્ષોથી પર નિર્વિકલ્પ કહેવું તે (૨૧૪), અથવા જીવ-વધને હિંસા નહિ કહેતાં રાગાદિ ભાવને હિંસા કહેવી તે (૧૫૩)

નીલ-લેશ્યા–ત્રણ અશુભ લેશ્યાઓમાંથી બીજી અથવા તીવ્રતર (૫૩૪,૫૪૦)

નૈગમ-નય–સંકલ્પ માત્રના આધાર પર ગત પદાર્થને અથવા અનિષ્પન્ન અથવા અર્ધનિષ્પન્ન પદાર્થને વર્તમાનમાં અવસ્થિત અથવા નિષ્પન્ન કહેવો (૭૦૦–૭૦૩)

(વિશેષ જુઓ ભૂત, વર્તમાન, અને ભાવિ નૈગમ નય)

નૈમિત્તિક–નિમિત્ત જ્ઞાની (૨૪૪)

નોઆગમ-નિક્ષેપ–કોઈ પદાર્થના જ્ઞાતા વ્યકિતના કર્મ અને શરીરને એ પદાર્થ કહી દેવો. દા૦ ત૦, મિકેનિકના મૃત શરીરને "આ મિકેનિક હતો" એવું કહેવું (૧૪૧,૭૪૪)

નોકર્મ–દેહથી માંડી જે બધા દૃષ્ટ પદાર્થ છે અથવા એના કારણભૂત સૂક્ષ્મ સ્કંધ છે તે તમામ કર્મ નિમિત્તક હોવાને લીધે નોકર્મ કહેવાય છે.

નો-ઇન્દ્રિય–થોડું ક ઈંદ્રિય હોવાને કારણે મનનું નામ.

પંચ–૧. અજીવ, ૨. અણુવ્રત, ૩. ઈન્દ્રિય, ૪. ઉદુંબર ફલ, ૫. ગુરુ, ૬. જ્ઞાન, ૭. મહાવ્રત, ૮. સમિતિ, ૯. સ્થાવર જીવ-આ બધાં પાંચ પાંચ છે.

પંચેન્દ્રિય–સ્પર્શનાદિ પાંચેય ઈન્દ્રિયો વાળા મનુષ્યાદિ જીવો (૬૫૦)

પંડિત–અપ્રમત્ત જ્ઞાની (૧૬૪-૧૬૫)

પંડિતમરણ–અપ્રમત્ત જ્ઞાનીઓનું સંલેખનાયુકત મરણ (૫૭૦-૫૭૧)

પદસ્થધ્યાન–વિવિધ મંત્રોનો જાપ કરવામાં મનને એકાગ્ર કરવું (૪૯૭)

પદ્મલેશ્યા–ત્રણ શુભ લેશ્યાઓમાંથી બીજી અથવા શુભતર (૫૩૪,૫૪૩)

પરદ્રવ્ય–આત્માને છોડી દેહાદિ સહિત સર્વ પદાર્થ (૫૮૭)

પર-ભાવ–આત્માના શુદ્ધ સ્વભાવને છોડી એના રાગાદિ સર્વ વિકારી ભાવ (૧૮૮-૧૯૧), તત્ત્વ અથવા વસ્તુનો શુદ્ધ સ્વભાવ (૫૯૦)

પરમભાવ–તત્ત્વ અથવા વસ્તુનો શુદ્ધ સ્વભાવ (૫૯૦)

પરમાણુ–તમામ સ્કંધોનું મૂલ કારણ, કેવલ એકપ્રદેશી, અવિભાજ્ય, સૂક્ષ્મ, પુદ્ગલ દ્રવ્ય (૬૪૩-૬૫૨)

પરમાત્મા–આઠ કર્મોથી રહિત તથા આત્માના શુદ્ધ સ્વરૂપમાં અવસ્થિત અર્હંત તથા સિદ્ધ (૧૭૮-૧૭૯)

પરમાર્થ–તત્ત્વ અથવા વસ્તુનો શુદ્ધ સ્વભાવ (૫૯૦)

પરમેષ્ઠી–મુમુક્ષુ માટે પરમ ઈષ્ટ તથા મંગલ સ્વરૂપ અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ(૧-૨)

પરલોક–મૃત્યુ બાદ પ્રાપ્ત થનારો બીજો ભવ (૧૨૭)

પરસમય–આત્મસ્વભાવને છોડી અન્ય પદાર્થોમાં અથવા અન્ય ભાવોમાં ઈષ્ટાનિષ્ટની કલ્પના કરનાર મિથ્યાદૃષ્ટિ (૧૯૪-૧૯૫), અન્ય મત (૨૩,૭૩૫), પક્ષપાત (૭૨૬-૭૨૮)

પરિગ્રહ–દેહ વગેરે સહિત આત્માતિરિકત જેટલા પરપદાર્થ અથવા પર-ભાવ છે એનું ગ્રહણ અથવા સંચય વ્યવહાર-પરિગ્રહ છે અને એ પદાર્થોમાં ઈચ્છા તથા મમત્વ ભાવનું ગ્રહણ નિશ્ચય પરિગ્રહ છે (૩૭૯), (સૂત્ર ૧૧)

પરિભોગ–જુઓ ઉપભોગ

પરીષહ–માર્ગમાંથી ચ્યુત ન થવા માટે તથા કર્મોની નિર્જરા માટે ભૂખ-તરસ વગેરેને સહન કરવાં (૫૦૩)

પરોક્ષજ્ઞાન–ઇંદ્રિય અને મનની સહાયતાથી થનારા મતિ અને શ્રુતજ્ઞાન (૬૮૭)

પર્યંકાસન–બન્ને જાંઘોને ભેગી કરી ઉપર નીચે રાખવી (૪૮૯)

પર્યાય–વસ્તુની ઉત્પન્ન-ધ્વંસી પરિણમનશીલ અવસ્થાઓ અથવા ગુણોનો વિકાર: જેવી રીતે મનુષ્યની બાલ, યુવા વગેરે અવસ્થાઓ અથવા રસગુણના ખાટા મીઠા વગેરે વિકાર (૬૬૧–૬૬૭)

પર્યાયાર્થિક નય–ત્રિકાલી દ્રવ્યને ધ્યાનમાં નહિ લેતાં એની વર્તમાન સમયવર્તી કોઈ એક પર્યાયને જ સ્વતંત્ર સત્તાધારી પદાર્થ તરીકે દેખવો (૬૯૪-૬૯૭), ઋજુ સૂત્ર વગેરેના ભેદોથી ચાર જાતની (૬૯૯)

પિંડસ્થ ધ્યાન–અર્હન્ત અને સિદ્ધના અથવા દેહાકાર આત્માનું ધ્યાન (૪૯૭)

પીતલેશ્યા–જુઓ "તેજો લેશ્યા"

પુદ્ગલ–પરમાણુ અને સ્કંધરૂપ સક્રિય તથા મૂત ભૌતિક દ્રવ્ય જે નિત્ય પૂરણ-ગલનના સ્વભાવવાળું છે (૬૨૫-૬૨૮; ૬૪૦-૬૪૪)

પ્રતિક્રમણ–નિંદા-ગર્હણ વગેરે દ્વારા કરેલા દોષોનું શોધન (૪૩૦)

પ્રતિલેખન–વસ્તુને લેતી-મૂકતી વખતે અથવા ઊઠતી બેસતી વખતે એ સ્થાનને જીવ રક્ષા માટે સારી રીતે જોવું (૪૧૦)

પ્રતિષ્ઠાપના સમિતિ–મલ-મૂત્ર વગેરે કરવામાં અથવા પરઠવવામાં વિવેકયતનાચાર (૪૧૧)

પ્રત્યક્ષજ્ઞાન–ઇંદ્રિય અને મનથી નિરપેક્ષ કેવળ આત્મોત્થ જ્ઞાન (૬૮૬)

પ્રત્યાખ્યાન–આગામી દોષોના ત્યાગનો સંકલ્પ (૪૩૬-૪૩૮)

પ્રદેશ–એક પરમાણુ-પરિમાણ આકાશ. એ પ્રકારે જીવાદિ બધા દ્રવ્યોનાં પ્રદેશોની સ્થિતિ (૬૨૦,૬૫૭)

પ્રમત્ત–આત્મસ્વભાવ પ્રતિ સુપ્ત અથવા અજાગરૂક (૧૬૨-૧૬૪) અથવા રાગ-દ્વેષ-રત (૬૦૧)

પ્રમત્ત-સંયત–સાધકની આઠમી ભૂમિ જ્યાં સંયમની સાથે સાથે મંદ રાગાદિના રૂપમાં પ્રમાદ હોય છે (૫૫૪)

પ્રમાણ–સંશય વગેરેથી રહિત સમ્યગ્જ્ઞાન (૬૮૫)

પ્રમાદ–આત્મ-પ્રસુપ્તિ, ચારિત્ર પ્રત્યે અનુત્સાહ તથા અનાદર (સૂત્ર ૧૩)

પ્રમાદચર્યા–બેઠા બેઠા પોતાના આસનમાંથી તાણા વાણા કે તૃણ તોડતા રહેવું, પાણીનો નળ ખુલ્લો મૂકવો, વગેરે વગેરે અકારણ સાવદ્ય ક્રિયા (૩૨૧)

પ્રમાર્જન–વસ્તુઓને લેતી મૂકતી વખતે અથવા ઊઠતી બેસતી વખતે એ જગ્યા ક્ષુદ્ર જીવોની રક્ષા માટે કોઈ સુંવાળા સાધન વડે વાળવી-સાફ કરવી તે (૪૧૦)

પ્રવચનમાતા–માતાની માફક રત્નત્રયની રક્ષા કરનારી પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ (૩૮૫)

પ્રાણ–મન, વચન, કાય રૂપ ત્રણ બળ, પાંચ ઈંદ્રિયો, આયુ અને શ્વાસોચ્છ્વાસ–આ દશ પ્રાણ છે. (૬૪૫)

પ્રાસુક–જીવોના સંયોગ અથવા સંચાર વિનાનું ભોજન (૪૦૯), ભૂમિ (૫૭૬), માર્ગ (૩૯૬) વગેરે.

પ્રોષધોપવાસ–એક વાર ભોજન કરવું તે પ્રોષધ અને બિલકુલ ભોજન ન કરવું તેનું નામ ઉપવાસ. પર્વના આગલે દિવસે સંવારના સમયે અને એના પછીના દિવસે સાંજે કેવળ એક એક વખત ભોજન કરવું અને પર્વવાળા દિવસે બન્ને વખત ભોજન ન કરવું. આ પ્રમાણે સોળ પહોર સુધી સર્વ આરંભનો તથા ભોજનનો ત્યાગ (૩૨૯)

બન્ધ–જીવના રાગાદિ પરિણામોના નિમિત્તે કર્મ-જાતીય સૂક્ષ્મ પુદ્‌ગલ પરમાણુઓના જીવના પ્રદેશો સાથે અવસ્થિત થઈ જવું. (૫૫૬-૫૫૭)

બલ–ત્રણ છે. મન, વચન અને કાય (૬૪૫)

બહિરાત્મા–દેહને આત્મા માનવાવાળા મિથ્યાદષ્ટિ (૬૯)

બાલ–અજ્ઞાની, મિથ્યાદષ્ટિ (૫૦, ૨૭૨)

બાહ્ય–ક્ષેપ, મકાન વગેરે દસ પ્રકારનો પરિગ્રહ (૧૪૪), અનશન આદિ છ પ્રકારનું તપ (૪૪૧), દેહકૃશતારૂપ સંલેખના (૫૭૪) વગેરે.

બોધિ–રત્નત્રય (૫૮૦–૫૮૧)

ભક્ત-પ્રત્યાખ્યાન–સંલેખના વિધિમાં શરીરને પાતળું પાડવા માટે ધીરે ધીરે ભોજન તજવાની પ્રક્રિયા વિશેષ (૫૭૩)

ભંગ–સ્યાદ્‌વાદ - ન્યાયને અનુસારે અનેકાંતરૂપ વસ્તુના જટિલ સ્વરૂપનું પરસ્પર-વિરોધી પ્રત્યેક ધર્મ-યુગલમાં સાત સાત વિકલ્પ ઉત્પન્ન કરી પ્રતિપાદન કરવાની પદ્ધતિ (સૂત્ર૪૦)

ભય–સાત છે. આ લોકનો ભય, પરલોકનો ભય, વેદના-ભય, મૃત્યુ-ભય, અરક્ષા-ભય, અગુપ્તિ-ભય અને આકસ્મિક-ભય (૨૩૨)

ભવ–એક દેહથી બીજા દેહની પ્રાપ્તિરૂપ ચાર ગતિઓમાં ભ્રમણ (૧૮૨)

ભારણ્ડ પક્ષી–ખાસ જાતનું પક્ષી જેના એક શરીરમાં બે જીવો, બે ડોક, અને ત્રણ પગ હોય છે. જ્યારે એક જીવ સૂવે છે ત્યારે સાવધાની માટે બીજો જીવ જાગતો રહે છે (૧૬૩).

ભાવ-કર્મ–દ્રવ્ય કર્મની ફળ આપવાની શકિત અથવા એના ઉદયને કારણે જીવના રાગાદિ ભાવ (૬૨)

ભાવ-નિક્ષેપ–વિવક્ષિત પર્યાયયુક્ત વસ્તુને જ એ નામે કહેવી તે. દા૦ ત૦, રાજ્યનિષ્ઠ રાજાને રાજા કહેવો. (૭૪૩-૭૪૪)

ભાવ-પ્રતિક્રમણ–દોષ-શુદ્ધિ માટે કરવામાં આવેલી આત્મનિંદા અને ધ્યાન વગેરે (૪૩૧-૪૩૨)

ભાવલિંગ–સાધુના નિઃસંગ તથા નિષ્કષાયરૂપ સમતાભાવ (૩૬૩)

ભાવ-હિંસા–આત્મહનન સ્વરૂપ રાગાદિની ઉત્પત્તિના રૂપમાં થનારી હિંસા (૧૫૩,૩૮૯-૩૯૨)

ભાવિ નૈગમનય–સંકલ્પમાત્રના આધારે અનુત્પન્ન પદાર્થને પણ એ નામે કહેવો, જેવી રીતે કે પાષાણને 'પ્રતિમા' કહેવી (૭૦૩)

ભાષા-સમિતિ–બોલવાના સંબંધે વિવેક-યતનાચાર (૩૯૧-૪૦૩)

ભુવન–ત્રણ છે. ઊર્ધ્વ, મધ્ય અને અધો. (૭)

ભૂત નૈગનમય–સંકલ્પમાત્રના આધાર પર ગત પદાર્થને વર્તમાનમાં અવસ્થિત કહેવો દા. ત. "આજે દીપાવલીને દિવસે ભગવાન વીર નિર્વાણ પામ્યા." (૭૦૧)

ભોગ-પરિભોગ પરિમાણ-વ્રત–ભોગના થોભ માટે ભોગ તથા પરિભોગની વસ્તુઓ મર્યાદિત કરવી (૩૨૫)

મતિજ્ઞાન– 'જુઓ આભિનિબોધિકજ્ઞાન'

મદ–ગર્વ; આઠ છે— કુલ, જાતિ, લાભ, બલ, રૂપ, જ્ઞાન, તપ અને સત્તા. (૯૮, ૧૯૭)

મનઃપર્યવજ્ઞાન–બીજાના મનની વાત પ્રત્યક્ષ જાણી લેવાવાળું જ્ઞાન (૬૮૨, ૬૮૯)

મનોગુપ્તિ–મનની પ્રવૃત્તિનું ગોપન (૪૧૨)

મમકાર–આત્માને છોડી બીજા બધા પદાર્થોમાં "મારાપણા"નો ભાવ (૧૮૬, ૩૪૬)

મમત્વ–મમકાર (૭૯, ૧૪૨)

મલ–કર્મસ્કંધ (૫૮)

મહાવ્રત–સાધુઓનું સર્વદેશવ્રત. જુઓ—'વ્રત' શબ્દ

માધ્યસ્થ્ય ભાવ–મોહ ક્ષોભવિહીન સમતા અથવા વિશ્રાન્ત ભાવ (૨૭૪, ૨૭૫)

માર્ગ–મોક્ષનો ઉપાય (૧૯૨)

માર્ગણાસ્થાન– જેની જેની દ્વારા જીવોનું અન્વેષણ (શોધ) કરવામાં આવે એ તમામ ધર્મો ચૌદ છે: ગતિ, ઈંદ્રિય, કાય, યોગ, વેદ, કષાય સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ સમ્યક્ત્વ, સંજ્ઞિત્વ, આહારકત્વ (૧૮૨, ૩૬૭)

માર્દવ–અભિમાનરહિત મૃદુ પરિણામ, દસ ધર્મોમાંથી બીજો (૮૮)

મિથ્યાત્વ યા મિથ્યાદર્શન–તત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા અથવા વિપરિત શ્રદ્ધા-થી અથવા તત્પરિણામસ્વરૂપ યથાર્થ ધર્મોમાં અરુચિ. ચૌદ ગુણસ્થાનોમાં પ્રથમ (૬૮, ૫૪૯)

મિશ્ર–સાધકની ત્રીજી ભૂમિ જેમાં એના પરિણામ દહીં અને ગોળના મિશ્રિત સ્વાદની માફક સમ્યક્ત્વ તથા મિથ્યાત્વના મિશ્રણ જેવા હોય છે (૫૫૧)

મૂર્ચ્છા– ઈચ્છા, મમત્વભાવ, મોહાંધતા અથવા આસક્તિ (૩૭૯, ૧૪૨)

મૂઢતા–ગાડરીયા પ્રવાહની જેમ રૂઢિગત મિથ્યા અંધવિશ્વાસ જે ત્રણ પ્રકારનો છે—લોકમૂઢતા, દેવમૂઢતા ગુરુમૂઢતા. (૧૮૬)

મૂર્ત–ઈંદ્રિય ગ્રાહ્ય હોવાને લીધે માત્ર પુદ્ગલ દ્રવ્ય (૫૯૫, ૬૨૬)

મોક્ષ–તમામ કર્મો નષ્ટ થઈ ગયા પછી કેવલજ્ઞાનાનંદમય સ્વરૂપ જીવને

પ્રાપ્ત થાય એટલે શરીર છૂટી ગયા બાદ એના ઉર્ધ્વગમનના સ્વભાવને કારણે ઉર્પર લોકના અગ્ર ભાગમાં હંમેશાં જીવનું રહેવું તે મોક્ષ, મુકિત અથવા નિર્વાણ (૬૧૪ –૬૨૩).

મોહ–શ્રેયાશ્રેય વિવેકથી વિહીન ભાવ અર્થાત્ મિથ્યા દર્શન, આ જ રાગ-દ્વેષનું તથા કર્મબંધનું મૂળ છે (૭૧)

મોહનીય–દારૂની માફક શ્રેયાશ્રેયના વિવેકને નષ્ટ કરનારું પ્રબળ કર્મ (૬૬, ૬૧૩)

યોગ–મન, વચન અને કાયાની ચેષ્ટાનો કારણભૂત અંતરંગ પ્રયત્ન અથવા વીર્યપરિણામ (૬૦૩)

યોનિ–જીવોની ઉત્પત્તિને યોગ્ય યોગાશી લાખ સ્થાન (૩૬૭)

રત્નત્રય– મોક્ષમાર્ગરૂપ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર (સૂત્ર ૧૭)

રસ-પરિત્યાગ–સ્વાદ ઉપર વિજય મેળવવા ઘી, દૂધ, નમક વગેરે રસોના ત્યાગરૂપી બાહ્ય તપ (૪૫૦)

રાગ–ઈષ્ટ વિષયો પ્રતિ પ્રીતિનો ભાવ (સૂત્ર ૮)

રૂક્ષ–પરમાણુનો વિકર્ષણ ગુણ જે આકર્ષણ સાથે મળવાથી બંધનો મૂળ હેતુ બને છે (૬૫૨)

રૂપસ્થધ્યાન–અનેક વિભૂતિ-સંપન્ન અર્હંતનું ધ્યાન (૪૯૭)

રૂપાતીતધ્યાન–કેવળજ્ઞાન-શરીરી સિદ્ધ ભગવાનનું ધ્યાન અથવા તત્સદૃશ નિજ શુદ્ધાત્માનું ધ્યાન(૪૯૭)

લિંગ–બુદ્ધિ અથવા અનુમાન જ્ઞાન(૧૮૫) સાધુનું બાહ્યાભ્યંતરરૂપ (સૂત્ર ૨૪-આ)

લેશ્યા–મન, વચન અને કાયાની કષાય યુકત વૃત્તિઓ જેના સ્વરૂપનું કથન કૃષ્ણ, નીલ વગેરે છ રંગોની ઉપમા દ્વારા કરવામાં આવ્યું છે (સૂત્ર ૩૧)

લોક–અસીમ આકાશનું એ મધ્યવર્તી પુરુષાકાર ક્ષેત્ર જેમાં છ દ્રવ્યો અવસ્થિત છે (૬૩૬, ૬૫૧). આ ત્રણ ભાગોમાં વિભકત છે- અધોલોક (નરક), મધ્યલોક (મનુષ્ય અને તિર્યંચ) અને ઉર્ધ્વલોક(સ્વર્ગ) (જુઓ પૃષ્ઠ ૨૧૦)

લોકાગ્ર–લોકાકાશનો શીર્ષ ભાગ (૫૬૫, ૬૨૧)

લોકાન્ત–લોકનો અંતિમ ભાગ અર્થાત્ લોકશિખર (૬૧૪)

વચનગુપ્તિ–વચનની પ્રવૃત્તિનું ગોપન (૪૧૩)

વર્તમાન નૈગમનય–સંકલ્પ માત્રના આધાર પર કોઈ કામ આરંભ કરતી વખતે જ એને "થઈ ગયું" કહેવું. દા૦ ત૦ ભાત પકવવાનો આરંભ કરતાં જ કહી દેવું કે "ભાત થઈ ગયો." (૭૦૨)

વિરતાવિરત–સાધકની પાંચમી ભૂમિ જેમાં ત્રસ-હિંસા વગેરે સ્થૂલ પાપો તરફ તો વિરકિત થઈ જાય પરંતુ સ્થાવર હિંસા વગેરે સૂક્ષ્મ પાપોથી વિરતિ નથી થતી (૫૫૩)

વિરાગચારિત્ર યા વીતરાગચારિત્ર– બાહ્યાભ્યંતર સકલ પરિગ્રહના પૂર્ણ

ત્યાગરૂપ નિરપવાદ ઉત્સર્ગ ચારિત્ર (૪૨૧)

વિવિક્તશય્યાસન–એકાંતવાસ (૪૫૧)

વિશેષ–બીજાની અપેક્ષાએ વિસદૃશ પરિણામ, દા. ત. બાલ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થા પરસ્પર વિસદૃશ હોવાને લીધે મનુષ્યના વિશેષ ધર્મ છે(૬૬૮)

વીરાસન–બન્ને પગને બન્ને જાંઘની ઉપર રાખવા (૪૫૨)

વેદનીય–દુ:ખ-સુખની કારણભૂત બાહ્ય સામગ્રીના સંયોગ-વિયોગમાં હેતુરૂપ કર્મ (૬૬), આના બે ભેદ છે.

વૈતરણી–નરકની અતિ દુર્ગંધી રક્ત અને પરુવાળી નદી (૧૨૨)

વૈયાવૃત્ય–રોગી, ગ્લાન અને શ્રમિત શ્રમણ વગેરેની પ્રેમપૂર્ણ સેવા(૪૭૩-૪૭૪)

વૃત્તિ-પરિસંખ્યાન–અટપટા અભિગ્રહો લઈને ભિક્ષાચર્યા માટે નીકળવું (૪૪૯)

વ્યય–દ્રવ્યમાં નિત્ય થતો રહેતો પૂર્વ-પર્યાયોનો નાશ (૬૬૬-૬૬૭)

વ્યવહાર-નય–અનંત ધર્માત્મક વસ્તુના એકરસાત્મક ભાવના ગુણ-ગુણી આદિ રૂપ વિશ્લેષણ દ્વારા ભેદોપચાર કથન અથવા બીજી વસ્તુઓ સાથે નિમિત્તક-નૈમિત્તિક સંબંધરૂપ અભેદોપચાર કથન (૩૫). દા૦ ત૦ અખંડ મોક્ષમાર્ગને સમ્યગ્દર્શન આદિ ત્રણ રૂપે કહેવો (૨૧૪) અથવા બીજા પ્રાણીના ઘાતને હિંસા કહેવી (૩૮૮-૩૯૨)

વ્યસન–ટેવ અથવા બૂરી આદતો. જુગાર ખેલવો, પરસ્ત્રી-ગમન કરવું વગેરે સાત વ્યસન છે. બીજી બધી કુટેવોનો આમાં અંતર્ભાવ થઈ જાય છે (૩૦૩)

વ્રત–હિંસા વગેરે પાપોથી વિરતિ. એકદેશ તથા સર્વદેશના બે પ્રકાર છે. એકદેશ-વ્રત અણુવ્રત કહેવાય છે અને સર્વદેશ-વ્રત મહાવ્રત (૩૦૦) (સૂત્ર ૨૫)

શબ્દ-નય–પદાર્થોના વાચક શબ્દોમાં જ જેનો ઉપયોગ થાય છે તે નય શબ્દ-નય કહેવાય છે. એ ત્રણ પ્રકારનો છે– શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત, એ ઉત્તરોત્તર સૂક્ષ્મ છે (૬૮૬). આમાંથી પ્રથમ શબ્દનય લોકશાસ્ત્રમાં સ્વીકૃત એકાર્થવાચી શબ્દોમાંથી સમાન લિંગ, કારકવાળા શબ્દોને જ એકાર્થવાચી માને છે; અસમાન લિંગ વગેરે વાળાને નહીં (૭૦૮)

શય્યાસન–સાધુના બેસવા, સૂવા, વગેરેના ઉપકરણ: ફલક, પાટો વગેરે (૪૭૩)

શલ્ય–કાંટાની માફક પીડાકારી માયા, મિથ્યા અને નિદાન નામના ત્રણ ભાવરૂપી પારમાર્થિક શલ્ય (૫૭૭, ૫૭૯)

શિક્ષાવ્રત–શ્રમણ-ધર્મની શિક્ષા અથવા અભ્યાસમાં હેતુરૂપ સામાયિક વગેરે ચાર વ્રત (૩૨૪).

શીલ–સાધુના અનેક ગુણ (૫૫૫)

શીલવ્રત–શ્રાવકનાં પાંચ અણુવ્રતોનાં રક્ષક ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત (૩૦૦)

શુક્લલેશ્યા–ત્રણ શુભ લેશ્યાઓમાંથી અંતિમ ઉત્કૃષ્ટ અથવા શુભતમ (૫૩૪, ૫૪૪)

શુદ્ધભાવ–કર્મોના ઉદય, ઉપશમ અને ક્ષય વગેરેથી નિરપેક્ષ જીવનો ત્રૈકાલિક સ્વભાવ અથવા તત્ત્વ (૧૮૮, ૫૯૦)

શુદ્ધોપયોગ–જ્ઞાન અને ચારિત્રયુક્ત સાધુની શુભાશુભ ભાવોથી નિરપેક્ષ, કેવલ આત્માના શુદ્ધ સ્વભાવમાં અવસ્થિતિ અથવા મોહ ક્ષોભ વિહીન સામ્યભાવ (૨૭૪-૨૭૯)

શૌચ–લોભ અને તૃષ્ણારહિત સંતોષભાવ; દસ ધર્મોમાંથી એક (૧૦૦)

શ્રમણ–મોક્ષમાર્ગમાં શ્રમ કરવાને કારણે સમતાધારી (૩૪૧), નિર્ગ્રન્થ તથા વીતરાગી (૪૨૧), સંયતજન (૩૩૬) (સૂત્ર ૨૪)

શ્રમણધર્મ–આમાં ધ્યાન અને અધ્યયનની પ્રમુખતા હોય છે (૨૯૭) (સૂત્ર ૨૪)

શ્રાવક–ગુરુ મુખેથી ધર્મોપદેશ સાંભળનારે ધર્માત્મા અવિરત અથવા અણુવ્રતી ગૃહસ્થ (૩૦૧)

શ્રાવકધર્મ–આમાં દયા, દાન, ભક્તિ વિનય વગેરેની પ્રમુખતા હોય છે (૨૯૭) (વિશેષ જુઓ સૂત્ર ૨૩)

શ્રુત–શાસ્ત્ર અથવા આગમ (૧૭૪)

શ્રુતજ્ઞાન–ધુમાડો જોઈ અગ્નિને જાણવાની માફક અર્થથી અર્થાંતર ગ્રહણ કરનાર મન અને ઈન્દ્રિયોની સહાયતાથી થનારું પરોક્ષ જ્ઞાન; વાચક ઉપરથી વાચ્યાર્થને ગ્રહણ કરનારું શબ્દ-લિંગજ જ્ઞાન (૬૭૮)

ષડ્–૧. આભ્યંતર તપ, ૨. આવશ્યક, ૩. જીવકાય, ૪. દ્રવ્ય, ૫. બાહ્યતપ, ૬. લેશ્યા, ૭. સ્કંધ, આ બધાં છ છ છે.

સંગ–દેહ સહિત સમસ્ત બાહ્યાભ્યંતર પરિગ્રહ (૩૬૩, ૧૪૩-૧૪૪)

સંગ્રહનય–લોકસ્થિત સમસ્ત જડ-ચેતન દ્રવ્યોમાં અસ્તિત્વ સામાન્યની અપેક્ષાએ એકત્વની અથવા પ્રત્યેક જાતિનાં અનેક દ્રવ્યોમાં એ જાતિની અપેક્ષાએ એકત્વની દૃષ્ટિ (૭૦૪)

સંઘ–રત્નત્રય વગેરે અનેક ગુણોથી યુકત શ્રમણોનો સમુદાય (સૂત્ર ૩).

સંજ્ઞા–ઈંદ્રિયજ્ઞાન (૬૭૭)અથવા આહાર, ભય, મૈથુન, નિદ્રા, પરિગ્રહ વગેરેની વાસનાઓ.

સંયમ–વ્રત, સમિતિ વગેરેનું પાલન; મન, વચન અને કાયનું નિયંત્રણ; ઈન્દ્રિય-જય; કષાય નિગ્રહ વગેરે બધા ભાવો (૧૦૧) (સૂત્ર ૧૦)

સંરંભ–કાર્ય કરવાની પ્રયત્નશીલતા (૪૧૨-૪૧૪)

સંવર–સમ્યક્ત્વાદિ દ્વારા નવીન કર્મોનું આગમન રોકવું તે (૬૦૫-૬૦૮)

સંવેગ–ધર્મ પ્રતિ અનુરાગ (૭૭).

સંશય-મિથ્યાત્વ– તત્ત્વોના સ્વરૂપમાં "આવું છે કે એવું છે" એવા પ્રકારના સંદેહમાં રહેવું (૫૪૯).

સંસાર–જન્મ-મરણરૂપ સંસરણ (૫૨-૫૪)

સંસાર-અનુપ્રેક્ષા–વૈરાગ્ય વૃદ્ધિ માટે સંસારમાં જન્મ-મરણરૂપ ભય દેખીને એનાથી મુકત થવાની ભાવનાનું ફરી ફરીને ચિંતવન (૫૨૪)

સંસ્તર–સંલેખનાધારી સાધુને માટે વાળી ઝૂડીને સાફ કરેલી જંતુ વિનાની ભૂમિ અથવા ઘાસનું બિછાનું (૫૭૬)

સંસ્થાન–શરીર તથા અન્ય પુદ્‌ગલ-સંઘોના વિવિધ આકાર (૧૮૩,૬૫૩)

સંહનન–શરીરના હાડકાઓનું દૃઢ અથવા નબળું બંધન તથા જોડાવું વગેરે. આ છ પ્રકારનું છે. (૧૮૩)

સપ્ત–૧. તત્ત્વ, ૨. નય, ૩. ભંગ, ૪. ભય, ૫. વ્યસન, ૬. સમુદ્‌ઘાત. આ બધાં સાત છે.

સમતા–સુખ-દુઃખ, શત્રુ-મિત્ર વગેરે દ્વંદ્વોમાં એક સરખો રહેનારો વીત-રાગીઓનો મોહ ક્ષોભ વિનાનું પરિણામ (૨૭૯, ૩૪૯, ૨૭૪)

સમભિરૂઢ-નય–ત્રણ શબ્દનયોમાંનો બીજો જે પ્રથમ નય દ્વારા સ્વીકૃત સમાન લિંગ આદિ વાળા એકાર્થ-વાચી શબ્દોમાં પણ અર્થભેદ માને છે (૭૧૧)

સમય–આત્મા (૨૬), ધર્મપંથ યા મત (૨૩)

સમયસાર– સર્વ વિકલ્પોથી પર આત્માનો શુદ્ધ સ્વભાવ (૨૧૪). જુઓ 'શુદ્ધભાવ'.

સમાધિ–આત્માનું નિર્વિકલ્પ ધ્યાન (૪૨૬) અથવા શાસ્ત્રાધ્યયનમાં તલ્લીનતા (૧૭૪).

સમારંભ–કાર્યનો પ્રારંભ કરવા માટે સાધન ભેગાં કરવાં (૪૧૨-૪૧૪)

સમિતિ–યતનાચારપૂર્વક પ્રવૃત્તિ (૩૮૬-૩૮૮) (જુઓ સૂત્ર ૨૬)

સમુદ્‌ઘાત–વેદના વગેરેના નિમિત્તે દેહમાં સંકુચિત આત્માના અમુક પ્રદેશોનું દેહમાંથી બહાર નીકળી ફેલાઈ જવું. આ સાત પ્રકારનું છે (૬૪૬).

સમ્યક્‌ત્વ–જુઓ " સમ્યગ્દર્શન "

સમ્યક્‌ચારિત્ર–વ્રત-સમિતિ આદિનું પાલન વ્યવહાર-ચારિત્ર છે (૨૬૩) અને નિજ સ્વરૂપમાં સ્થિતિસ્વરૂપ (૨૬૮), મોહ-ક્ષોભ વિનાની સમતા અથવા પ્રશાંત ભાવ નિશ્ચય-ચારિત્ર-છે (૨૭૪)

સમ્યક્‌મિથ્યાત્વ–જુઓ 'મિશ્ર'

સમ્યગ્જ્ઞાન–સમ્યગ્દર્શન-યુકત શાસ્ત્ર જ્ઞાન વ્યવહાર-સમ્યગ્જ્ઞાન (૨૦૮, ૨૪૫) અને રાગાદિની નિવૃત્તિમાં પ્રેરક શુદ્ધાત્માનું જ્ઞાન નિશ્ચય-સમ્યગ્જ્ઞાન (૨૫૦- ૨૫૫)

સમ્યગ્દર્શન–સાત તત્ત્વોની શ્રદ્ધા વ્યવ-હાર સમ્યગ્દર્શન અને આત્મરુચિ નિશ્ચય સમ્યગ્દર્શન (૨૨૦,૨૨૧)

સયોગી-કેવલી–સાધકની તેરમી ભૂમિ જ્યાં પૂર્ણકામ થઈ ગયા પછી પણ શરીર બાકી રહી ગયું હોવાથી પ્રવૃત્તિ બનેલી રહે છે. અર્હંત અથવા જીવન્મુકત અવસ્થા (૫૬૨, ૫૬૩)

સરાગ-ચારિત્ર–વ્રત, સમિતિ, ગુપ્તિ, વગેરેનું ધારણ અને પાલન થયું હોય છતાં, સગ ભાવને કારણે જે ચારિત્રમાં આહાર તથા યોગ્ય ઉપાધિના ગ્રહણસ્વરૂપ થોડોક અપવાદ સ્વીકારી લેવામાં આવે છે

એ સરાગ ચારિત્ર કહેવાય અને એ નિશ્ચય ચારિત્રનું સાધન છે. (૨૮૦)

સંલેખના–સંયમની શકિત બાકી ન રહી હોય એટલે યોગ્ય વિધિથી સમતાપૂર્વક શરીરનો ત્યાગ કરવો (સૂત્ર ૩૩)

સામાચારી–ધર્મોપદેશ (૩૦૧). સામાચારી દસ છે.

સામાન્ય–અનેક વિસદૃશ પદાર્થોમાં એક સદૃશ પરિણામ: દા. ત. બાલ્યાવસ્થા તથા વૃદ્ધાવસ્થામાં મનુષ્યપણું (૬૬૭-૬૬૮)

સામાયિક–પાપારંભવાળા સમસ્ત કાર્યોથી નિવૃત્તિનું નામ વ્યવહાર સામાયિક કહેવાય (૪૨૭). તૃણ અને કંચન વગેરેમાં (૪૨૫) અથવા સર્વ ભૂતોમાં સમભાવ (૪૨૮) નિશ્ચય સામાયિક કહેવાય.

સાવદ્ય–પ્રાણીને પીડાકારી નીવડે એવી પ્રવૃત્તિ, ભાષા તથા કાર્ય (૩૨૬, ૩૯૧, ૪૨૭).

સાસાદન–સાધકની બીજી ભૂમિ. આની પ્રાપ્તિ એક ક્ષણ માટે એ સમયે થાય છે જ્યારે સાધક કર્મોદયવશ સમ્યક્ત્વથી ચ્યુત બની મિથ્યાત્વાભિમુખ બને છે પરંતુ સાક્ષાત્ મિથ્યાત્વાવસ્થામાં પ્રવિષ્ટ નથી થતો. (૫૫૦)

સિક્થ–ભાતનો કણ અથવા ચાવલ (૪૪૮)

સિદ્ધ–ચૌદ ભૂમિઓને ઓળંગી ગયા બાદ આઠ કર્મોનો નાશ થઈ જવાથી આઠ ગુણોની પ્રાપ્તિના ફળરૂપે શરીર છોડી લોકના અગ્રભાગ ઉપર જનારા (૫૬૬)

સિદ્ધિ–મોક્ષપ્રાપ્તિ (૬૨૧)

સુનય–અપેક્ષાવાદ દ્વારા વિરોધી ધર્મનો સમન્વય કરનારી નિષ્પક્ષ દૃષ્ટિ (૭૨૫)

સૂક્ષ્મ-કષાય–જુઓ "સૂક્ષ્મ સાંપરાય"

સૂક્ષ્મ-સરાગ–જુઓ "સૂક્ષ્મ સાંપરાય"

સૂક્ષ્મ સાંપરાય–સાધકની દસમી ભૂમિ જ્યાં તમામ કષાયો ઉપશાંત અથવા ક્ષીણ થઈ ગયા પછી પણ લોભ અથવા રાગનો કોઈ સૂક્ષ્મ અંશ જીવિત રહે છે. (૫૫૯)

સ્કંધ–બે અથવા અધિક પરમાણુઓના સંયોગથી ઉત્પન્ન દ્વયણુકાદિ છ પ્રકારના સૂક્ષ્મ-સ્થૂલ ભૌતિક તત્ત્વ (૬૬૦–૬૬૧, ૬૪૮-૬૫૦)

સ્ત્રી–ત્રણ પ્રકારની-મનુષ્યણી, તિર્યંચની અને દેવી (૩૭૪)

સ્થાપના-નિક્ષેપ–કોઈ પુરુષ અથવા પદાર્થના ચિત્રને, પ્રતિમાને અથવા કોઈ પદાર્થમાં કલ્પિત આકારને "આ એ જ છે" એવો માની વિનયાદિ રૂપ વ્યવહાર કરવો (૭૪૦)

સ્થાવર–પૃથિવી, આપ, તેજ, વાયુ અને વનસ્પતિ–આ પાંચ કયોવાળા એકેન્દ્રિય જીવ (૬૫૦)

સ્થિતિ-કરણ–કોઈ પણ કારણે અધર્મમાં પ્રવૃત્તિ થઈ ગઈ હોય તો પોતાને અથવા સાધર્મી બંધુને વિવેકપૂર્વક ધર્મ માર્ગમાં ફરીથી આરૂઢ કરવો (૨૪૦-૨૪૧)

સ્નિગ્ધ–પરમાણુનો આકર્ષણ ગુણ જે વિકર્ષણ ગુણનો યોગ પામી બંધનો હેતુ બની જાય છે (૬૫૨)

સ્યાત્–"આવું જ છે" એવા એકાંત હઠનો નિષેધ કરી "કદાચ એવું પણ છે" આવા પ્રકારનો સમન્વય સિદ્ધ કરનાર એક નિપાત (૭૧૫)

સ્યાદ્વાદ–"સ્યાત્" પદયુકત વાકય દ્વારા વસ્તુના જટિલ સ્વરૂપનું વિવેચન કરવા સમર્થ સમન્વયકારી ન્યાય (સૂત્ર ૪૦)

સ્વ-દ્રવ્ય–શુદ્ધ આત્મા (૫૮૭)

સ્વ-સમય–શુદ્ધ આત્મામાં જ પોતાપણાને જોનારો સમ્યગ્દૃષ્ટિ સ્વ-સમય છે (૨૭૧); સ્વ-મત (૨૩,૭૩૫); પરસ્પર વિરોધી મતોનો યુકિતપૂર્ણ સમન્વય; સાધકનો નિષ્પક્ષ ભાવ (૭૨૬)

સ્વાધ્યાય–શાસ્ત્રાધ્યયનરૂપ તપ, એ પાંચ પ્રકારનું હોય છે (૪૭૫)

હિંસા–જીવ-વધ અથવા પ્રાણાતિપાત વ્યવહાર હિંસા છે (૩૮૯). અને રાગાદિની ઉત્પત્તિ (૧૫૩) અથવા અયતનાચાર રૂપ પ્રમાદ (૧૫૭) નિશ્ચય હિંસા છે.

હિંસાદાન–પ્રાણી પીડાકારી અથવા વધકારી ઉપકરણ-સાધન (કરવત, ચપ્પુ, છરી, કોદાળી, ઉંદરનું પીંજરું વગેરે)ની લેણ દેણ (૩૨૧)

મારા જીવનમાં મને અનેક સમાધાન પ્રાપ્ત થયાં છે. એ બધાંમાં સૌથી છેવટનું, જે કદાચ સર્વોત્તમ સમાધાન છે, તે આ વર્ષે પ્રાપ્ત થયું... (મહાવીર) જયંતીને દિવસે જૈન ધર્મ-સાર જેનું નામ સમણસુત્તં રાખવામાં આવ્યું છે તે આખાય ભારતને પ્રાપ્ત થશે..... જ્યાં સુધી જૈન ધર્મ ટકશે અને બીજા વૈદિક તથા બૌદ્ધ વગેરે ધર્મો પણ હશે ત્યાં સુધી (આ) જૈન-ધર્મ-સારનું અધ્યયન થતું રહેશે.

વિનોબા ભાવે

*

આ ગ્રંથ સમણસુત્તંની સંકલના પૂજ્ય વિનોબાજીની પ્રેરણાથી થઈ છે. એ જ પ્રેરણા અનુસાર સંગીતિનું આયોજન થયું અને એમાં આના પ્રારૂપને સ્વીકૃતિ મળી. આ એક વિશિષ્ટ ઐતિહાસિક ઘટના છે.

આવરણ : વિનય ત્રિવેદી

समणसुत्तं



परस्परोपग्रहो जीवानाम्

.....ચાર ખંડોમાં ૭૫૬ ગાથાઓમાં થઈને જૈનધર્મ, તત્ત્વ દર્શન તથા આચાર માર્ગનો સર્વાંગીણ સંક્ષિપ્ત પરિચય આવી જાય છે એમ કહી શકાય..... સાંપ્રદાયિક આગ્રહોથી પર મૂળ રૂપમાં જૈન ધર્મ સિદ્ધાંતનો, આચાર-પ્રણાલીનો અને જીવનના ક્રમિક વિકાસની પ્રક્રિયાનો સામાન્ય માણસને પરિચય કરાવવા માટે આ એક સર્વસંમત પ્રાતિનિધિક ગ્રંથ છે.

જૈનં જયતિ શાસનમ